॥ ओ३म् ॥

# કર્મનો ઉત્કૃષ્ટ સિદ્ધાંત

લૌકિક પારલૌકિક જીવન નિર્માણ
હેતુ કર્મફળ સિદ્ધાંત વિષયક પ્રવચન (માર્ગદર્શન)


પ્રવચન કર્તા

**સ્વામી વિવેકાનન્દજી પરિવ્રાજક**

સંપાદક

**ડૉ. રાધાવલ્લભ ચૌધરી**

અનુવાદક

**અશોક આર્ય**



પ્રકાશક :

**દર્શન યોગ ધર્માર્થ ટ્રસ્ટ**

આર્યવન, રોજડ, પોસ્ટ સાગપુર, તા. તલોદ જિ. સાબરકાંઠા (ગુજરાત) - ૩૮૩૩૦૭
ફોન નં. (૦૨૭૭૦) ૨૮૭૫૧૮ મોબાઈલ - ૯૪૦૯૪ ૧૫૦૧૧, ૯૪૦૯૪ ૧૫૦૧૭

: darshanyog@gmail.com : www.darshanyog.org
/ / : darshanyog

| પુસ્તક : | **કર્મનો ઉત્કૃષ્ટ સિદ્ધાંત** |
|---|---|
| પ્રવચન કર્તા : | **સ્વામી વિવેકાનન્દજી પરિવ્રાજક** |
| સંપાદક : | **ડૉ. રાધાવલ્લભ ચૌધરી** (એમ.બી.બી.એસ.)<br>ટ્યૂલિપ ૨૦, સુખસાગર વેલી, પોલીપાથર, ગ્વારીઘાટ, જબલપુર (મ.પ્ર.) મો. નં. ૯૪૨૪૩૦૬૧૭૦ |
| સંપાદન સહયોગી : | **ડૉ. રેખા ચૌધરી, સુરેન્દ્ર દુબે** (વરિષ્ઠ પત્રકાર) |
| અનુવાદક : | **અશોક આર્ય,** ટંકારા |
| આર્થિક સહયોગ : | **શ્રી કિશોરભાઈ રાવલ,** ઈસનપુર, અમદાવાદ. |
| સૃષ્ટિ સંવત : | ૧,૯૬,૦૮,૫૩,૧૨૨ |
| પ્રકાશન : | ભાદરવો વદ ૨૦૭૭, સપ્ટેમ્બર ૨૦૨૧ |
| સંસ્કરણ : | પ્રથમ, ૨૦૦૦ પ્રત |
| મૂલ્ય : | ₹ ૮૦/- |

**નોંધ :** કોઈપણ વ્યક્તિ અથવા સંસ્થા આ પુસ્તકનું સ્વયં પ્રકાશન કરી શકે છે. આથી જેની પણ ઈચ્છા હોય તે સજ્જન આ પુસ્તકની નિ:શુલ્ક સોફ્ટ કોપી મેળવવા પ્રકાશકનો સંપર્ક કરી શકે છે.

## પ્રાપ્તિસ્થાન

| | |
|---|---|
| અમદાવાદ | ૧. વૈદિક સંસ્થાન, ઓઢવ. ૦૭૯ ૨૨૯૭૨૩૪૦, ૯૪૨૬૩૮૧૩૦૨<br>૨. આર્યસમાજ, રાયપુર દરવાજા બહાર. ૦૭૯-૨૫૪૫૪૩૭૩, |
| ગાંધીધામ | શ્રી ચંદ્રેશજી આર્ય : ૯૪૨૭૪ ૫૮૪૯૪ |

**આર્યસમાજ મંદિર**

| | | | |
|---|---|---|---|
| રાજકોટ | ૦૨૮૧-૨૨૩૧૧૪૬ | ભરુચ | ૦૨૬૪૨-૨૨૫૬૭૧ |
| મોરબી | ૯૮૯૮૩ ૯૯૯૧૨ | ટંકારા | ૯૮૭૯૩ ૩૩૩૪૮ |
| જૂનાગઢ | ૦૨૮૫-૨૬૨૬૪૩૫ | ગાંધીનગર | ૯૯૨૪૭ ૫૧૧૯૧ |
| આણંદ | ૯૪૨૭૮ ૫૮૯૩૫ | જામનગર | ૦૨૮૮-૨૫૫૦૨૨૦ |
| ભાવનગર | ૦૨૭૮-૨૫૭૧૧૧૬ | સુરત | ૯૩૨૮૨ ૭૦૩૭૩ |
| નડિયાદ | ૯૮૨૫૭ ૧૭૪૯૪ | પોરબંદર | ૯૪૨૮૭ ૦૩૧૭૬ |
| ઘાટકોપર | ૦૨૨-૨૫૧૪૮૨૨૦,<br>૦૨૨-૨૫૦૨૫૪૯૪ | ભુજ | ૯૪૨૭૨૩૫૫૨૭ |

**Designed By :** Dharmesh Mehta, Ahmedabad- Mo 92272 00232

## ભૂમિકા

આર્ય સમાજ અમદાવાદના તત્ત્વાવધાનમાં તારીખ ૨૧ જુલાઈ ૨૦૧૩ના રોજ **'કર્મફળ સિદ્ધાંત સત્ર'**નું આયોજન કરવામાં આવેલું હતું. જેમાં **દર્શનશાસ્ત્રના પ્રકાંડ વિદ્વાન અને દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડના નિદેશક પૂજ્ય સ્વામી વિવેકાનન્દજી મહારાજે** જીવાત્માના કર્મ કરવાનાં સાધન, પ્રકાર, પ્રતિક્રિયા તથા કર્મફળના નિયમોની જાણકારી આપી હતી.

મંચ સંચાલન દરમ્યાન મારાં મનમાં એ વિચાર આવ્યો કે આ વિદ્યાની સુરક્ષા થવી જોઈએ, જેથી આવનારી પેઢીને આનો લાભ મળે.

ધર્મગ્રંથોમાં આ વિદ્યાને અત્યંત મૂલ્યવાન દર્શાવી છે. એને જાણીને આપણે શાંત, સફળ, સમૃદ્ધ અને સબળ જીવન જીવી શકીએ છીએ. વૈદિક સિદ્ધાંતોનો વધારેમાં વધારે પ્રચાર થાય કે જેથી સુખશાંતિનું વાતાવરણ ફરીથી આવે આ ઉદ્દેશ્યને લક્ષ્યમાં રાખી વૈદિક સંસ્થાન દ્વારા આયોજનની વિડિયો સી.ડી. કર્મફળ સિદ્ધાંત નું નિર્માણ કરવામાં આવ્યું હતું.

આ વિડીયો સી.ડી. ના આધારે સ્વામીજીના કર્મફળ સિદ્ધાંત વિષયક પ્રવચનોને ડૉ. રાધાવલ્લભજીએ સંપાદિત કરી પુસ્તકનું રૂપ આપ્યું અને આ **હિંદી પુસ્તકનું નામ 'અપને ભાગ્ય નિર્માતા આપ'** રાખેલ. આ પુસ્તકનું **ગુજરાતીમાં અનુવાદ કરાવી 'કર્મનો ઉત્કૃષ્ટ સિદ્ધાંત'** નામ રાખેલ છે,

સામાન્ય લોકોના મનમાં હંમેશા એ જિજ્ઞાસા રહે છે કે સારાં કર્મ કયાં છે અને ખરાબ કર્મો કયાં છે. સારા કર્મોનું શું પરિણામ છે અને ખરાબ કર્મોનું શું પરિણામ છે, પુરુષાર્થ શું છે, ભાગ્ય શું છે, કર્મનું ફળ ક્યારે મળે, કોણ ફળ આપે છે, કર્મફળનાં કયા નિયમો છે, ભવિષ્ય કેવી રીતે બને છે, પ્રાયશ્ચિત્ત શું છે વગેરે વગેરે વિષયોમાં આ પુસ્તકમાં પ્રામાણિક જાણકારી આપવામાં આવી છે.

કર્મનો વિષય અત્યંત ગંભીર અને જટિલ છે પરંતુ હું સ્વામીજીનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું કે તેમણે આ વિષય એટલો સરળતાથી રજૂ કર્યો છે, કે લક્ષ્યનિર્ધારણ કરવામાં અને પછી લક્ષ્યપ્રાપ્તિની ગતિ તીવ્ર કરવામાં આ પુસ્તક નિશ્ચિત રૂપથી ઉપયોગી સિદ્ધ થશે.

મને વિશ્વાસ છે કે આ પુસ્તક વાચકો માટે બહુ લાભદાયી સિદ્ધ થશે, આથી સૌ સ્વજનોને પ્રાર્થના છે કે આ પુસ્તકનો પ્રચાર તન-મન-ધનથી કરી પુણ્ય લાભ મેળવવાની કૃપા કરે.

વિનીત

**લાલચંદ આર્ય**
૩, માધવ હોમ્સ, વસ્ત્રાલ તળાવ પાસે,
અર્પણ સ્કૂલ રોડ, અમદાવાદ (ગુજરાત) ફોન નં. ૦૯૮૨૪૦૬૩૩૯૮

# અનુક્રમણિકા


**અધ્યાય-૧**

**તમે જ છો, કર્મના કર્તા** 7

- વ્યક્તિ કર્મ કરવામાં સ્વતંત્ર છે 8
- સ્વતંત્ર વ્યક્તિ અન્યના વિચાર મુજબ ચાલવા બંધાયેલી નથી 10
- ઈશ્વર આપણને ખરાબ કર્મો માટે સીધેસીધો નથી રોકતો 11
- શું ઈશ્વર આપણને કર્મ કરવાની પ્રેરણા આપે છે? 11
- આપણે અવિદ્યાના કારણે ખરાબ કર્મ કરીએ છીએ 13

**અધ્યાય-૨**

**કર્મ પુરુષાર્થ** 14

- કર્મની વ્યાખ્યા 14
- કર્મ કરવાનાં ત્રણ સાધન 15
- શુભ, અશુભ અને મિશ્ર કર્મ 16
- ક્રિયમાણ, સંચિત અને પ્રારબ્ધ કર્મ 21
- કૃત, કારિત અને અનુમોદિત કર્મ 22
- સકામ કર્મ 23
- નિષ્કામ કર્મ 24
- કહેવાય છે કે કર્મ કરો, ફળની ઈચ્છા ન રાખો, પરંતુ લક્ષ્ય કે ફળ રાખ્યા વિના પ્રયત્ન કરવામાં પૂરેપૂરી નિષ્ઠા (શ્રદ્ધા) કેવી રીતે રહેશે? 26

**અધ્યાય-૩**

**ફળ-ભાગ્ય** 28

- અમુક કર્મોનાં ફળ માતા-પિતા-વડીલ આપશે 28
- અમુક કર્મનું ફળ ગુરુ આપશે 29
- અમુક કર્મોનું ફળ ન્યાયાધીશ આપશે 29
- દરેક વ્યક્તિ કર્મફળ ન આપી શકે 29
- અમુક કર્મોનું ફળ ઈશ્વર આપશે 30
- ક્યારે મળે છે ફળ? 30
- ઈશ્વર તાત્કાલિક કયું ફળ આપે છે? 31
- ઈશ્વર અમુક ફળ મોડેથી આપે છે 32
- કરેલ કર્મ ક્યારેય વ્યર્થ નથી જતું 33
- શું માતાપિતા અને સગાંસંબંધી દ્વારા આપણા કર્મોના જે ફળ મળી જાય છે, એ ફળ ત્યાં જ ખતમ થઈ જાય છે કે બીજી વખત ભગવાન પણ એનું ફળ આપશે? 34
- ભગવાન મનુષ્યનું શરીર આપે છે, કોઈને છોકરો બનાવે છે, કોઈને છોકરી, તો શું આ શરીર આપણા કર્મોથી મળે છે કે ભગવાન પોતાની ઈચ્છાથી આપે છે? 34
- અમુક કર્મોનાં ફળ આ જન્મમાં, અમુકના આગળના જન્મમાં 35
- કર્મોનું ફળ શું મળશે? 37
- અત્યારે આપણે કર્મ કરી રહ્યા છીએ કે અશુભ ફળ ભોગવી રહ્યા છીએ, એટલે કે શું એ ક્રિયમાણ કર્મ કરી રહ્યા છીએ કે પ્રારબ્ધ કર્મનું ફળ ભોગવી રહ્યા છીએ, એની ખબર કેવી રીતે પડશે? 37
- સારા કર્મનું સારું, ખરાબ કર્મનું ખરાબ અને મિશ્ર કર્મનું મિશ્ર ફળ મળે 38
- શું કર્મ, ભાગ્ય, એકબીજા સાથે જોડાયેલ હોય છે? એક મજૂર આખો દિવસ મહેનત કરી, ૨૦૦ રૂપિયા જ કમાય છે, પરંતુ એક ખોટો તથા બેઈમાન માણસ મહેનત કર્યા વિના જ લાખો રૂપિયા કમાય છે. શું એ ખોટા તથા બેઈમાન માણસને ભગવાન સજા આપશે? 41
- જાણવા છતાં ખોટા કામમાં મદદ-સહયોગ કરવો. જેમ કે વકીલ પોતાના અસીલને જે ગુનેગાર છે, એને બચાવે છે, તો શું એને પણ કોઈ સજા થશે? 42
- માંસાહાર કરવાવાળામાંથી કોને દંડ મળશે? જે બનાવે તેને અથવા તૈયાર કરે એને કે ખાવાવાળાને? 43
- ઘરનો માલિક ઘરની બાકીની વ્યક્તિઓને જ્યારે ખવડાવે છે તો એ પછી એકલો દોષનો ભાગીદાર કેમ થાય? 44
- આપણાથી નાના જીવ-જંતુ જેમ કે કીડી-મંકોડા અથવા મચ્છર અજાણતામાં મરી જાય છે. એ આપણે કરવા નથી ઈચ્છતા છતાં પણ થઈ જાય છે, તો એના માટે આપણે શું કરવું જોઈએ અને શું આ કર્મની આપણને સજા મળશે? 44
- જાણીજોઈને ભૂલ કરવાવાળાને વધુ સજા 45
- મનુષ્ય બીજા પ્રાણીઓની તુલનામાં વધુ સુખી છે 46
- આગળના જન્મમાં મળવાવાળું પહેલું ફળ જાતિ છે 49
- શરીરનાં પાપોના દંડ 49
- વાણીનાં પાપોનો દંડ 51
- મનનાં પાપોના દંડ 51
- આજકાલ બાળકો ખૂબ જ સ્માર્ટ (તેજસ્વી) ઉત્પન્ન થાય છે?... 52
- શું કરીએ કે આગલો જન્મ સારો થાય 52
- કોણે જોયો છે આગલો જન્મ 56
- આગલા જન્મમાં મળવાવાળું બીજું ફળ છે આયુષ્ય 60
- ઉંમર પહેલેથી નક્કી નથી હોતી 61
- આપણે આપણી ઉંમર વધારી શકીએ છીએ 61
- આપણે આપણી ઉંમર ઘટાડી શકીએ છીએ 62
- વેદાનુસાર આયુષ્ય ઘટે-વધે છે 64
- માણસે મૃત્યુથી ડરવું જોઈએ કે નહીં? 64
- આગલા જન્મમાં મળવાવાળું ત્રીજું ફળ ભોગ છે 65
- આપણે ભોગોને ઘટાડી-વધારી શકીએ છીએ 65
- બે વ્યક્તિ એક સાથે, એક જ સરખાં જ કાર્ય કરે છે. છતાં પણ એમને અલગ-અલગ ફળ કેમ મળે છે? 67
- ઈશ્વર પાપ માફ નથી કરતો 68
- શું સંચિત કર્મ કે પ્રારબ્ધ કર્મને આપણે કોઈ ઉપાય, વિધિ, તંત્ર-મંત્ર, બાધા કે અન્ય ઉપાયોથી દૂર કરી શકીએ? લોકોને ઉપાય કરવાથી ફળ મળે છે, એનું કારણ શું છે? 69

- ખોટું કામ થઈ ગયું અને ખબર પડી ગઈ કે ભૂલ થઈ ગયેલ છે, તો એનું પ્રાયશ્ચિત્ત શું કરવું જોઈએ? 72
- અડધી જિંદગી વીતી ગઈ. આજે કર્મફળના વિષયમાં સમજણ મળી, અજ્ઞાનતાથી જે પાપકર્મ થઈ ગયાં એની સજા કે દંડથી બચવાનો કોઈ ઉપાય ખરો? 75

**અધ્યાય-૪**

**કર્મ અને ફળ, પુરુષાર્થ અને ભાગ્ય** 76

- કર્મફળ સિદ્ધાંત સમજવો ઘણો અઘરો 76
- વેદ અને વેદાનુકૂળ ગ્રંથોને આધારે કર્મફળ સિદ્ધાંતને સમજવો જોઈએ 77
- કર્મફળના દસ નિયમ 77
- કર્મફળનું જ્ઞાન હોવું સુધારનું કારણ છે 80
- ક્યારેક ને ક્યારેક તો ફળ મળશે, ભાગ્ય બદલાશે 83
- જે કર્મ કરે છે, એ જ એનું ફળ ભોગવે છે 84
- જેવી કરણી, એવી ભરણી 86
- કર્મનું અસલ ફળ શું છે? 87
- પુરુષાર્થથી ભાગ્ય બને છે 88
- કર્મ, આપણું ભાગ્યનિર્માતા 89
- પુરુષાર્થ જ ભાગ્ય છે 92
- ભાગ્યમાં રોકવાની શક્તિ નથી 93
- પુરુષાર્થ, ભાગ્યથી મોટો છે 94
- ઈમાનદારી, બુદ્ધિ અને પુરુષાર્થ ભાગ્યનિર્માણનાં સાધન છે 94

**અધ્યાય-૫**

**કર્મનું પરિણામ, પ્રભાવ અને ફળ** 96

- કર્મનું પરિણામ 96
- કર્મનો પ્રભાવ 97
- કર્મનું ફળ 98

**અધ્યાય-૬**

**ભાગ્યવાદ** 101

- ઘટનાઓ બનવી પહેલેથી નક્કી નથી 101
- ભવિષ્ય કોઈ ન બતાવી શકે 102
- ભાગ્યવાદ 106
- ભાગ્યવાદનું દુષ્પરિણામ 107
- જીવનમાં મળેલ બધાં સુખ-દુઃખ, આપણા કર્મોનાં ફળ નથી હોતાં 107
- જે આપણે ભોગવી રહ્યા છીએ, એ કર્મફળ છે તો ભાગ્ય શું છે? 113
- અન્યાયથી કોઈ બચી નથી શકતું 114
- શું મોક્ષમાં ગયા પછી કર્મફળ ભોગવવું બાકી રહે છે? 117
- સૌથી પહેલી વખત જ્યારે ઈશ્વરે સૃષ્ટિ બનાવી તો કયા કર્મોને આધારે બનાવી? 117
- જ્યારે ભગવાન આપણને ક્યારેય આજ સુધી મળ્યા નથી, તો એના ઉપર વિશ્વાસ કેમ કરવો? 119


## અધ્યાય- ૧

# તમે જ છો, કર્મના કર્તા

પ્રિયવર, સૌભાગ્ય તમારો દરવાજો ખખડાવે છે અને તમને પૂછી રહ્યું છે કે જો **ઈમાનદારી, સમજણ અને મહેનત** તમારા ઘરમાં હાજર હોય તો હું અંદર આવી જાઉં?

ઈમાનદારી, સમજણ અને મહેનતથી પોતાનું સૌભાગ્ય બનાવી આપણે ભાગ્યશાળી કહેવાઈએ છીએ. "અમે કર્મોને નમસ્કાર કરીએ છીએ, જેના પર વિધાતાનો વશ પણ નથી ચાલતો." આવું ભર્તૃહરિજી કહે છે –

*नमस्तत्कर्मभ्यो विधिरापि न येभ्य प्रयवति।*

(નીતિશતક-૯૫)

તમે જન્મથી સ્વતંત્ર છો, ખુદ પોતાના સ્વામી છો, પોતાનું કામ પોતે કરી શકો છો, તમને જીવન આપવાવાળાએ સ્વતંત્રતા પણ આપી છે. એ સ્વતંત્રતાના માધ્યમથી સુખને, શાંતિને, ઉન્નતિને, પરમ તત્ત્વ(જ્ઞાન)ને પરમપદ(મોક્ષ)ને મેળવવા માટે તમે સ્વતંત્ર છો, આઝાદ છો. **તમે સફળ થવા માટે પણ સ્વતંત્ર છો અને અસફળ થવા માટે પણ.** એટલા માટે પોતાનામાં વિશ્વાસ ઉત્પન્ન કરો કે હું ખુદ પતન તરફ ન જવા માગું તો મને કોઈ પતન (નીચે) તરફ ન લઈ જઈ શકે અને ખુદ ઉન્નત થવા ન ઇચ્છું તો કોઈ મને ઉન્નત ન કરી શકે.

હું આ વિષયમાં તમને જે કંઈ પણ કહીશ, મારી ખુદની વ્યક્તિગત માન્યતા નહીં કહું. જે પ્રશ્નના જવાબ આપીશ, શાસ્ત્રોમાંથી જ આપીશ. ઋષિમુનિઓના જ સિદ્ધાંત કહીશ અને આ વિષયનો પહેલો સિદ્ધાંત છે:

## વ્યક્તિ કર્મ કરવામાં સ્વતંત્ર છે

શરીરમાં બિરાજમાન આપણે જીવાત્મા ખુદ ઈચ્છા કરવાવાળા, ખુદ પ્રયત્ન કરવાવાળા, ખુદ જ્ઞાનનો અનુભવ કરવાવાળા વગેરે ખુદના સ્વાભાવિક ગુણોથી સુસજ્જિત એક સ્વતંત્ર કર્તા છીએ. આપણે આપણા મનથી જ વિચાર કરવાવાળા છીએ. આપણે જ વાણીથી બોલવાવાળા છીએ અને શરીર વડે ગતિ કરવાવાળા પણ આપણે જ છીએ, કોઈ બીજું નથી.

સાચો સિદ્ધાંત તો એ છે કે જીવાત્મા ઈચ્છા, રાગ, દ્વેષ, પ્રયત્ન, જ્ઞાન વગેરે ગુણોને ધારણ કરવાવાળું એક ચેતન તત્ત્વ છે અને તે કર્મ કરવામાં સ્વતંત્ર પણ છે. શરીરમાં બિરાજમાન જીવાત્માની ઈચ્છા અને પ્રયત્નના કારણે તેના શરીર, મન અને વાણીરૂપી કર્મના સાધનો કર્મ કરવા પ્રવૃત્ત થાય છે. તે પોતાની ઈચ્છા, પ્રયત્ન વગેરેથી દરેક કાર્ય કરતો હોય છે અને એ કર્મ પ્રત્યે ખુદ (પોતે) જ જવાબદાર હોય છે. આમાં પ્રમાણ છે કે *एष हि दृष्टा, स्प्रष्टा, श्रोता, घ्राता, रसयिता, मन्ता, बौद्धा, कर्ता, विज्ञानात्मा पुरुषः॥ प्रश्नोपनिषद्॥* વેદ વગેરે સત્ય શાસ્ત્રોમાં બતાવવામાં આવ્યું છે કે તે જ જીવાત્મા જુએ છે, સ્પર્શ કરે છે, સાંભળે છે, ચાખે છે એટલે કે રસ લે છે, મનન કરે છે, જાણે છે એટલે કે જ્ઞાનસ્વરૂપ છે. પોતે જ કર્મ કરે છે એ જ ચેતન જીવાત્મા ફળોને ભોગવવાવાળો ભોક્તા છે.

તુલનાત્મક દૃષ્ટિથી જોઈએ તો જેટલી સ્વતંત્રતા (૧૦૦ ટકા) મનુષ્ય પાસે છે તેટલી બીજા કોઈ પ્રાણી પાસે નથી. આપણી સ્વતંત્રતા ૨૪ કલાક છે. આપણે જ્યારે પણ ઈચ્છીએ, ખાઈપી લઈએ, ભ્રમણ કરી લઈએ, સૂઈ જઈએ, ફરવા જઈએ, કંઈ પણ કરી લઈએ. માની લો કે કોઈ કૂતરાને ઈચ્છા થાય કે પોતે જલેબી ખાય, પણ શું તે જલેબી ખરીદીને ખાઈ શકે? નથી ખાઈ શકતો.

**આપણે કર્મ કરવામાં સ્વતંત્ર છીએ, એટલે આપણે ભૂલ કરી શકીએ છીએ.** ઈશ્વર આપણો હાથ નથી પકડતો. એક વિદ્યાર્થી પરીક્ષાખંડમાં પરીક્ષા આપી રહ્યો છે. જવાબ લખી રહ્યો છે. પ્રશ્નોના જવાબ લખી રહ્યો છે, જેમાં એને છૂટ છે કે તે સાચું લખે, ખોટું લખે, અધૂરું લખે, પૂરું લખે, જે મરજી હોય તે લખે, એમ જ આપણે સ્વતંત્ર છીએ. આપણે સારું કરીએ, ખરાબ કરીએ, અડધું કરીએ, પૂરું કરીએ, આજે કરીએ, કાલે કરીએ, જે કાંઈ પણ કરીએ એ કરવાની આપણને છૂટ છે.

એટલા માટે હવે પસંદગી તમારી છે કે તમારે સકામ કર્મ કરવું છે અથવા નિષ્કામ કર્મ કરવું છે. સંસારનું સુખ ભોગવવું છે કે મોક્ષનું સુખ ભોગવવું છે એ તમારી ઈચ્છા છે. વેદો પ્રમાણે એવો સિદ્ધાંત છે કે વ્યક્તિ કર્મ કરવામાં સ્વતંત્ર છે, એટલા માટે આ વાત ખૂબ સારી રીતે મગજમાં બેસાડો. સ્વતંત્રતાના સ્વરૂપને સમજો.

એક શબ્દ છે 'સ્વતંત્રતા' અને બીજો શબ્દ છે 'સ્વચ્છંદતા.' બંનેમાં ઘણું જ અંતર છે. હંમેશાં લોકો આનું અંતર નથી સમજતા. લોકો સ્વતંત્રતાને છોડી સ્વચ્છંદતાના ક્ષેત્રમાં ઘૂસી જાય છે એટલે જ એનો દંડ ભોગવી રહ્યા છે.

વેદ વગેરે શાસ્ત્રો, ઋષિઓ શું સમજાવે છે? તેઓ કહે છે કે **સ્વચ્છંદતા અર્થાત્ પોતાની મનમાની ન કરો.** કાયદો તોડી બહાર ન જાવ. કાયદાની અંદર રહી કર્મ કરો. તમારી પાસે પચાસ વિકલ્પ (ઑપ્શન્સ) છે. જે મરજી હોય તે કરો. જે સારું લાગે તે કરો, પરંતુ કરો કાયદામાં. અનુશાસનમાં, સંવિધાનની અંદર રહી કામ કરો, પછી તમને સુખ મળશે. કહ્યું પણ છે

*स्वयं कर्म करोत्यात्मा स्वयं तत्फलमश्नुते।*
*स्वयं भ्रमति संसारे स्वयं तस्याद् विमुच्यते॥*

(ચાણક્ય નીતિ ૬-૮)

ભાવાર્થ: સારું-ખરાબ કર્મ કોઈ બીજું નહીં, પરંતુ આત્મા ખુદ જ પોતાની ઈચ્છાથી કરતો હોય છે. સારા-ખરાબ કર્મનું ફળ કોઈ બીજું નહીં, તે ખુદ જ ભોગવે છે. એ કર્મો મુજબ જ તે અલગ અલગ યોનિમાં જન્મ લઈ સંસારમાં ફરતો (ભ્રમણ કરતો) હોય છે. આમ વારંવાર સંસારમાં જન્મ લેવા માટે જવાબદાર પણ તે પોતે જ છે. તે ખુદ પોતાના પુરુષાર્થથી સંસારના જન્મ-મરણના બંધનો અને આવાગમનના ચક્રમાંથી છૂટીને મુક્તિને પ્રાપ્ત કરી શકે છે.

જો આપણે જીવાત્મા ઈશ્વરને આધીન કર્મ કરીએ એટલે કે કર્મ કરવામાં પરતંત્ર હોઈએ તો આવી સ્થિતિમાં આપણાં કર્મોનો કરાવવાવાળો ઈશ્વર માનવામાં આવે છે, આપણે નહીં. જીવના કર્મોનો કરાવવાવાળો ઈશ્વરને માનવામાં આવે તો જીવ દ્વારા કરવામાં આવેલ સારા-ખરાબ કર્મોનું સુખ-દુ:ખરૂપી ફળ પણ ઈશ્વરે ભોગવવું જોઈએ, પરંતુ આવું કોઈ સમજદાર વ્યક્તિ ન માને. આના ઉપરથી જાણી શકાય છે કે બધું ઈશ્વરની ઈચ્છા મુજબ નથી બનતું, પરંતુ ઘણું ખરું જીવોની ઈચ્છાથી પણ થાય છે. અમે તો ત્યાં સુધી કહીએ છીએ કે **સંસારમાં જે કંઈ પણ ખરાબ કામો થાય છે તે બધા જ જીવોની ઈચ્છાથી થાય છે, ઈશ્વરની ઈચ્છાથી નહીં.** એટલા માટે મનુષ્યને ઈશ્વરના આદેશ મુજબ કામ કરવાનું સાધન માત્ર માની લેવો એ ખોટો સિદ્ધાંત છે.

મનુષ્યના કર્મોનો કરવાવાળો કર્તા ઈશ્વર નથી. નહીં તો ઈશ્વર વડે કરેલ ખરાબ કર્મોનું ફળ દુઃખ વગેરે ફક્ત ઈશ્વરને જ મળવું જોઈએ, કારણ કે ઈશ્વરે જીવ વડે આ કર્મો કરાવ્યા. એટલા માટે **આ સિદ્ધાંત બરાબર નથી કે બધું જ ઈશ્વરની ઈચ્છા મુજબ થાય છે.** ઈશ્વર મનુષ્યોને પોતાની ઈચ્છાથી જેવું ઈચ્છે તેવું ફળ નથી આપી દેતો. વેદ વગેરે શાસ્ત્રોમાં સારા કર્મો કરવાનો નિર્દેશ અને ખરાબ કર્મોને છોડવાનો નિર્દેશ આપેલ છે, જેથી એ સ્પષ્ટ છે કે જીવાત્મા કર્મ કરવામાં સ્વતંત્ર છે. શાસ્ત્ર કહે છે કે:

*अक्षैर्मा दिव्यः कृषिमित्कृषस्व वित्ते रमस्व बहु मन्यमानः॥*

(ऋ. १०/३४/१३)

તમે જુગાર ક્યારેય ન રમો, ખેતીનું કામ કરો, પોતાના પુરુષાર્થથી મળેલ ધનને પર્યાપ્ત માની એનાથી જ સંતુષ્ટ રહો.

## સ્વતંત્ર વ્યક્તિ અન્યના વિચાર મુજબ ચાલવા બંધાયેલી નથી

**અત્યાર સુધીના વિવેચનથી એ સ્પષ્ટ છે કે જેમ આપણે સ્વતંત્ર છીએ,** પોતાની ઈચ્છા મુજબ કામ કરીએ છીએ; એ જ રીતે બીજા લોકો પણ સ્વતંત્ર છે, એટલા માટે તેઓ પણ પોતાની ઈચ્છાથી કામ કરે છે. આપણે જેવો ઈચ્છીએ તેવો સહયોગ નથી આપતા. આ તેની પોતાની સ્વતંત્ર ઈચ્છા છે એટલે માની લો કે બધું જ આપણી ઈચ્છાનુસાર નથી થતું.

દરેકનો પોતપોતાનો સ્વભાવ છે. દરેકની બુદ્ધિ બીજાથી અલગ છે. દરેકના વિચાર અલગ છે. દરેકના સંસ્કાર અલગ છે. દરેકના જ્ઞાનવિજ્ઞાનનું સ્તર અલગ છે. કોઈ પણ બે વ્યક્તિઓના વિચાર સો ટકા એક સમાન ન હોઈ શકે. તેમનામાં બે, પાંચ, દસ, પંદર, વીસ, પચ્ચીસ ટકા એટલે કે કંઈ ને કંઈ અંતર રહેશે જ.

**જે વ્યક્તિ સાથે વ્યવહાર કરી રહ્યા છીએ એની મસ્તકમાં તમારું મગજ નથી રાખેલ, તો પછી તે તમારી ઈચ્છાનુસાર વ્યવહાર કેવી રીતે કરશે?**

તેના મસ્તકમાં તેનું મગજ છે. આથી તે પોતાની રીતે વ્યવહાર કરશે અને તમારા મસ્તકમાં તમારું મગજ છે, એથી તમે તમારી રીતે વ્યવહાર કરશો. જેની જેટલી બુદ્ધિ એટલું તો તે કરશે. હા, જો એમ થઈ જાય કે તમારી બુદ્ધિ તેના મગજમાં ફિટ કરી લો, પરંતુ એવું તો નથી બની શકતું.



આપણે સર્વશક્તિમાન પણ નથી. આપણે આ દુનિયાના માલિક કે રાજા નથી. **બધા લોકો આપણને આધીન નથી કે જેવું આપણે ઈચ્છીએ તેવું જ બને.**

આપણે જે નથી ઈચ્છતા, બીજાઓ તે આપણને જબરજસ્તીથી આરોપી દે છે. આપણે તે કામ કરવું પડે છે. શું કરીએ, આપણે સૌથી મોટા નથી. આપણે ઘણાની નીચે રહીએ છીએ. નાના હોવાથી આપણે મોટાઓની વાત માનવી પડે છે, ભલે આપણી ઈચ્છા હોય કે ન હોય.

## ઈશ્વર આપણને ખરાબ કર્મો માટે સીધેસીધો નથી રોકતો

એક વિદ્યાર્થી પરીક્ષામાં પ્રશ્નોના જવાબ લખી રહ્યો છે અને પરીક્ષક ત્યાંથી ચક્કર લગાવી રહ્યો છે અને ચક્કર લગાવતાં લગાવતાં તે ઊભો રહી ગયો અને જોવા લાગ્યો કે આ વિદ્યાર્થી શું લખી રહ્યો છે. તે વાંચવા લાગ્યો કે તે વિદ્યાર્થી પ્રશ્નનો જવાબ ખોટો લખી રહ્યો છે. પરીક્ષક ત્યાં જ હાજર છે અને પરીક્ષકના જોવા છતાં વિદ્યાર્થી ખોટો જવાબ લખી શકે છે. શું પરીક્ષક તેનો હાથ પકડી શકે છે કે, હું તને ખોટો જવાબ નહીં લખવા દઉં ? નથી પકડી શકતો. આ રીતે જ આપણે કર્મ કરવામાં સ્વતંત્ર છીએ, ઈશ્વર આપણી સાથે છે, તે આપણને જોતો હોય છે, પરંતુ જ્યારે આપણે ભૂલ કરીએ છીએ, તો ઈશ્વર આપણો હાથ નથી પકડી શકતો. એણે છૂટ આપી છે, તમે જે કંઈ પણ કરો, સારું કરો, ખરાબ કરો. જેવી તમારી મરજી.

એક સિદ્ધાંત છે કે વ્યક્તિ કર્મ કરવામાં સ્વતંત્ર છે. માનો કે કોઈ વ્યક્તિ ચોરી કરે છે, લૂટફાટ કરે છે, શોષણ કરે છે, અંગ ભાંગી નાખે છે, અન્યાય કરે છે અને ઈશ્વર તેનો હાથ પકડી લે તો શું ત્યારે તે સ્વતંત્ર માની શકાય? ન માની શકાય.

ભલે ચોરી, અન્યાય, શોષણ અથવા લૂટફાટ વગેરે કંઈ પણ કરો, **વ્યક્તિ કર્મ કરવામાં સ્વતંત્ર છે. એટલા માટે ઈશ્વર તરત એનો હાથ નથી પકડતો,** વ્યક્તિ કંઈ પણ કરે, ઈશ્વર ત્યાં પોતાની શક્તિ નથી દેખાડતો.

**કર્મ કરવામાં આપણે સ્વતંત્ર છીએ. ફળ ભોગવવામાં પરતંત્ર છીએ.** જ્યારે ફળ આપવાનો સમય આવે છે, જ્યારે મૃત્યુ આવે છે ત્યારે ઈશ્વર પોતાની શક્તિ બતાવે છે ત્યારે ઈશ્વર ફળ આપે છે.

## શું ઈશ્વર આપણને કર્મ કરવાની પ્રેરણા આપે છે ?

કર્મની શરૂઆત કેવી રીતે થાય છે? તમે જાણો છો કે જીવાત્મા કર્મ કરવા સ્વતંત્ર છે? સ્વતંત્રતાનો મતલબ શું છે? હું મારી ઈચ્છાથી કામ કરું તો હું સ્વતંત્ર છું કે હું બીજાના કહેવાથી કામ કરું તો સ્વતંત્ર છું. પોતાની

ઈચ્છાથી કરું તો હું સ્વતંત્ર છું. આથી જો હું કર્મ કરવા સ્વતંત્ર છું, તો એનો અર્થ થયો કે **કર્મનો આરંભ મારી ઈચ્છાથી થશે.** હું મારી ઈચ્છાથી શરૂ કરીશ કે મારે વેદપ્રચારમાં દાન આપવું છે, મારે ગૌશાળામાં દાન આપવું છે. મારે બ્રહ્મચારીઓને દાન આપવું છે. મારે કોઈ રોગીને દાન આપવું છે. મારે ગાયની રક્ષા કરવી છે. મારે રોગીઓની મદદ કરવી છે, મારે યજ્ઞ કરવો છે.

હું મારી ઈચ્છાથી કામ કરીશ તો શરૂઆત ક્યાંથી થશે પોતાનાથી એટલે કે મારા પોતાનાથી થશે. શરૂઆત હું કરીશ, હું સ્વતંત્ર છું. જ્યારે હું ઈશ્વરના કાયદાને અનુકૂળ અથવા પ્રતિકૂળ ઈચ્છા કરું છું. અનુકૂળ-પ્રતિકૂળ કર્મ કરવાની વાત વિચારું છું તો એ જ મારી સ્વતંત્રતા છે કે **ખોટા-સાચાં કામનો આરંભ હું કરીશ. પહેલો નંબર મારો.**

**હવે જો મારું કામ ઈશ્વરના સંવિધાનને અનુકૂળ છે, ત્યારે ઈશ્વર મને બીજા (સેકન્ડ) નંબરે પ્રેરણા કરશે કે બરાબર છે, શાબાશ બેટા, આ કરો. ઘણી સાચી વાત છે. ખૂબ કરો,** આ છે પ્રેરણા. એમનું સમર્થન, તેની પ્રેરણા બીજા નંબરે હશે.

જો હું ઈશ્વરના સંવિધાન વિરુદ્ધ વિચારું કે આજે આ ફલાણી વ્યક્તિ સાથે જૂઠું બોલવું છે, આજે આના સાથે દગો કરવો છે. આને મૂર્ખ બનાવવો છે, આજે આનું ખિસ્સું કાપવું છે, તો આમાં પણ હું સ્વતંત્ર છું. હું મારી ઈચ્છાથી આવું વિચારું છું તો મને ઈશ્વર તરફથી પ્રેરણા થાય છે, ભય, શંકા, લજ્જાના રૂપમાં; ત્યારે મને મનમાં ભય લાગે છે કે જો હું પકડાઈ જઈશ તો શું થશે? ફસાઈ જઈશ અને દંડ મળશે. બદનામી થશે. આવાં-આવાં મનમાં વિચારો આવશે, આ ઈશ્વરની પ્રેરણા છે. એ પ્રેરણા બીજા નંબરે હોય છે ત્યારે ઈશ્વર આપણને આ ખોટા કામથી, દુરાચારથી રોકે છે અને તેમનું રોકવું બસ અહીં સુધી સીમિત છે કે તે આપણને સૂચના આપી દેશે. મનમાં ભય, શંકા, લજ્જા ઉત્પન્ન કરી દેશે કે આ કામ ખોટું છે. આ કામ ન કરો. બસ આના પછી તમારી મરજી, તમે એની પ્રેરણા સાંભળો કે ન સાંભળો, તમારી સ્વતંત્રતા છે.

તમે વિચાર્યું કે ખોટું બોલવું છે તો ઈશ્વરે તમારામાં ભય પેદા કર્યો કે નહીં, ખોટું નથી બોલવાનું, આ કામ સારું નથી. તમે સાંભળી લીધું પછી તેની ઉપેક્ષા કરી દીધી. અવગણના કરી, અમે તો કરીશું, અને તમે કરી નાખશો. ખોટું બોલી દેશો ત્યારે તમારી જીભ નહીં પકડે. તમને ખોટું બોલવામાં રોકશે નહીં. બસ એક વખત તેણે સૂચના આપી દીધી. અહીં સુધી ઈશ્વરની પ્રેરણા છે, આમ જાણવું જોઈએ.



ઈશ્વર સૂચના તો આપે છે, આપણને સાવધાન તો કરે છે, જેમ કે શરૂમાં નિવેદન કર્યું હતું જ્યારે આપણે ખરાબ યોજના બનાવીએ છીએ, તો આપણી અંદર ભય, શંકા, લજ્જા ઉત્પન્ન કરીને આના માધ્યમથી ઈશ્વર પોતાના તરફથી સૂચના આપે છે કે આ કામ ન કરો, આ બરોબર નથી. બસ, એની મર્યાદા આટલી છે. આગળ તમારી મરજી છે કે કરો અથવા ન કરો; સારું કામ હશે તો સારી સૂચના આપી દેશે. આનંદ, ઉત્સાહ, નીડરતાના માધ્યમથી કે આ કામ કરો. હવે જાણવાનું એ છે કે આપણે ખરાબ કામ કરીએ છીએ? જવાબ છે.

## આપણે અવિદ્યાના કારણે ખરાબ કર્મ કરીએ છીએ

તમે કહો છો કે ઈશ્વર આપણી અંદર છે, બિલકુલ છે ઈશ્વર. ઈશ્વર અલગ વસ્તુ છે. આપણે અલગ વસ્તુ છીએ. ઈશ્વર ખરાબ કામ ક્યારેય નથી કરતો. આપણે એનાથી અલગ વસ્તુ (પદાર્થ) છીએ, આપણે તો કરી શકીએ છીએ. આપણે શા માટે ખોટું કામ કરીએ છીએ, એ કેમ નથી કરતો? એટલા માટે કે ઈશ્વરમાં અવિદ્યા (વિપરીત જ્ઞાન) નથી પરંતુ આપણા આત્માની અંદર અવિદ્યા છે, એટલે એ ક્યારેક સારું કામ કરે છે, ક્યારેક ખોટું-ખરાબ કામ કરે છે. અવિદ્યાના કારણે જીવાત્મા ગરબડ કર્યા કરે છે. તો ઈશ્વર ભલે આપણી સાથે હોય, ત્યારે પણ આપણે આપણી અવિદ્યાને કારણે ભૂલ કરીએ છીએ, કરી શકીએ છીએ.

આ રીતે ઈશ્વર આપણી સાથે હોવા છતાં **આપણે આપણી અવિદ્યાના કારણે, સ્વતંત્રતાના કારણે, ભૂલો કરી લઈએ છીએ.** જ્યાં સુધી આ અવિદ્યા રહેશે ત્યાં સુધી આપણે ભૂલો કરતાં રહીશું.

જ્યારે અવિદ્યા દૂર થઈ જશે, તો આ ભૂલો પણ બંધ થઈ જશે, પણ એ દૂર કોણ કરશે? બધો પ્રયત્ન (પુરુષાર્થ) આપણે જ કરવાનો છે. આપણે આપણી અવિદ્યાને સમજવાની છે અને એ અવિદ્યા (ઊલટા જ્ઞાન)ને દૂર કરી ભૂલો બંધ કરવાની છે.

**આવો, સજ્જનો** નો સંપર્ક,
શાસ્ત્રનું **જ્ઞાન** અને
**પોતાના પ્રયત્ન** થી,
**વારંવાર દુઃખી** કરતી
**પોતાની અવિદ્યા** ને
**આપણે દૂર** કરતા રહીએ.

## અધ્યાય- ૨

# કર્મ પુરુષાર્થ

### કર્મની વ્યાખ્યા

સૌથી પહેલાં આપણે કર્મ વિષે જાણવાનો પ્રયત્ન કરીશું કે **કર્મ શું છે?**

**ત્રણ પ્રકારની ક્રિયાઓ છે: –**

(૧) જે ઈશ્વર જ કરે છે જેમ કે, હૃદયનું ધડકવું, રક્તસંચાર, ભોજનનું પાચન, રસ-રક્ત વગેરે ધાતુઓના નિર્માણની ક્રિયાઓ આ વર્ગમાં આવે છે. આ ક્રિયાઓ ફક્ત ઈશ્વરીય વ્યવસ્થાને આધીન શરીરને જીવિત બનાવી, ચલાવી રાખવાની દૃષ્ટિએ થાય છે.

(૨) ક્યાંક ક્યાંક થોડી દખલ આપણે પણ કરી શકીએ છીએ. જેમ કે શ્વાસ લેવો, છોડવો. આપણે થોડા સમય સુધી શ્વાસ રોકી શકીએ છીએ.

(૩) ત્રીજી ક્રિયાઓ એવી છે, જેને આપણે જ કરીએ છીએ. જેમ કે, ભણવું, દોડવું વગેરે.

આ રીતે આપણું શરીર ક્ષણ માટે પણ પ્રયાસ કર્યા વિના નથી રહેતું.

મહર્ષિ કણાદજીએ વૈશેષિક દર્શનમાં કર્મના વિષયમાં બતાવ્યું છે કે **કોઈ પણ ક્રિયાને, ગતિને, હલનચલનને, કર્મ કહે છે.** ઉદાહરણ માટે મેં મારા હાથને જમણી બાજુ થોડોક હલાવી દીધો. આ જે ગતિ થઈ, આનું નામ કર્મ છે. આ કર્મ વૈશેષિક દર્શનની વ્યાખ્યામાં છે, પરંતુ આપણે જે કર્મફળની વાત કરીશું, એ વ્યાખ્યા-લક્ષણમાં આને કર્મ નથી માનવામાં આવતું. એટલા માટે આને વૈશેષિક દર્શનના પ્રમાણે તો કર્મ માનીશું, પરંતુ આ સામાન્યકર્મ છે. સામાન્ય ક્રિયા અથવા ચેષ્ટા તો છે, પરંતુ એનું કોઈ ફળ નથી. આ ફળ આપવાવાળું કર્મ નથી, એટલા માટે કર્મફળ અર્થાત્ ભાગ્યનિર્માણના પ્રસંગમાં વિચારવાનું છોડી દેવું.

**આ રીતે બે પ્રકારનાં કર્મ થયાં એક એવાં કર્મ, જે ફળ, નથી આપતાં. બીજાં એવાં કર્મ, જે ફળ આપે છે.** આજના પ્રસંગમાં આપણે એ કર્મની વાત કરીશું, જે ફળ આપે છે.

### કર્મ કરવાનાં ત્રણ સાધન

હવે જે ફળ આપવાવાળું કર્મ છે, તેની વ્યાખ્યા જાણો. કર્મના સાધનોના ત્રણ વર્ગ હોય છે, એટલે કે જીવનભર આત્મા ત્રણ પ્રકારનાં કર્મ કરે છે. **(૧) મનથી, (૨) વાણીથી અને (૩) શરીરથી.** મહર્ષિ દયાનંદ સરસ્વતીજી **"આર્યોદ્દેશ્ય" રત્નમાલા પુસ્તિકા**માં લખે છે કે **જીવાત્મા મન, વાણી અને શરીરથી જે 'પ્રયાસ વિશેષ' કરે છે, એને આ કર્મ કહે છે.** એવી વિશેષ ક્રિયા જેની પોતાના ઉપર અને બીજાઓ ઉપર વિશેષ પ્રભાવ પડે છે એટલે કે થોડુંક ફળ હોય છે. સુખ-દુઃખ મળે છે એને ચેષ્ટા-વિશેષ કહીશું. સુખ મેળવવા માટે અને દુઃખને દૂર કરવા જે વિશેષ પ્રયત્ન કરવામાં આવે છે, એ જ કર્મ કહેવાય છે.

**મન, વાણી તથા શરીર દ્વારા જે વિશેષ પ્રયત્ન થશે, એ ફળ આપવાવાળું કર્મ છે.** ઉદાહરણ તરીકે મનમાં કોઈ વ્યક્તિ વિચારે છે, "હે ભગવાન! સૌનું ભલું થાય, બધા સુખી રહે, બધા સારાં કર્મો કરે, બધા આનંદથી જીવે." જો વ્યક્તિ આવી ભાવના રાખે છે તો આને મનની વિશેષ ચેષ્ટા કહીશું. એ ક્રિયાનું ફળ હશે. બીજી ક્રિયા, કર્મ એવું છે એક વ્યક્તિ મનમાં ખરાબ વિચારે છે કે, હે ભગવાન! મારા પડોસીનો પગ ભાંગી જાય, એની દુકાનમાં આગ લાગી જાય, એનું મકાન પડી જાય, એના ગ્રાહક ભાગી જાય, એને વેપારમાં ખોટ આવે." આ પણ મનનો વિશેષ પ્રયાસ છે.

આમ તો આપણે જીવનકાળમાં શરીર, વાણી તથા મન વડે લાખો પ્રકારનાં કર્મો કર્યા કરીએ છીએ. જેને ગણવાં સંભવ નથી. સાધનોના આધારે કર્મના ત્રણ વિભાગ પાડવામાં આવે છે. પહેલું માનસિક, બીજું વાચનિક અને ત્રીજું શારીરિક.

**યોગદર્શનમાં પાપપુણ્યના આધારે કર્મોના ૪ વિભાગ**

(૧) **શુભ કર્મ,**
(૨) **અશુભ કર્મ,**
(૩) **મિશ્ર કર્મ** અને
(૪) **નિષ્કામ કર્મ** બતાવેલ છે. આનું સ્પષ્ટીકરણ નીચે મુજબ છે:

**શુભ, અશુભ** અને **મિશ્ર કર્મ:**

## ૧. મનનાં શુભ-અશુભ કર્મ:

અહીં જે પ્રથમ સારી ક્રિયા હતી એટલે કે વિશેષ પ્રયાસ, સારો વિચાર, **સારી ભાવના, સારી કલ્પના એને શુભ કર્મ કહીશું** અને મનમાં જે બીજો વિચાર હમણાં હતો પડોસીનો પગ ભાંગી જાય, એના ગ્રાહક તૂટી જાય, **એને નુકસાન થઈ જાય, આ મન દ્વારા કરેલ અશુભ કર્મ છે.** આ વિચાર સારો પ્રયાસ-પયત્ન નથી.

આપણે ખૂબ જ સમજી-વિચારીને કર્મ કરવું પડશે. મનમાં આપણે જે વિચાર કરીએ છીએ, એમાં પણ ખૂબ જ સાવધાની, ખૂબ ધ્યાન રાખવું પડશે, જેથી આપણે કોઈનું ખરાબ નહીં, સારું વિચારીએ એ શુભ કર્મ ગણાશે. આનું સારું ફળ મળશે. ખરાબ વિચારીશું, એ અશુભ કર્મ ગણાશે. એનો દંડ મળશે. આ મનનું કર્મ થયું.

**જો આપણે ખોટી યોજના, ખરાબ યોજના બનાવીએ તો એનાથી આપણા વિચારો, આપણા સંસ્કારો જરૂર બગડશે અને આગળ આપણે ભવિષ્યમાં પણ આદત મુજબ ખોટી યોજનાઓ બનાવીશું અને ખોટાં કામ કરીશું.** દરેક વખતે એમ થોડું બનશે કે આપણે યોજના બનાવી અને બદલી નાખી. કેટલીક વાર તો આપણે ખોટું કરી જ નાખીશું, એટલા માટે આપણે મનમાં પણ ખરાબ વાત વિચારવી ના જોઈએ.

અહીં ધ્યાન આપવા જેવી વાત છે કે આપણે મનમાં કંઈક ખરાબ વિચાર કર્યો અને બીજી જ ક્ષણે એ વિચાર બદલી નાખ્યો, એટલે કે કોઈ ખરાબ વિચાર કર્યો, પરંતુ એને અનુરૂપ આચરણ ન કર્યું અને પછી એ ખરાબ વિચાર મનમાંથી કાઢી નાખ્યો. ભલે આપણા ખરાબ વિચારથી બીજાનું કંઈ નુકસાન ન થયું, વાણી દ્વારા આપણે કંઈ કહ્યું નહીં, શરીર વડે કોઈ ઉપર અત્યાચાર ન કર્યો, ફક્ત મનોમન ખરાબ વિચાર્યું. આનાથી બીજાને તો પ્રત્યક્ષરૂપે કોઈ નુકસાન ન થયું, પરંતુ આપણને નુકસાન જરૂર થયું. પ્રશ્ન એ છે કે શું નુકસાન થયું?



અહીંયાં એક વધુ સાવધાની રાખવાની વાત છે કે માનસિક કર્મોમાં બે સ્થિતિ છે. એક સ્થિતિમાં તો ફક્ત 'વિચાર' માત્ર છે. એને કર્મ નહીં માનવામાં આવે. જ્યારે બીજી સ્થિતિમાં તો એને 'કર્મ' પણ માનવામાં આવશે.

**પહેલી સ્થિતિ:** એક વ્યક્તિએ મનમાં વિચાર્યું, હું જૂઠું બોલું કે ન બોલું? અહીં મગજમાં બે પક્ષ બનેલા છે કે **હું જૂઠું બોલું કે પછી ન બોલું? અહીં સુધી તો આનું નામ છે 'વિચાર.' હજી એ કર્મ નથી બન્યું. આનો કોઈ દંડ નથી.**

**બીજી સ્થિતિ:** **જો બે નિર્ણયોમાંથી એક નિર્ણય કરી લીધો કે, 'આજે જૂઠું બોલીશ' તો એ કર્મ બની ગયું. આનો દંડ જરૂર મળશે.** 'આજે જૂઠું બોલીશ' જો મનમાં આ નિર્ણય કરી લીધો તો પછી આપણે શરીરથી ન કરીએ, એટલે કે યોજના બદલી નાખીએ, પરંતુ એક વખત યોજના બની ગઈ, નિર્ણય કરી લીધો કે 'આજે જૂઠું બોલવું છે' તો એ કર્મ બની જશે, એથી એનો દંડ પણ જરૂર મળશે. આ 'માનસિક-કર્મ' છે. આનો 'માનસિક-દંડ' મળશે. આનાથી આપણા સંસ્કાર બગડશે. આમ નુકસાન થશે.

મનમાં ઊઠતા દરેક વિચારનું નિરંતર-સતત પરીક્ષણ અને **નિરીક્ષણ કરો કે મેં જે વિચાર કર્યો, એ બરોબર છે કે ખોટો?** ખોટો છે તો એના પર લગામ (બ્રેક) લગાવો. એને તરત કાઢી નાંખો.

જે સારો વિચાર છે એને મનમાં રાખો. સારા વિચારો અનુસાર જ યોજનાઓ બનાવો અને ફક્ત યોજનાઓ જ ન બનાવો, **'આચરણ'** પણ કરો.

## ૨. વાણીનાં શુભ-અશુભ કર્મ:

**વાણીથી સત્ય બોલવું, મધુર ભાષા બોલવી, સભ્યતાથી બોલવું, આદર-સમ્માનથી બોલવું, કોઈના હિત માટે સારું સૂચન કરવું. આ વાણીનાં શુભ કર્મ છે, સારાં કામ છે.**

આ જ રીતે વાણીનાં જે અશુભ કર્મો છે, જેમ કે **જૂઠું બોલવું, છળકપટ કરવું, દગો દેવો, ચાલાકી કરવી, કઠોર ભાષા બોલવી, નિંદા-ચુગલી કરવી,** બે વ્યક્તિ પ્રેમથી રહે છે, એમનામાં ઝઘડો કરાવવો. એકને કહેવું કે એ તારા વિશે આમ કહે છે અને બીજાને કહેવું કે એ તમારા વિશે આમ કહે છે. આવું આવું કહીને એમને લડાવવા. **આ બધાં વાણીનાં અશુભ કર્મો છે.**

## 3. શરીરનાં શુભ-અશુભ કર્મઃ

આ જ રીતે શરીર દ્વારા આપણે કર્મ કરીએ છીએ. જેમ કે **યજ્ઞ કરવો, ઈશ્વરનું ધ્યાન ધરવું. કોઈ રોગીની સેવા કરવી, એનાં કપડાં ધોવા, એને ડૉક્ટર પાસે લઈ જવો. એને દવા અપાવવી અને એનું કંઈ કામ હોય એ કરી આપવું. આ બધા શરીરનાં સારાં કર્મો છે.** શુભ કર્મો છે, આ ફળ આપવાવાળા કર્મો છે. એનું ફળ મળશે.

આ જ રીતે **શરીરનાં જે અશુભ કર્મો છે, ચોરી કરવી, ધક્કામુક્કી કરવી, લૂટફાટ કરવી, અપહરણ કરવું, હત્યાઓ કરવી આ બધાનાં ફળ મળશે.**

બધા લોકો આખો દિવસ કોઈ ને કોઈ કર્મ કરતા જ રહે છે. મનમાં પણ કરે છે. વાણી દ્વારા પણ બોલતા રહે છે, અને શરીરથી પણ કંઈ ને કંઈ ક્રિયાઓ કરતા રહે છે.

જેમ મેં શરૂમાં બતાવ્યું હતું થોડાક શુભ કર્મ છે, થોડાક અશુભ કર્મ છે, **જે મન, વાણી, શરીરથી આપણે સારાં કામ કરીએ છીએ. જે કર્મોથી આપણને પણ સુખ મળે છે, અન્યને પણ સુખ મળે છે એ બધાં શુભ કર્મો છે અને જે કર્મોથી આપણને પણ દુઃખ મળે છે, બીજાઓને પણ દુઃખ મળે છે એ અશુભ કર્મ છે.** જેમ કે પહેલાં ઉદાહરણ આપ્યું હતું કે ખોટું બોલવું, ચોરી કરવી, અપહરણ કરવું, હત્યાઓ કરવી આ અશુભ કર્મો છે અને સાચું બોલવું, દાન આપવું, સેવા કરવી, યજ્ઞ કરવો, ઈશ્વરનું ધ્યાન ધરવું આ શુભ કર્મો છે. ખરાબ કામ અને સારાં કામ એ બે પ્રકારનાં કર્મ થયાં.

શરીર, વાણી અને મનરૂપી સાધનોના માધ્યમથી કરવામાં આવેલ કર્મો ટેબલના રૂપમાં નીચે મુજબ રજૂ કરી શકાય છે.

**શુભ કર્મો**

| શરીરથી | વાણીથી | મનથી |
|---|---|---|
| ૧. રક્ષા કરવી | ૧. સત્ય વચન | ૧. દયા |
| ૨. દાન આપવું | ૨. મધુર વાણી | ૨. અસ્પૃહા (બીજાના દ્રવ્યની ઈચ્છા ન કરવી) |
| ૩. સેવા કરવી | ૩. હિતકારી નિવેદન | |
| | ૪. સ્વાધ્યાય કરવો | ૩. આસ્તિકતા |



**અશુભ કર્મો**

| શરીરથી | વાણીથી | મનથી |
|---|---|---|
| ૧. હિંસા (ક્રુરતા) | ૧. જૂઠું બોલવું | ૧. દગો કે વેર (બીજાને નુકસાન પહોંચાડવાની ખરાબ ભાવના) |
| ૨. ચોરી | ૨. કઠોર બોલવું | |
| ૩. વ્યભિચાર | ૩. અહિતકારી બોલવું | |
| | ૪. અર્થહીન બોલવું | ૨. સ્પૃહા (બીજાની વસ્તુ લઈ લેવાની ઈચ્છા કરવી.) |
| | | ૩. નાસ્તિકતા. |

**મિશ્ર કર્મ –** એક ત્રીજા પ્રકારનું કર્મ પણ છે. એને કહે છે **મિશ્ર કર્મ.** પ્રથમ **શુભ કર્મ,** બીજું **અશુભ કર્મ** અને ત્રીજું **મિશ્ર કર્મ.** આમ ત્રણ પ્રકારનાં કર્મ થયાં. મિશ્ર કર્મ કોને કહીશું?

જેમાં સારાપણું છે અને થોડો ભાગ ખરાબ છે, આને મિશ્ર કર્મ કહે છે. આથી **થોડાંક કર્મ એવાં પણ હોય છે, જે મિશ્રણવાળા એટલે કે જોડાયેલ હોય છે, એમાં થોડોક સારો ભાગ હોય છે, થોડોક ખરાબ ભાગ પણ હોય છે. એને મિશ્ર કર્મ કહેવાય છે.** ઉદાહરણ તરીકે માની લો કે એક રાતે ૧૧ વાગે તમારે ઘરે કોઈ તમારા નજીકના સંબંધી (ક્લોઝ રિલેટિવ) જેવા મામા આવી ગયા અને કલ્પના કરો કે એ ઘણે દૂરથી આવ્યા છે. એમની ટ્રેન મોડી પડી ગઈ. હવે એ જે મુસાફરીમાં ભાથું લઈ આવેલ એ પૂરું થઈ ગયું. એમના મોબાઈલની બેટરી પણ ઉતરી ગઈ. એથી એ તમને ફોન કરી સૂચના પણ ન આપી શક્યા અને એ અચાનક રાત્રે ૧૧ વાગે તમારે ઘરે આવી ગયા. હવે આવીને કહેવા લાગ્યા, મને તો ખૂબ જ ભૂખ લાગી છે. જલદી જમવાનું બનાવો. તમે જોયું કે રસોડામાં દાળ પણ ખતમ, રોટલી પણ ખતમ, શાક પણ ખતમ. તમે જોયું કે રસોડામાં કંઈ પણ નથી અને આ કહે છે કે જમવાનું બનાવો. જમાડવાથી સૂવાડવામાં મારા બે કલાક બગડશે. આથી વિચાર્યું કે આજે તો સૂવામાં એક વાગી જશે. બે કલાક ઊંઘ ખરાબ થશે. હવે કહો કે એ જે અતિથિ આવ્યા છે એને જે ભોજન ખવડાવશો એ ખુશ થઈને જમાડશો કે દુઃખી થઈને જમાડશો?

જો તમે એમ વિચારશો કે અતિથિ દરરોજ થોડા જ આવે છે? ક્યારેક ક્યારેક જ તો આવતા હોય છે. આ તો મારા મામા છે અને એમની મજબૂરી પણ હતી. મોબાઈલની બેટરી ડાઉન થઈ ગઈ. આથી સૂચના પણ ન આપી

શક્યા અને એમની ટ્રેન પણ લેટ-મોડી થઈ ગઈ. ચાલો, કંઈ વાંધો નહીં. એમને સારી રીતે પ્રેમપૂર્વક ખુશીથી ભોજન જમાડીશું.

જો ખુશ થઈને ભોજન જમાડીશું તો આ શુભ કર્મ હશે અને જો મનમાં દુઃખી થઈ, વિચારશો કેવા લોકો છે, રાતે ૧૧ વાગે આવી જાય છે, સૂચના પણ નથી આપતા, ભાઈ, અગાઉથી જાણ કરી હોત તો કંઈક બનાવીને રાખત. હવે નવેસરથી રસોઈ ચાલુ કરો, શું ઝંઝટ છે. આમ મનોમન દુઃખી થતા રહીએ અને જમવાનું પણ બનાવીએ છીએ. બનાવવાનું જ છે. કારણ કે જમ્યા વિના એમને ઊંઘ પણ નહીં આવે. જ્યારે સંબંધી પોતે નહીં સૂએ તો તમને પણ સૂવા મળશે નહીં. જેમતેમ કરીને બનાવો બીજું શું? દુઃખી થઈને જમાડશો તો આને મિશ્રકર્મ કહેવાશે. આમાં બંને વસ્તુ ભેગી છે. ભોજન કરાવ્યું એ તો સારી વાત છે, પરંતુ મનમાં પરેશાન-દુઃખી થઈ ખવડાવવું એ સારી વાત નથી. આમ, અહીં સારું-ખરાબ કર્મ બંને ભેગું થઈ ગયું. આથી આને મિશ્ર કર્મ કહીશું.

**આમ જ ખેતી પણ મિશ્ર કર્મ છે.**

ખેતી કરવાથી અનેકને ભોજન મળે છે અને અનેક જીવજંતુ આમાં મરી પણ જાય છે. આ ઉપરાંત કીટકોથી પાકને બચાવવા ખેડૂતો થોડીક કીટનાશક દવાઓનો છંટકાવ કરે છે. એનાથી ઘણા બધા કીટક મરી જાય છે. તો ઠીક છે કે એમાં દોષ તો લાગે જ છે, પરંતુ એ ઊપજની રક્ષા કરવાથી મનુષ્ય વગેરે પ્રાણીઓને ખાવા માટે ભોજન મળે છે. આનાથી એમના જીવનની રક્ષા પણ થાય છે. આમ આને મિશ્ર કર્મ કહે છે, કારણ કે આમાં થોડું પાપ થાય છે અને ઘણું બધું પુણ્ય મળે છે.

આના માટે પ્રાયશ્ચિત્ત એ છે કે પક્ષી જેમ કે કાગડા આવે છે, કબૂતર આવે છે, એ ખેતરમાં પાક ખાય છે, તો એમને ખાવા દો. એમની કોઈ અલગથી ફેક્ટરી, કારખાના, વેપાર છે નથી. એ બિચારા પક્ષી ક્યાં જશે? અહીંયાં જ ખાશે. ભગવાને જે પાક ઉત્પન્ન કર્યો છે, એ મનુષ્ય માટે પણ છે અને કાગડા-કબૂતરો માટે પણ છે. એ પંખીઓ એટલું બધું નહીં ખાઈ જાય કે માણસો માટે નહીં બચે. પાંચ મહાયજ્ઞ છે. એમાં જે બલિ વૈશ્વદેવ યજ્ઞ છે, જેની અંદર પશુ-પક્ષી વગેરે પ્રાણીઓને ભોજન કરાવવાનું વિધાન છે તે એક રીતે પ્રાયશ્ચિત્તનું રૂપ છે, તમે એનું અનુષ્ઠાન કરો.

એક બીજી વાત ધ્યાનમાં લેવા જેવી છે કે આપણા શાસ્ત્રોમાં લખ્યું છે કે મનુષ્ય બીજા પ્રાણીઓને દુઃખ આપ્યા વિના જીવી નથી શકતો. કંઈ ને કંઈ આપણા કારણે બીજાને દુઃખ તો થાય જ છે. **પોતાનો જીવ બચાવવા પોતાના રક્ષણ માટે કંઈ ને કંઈ તો બીજાઓને કષ્ટ આપવું પડે છે.** એટલા માટે આવાં કર્મો મજબૂરી માનીને, જાણી જોઈને નહીં, દ્વેષભાવથી નહીં, પોતાનો જીવ બચાવવા અને રક્ષાની ભાવનાથી કરવાં જોઈએ.

આ પછી, બે-પાંચ ટકાનો દંડ મળશે, ભોગવી લઈશું, શું દંડ મળશે, પૂરેપૂરું તો આપણે ન કહી શકીએ. થોડો ઘણો જે પણ દંડ થશે, ભોગવી લઈશું.

## ક્રિયમાણ, સંચિત અને પ્રારબ્ધ કર્મ :

હવે આ કર્મના સંદર્ભમાં એક પ્રકાર બીજો છે, જે સમજવાનો છે. ફળના આધારે કર્મના ત્રણ વિભાગ છે એકનું નામ છે **ક્રિયમાણ કર્મ,** બીજું છે **સંચિત કર્મ** અને ત્રીજું છે **પ્રારબ્ધ કર્મ.** આ ત્રણ પ્રકારના કર્મ હોય છે. આ પણ **'આર્યોદ્દેશ્ય રત્નમાળા'** પુસ્તકમાં **મહર્ષિ દયાનંદજીએ** લખ્યાં છે.

### ૧. ક્રિયમાણ કર્મ :

**ક્રિયમાણ કર્મ**નો અર્થ થાય છે કે જે કર્મ આપણે અત્યારે કરી રહ્યા છીએ. જે અધૂરું છે. જેના પર કામ ચાલુ છે. જે હજી પૂરું (કમ્પ્લિટ) નથી થયું. જેમ કે અત્યારે તમે પ્રવચન સાંભળી રહ્યા છો. હજી આ પ્રવચન પૂરું નથી થયું, ચાલી રહ્યું છે. ટૂંકમાં, વર્તમાનમાં કરવામાં આવતું કર્મ **ક્રિયમાણ કર્મ** કહેવાય છે.

### ૨. સંચિત કર્મ :

એક વ્યક્તિ રસોડામાં ભોજન બનાવી રહી છે. એને ૨૦ રોટલી બનાવવાની હતી. ૨૦ રોટલી પૂરી થઈ ગઈ. **કામ પૂરું થઈ ગયું.** જ્યારે એ કામ સમાપ્ત થઈ જશે તો એનું નામ સંચિત કર્મ બની જશે. **સંચિત કર્મનો અર્થ, જ્યાં એ કર્મ આપણા ખાતામાં જમા થઈ ગયું** જે જે કામ આપણે કરતા જઈએ છીએ, એ જ્યારે પૂરું થઈ જાય છે, તો એ સંચિત કર્મ કહેવાય છે.

પ્રશ્ન એ છે કે **આ કર્મ ક્યાં સુધી સંચિત રહેશે, ક્યાં સુધી જમા રહેશે?** જવાબ છે જ્યાં સુધી આ કર્મનું ફળ મળવાનું શરૂ નહીં થાય ત્યાં સુધી જમા રહેશે. ક્યારથી ફળ મળવાનું શરૂ થશે? આનો જવાબ છે કે બની શકે કે બે વરસ સુધી જમા રહે, વીસ વરસ સુધી જમા રહી શકે છે, ૫૦ વરસ સુધી જમા રહી શકે છે. જ્યાં સુધી એનું ફળ મળવાનું શરૂ નહીં થાય ત્યાં સુધી એ સંચિત કર્મ કહેવાશે. એટલે કર્મ આપણા ખાતામાં જમા / ડિપોઝિટ થઈ ગયું. આ રીતે **પાછળના જન્મોથી લઈને અત્યાર સુધી કરવામાં આવેલ કર્મ જેનું ફળ મળવાનું બાકી છે, એ સંચિત કર્મની શ્રેણીમાં સમાવિષ્ટ હોય છે.**

અને બની શકે કે એ આ જન્મમાં ન પણ મળે. એનું ફળ હવે પછીના જન્મમાં મળે. આવનારા બીજા જન્મમાં, ત્રીજા જન્મમાં, ચોથા જન્મમાં, પાંચમા જન્મમાં, દસમા, વીસમા, ત્રીસમા, પચાસમા જન્મમાં ફળ મળે, પરંતુ જ્યાં સુધી એનું ફળ નહીં મળે ત્યાં સુધી એ **સંચિત કર્મ** મનાશે.

3. **પ્રારબ્ધ કર્મ:** ત્રીજા પ્રકારનું કર્મ બતાવ્યું હતું પ્રારબ્ધ. **પ્રારબ્ધ કર્મ** એને કહેવાય, જેનું ફળ મળવાનું શરૂ થઈ ગયૂ. પ્રારબ્ધ નસીબ બની ગયું. ફળ (સ્ટાર્ટ) શરૂ થઈ ગયું. એને પ્રારબ્ધ કર્મ કહેવાય. તાત્પર્ય એ છે કે અમુક કર્મનું ફળ આપણને મળી રહ્યું છે. આજે પણ મળી રહ્યું છે. જે **કર્મોનું ફળ આપણે અત્યારે ભોગવી રહ્યા છીએ, એ છે પ્રારબ્ધ કર્મ.** આપણને અત્યારે જે જાતિ (મનુષ્ય યોનિ), આયુષ્ય અને ભોગ (ઘર-પરિવાર, પૈતૃક સંપત્તિ) મળેલ છે. જે કર્મોનું ફળ આજે આપણે ભોગવી રહ્યા છીએ અને જેનો અત્યારે ભોગવટો નથી, આપણા ખાતામાં જમા છે એ છે **સંચિત કર્મ.** જે અત્યારે કરી રહ્યા છીએ રોજેરોજ એ છે **ક્રિયમાણ કર્મ.** આમ, આ ત્રણ વિભાગ કર્મોના થઈ ગયા. આ રીતે ત્રણ પ્રકારના કર્મ છે.

## કૃત, કારિત અને અનુમોદિત કર્મ

કર્તાની દૃષ્ટિએ કર્મના ત્રણ પ્રકાર છે: (૧) કૃત કર્મ, (૨) કારિત કર્મ (૩) અનુમોદિત કર્મ. જે કામ વ્યક્તિ ખુદ કરે છે એ કૃત કર્મ કહેવાય છે. **જે કામને તે ખુદ ન કરી, બીજા દ્વારા કરાવે છે અથવા કરવાની પ્રેરણા આપે છે, એ કારિત કર્મ કહેવાય છે.** જ્યારે અમુક લોકો ભેગા મળી કર્મ કરતા હોય અને તે એમના કર્મનું સમર્થન કરે છે એટલે કે **જ્યારે તે સ્વતંત્રતાથી કોઈ દ્વારા કરવામાં આવતા કર્મનું સમર્થન-અનુમોદન કરી દે છે, તો એ અનુમોદિત કર્મ કહેવાય છે.** જેમ કે, પોતાના હાથથી કર્યું તો બની ગયું કૃત કર્મ અને મેં બીજાને આદેશ આપ્યો કે તમે મારા માટે કરીને આવો તો એ મારા આદેશથી કામ કરે તો કારિત કર્મ થયું. અમુક લોકો ચોરી કરવાની યોજના બનાવી રહ્યા હતા અને એ લોકો મને પૂછે કે કેમ ભાઈ! તમારી શું સલાહ છે? ચોરી કરી લઈએ? અને મેં કહ્યું હા-હા કરી લો, સારી વાત છે, કરી લો. મેં કરેલ કર્મનું સમર્થન કર્યું . આ અનુમોદિત કર્મ છે. આ ત્રીજું કર્મ છે.

ભાવના આધારિત કર્મના બે વિભાગ, સકામ અને નિષ્કામ કર્મ, કરવામાં આવે છે.



## સકામ કર્મ

ત્રણ સાધનો એટલે કે મનથી, વાણીથી અને શરીરથી આપણે કર્મ કરીએ છીએ. ફળ મુજબ ત્રણ પ્રકારનાં કર્મ છે. ક્રિયમાણ કર્મ, સંચિત કર્મ અને પ્રારબ્ધ કર્મ. પાપપુણ્યના આધારે ફરી પાછા ત્રણ પ્રકારનાં કર્મ થઈ ગયા શુભ, અશુભ અને મિશ્ર. આ ત્રણેયનું એક નામ છે, જેને કહેવાય છે સકામ કર્મ.

સકામ કર્મનો હેતુ છે, **જે કર્મોનો ઉદ્દેશ સાંસારિક સુખોની પ્રાપ્તિ હોય.** જેમ કે કોઈ વ્યક્તિ ધન કમાવવા માટે કામ કરે છે, વેપાર કરે છે, નોકરી કરે છે. એને ધન શા માટે જોઈએ છે? ધન-પૈસા વડે તે કાર ખરીદશે. મીઠાઈ ખરીદી લેશે. બંગલો બનાવશે. પાર્ટીમાં જશે. દેશ-વિદેશની યાત્રાઓ કરશે. સંસારનાં સુખ ભોગવશે. એટલા માટે તે ધન કમાય છે.

કોઈ સારાં કાર્યો કરશે, સમાજની સેવા કરશે તો વિચારશે કે તેને સન્માન મળશે. અહીં તે સન્માન માટે કામ કરે છે. કોઈ ભૌતિક સુખ માટે કામ કરે છે. **આમ રાગદ્વેષની ભાવનાથી જે કામ કરવામાં આવે છે તેને સકામ કર્મ કહેવાય છે.**

આ ત્રણેય શુભ-અશુભ અને મિશ્ર કર્મ સકામ હોઈ શકે છે. કોઈ દાન આપે છે, યજ્ઞ કરે છે, સેવા કરે છે. પરોપકારનું કામ કરે છે, પરંતુ તે આ કામ સન્માન મેળવવાની ભાવનાથી કરે છે, કોઈ ધન કમાવવાની ભાવનાથી કરે છે. આ એમનાં બધાં સારાં કામ છે અને તેનાં આ બધાં સારાં કામ, સકામ કર્મ કહેવાય છે.

એવી રીતે ચોરી કરે છે, જૂઠું બોલે છે, ધક્કામુક્કી કરે છે, શોષણ કરે, છે, હક લઈ લે છે, અધિકાર છીનવી લે છે, અન્યાય કરે છે આ બધાં ખરાબ કામ છે. આનો ઉદ્દેશ કોઈ સારો હોઈ જ ન શકે. બધો જ સ્વાર્થ છે, તો આ પણ સકામ કર્મ છે.

અને ત્રીજું જે મિશ્ર કર્મ છે, એ પણ ભૌતિક સુખ માટે, ધન-સન્માન માટે વગેરે વગેરે ઉદ્દેશને પૂર્ણ કરવામાં આવે છે. આથી મિશ્ર કર્મ પણ સકામ થયું. આ રીતે આ ત્રણેય સકામ કર્મ કહેવાય છે.

**સકામ કર્મ કંડિશનલ (શરતી)કર્મ છે,** મતલબ, આટલા રૂપિયા આપશો તો માલ આપીશું આટલો ભાવ (રેટ) નહીં આપો તો, માલ નહીં મળે. તમે આટલી ફી આપશો તો ભણાવીશું. નહીં આપો તો નહીં ભણાવીએ. આ સકામ-કર્મ છે. અહીં આપણો ઉદ્દેશ ધન કમાવવાનો, ફી લેવાનો છે. આ રીતે જો ટ્યૂશન ફી લઈએ છીએ તો એ સકામ-કર્મ છે.

## નિષ્કામ કર્મ :

એક બીજું ચોથા પ્રકારનું કર્મ છે, જે કહેવાય છે નિષ્કામ કર્મ. જે અગાઉના સકામ કર્મ હતાં શુભ કર્મ, સારાં કામ, સેવા કરવી, દાન આપવું, યજ્ઞ કરવો, પરોપકાર કરવો, બીજાની સહાયતા-મદદ કરવી, પ્રાણીઓનું રક્ષણ કરવું વગેરે. આ જ સકામ કર્મ નિષ્કામ કર્મમાં બદલી શકીએ છે. આ કર્મની એક શરત છે, આ નિષ્કામ કર્મ ત્યારે બની જશે જ્યારે આ કર્મોને કરવાના ઉદ્દેશ બદલાઈ જાય, ભૌતિક સુખનો ઉદ્દેશ ન રહે. આને કરવાનો ઉદ્દેશ બદલીને મોક્ષ-સુખ ઉદ્દેશ બની જાય. આ રીતે **મોક્ષ મેળવવાના ઉદ્દેશથી કરવામાં આવતાં સારાં કર્મ નિષ્કામ કર્મ** છે અને સાંસારિક સુખ માટે કરવામાં આવતાં કર્મ **સકામ કર્મ** છે. **સારાં કર્મ, જે સકામ કર્મ હતાં, એ જો મોક્ષ પ્રાપ્તિના ઉદ્દેશથી કરવામાં આવે તો નિષ્કામ બની જશે.**

જો નિઃશૂલ્ક ભણાવે તો નિષ્કામ કર્મ છે. અમે શા માટે ફ્રીમાં (મફતમાં) ભણાવીએ છીએ, કારણ કે અમને મોક્ષ જોઈએ છે. ધનની ચિંતા નથી. જીવવા માટે ભગવાન બે રોટલી આપી દે છે અને એ જ ઘણું છે. અત્યાર સુધી જીવન જીવી લીધું, આગળ પણ જીવી લઈશું. ભગવાન ઘણું આપી રહ્યો છે, આગળ પણ આપી દેશે. **ધન માટે કામ નથી કરવું, સન્માન માટે કામ નથી કરવું. ભૌતિક સુખ માટે કામ નથી કરવું.** જો મોક્ષ માટે કામ કરીએ છીએ તો એ નિષ્કામ કર્મ છે.

ખરેખર દરેક વ્યક્તિમાં કંઈ ને કંઈ કામના-ઇચ્છા જરૂર હશે જ. **વ્યક્તિને બેમાંથી એક તો જોઈએ. કાં મોક્ષ જોઈએ કાં સંસારનું સુખ જોઈએ. એ ઇચ્છા મુજબ તે સકામ અને નિષ્કામ, આ બેમાંથી કોઈ ને કોઈ એક કર્મ કરશે.**

આ રીતે જુઓ, એક જ કર્મ સકામ પણ બની શકે, નિષ્કામ પણ બની શકે છે, આની પાછળ મનમાં જે ભાવના છે, એ મહત્ત્વની છે. **કર્મ પાછળની ભાવનાથી એક જ કર્મ સકામ પણ બની જાય, એ જ કર્મ નિષ્કામ પણ બની જાય.** માની લો કે તમે કોઈને વિદ્યા આપો છો, પ્રચાર કરો છો, કોઈ સારી વાત શીખવો છો કે સારી સલાહ આપો છો, એના હિત માટે જણાવો છો, જો તમે એવી ભાવનાથી જણાવો છો કે હું આમને સારી વાત જણાવીશ તો એ કાલે સન્માન કરશે. થોડાક પૈસા પણ આપશે અને લોકો પાસે પ્રશંસા પણ કરશે કે આ ઘણા સારા ગુરુજી છે. ઘણી સારી વાત શીખવે છે. જો આવો ઉદ્દેશ હોય તો એ સકામ કર્મ બની જશે.

અને આ જ વિદ્યા આપવાનું પ્રચાર કરવાનું, સલાહ-સંમતિ આપવાનું, બીજાના હિત માટે સલાહ આપવાનું કામ આપણે મોક્ષપ્રાપ્તિની ભાવનાથી કરી રહ્યા છીએ, તો આ જ કર્મ નિષ્કામ બની જશે.

વિદ્યા આપવામાં નિષ્કામ-કર્મ બની શકે છે. વિદ્યા આપવામાં, કોઈ હિંમતવાળો હોય અને કહે, સારું ભાઈ, આવો બેસો, ભણાવીશ. જેણે કંઈ આપવું હોય તો આપજો ન આપવું હોય તો ન આપશો. કોઈ શરત નથી, કોઈ ફી નથી. એમાં તો ચાલી શકે છે, આ રીતે, સકામ અને નિષ્કામ કર્મમાં ભાવનાનું જ અંતર છે.

ગૃહસ્થ વ્યક્તિ કમાઈને પછી જે પૈસા દાનમાં આપશે, એ સકામ અને નિષ્કામ બંને હોઈ શકે. જો તે વિદ્યાલય માટે દાન આપતી વેળાએ કહે કે, "સાહેબ! મારા નામની તકતી લગાવી એના પર લખો કે મેં સવા લાખ રૂપિયા દાનમાં આપ્યા છે." તો એ સકામ કર્મ બની જશે અને જો એ કહે કે, "મારું નામ ન આપતા, બતાવતા પણ નહીં. બોલતા-લખતા પણ નહીં, કંઈ પણ નહીં. ચૂપચાપ ગુપ્તદાન." તો એ નિષ્કામ-કર્મ બની જશે.

વેપાર વગેરેમાં નિષ્કામ-કર્મ કરવું અઘરું છે. **એ તેના કાબૂમાં નથી. એ તો સંન્યાસી કરી શકે. નિષ્કામ કર્મનો મતલબ તો એ થાય છે કે ભાઈ, મારે ધન-બન તો જોઈતું નથી. અમારો ધન કમાવાનો કોઈ ઉદ્દેશ નથી.** કરિયાણાનો વેપારી પોતાની દુકાને જે સામાન વેચે છે, એ ધન કમાવા માટે વેચે છે. તો એ એનું સકામ-કર્મ છે. આથી વેપારી વગેરે જે લોકો છે, એ તો સકામ-કર્મ જ કરી શકશે. નિષ્કામ-કર્મ તો નહીં કરી શકે. એવું તો નહીં કરી શકે કે સામાન રાખ્યો છે, જેણે લેવો હોય લઈ જાવ. જેટલા પૈસા આપવા હોય આપી દો. જે જોઈએ એ ઉપાડી જાવ અને જે પૈસા આપવા હોય તે આપી દો. નિષ્કામનો મતલબ તો આવો થશે. બોલો, કોઈ વેપારી એવું કરી શકશે કે સામાન મરજી મુજબ લઈ જાવ અને પૈસા મરજી મુજબ આપી જાવ? આ રીતે શું દુકાન ચાલશે? નહીં ચાલે. આથી વેપારી આવું ન કરી શકે.

વેપારી પૈસા કમાયો. થોડોક ખર્ચો કર્યો અને થોડાક ભવિષ્ય માટે જમા કરાવ્યા. હવે દસ-વીસ રૂપિયા બચ્યા. એ દાનમાં આપી દે છે. તો આ રીતે આપેલ દાન પણ નિષ્કામ કર્મ થઈ શકે છે.

**બે વ્યક્તિ તમને એક જેવી જ ક્રિયા કરતી જોવા મળશે, પરંતુ બન્નેને એક જેવું જ ફળ નહીં મળે. ફળમાં અંતર હશે, કારણ કે બન્નેની ભાવનામાં અંતર છે.** કર્મનું ફળ તમારી ફક્ત ક્રિયા ઉપર આધારિત નથી. ક્રિયાની સાથે 'ભાવના' પણ જોડાયેલ છે, ત્યારે ફળ નક્કી થાય છે.

એક સૈનિકે શત્રુ દેશના સૈનિકને મારી નાખ્યો અને એક નાગરિકે અન્ય

બીજા નાગરિકને મારી નાખ્યો. હત્યા બન્નેએ કરી. બાહ્ય ક્રિયા બંને ઘટનામાં એક જેવી છે, પણ ફળ બંનેને એક જેવું નહીં પણ અલગ અલગ મળશે. સૈનિકને ઇનામ મળશે અને નાગરિકને દંડ મળશે.

અહીં બંનેમાં ભાવનાનું અંતર છે. સૈનિકની ભાવના છે દેશની રક્ષા કરવી અને નાગરિકની ભાવના છે પોતાના સ્વાર્થ માટે મારવું.

કેવળ મોક્ષની ઇચ્છાથી જ તમે સારાં કર્મ કર્યાં છે તો જ એ નિષ્કામ-કર્મના વર્ગમાં આવશે. મોક્ષવાળા કર્મ ન તો ખરાબ હોય છે અને ન મિશ્ર. એ તો ફક્ત શુદ્ધ જ હોય છે, શુભ કર્મ જ હોય છે.

**પ્રશ્નઃ કહેવાય છે કે કર્મ કરો, ફળની ઇચ્છા ન રાખો, પરંતુ લક્ષ્ય કે ફળ રાખ્યા વિના પ્રયત્ન કરવામાં પૂરેપૂરી નિષ્ઠા (શ્રદ્ધા) કેવી રીતે રહેશે?**

કર્મ કરો, પણ ફળની ઇચ્છા ના રાખો. જે લોકો આવું કહે છે એમનું આ કહેવું ખોટું છે. ઘણું કરીને લોકો ગીતાનું નામ લે છે કે સાહેબ, ગીતામાં લખ્યું છે કે કર્મ કરો, ફળની ઇચ્છા ના રાખો. આનો જવાબ એ છે કે આવો કોઈ સિદ્ધાંત નથી વેદોમાં, નથી દર્શનોમાં, નથી ઉપનિષદોમાં, નથી ગીતામાં. ગીતાના નામે લોકો ખોટી વ્યાખ્યા કરે છે.

**આમ તો મનુષ્યનો સ્વભાવ છે કે જો એને ફળ નહીં આપવામાં આવે તો એ કર્મ શું કામ કરશે?** માની લો કે એક શિક્ષક છે. સ્કૂલમાં એ આખો મહિનો ભણાવે છે, તો એને મહિના માટે ૨૦ હજાર રૂપિયાનો પગાર મળે છે. એ શિક્ષકને કહો કે તમે એક મહિનો ભણાવો પણ પગારની ઇચ્છા ન રાખતા. શું એ શિક્ષક ભણાવશે? નહીં ભણાવે. એટલા માટે જ આ સિદ્ધાંત ખોટો છે, અવ્યવહારુ છે કે કર્મ તો કરો, ફળની ઇચ્છા ન રાખો. જો આ સિદ્ધાંત ખોટો છે તો સાચું શું છે?

**ગીતામાં શ્લોક –**

*कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।*
*मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि॥*

આ શ્લોકનો સાચો અર્થ એ છે કે કર્મ તો કરો, કર્મ કરવાનો તમારો અધિકાર છે, સારું કરો, ખરાબ કરો, થોડું કરો, વધુ કરો, આજે કરો, કાલે કરો, જેવું કરો તમારી મરજી. કર્મ કરવાની તમને છૂટ છે, તમે કર્મ કરવામાં સ્વતંત્ર છો.



અહીં ફળ શબ્દનો અર્થ ફળ નથી. અહીં ફળ શબ્દનો અર્થ છે પરિણામ. પરિણામમાં તમારો અધિકાર નથી. કર્મમાં તમારો અધિકાર છે, ફળમાં તો છે અધિકાર. **ફળ તો પાકું મળશે પણ પરિણામની ગેરન્ટી નથી, એ તમારા અધિકારમાં નથી.**

હવે તમે વિચારશો કે પરિણામ અને ફળમાં પણ કંઈ અંતર રહી ગયું? પરિણામ અને ફળમાં પણ અંતર છે. એક અધ્યાપક પૂરી મહેનતથી વિદ્યાર્થીઓને ભણાવે છે. એણે આખું વર્ષ ભણાવ્યું એ એનું કર્મ છે. તે સારી રીતે ભણાવે, ખરાબ રીતે ભણાવે, જેવું પણ ભણાવે, એ ભણાવવામાં સ્વતંત્ર છે, તો આ તો એનું કર્મ થઈ ગયું. **એ અધ્યાપકને સંચાલક દ્વારા જે પગાર મળશે એ શું છે? એ એનું ફળ છે, તો પરિણામ શું છે? પરિણામ એ છે કે અધ્યાપકે સાઠ વિદ્યાર્થીઓને ભણાવ્યા, શું સાઈઠે સાઈઠની ગેરન્ટી છે કે બધા જ પાસ થઈ જશે? નહીં ને. બસ આ છે પરિણામ.** કેટલા વિદ્યાર્થી ભણશે, કેટલા શીખશે. કેટલા નહીં શીખે, કેટલા પાસ થશે અને કેટલા નાપાસ થશે. એ એનું ભણાવવાનું પરિણામ છે. આ પરિણામ એના હાથમાં નથી. એ તો વિદ્યાર્થીના હાથમાં છે. અધ્યાપક તો બસ ભણાવી શકે છે, હવે વિદ્યાર્થી ભણે ન ભણે, પાસ થાય, નાપાસ થાય એ અધ્યાપક-શિક્ષકના હાથમાં નથી. કર્મનું પરિણામ તમારા હાથમાં નથી, પરિણામ તો બીજી વ્યક્તિના હાથમાં છે.

તમે તમારા બાળકોને સમજાવ્યું કે બેટા રાત્રે વહેલા સૂઈ જાવ, દશ વાગ્યે સૂઈ જાવ, બાર વાગ્યા સુધી ન જાગો. રાત શરીરને આરામ આપવા માટે છે. તમે એને સમજાવવા સ્વતંત્ર છો, પણ એ વાતની ગેરન્ટી થોડી જ છે કે એ તમારી વાત સમજી જશે અને માની લેશે. આ એ પરિણામ છે. પરિણામની કોઈ ગેરન્ટી નથી. હા, ફળની ગેરન્ટી, તમે સારી વાત બતાવી, તમને સારું ફળ મળશે. તમારું ફળ ક્યાંય નહીં જાય. **આથી ફળની ગેરન્ટી છે, તો એ આપણા મગજમાં રહેશે. તો ખૂબ સારી રીતે મહેનત કરીશું' વચ્ચે આપણે શિથિલતા નહીં આવવા દઈએ.** આ રીતે આપણે આ કર્મફળનો વિષય સમજવો જોઈએ.

## અધ્યાય- ૩

# ફળ-ભાગ્ય

હવે અહીં પ્રશ્ન એ છે કે આપણે જે કર્મ કરીએ છીએ એ **કર્મોનું ફળ કોણ આપશે?** જવાબ છે –

### અમુક કર્મોનાં ફળ માતા-પિતા-વડીલ આપશે

ઘરમાં માતાપિતાને અધિકાર આપવામાં આવ્યો છે કે ઘરમાં બાળકો ગરબડ કરે, અવાજ કરે, શોરબકોર-દેકારા કરે, તોડફોડ કરી શિસ્તનો ભંગ કરે તો પહેલાં એમને એમ સમજાવો કે આ નિયમ-કાયદો છે. આ રીતે તમારે રહેવાનું છે. આમ ગરબડ ન કરતા અને જો ગરબડ કરશો તો સજા મળશે. જ્યારે ન માને તો સજા કરો. અહીં માતાપિતા પોતાના ઘરમાં કર્મફળ આપવાના અધિકારી છે. એમને ઈશ્વરે અધિકાર આપ્યો છે અને જવાબદારી પણ આપી છે, અધિકાર પછી, પ્રથમ કર્તવ્ય.

માતાપિતાનું એ કર્તવ્ય છે કે પોતાના બાળકોને સારા બનાવે, બુદ્ધિમાન બનાવે, ધાર્મિક બનાવે, ઈમાનદાર બનાવે, દેશભક્ત બનાવે, ચારિત્રવાન બનાવે અને ઈશ્વરભક્ત બનાવે. આમ આ કર્તવ્યપાલનમાં બાળકો ગરબડ કરે તો સજા કરો. સારું કામ કરે તો એમને ઈનામ આપો. અને એ પણ ધ્યાનમાં રાખો કે જો માતાપિતા પોતાના બાળકોને ધાર્મિક નહીં બનાવે, ઈમાનદાર નહીં બનાવે, ચારિત્રશીલ નહીં બનાવે તો એ માતાપિતાને પણ શિક્ષા મળશે. એમણે ઈશ્વરના કાયદાને તોડ્યા છે. પછી ઈશ્વર એની સજા આપશે. આથી સાવધાન રહેવું પડશે. આમ ઈશ્વરે ઘરમાં માતાપિતાને પ્રથમ કર્તવ્ય સૂચવ્યું પછી અધિકાર આપ્યો.

### અમુક કર્મનું ફળ ગુરુ આપશે

આ જ રીતે જે વિદ્યાલયમાં જે અધ્યાપક-શિક્ષકગણ ગુરુ છે એમને ફરજ પાડવામાં આવી છે કે વિદ્યાર્થીઓને સારી રીતે ભણાવે. નૈતિક શિક્ષણ શીખવે. ઊઠવું, બેસવું, બોલવું, ચાલવું, લેવું-દેવું આ બધું સારી રીતે સભ્યતાથી કરવાનું શીખવો અને પછી જો વિદ્યાર્થી ગરબડ કરે ત્યારે એને શિક્ષા કરો. સારું કરે તો શાબાશી આપો. સ્કૂલમાં શિક્ષકોને કર્મનું ફળ આપવાનો અધિકાર આપ્યો.

આ જ રીતે સ્કૂલ-કૉલેજ ભણીને પાસ થઈ ગયા, પછી કોઈ કંપનીમાં નોકરી કરવા લાગ્યા તો કંપનીમાં જે સૌથી મોટા અધિકારી છે, એમને અધિકાર આપવામાં આવ્યો કે જે લોકો સારી રીતે નિયમ મુજબ કામ કરે છે, તો એ સારી વાત છે. એમને પગાર અને ઈનામ આપો અને જો નિયમ તોડે, કાયદાનો ભંગ કરે તો ત્યાં એમને શિક્ષા કરો. એ અધિકારી એમનો દંડાધિકારી છે.

### અમુક કર્મોનું ફળ ન્યાયાધીશ આપશે

થોડું ઘણું ઈશ્વરે આ બાબતમાં વેદોમાં બતાવેલ છે અને અલગ અલગ ક્ષેત્રોમાં અમુક લોકોને ઈશ્વરે કર્મફળ આપવાનો અધિકાર પણ આપેલ છે, જેમ કે દેશની અંદર રાજાને અને ન્યાયાલયને ઈશ્વરે એ અધિકાર આપેલ છે કે દેશમાં જે ગરબડ કરે એને પકડો. તેના પર મુકદ્દમો-કેસ ચલાવો. જો પુરાવાથી અપરાધી સાબિત થાય તો એને દંડ કરો. ગરીબ ઉપર અન્યાય થયો હોય તો એને વળતર આપો, આર્થિક સહાય કરો.

### દરેક વ્યક્તિ કર્મફળ ન આપી શકે

આ રીતે ઈશ્વરે આ બધી વ્યવસ્થા કરી રાખેલ છે. મનુષ્યોમાં આટલા-આટલા લોકોને અધિકાર છે કે એ દંડ આપી શકે છે. જેને અધિકાર નથી એ દંડ ન આપી શકે. એક વ્યક્તિએ દુકાનમાં કોઈ સામાનની ચોરી કરી. સડક પર કોઈ વ્યક્તિને ચોરને દંડ આપવાની અધિકાર નથી. જો ચોર ચોરી કરી ભાગી રહ્યો છે તો એ તેને (ચોરને) પકડી શકે છે, એને પોલીસ સ્ટેશન સુધી લઈ જઈ શકે છે. એ આટલું કરી શકે છે એને આવું કરવાનો અધિકાર છે.

એ ચોરને મારી નથી શકતો. આ અધિકાર તેને નથી, પણ લોકો આવી ગરબડ કરતા હોય છે. સડક ઉપર જ એને મારવાનું ચાલુ કરી દે છે. આથી

એમણે ધ્યાન રાખવાનું કે તેમનું કર્મ એ અધિકારની સીમામાં રહેવાનું છે. નહીંતર તેઓ જ અપરાધી બની જશે અને પછી તેમને દંડ મળશે.

## અમુક કર્મોનું ફળ ઈશ્વર આપશે

હવે એ નિર્ણય કોણ કરશે કે કયા કર્મનું ફળ ક્યારે આપવું, ક્યાં આપવું, કેવી રીતે આપવું અને કેટલું આપવું? આનો નિર્ણય ઈશ્વર કરશે. તમે કે હું આનો પૂરો નિર્ણય નથી કરી શકતા. એ પૂરેપૂરું સારી રીતે આપણે નથી જાણતા. કોઈને પણ એ નથી ખબર કે કયા કર્મનું ફળ શું આપવું, કેટલું આપવું, કેવું આપવું અને ક્યારે આપવું?

આપણે વિદ્યાર્થી છીએ. ઈશ્વર આપણા પરીક્ષક છે. એ આપણી પરીક્ષા લે છે. ૨૪ કલાક અને વર્ષના ૩૬૫ દિવસ. ઈશ્વર આપણા દરેક કર્મની નોંધ લે છે કે આપણે સવારે શું કર્યું, બપોરે શું કર્યું, સાંજે શું કર્યું, રાત્રે શું કર્યું. સારું કર્યું કે ખરાબ કર્યું. આપણે મનમાં શું વિચારીએ છીએ, વાણીથી શું બોલીએ છીએ, એની પણ એ નોંધ લે છે. આ રીતે **ઈશ્વર આપણા મનનાં, વાણીનાં અને શરીરનાં ત્રણેય પ્રકારનાં કર્મોની નોંધ લે છે.**

બીજી વ્યક્તિ આપણા મનની બધી વાત નથી જાણતી. આપણી વાણી વડે, ભાષા દ્વારા, આપણા આચરણથી અને શારીરિક વ્યવહાર વડે થોડું ઘણું સમજી જાય છે કે આના મનમાં શું ભાવના છે. મનની બધી વાત બીજી વ્યક્તિ વર્ષો સુધી પણ નથી સમજી શકતી. ઈશ્વર આપણા મનમાં આપણી અંદર બેઠો છે. એટલા માટે ઈશ્વર જરૂર તરત સમજી લે છે, તાત્કાલિક જાણી લે છે કે આપણે મનમાં શું વિચારીએ છીએ. એ આપણી એકેએક વાતની નોંધ લે છે.

## ક્યારે મળે છે ફળ?

ભાગ્યનિર્માણના ઈચ્છુક હે પ્રિયવર! તમારું ભાગ્ય, તમારો પુરુષાર્થ, અને કાળ-સમય આ ત્રણેય મળીને તમને ફળ આપે છે. પોત પોતાના કર્મનું ફળ એક સંપત્તિ-અમાનત સમાન છે. જે કર્મજનિત ફળ, વિધાતા ઈશ્વરની જાણમાં સુરક્ષિત રહે છે. ઈશ્વરની વ્યવસ્થામાં ઉચિત સમય આવવાથી ફળપ્રાપ્તિ માટેનો નિશ્ચિત કાળ આ કર્મ-ફળને આપણી પાસે ખેંચી લાવે છે. જેમ ફળ-ફૂલ યોગ્ય સમયે વૃક્ષોમાં લાગી જાય છે. એ જ રીતે પહેલાંનાં કરેલા કર્મ પણ પોતાના ફળ-ભોગમાં સમયનું ઉલ્લંઘન નથી કરી શકતાં.



**ઈશ્વર જેમ-જેમ આપણા કર્મોને જોઈ-સમજતો જાય છે તેમ તેમ તે તાત્કાલિક પોતાના તરફથી કંઈક-કંઈક ફળ પણ આપતો જાય છે.** અમુક કર્મોનું ફળ આપણને બે-ચાર દિવસ, પંદર દિવસ, મહિના પછી તો અમુકનું છ મહિના પછી, અમુકનું વર્ષ પછી, અમુક કર્મોનું પચાસ વર્ષ પછી, અમુક કર્મોનું ફળ પછીના જન્મમાં, બીજા-ત્રીજા, પાંચમા જન્મમાં એટલે કે જ્યારે પણ કોઈ કર્મનું ફળ આપવાનો ઉચિત સમય આવે છે, એ સમયે આપણા કર્મોનું ફળ મળે છે. અહીં પ્રશ્ન ઊભો થાય છે કે

## ઈશ્વર તાત્કાલિક કયું ફળ આપે છે?

જ્યારે આપણે મનમાં કોઈનું ભલું કરવાનું, સેવા કરવાનું, પરોપકાર કરવાનું, દાન આપવાનું, મદદ કરવાનું વિચારીએ છીએ, કોઈ સારી યોજના વિચારીએ છીએ, તો ઈશ્વર તત્કાળ આપણને અંદરથી આનંદ આપે છે. નીડરતા આપે છે. આ બધું આપણા મનની અંદર ઉત્પન્ન થાય છે. આ અનુભવ ઈશ્વર દ્વારા આપવામાં આવે છે કે તમે સારી વાત વિચારો તો ઈશ્વર તરત આનંદ આપશે, ઉત્સાહ આપશે, નિર્ભયતા આપશે. **જો કોઈ વ્યક્તિ સારું કામ કરે છે, સમાજની સેવા કરે છે, પરોપકાર કરે છે, અન્યને મદદ કરે છે, તો ઈશ્વર એને સાથે સાથે સુખ આપે છે, અને વ્યક્તિ પ્રસન્ન-આનંદિત રહે છે.**

આનાથી ઊલટું જૂઠું બોલવાની, ચોરી કરવાની, દગો કરવાની, છળ-કપટ કરવાની ખોટી યોજના બનાવશો તો તરત ઈશ્વર દંડ આપશે. તમને તરત મનમાં ભય લાગશે કે ક્યાંક પકડાઈ નહીં જઈએ. ફસાઈ જવાથી ક્યાંક સજા તો નહીં મળે ને, ક્યાંક નામોશી તો નહીં મળે ને, ક્યાંક જેલ તો નહીં થાય ને, માર તો નહીં પડે ને? મનમાં ભય લાગશે, શંકા થશે. આ રીતે તમને તમારી અંદર ઈશ્વર દ્વારા આપવામાં આવેલ સૂચનોની પ્રતીતિ થશે. આ ઈશ્વર દ્વારા તાત્કાલિક આપવામાં આવેલ ફળ છે.

જે વ્યક્તિ જૂઠું બોલે છે, ચોરી કરે છે, છળકપટ કરે છે, બીજાનો અધિકાર છીનવી લે છે, અન્યાય કરે છે, શોષણ કરે છે તો ઈશ્વરનો દંડ એને બરાબર મળતો રહે છે. ગુનેગાર પોતાને અપરાધી ગણે છે. **જ્યારે એ પોતાને અપરાધી સમજે છે, તો એ ભયભીત થઈ જાય છે. આ ડર પેદા થવો પોતાને મળતી સજા નથી તો શું છે?** ગુનેગાર હંમેશાં ટેન્શનમાં રહે છે. ચિંતાઓથી ઘેરાયેલો રહે છે, ભયભીત રહે છે. એ નાના-નાના લોકોથી, પટાવાળાથી પણ

ડરતો રહે છે કે હું જે ગરબડ કરું છું. મારા સાથી બધું જાણે છે, તો ક્યારેક એવું ન બને કે મારી પોલ ખોલી નાખે અને મારે દંડ ભોગવવો પડે. **એની પાસે જીવનપર્યંત બે જ વિકલ્પ રહે છે. પહેલું એ કે કાં તો એ ગુનો છુપાવતો રહે અથવા બીજું ખુદને છુપાવતો રહે.** આમ એ નિર્ભય બની ફરી નથી શકતો, સારી રીતે જીવન જીવી નથી શકતો. આ ઈશ્વર તરફથી એના કર્મનું ફળ છે.

## ઈશ્વર અમુક ફળ મોડેથી આપે છે

આગળ તો ઈશ્વર વડે એને ઘણું ફળ મળવાનું છે. એક વ્યક્તિ જૂઠું બોલે છે, ચોરી કરે છે, લાંચ લે છે. બધા જ ખરાબ કામ કરતો જાય છે, નથી એને માતાપિતાથી દંડ મળતો, નથી સરકાર એને દંડ કરતી, નથી પંચાયતથી એને દંડ મળતો અને એ ગોટાળા કરતો જાય છે, કરતો જાય છે. ખૂબ સંપત્તિ એકઠી કરતો જાય છે, ખૂબ નામના મેળવે છે, સમાજમાં યશ-કીર્તિ પણ ખૂબ થઈ જાય છે. એને દંડ કાંઈ મળતો નથી. આથી હવે લોકોને શંકા થાય છે કે આના કર્મોનું ફળ મળશે કે નહીં? ક્યારે મળશે? લોકો જોવા ઈચ્છે છે કે એણે ગુનો કર્યો છે, આથી આને દંડ મળવો જોઈએ, પણ એ તો ખુશીથી ફરી રહ્યો છે. અહીં બધી રીતે સમૃદ્ધિ વધી રહી છે. દંડ તો ક્યાંય દેખાતો નથી, ત્યારે લોકોને શંકા થાય છે કે ખબર નહીં આગળનો જન્મ હોય છે કે નહીં, ક્યારે થશે, ફળ મળશે કે નહીં મળે? પરંતુ વેદ વગેરે શાસ્ત્રોમાં એવું બતાવવામાં આવ્યું છે કે કરેલું કોઈ પણ કર્મ નિષ્ફળ નથી જતું. ફળ અવશ્ય મળશે, સમય આવ્યે મળશે. દરેક કર્મનું ફળ તરત નથી મળતું, એ સમયે આવ્યે મળે છે.

તમારામાંથી ઘણા લોકો જાણતા હોય છે કે જે ખેતી કરે છે અથવા ખેતીથી પરિચિત છે. **પાલક, ચોખા, આંબાના બીના ફળ એક જ સમયે નથી મળતાં.** અમુક બી જલદી ફળ આપે છે તો કોઈ ૨૦ વરસ પછી ફળ આપે છે. કર્મનો પણ આવો હિસાબ છે. કર્મ પણ બી જ છે. **કર્મ કરી લીધું, મતલબ બી વાવી દીધું અને એ બીનો જ્યારે ફળ આપવાનો સમય થશે ત્યારે ફળ મળશે.**

હવે માની લો, કોઈ માણસના બૉમ્બ ફોડવાથી ત્યાં ૨૦૦-૫૦૦ માણસો મરી ગયા. હવે ૫૦૦ હત્યાઓ એણે કરી નાખી. એક વખત નહીં ૨૦ વખત. હવે આટલા બધા લોકોની હત્યા કરી એમાં તો દંડ ઘણો વધુ છે. જે એક જન્મમાં આપવો સંભવ નથી. એનું તત્કાળ એક જ જન્મમાં ફળ કેવી રીતે પૂરું થઈ જશે? એની ખબર નથી, કેટલી વાર દંડ આપવો પડશે. કેટલીયે વખત એને



વ્હેલ માછલી બનાવશે, નાગ બનાવશે, વીંછી બનાવશે, વડનું ઝાડ બનાવાશે. શું-શું બનાવાશે, એ તો ભગવાન જ જાણે કે ક્યારે, ક્યાં, કેવું ફળ મળશે? પણ એને તો એટલા મોટા અપરાધ કર્યા છે, તો બે-ચાર કલાક અથવા એક જીવનમાં એનું ફળ પૂરું ન થઈ શકે. એણે તો કેટલાય જન્મો સુધી દંડ ભોગવવો પડશે.

ઈશ્વર શું કરે છે? અમુક કર્મોનું ફળ તો આ જન્મમાં જ આપી દે છે અને અમુક કર્મોનું ફળ આપવાનું બાકી રાખે છે. એ આગળના જન્મમાં આપે છે, પછી જ્યારે જ્યારે સમય આવે છે ત્યારે ત્યારે આપતો રહે છે.

## કરેલ કર્મ ક્યારેય વ્યર્થ નથી જતું

શીખવા યોગ્ય વાત એ છે કે જે ઘટનાઓનો દંડ અથવા ઈનામ અહીં ન્યાયાધીશ અને સરકારે નથી આપ્યો, ન આપી શક્યા, સકંજામાં ન આવ્યું અથવા સમાજે તમને પૂરું ફળ નથી આપ્યું તો કોઈ વાંધો નહીં, તમારું કર્મ બેકાર નહીં જાય. એ તમારા ખાતામાં જમા રહેશે. **જો સમાજે, રાજાએ, પંચાયતે, તમને કર્મનું ફળ પૂરું નથી આપ્યું અને ફળ ન મળ્યું, તો અંતમાં તમારું ફળ ઈશ્વર આપશે.** એના ઉપર પૂરેપૂરો વિશ્વાસ રાખો. એટલા માટે હંમેશાં યાદ રાખો કે તમને ફળ મળશે, ફળ ક્યાંય નહીં જાય. આ રીતે ન્યાય-અન્યાયને સમજવો જોઈએ.

લોકો વિચારતા હોય છે કે અમે સારું કામ કર્યું. આટલી સમાજની સેવા કરી, આટલું દાન આપ્યું, આટલું પુણ્ય કર્યું અને અમને ફળ તો મળ્યું નહીં. સારા કર્મનું ફળ ન મળ્યું તો ફરિયાદ કરે છે. જુઓ સાહેબ! અમારું કર્મ બેકાર ગયું, અમને ફળ ન મળ્યું.

તેઓ એમ નથી વિચારતા કે એમણે જે ખરાબ કર્મ કર્યાં એનું ફળ નથી મળ્યું. જે ગરબડ કરી, જે ભૂલો કરી, એનો દંડ નથી મળ્યો, તો શું આગળ ભવિષ્યમાં મળશે કે નહીં મળે? આ બાબતમાં તમે કાંઇ ફરિયાદ નથી કરતા કે દંડ હજી સુધી કેમ ન મળ્યો?

જો ખરાબ ફળ મળશે તો સારું પણ મળશે. બન્ને મળશે એટલા માટે ચિંતાની કોઈ વાત નથી. તમારે સારું ફળ જોઈએ છે, તો સારું કામ કરો. ખરાબ કામ ન કરતા, નહીંતર દંડ મળશે. વારંવાર કહું છું કે, "દંડ વિના કોઈ સુધરવાનું નથી. દંડને હંમેશાં યાદ રાખો, તો જ સુધારો થશે."

**પ્રશ્નઃ શું માતાપિતા અને સગાંસંબંધી દ્વારા આપણા કર્મોના જે ફળ મળી જાય છે, એ ફળ ત્યાં જ ખતમ થઈ જાય છે કે બીજી વખત ભગવાન પણ એનું ફળ આપશે?**

એક ભૂલનો દંડ એક વખત મળે છે, બીજી વખત નહીં. માની લો કે કોઈ વ્યક્તિએ **સો રૂપિયાની ભૂલ કરી અને માતાપિતાએ એને સો રૂપિયાનો દંડ કરી દીધો, તો હવે બીજી વખત દંડ નહીં આપે. માની લો કે સો રૂપિયાની ભૂલ કરી અને માતાપિતાએ એંસી રૂપિયાનો દંડ કર્યો તો કેટલો દંડ દેવો બાકી રહ્યો? વીસ રૂપિયાનો બાકી રહ્યો. એ ઈશ્વર આપી દેશે, થઈ ગયો પૂરો સો.** અને ભૂલ સો રૂપિયાની, પરંતુ માતાપિતાએ સવાસોનો દંડ આપી દીધો, એટલે કે દંડ વધારે આપી દીધી તો આ જે પચ્ચીસ રૂપિયાનો વધુ દંડ આપ્યો છે એ અન્યાય છે. એના બદલામાં હવે માતાપિતાને દંડ મળશે. અને જે વધારાનો દંડ આપી દીધો એટલા માટે ઈશ્વર માતાપિતાને દંડ આપશે.

ભલે માતાપિતા હોય, ભલે ગુરુજન હોય, ભલે સમાજ હોય, ભલે પંચાયત હોય, ભલે ન્યાયાધીશ હોય, કોઈ પણ હોય, જે પણ બીજાને અન્યાય કરશે, એને દંડ મળશે. એમને અન્યાય કરવા માટે નહોતા બેસાડ્યા. આથી આપણે માપીને એટલે કે જોઈ-વિચારીને ન્યાયપૂર્વક દંડ આપવો જોઈએ અને એ પણ ધ્યાન રાખવું જોઈકે કે એક કર્મનું ફળ એક જ વાર મળે છે, બે વાર નહીં.

**પ્રશ્નઃ ભગવાન મનુષ્યનું શરીર આપે છે, કોઈને છોકરો બનાવે છે, કોઈને છોકરી, તો શું આ શરીર આપણા કર્મોથી મળે છે કે ભગવાન પોતાની ઈચ્છાથી આપે છે?**

જન્મ થયો દીકરો, દીકરી, જે કાંઈ પણ થયું, એ આપણાં કર્મોનું ફળ છે. આ ઈશ્વરની મરજી. તેની પોતાની મનમાની નથી કે ઇચ્છે તેને સ્ત્રી બનાવી દે છે. ઇચ્છે તેને પુરુષ બનાવી દે. આમ કરશે તો એ અન્યાય થઈ જશે. કૂતરું, ગધેડું, મનુષ્ય બનવું એ કર્મોનું ફળ છે. તો સ્ત્રીનું શરીર મળ્યું કે પુરુષનું શરીર મળ્યું એ પણ કર્મોનું ફળ છે. જો સ્ત્રી, પુરુષ પોતાની મરજીથી બનાવશે તો કૂતરું, ગધેડું પણ પોતાની મરજીથી બનાવશે. તો તો આપણે એને ન્યાયી કહી નહીં શકીએ.

આ ઉપરાંત એક વાત બીજી ધ્યાનમાં રાખવાની છે કે જો જીવ દ્વારા કોઈ કર્મ નથી કરવામાં આવ્યું, તેમ છતાં ઈશ્વર કોઈને સુખ અને કોઈને દુઃખ આપી દે તો એ અન્યાયકારી સિદ્ધ થઈ જશે, એટલા માટે ઈશ્વર કર્મ વિના કોઈને પણ ફળ નથી આપતો.

અત્યાર સુધીના વિવેચનથી શું જાણવા મળ્યું?

## અમુક કર્મોનાં ફળ આ જન્મમાં, અમુકના આગળના જન્મમાં

અમુક કર્મોનું ફળ આપણને આ જ જન્મમાં મળે છે. આ જ જન્મમાં કર્મ કરીએ છીએ અને આ જ જન્મમાં ફળ પણ મળે છે.

સારાંશ એ છે કે સારાં કર્મો અને ખરાબ કર્મોનું ફળ આ જન્મમાં પણ મળે છે. આપને યાદ હશે, દિલ્હીની બે ગરબડરૂપ વ્યક્તિ હતી. જેનું નામ રંગા અને બિલ્લા. રંગા-બિલ્લાને આ જન્મમાં જ સજા મળી. ઇન્દિરા ગાંધીનો હત્યારો બેઅંતસિંહ. એને આ જન્મમાં સજા મળી અને તમે છવ્વીસ જાન્યુઆરીએ જુઓ કેટલા વીર સૈનિકોને ઇનામ મળે છે. પરમવીરચક્ર, અશોકચક્ર વગેરે વગેરે ચક્ર મળે છે તો આ જુઓ, આ જન્મમાં કર્મ કર્યું. આ જ જન્મમાં ફળ મળ્યું. તમે લોકો આ જ જન્મમાં મહેનત કરો છો અને આ જ જન્મમાં ખૂબ પગાર મેળવો છો. વેપારી લોકો વેપારમાં પૈસા કમાય છે. આલીશાન મકાન બનાવે છે, કાર ખરીદે છે.

એક વ્યક્તિએ ચોરી કરી, પોલીસે તપાસ કરી, ચોર મળી ગયો. ચોરાયેલો સામાન પણ મળી ગયો. કોર્ટમા કેસ થયો. જજસાહેબે કહ્યું, છ મહિનાની જેલ થશે. ચૌર્યકર્મની સજા (ફળ) શું હતી? છ મહિના જેલમાં રહેવાનું.

આ બધા ઉદાહરણોથી જાણવા મળે છે કે **આ જ જન્મમાં કર્મ કરીએ છીએ. આ જ જન્મમાં ફળ મળે છે,** ખૂબ મળે છે. એવું નથી કે બધું જ આગળના જન્મમાં મળે છે, થોડુંક અહીં મળે છે. થોડુંક આગળ મળે છે.

આ જન્મના કર્મ આ જ જન્મમાં ફળ આપે છે. આમાં શાસ્ત્રનું પ્રમાણ આ છે –

*क्लेशमूलः कर्माशयो दृष्टादृष्टजन्मवेदनीयः।*

(યોગ ૨-૧૨)

અવિદ્યા, અભિમાન, રાગ, દ્વેષ, મૃત્યુભય, આ પાંચ પ્રકારના દુખોત્પાદક કારણરૂપી ક્લેશવાળાં કરેલાં કર્મોનું ફળ આ વર્તમાન જન્મમાં તથા આગળના જન્મોમાં ભોગવવુ પડે છે.

> *अभिवादन शीलस्य नित्यं वृद्धोपसेविनः।*
> *चत्वारि तस्य वर्धन्ते आयुर्विद्यायशोबलम्॥*
> (મનુ ૨-૭૮)

એટલે કે જે વ્યક્તિ વિદ્વાનો, વૃદ્ધોની વિનમ્રતા અને શ્રદ્ધા સાથે સેવા વગેરે કરે છે, તેમનું આયુષ્ય, વિદ્યા, કીર્તિ અને બળ આ ચારેય વસ્તુઓ આ જ જન્મમાં વધતી રહે છે.

**ખૂબ શ્રદ્ધા કે જોશપૂર્વક કરેલ સારાં કર્મો, તીવ્ર શુભ કર્મ કહેવાય છે.** આ કર્મ આ જ જન્મમાં પાકી જાય છે. એટલા માટે ફળ આપવા તૈયાર થઈ જાય છે. એટલા માટે પાકીને જલદી ફળ આપે છે. આ વાતના સમર્થનમાં યોગ દર્શનનું વ્યાસભાષ્ય કહે છે કે

> *तत्र तीव्र संवेगेन मंत्र तपः समाधिभिर्निर्वित ईश्वरदेवतामहर्षि महानुभावनामाराधनाद्वा यः परिनिष्पन्नः स सद्यः परिपच्यते*
> (વ્યાસ ભાષ્ય ૨-૧૨)

એટલે એમાંથી તીવ્ર (ઊંચા) વેગ (સ્તર)થી મંત્રનો જપ, તપ કરવું, સમાધિઓ વડે સંપાદિત જે કર્મ હોય છે અથવા ઈશ્વરની આજ્ઞાનું પાલન કરવાથી, મહાપુરુષો, મહર્ષિ મહાશયોની સેવા અને સત્સંગ કરવાથી જે પુણ્ય પેદા થાય છે, એ આ જ જન્મમાં ફળ આપે છે.

**અંધાધૂંધ કરેલ મોટા-મોટા પાપકર્મ તીવ્ર અશુભ કર્મ કહેવાય છે.** એ પણ આ જ જન્મમાં જલદી પાકીને ફળ આપે છે. આ વાતના સમર્થનમાં યોગદર્શનનું વ્યાસ ભાષ્ય કહે છે કે –

*यथा तीव्र बलेशेन भीतव्याधित कृपणेषु विश्वासोपगतेषु वा महानुभावेषु वा तपस्विषु कृतः पुनः पुनरपकारकः स चापि पाकर्माशयः सद्य एव परिपच्यते* (વ્યાસભાષ્ય ૨-૧૨) અર્થાત્ તીવ્ર મૂર્ખતા અને સ્વાર્થ (અવિદ્યા) વગેરે ક્લેશો દ્વારા ભયભીત, નબળા પડે રોગી, દયાને પાત્ર અથવા વિશ્વસનીય મહાનુભાવો (મહાપુરુષો) અથવા તપસ્વીઓ પ્રત્યે વારંવાર કરેલ અન્યાય-અત્યાચાર (અપકાર) રૂપી પાપ કર્માશય પણ જલદી આ જ જન્મમાં ફળ આપે છે.

આ જન્મમાં અને આગળના જન્મમાં ફળ આપવાવાળા કર્મોનું વર્તમાન જન્મમાં ફળ ન મળવાથી એમ ન માનવું જોઈએ કે કર્મનો નાશ થઈ ગયો; પરંતુ એમ માનવું જોઈએ કે એ કર્મોનું ફળ હવે પછીના જન્મમાં આપણને મળશે. શાસ્ત્ર કહે છે કે –

> *दृष्टादृष्टप्रयोजनानां दृष्टाभावे प्रयोजनमभ्युधयाय।*
> (વૈશેષિક - ૬/૨/૧)

એટલે કે દૃષ્ટ (આ જન્મમાં ફળ આપવાવાળું કર્મ) અદૃષ્ટ (હવે પછીના જન્મમાં ફળ આપવાવાળું કર્મ)ના ઉપભોગના ઉદ્દેશ માટે કરેલ કર્મનું ફળ જો તાત્કાલિક એ જ સમયે ફળ ન મળે તો બાકી વધેલા સ્વરૂપવાળા કર્મોનું ફળ તત્કાલ સિવાય વર્તમાનના આગળના આ જ જન્મમાં કે પછીના જન્મમાં કલ્યાણ માટે મળે છે.

## કર્મોનું ફળ શું મળશે?

પ્રશ્ન એ થયો કે એક નિષ્કામ અને ત્રણ સકામ આ ચાર પ્રકારનાં જે કર્મો બની ગયાં, આ કર્મોનું ફળ શું હશે? **જો શુભ, અશુભ અને મિશ્ર આ રીતના સકામ કર્મ કરીશું તો આનું ફળ મળશે. જાતિ, આયુ અને ભોગ.** એટલે કે વારંવાર જન્મ થશે. કારણ કે આપણે સાંસારિક સુખ માટે તો કર્મ કર્યા હતા. જ્યારે આ સાંસારિક સુખ માટે કર્મ કર્યા છે તો ઈશ્વર પછી સાંસારિક સુખ જ આપશે અને સાંસારિક સુખ ભોગવવા ફરી પાછું શરીર જોઈશે. જાતિનો અર્થ શરીર. મનુષ્ય, પશુ, પક્ષી એ શરીર છે. શરીર વિના તો આપણે ભૌતિક સુખ નહીં ભોગવી શકીએ. આથી ઈશ્વરની એ કર્મફળ વ્યવસ્થા છે કે આપણે સકામ કર્મ કરીશું તો સાંસારિક સુખ ભોગવવા માટે ફરી આપણને જન્મ મળશે. પછી શરીરના માધ્યમથી આપણે એ સાંસારિક સુખોને ભોગવીએ છીએ.

**પ્રશ્ન: અત્યારે આપણે કર્મ કરી રહ્યા છીએ કે અશુભ ફળ ભોગવી રહ્યા છીએ, એટલે કે શું એ ક્રિયમાણ કર્મ કરી રહ્યા છીએ કે પ્રારબ્ધ કર્મનું ફળ ભોગવી રહ્યા છીએ, એની ખબર કેવી રીતે પડશે?**

આપણે જે કર્મ, જે ક્રિયા કરી રહ્યા છીએ, જેમ કે અત્યારે રસોઈ બનાવી રહ્યા છીએ, હવન કરી રહ્યા છીએ. આહુતિ આપી રહ્યા છીએ. બેસીને ઈશ્વરનું ધ્યાન ધરી રહ્યા છીએ, એ તો કર્મ થઈ રહ્યું છે, આ ફળ નથી.

જ્યારે આપણે સુખ-દુઃખ ભોગવી રહ્યા છીએ, ત્યારે એ સુખ-દુઃખ ભોગ

ફળ માનવામાં આવશે. માની લો કે તમે રસોઈ બનાવી લીધી તો એ કર્મ થઈ ગયું. હવે એને ખાવાનું શરૂ કર્યું તો એ ફળ છે. કયા કર્મનું ફળ છે? જો તમે મહેનત કરી હતી, વેપાર કર્યો, નોકરી કરી, પૈસા કમાયા એ જે કર્મ કર્યું હતું એ કર્મનું આ ફળ છે.

તમે ભોજનની વસ્તુઓ ખરીદી, લોટ-દાળ-શાકભાજી ખરીદી લાવ્યા, પછી ઘરે આવી રાંધ્યું. અહીં સુધી તે કર્મ થઈ ગયું અને હવે જે ખાઈ રહ્યા છો, હવે જે ખાવાનું સુખ મળી રહ્યું છે, આ બધું એ મહેનતનું ફળ છે. જે તમે પૈસા કમાવા માટે કરી હતી. આ રીતે **જ્યારે તમે સુખ ભોગવી રહ્યા છો કે દુઃખ ભોગવી રહ્યા છો એને ફળના રૂપમાં સમજવું જોઈએ અને જ્યારે ક્રિયા કરી રહ્યા છો તો એને કર્મના રૂપમાં સમજવી જોઈએ.** આ રીતે વિચાર કરશો તો તમને ખબર પડી જશે. આ કર્મ થઈ રહ્યું છે કે ફળ ભોગવી રહ્યા છો. આ રીતે આમાં અંતર સમજાશે.

કર્મનું રૂપ ફળ ક્યારે મળવાનું છે, આ વાતનો નિર્ણય કર્મનો પ્રકાર અને ભાવનાના આધાર પર હોય છે. જેમ કે, ભોજન ખાવાનું કર્મ કર્યું તો જલદીથી શરીરમાં તાકાત આવી ગઈ. ઘઉં વાવ્યા તો ચાર-પાંચ મહિનામાં લણીને લાભ કમાઈ લીધો. અભ્યાસ કર્યો તો એક વર્ષમાં પરીક્ષા પાસ કરી લીધી.

જો આપણે નિષ્કામ કર્મ કર્યા, આપણે મોક્ષ માટે કર્મ કર્યું તો મોક્ષનું ફળ ભોગવવા શરીરની કોઈ જરૂર નથી. ત્યાં મોક્ષનું ફળ વગર શરીરે ભોગવી શકાય છે. **આથી નિષ્કામ કર્મ કરીશું તો શરીરનું મળવાનું બંધ થઈ જશે. પછી વગર શરીરે મોક્ષનો આનંદ લઈ શકીશું.** પછી તાત્કાલિક જન્મ નહીં થાય.

## સારા કર્મનું સારું, ખરાબ કર્મનું ખરાબ અને મિશ્ર કર્મનું મિશ્ર ફળ મળે

હવે ફળ ભોગવવાનો વારો આવે છે તો કર્મફળનો સિદ્ધાંત એ કહે છે કે જો તમે સારાં કામ કરશો, શુભ કામ કરશો તો એનું ફળ પણ સારું હશે. અશુભ કર્મ કરશો તો એનું ફળ પણ ખરાબ હશે. **શુભ કર્મનું શુભ ફળ અને અશુભ કર્મનું અશુભ-ખરાબ ફળ અને ત્રીજું મિશ્ર કર્મનું મિશ્ર ફળ. જેવું કર્મ તેવું ફળ. આ ફળનો સિદ્ધાંત છે.**

## સારા કર્મનું સારું ફળ

મનુષ્યને તપ કરવાથી રૂપ, મહેનત અને સમજણના સહયોગથી સૌભાગ્ય અને સમાધિ લગાવવાથી મોક્ષરૂપી ફળ મળે છે. આ રીતે કર્મ કરવાથી જ બધું જ, બધા પ્રકારનું સુખ મળે છે. કહેવાય પણ છે, **"કર્મ તારાં સારાં તો નસીબ તારું દાસ."**

આનાથી શીખ મળે છે કે શુભ અને સુખ ઈચ્છવાવાળા દ્વારા ભવિષ્ય બનાવવાના ઉપાય કરવા જ જોઈએ. **સુખની ઈચ્છા કરવાવાળી વ્યક્તિએ એવો વ્યવહાર કરવો જોઈએ, જેનાથી નિશ્ચિત ભાગ્ય બને છે.** આ રીતે આપણે ભાગ્યનિર્માણને અનુકૂળ વ્યવહાર જ કરવો જોઈએ.

## ખરાબ કર્મનું ખરાબ ફળ

પાપી વ્યક્તિ જ્યારે પાપ કરે છે તો પહેલાં તો એની વૃદ્ધિ થાય છે, એ ધન-સંપત્તિ એટલે કે ભૌતિક સુખોને મેળવી લે છે. ધીરે ધીરે એ પોતાના શત્રુઓને પણ હરાવી દે છે, પણ અંતે શું થાય છે? અંતમાં તો એ સમૂળગો નાશ પામે છે. આ વાતના સમર્થનમાં શાસ્ત્ર કહે છે:

*અધર્મેણૈધતે તાવત્તતો ભદ્રાણી પશ્યતિ।*
*તતઃ સપત્નાંજયતિ સમૂભસ્તુ વિનશ્યતિ॥*

(મનુ ૪-૫૬)

જેમ તળાવની પાળ તોડી પાણી ચારેબાજુ ફેલાઈ જાય છે, એવી જ રીતે જ્યારે અધર્માત્મા-પાપી મનુષ્ય ધર્મની મર્યાદા છોડીને એનું ઉલ્લંઘન કરી નાખે છે. જૂઠું, કપટ, પાખંડ, રક્ષા કરવાવાળા વેદોનું ખંડન અને વિશ્વાસઘાત વગેરે કર્મો દ્વારા બીજાની વસ્તુઓ પડાવી લઈ, પ્રથમ તો એ અધર્માત્મા ઉન્નતિ તરફ આગળ વધે છે અને ધન વગેરે ઐશ્વર્યથી ખાન, પાન, વસ્ત્ર, આભૂષણ, વાહન, સ્થાન, માન, પ્રતિષ્ઠાને મેળવે છે. તે અન્યાયથી શત્રુઓને પણ જીતી લે છે, પરંતુ પછી? પછી **એ તો જેમ મૂળથી કપાયેલ ઝાડનો નાશ થાય છે, એ જ રીતે અધર્મી પૂરી રીતે ખતમ થઈ જાય છે.** બરોબર દુર્યોધન અને રાવણની માફક.

આ બાબત સારી રીતે મગજમાં ગોઠવી દેવી જોઈએ કે આ સંસારમાં જેમ ગાયની સેવાનું ફળ દૂધ વગેરે તરત પ્રાપ્ત નથી થતું, એ જ રીતે કરેલ અધર્મનું ફળ તરત નથી મળતું, પરંતુ એ અધર્મ ધીરે ધીરે અધર્મીના સુખોને રોકીને સુખના મૂળ કારણો (જડ)ને કાપી નાખે છે. પછી અધર્મી દુઃખ જ દુઃખ ભોગવે છે. આથી ક્યારેય એવું ન સમજવું જોઈએ કે કર્તાનું કરેલ કર્મ નિષ્ફળ જાય છે.

આમ, શુભકર્મથી સુખ તથા પાપકર્મથી દુઃખ મળે છે. આથી જો આપણે આપણું કલ્યાણ ઇચ્છીએ છીએ, દુર્ભાગ્યને સુભાગ્યમાં બદલવાં ઇચ્છીએ છીએ તો આપણે હંમેશાં સુકર્મ કરતા રહેવું પડશે. **સજ્જન લોકો પાપનો ત્યાગ કરી, તેનાથી બચીને પુણ્યના કર્મો કરતા રહે છે. આમ કરતાં કરતાં એ પોતાનો લોક પણ સુધારી લે છે અને પરલોક પણ.**

તમે કેવું ફળ મેળવવા માંગો છો? સારું કે ખરાબ કે મિશ્ર? સારું. આ સારું ફળ કેવા પ્રકારના કર્મથી મળશે? સારા કર્મથી. બસ તો પછી સારાં-સારાં કર્મ કરો જેથી આપણને સારું ફળ મળે. ખરાબ ફળ આપણે નથી ઇચ્છતા. આપણે દુઃખ ભોગવવા નથી ઇચ્છતા તો આપણે ખરાબ કામ પણ ન કરીએ અને મિશ્ર ફળ પણ નથી ઇચ્છતા. થોડું સુખ મળે, થોડું દુઃખ પણ મળે એવું પણ નથી ઇચ્છતા. જો આપણે પૂર્ણ દુઃખ પણ મળે એવું પણ નથી ઇચ્છતા. અને થોડું દુઃખ કે ભેળસેળવાળું સુખ પણ નથી ઇચ્છતા તો આપણે આ બે પ્રકારનાં એટલે કે ખરાબ કામ પણ બંધ કરવા પડશે અને મિશ્ર કર્મ પણ બંધ કરવું પડશે. સારાં-સારાં શુભ કર્મ કરવા પડશે ત્યારે આપણને શુભ ફળ મળશે.

જો તમને પ્રસ્તાવ કરવામાં આવે, પૂછવામાં આવે કે તમને ૫૦ ટકા સુખ આપીશું અને ૫૦ ટકા દુઃખ આપીશું. શું તમને ચાલશે? નહીં ચાલે ને સારું ૭૦ ટકા સુખ આપીશું. ૩૦ ટકા દુઃખ આપીશું, તો શું ચાલશે? નહીં ચાલે ને.

કેટલાક લોકોની એવી માન્યતા છે કે જેમ-તેમ, જે કંઈ પણ કરવું પડે, ભલે ખોટું, છળકપટ કરવું પડે, ભલે ચોરી કરવી પડે. આવું કરી આપણું કામ કાઢી લેવું જોઈએ. આ તકવાદ ખરેખર અધર્મ છે, હિંસા છે, અન્યાય છે, ઈશ્વરના ન્યાયાલયમાં ભલામણ, લાંચ નથી ચાલતી. આથી એને સજા મળવાની જ છે. નીતિકાર કહે છે કે–

*फलं धर्मस्य चेच्छन्ति धर्मं नेच्छन्ति मानवाः।*
*फलं पापस्य नेच्छन्ति पापं कुर्वन्ति यत्नतः॥*

મનુષ્યની કેવી વિચિત્ર વિચારધારા બની જાય છે કે એ પોતાના જીવનમાં સુખ, શાન્તિ, સંતોષ, નિર્ભયતા, સ્વતંત્રતા, વગેરે ગુણોને મેળવવા તો ઇચ્છે છે; પરંતુ આ ગુણોને મેળવવા જે શુભ કર્મોનું આચરણ કરવું જોઈએ, એ કામ એ નથી કરવા ઇચ્છતો, તે પોતાના જીવનમાં દુઃખ, અશાંતિ, અસંતોષ, ભય, બંધન વગેરે અનિષ્ટોને મેળવવા નથી ઇચ્છતો, પરંતુ આ બધી ખરાબીનું, ઉત્પત્તિનું જે પાપરૂપી કારણ છે, એ પાપની યોજના બનાવી અને એ મુજબ આચરણ કરી તે આ અનિષ્ટોને મેળવતો રહે છે. ખૂબ વિરોધાભાસી જીવન છે. એ બાવળ વાવીને આંબો ઉગાડવા માંગે છે.

**પ્રશ્નઃ શું કર્મ, ભાગ્ય, એકબીજા સાથે જોડાયેલ હોય છે ? એક મજૂર આખો દિવસ મહેનત કરી, ૨૦૦ રૂપિયા જ કમાય છે, પરંતુ એક ખોટો તથા બેઈમાન માણસ મહેનત કર્યા વિના જ લાખો રૂપિયા કમાય છે. શું એ ખોટા તથા બેઈમાન માણસને ભગવાન સજા આપશે?**

ભાગ્ય શું છે? આપણા કર્મોનું ફળ. જે ભાગ્ય છે, એ કર્મોનું ફળ જ છે. **કર્મોના ફળને જ ભાગ્ય કહે છે.**

એક મજૂર આખો દિવસ મહેનત કરે છે અને ૨૦૦ રૂપિયા કમાય છે. એ મહેનત ઈમાનદારીથી કમાઈ રહ્યો છે. એને ઈશ્વર સુખ આપશે. સારું ફળ આપશે. એક વ્યક્તિ જૂઠું બોલે છે, ચોરી કરે છે, દાણચોરી કરે છે, ખરાબ કામ કરે છે અને લાખો રૂપિયા કમાય છે, બેઈમાનીથી દગો દે છે, દેશને પણ દગો દે છે. જનતાને પણ, સરકારને પણ. તે આમ ખોટી રીતે પૈસા કમાય છે, તો આ તેનું ખરાબ કર્મ છે. ઈશ્વર એને સજા જરૂર કરશે.

જો ખરાબ કામ પચાસ ટકાથી વધારે કર્યા તો કૂતરું, બિલાડી, ગધેડું, સૂવર, બનવું પડશે. ઈશ્વર કોઈને પણ માફ નહીં કરે. જો માફ કરતા હોત તો દુનિયામાં એક પણ કૂતરું ન હોત, એક પણ ગધેડું ન હોત, એક પણ બકરી ન હોત એ બધાને માફ કરી દેત. કરશે તો ઈશ્વર બધાને માફ કરશે અને નહીં કરે તો કોઈને પણ નહીં કરે. ઈશ્વર ન્યાયી છે, જે લોકો ગુનો કરે છે, એને નિશ્ચિતરૂપથી સજા મળશે.

સમય આવવા દો. સમયની રાહ જુઓ, બધાં બીજ એક સમયે ફળ નથી આપતાં એ પહેલાં બતાવી દીધું છે. જો તમે પાલક વાવી છે તો પંદર-વીસ દિવસમાં તૈયાર થઈ જશે. ડાંગર વાવી તો ૬૦-૭૦ દિવસમાં મળી જશે, ઘઉં વાવ્યા તો ચાર મહિનામાં મળી જશે અને આંબાનું બી વાવ્યું તો ઘણા વરસ લાગશે. સાચો સમય આવે એ બીનાં ફળ મળતાં રહેશે. એમ જે જે આપણે કર્મ કરીએ છીએ, એ એ કર્મોનાં ફળ પણ સમય આવ્યે મળશે. તાત્કાલિક નહીં મળે. અમુક કર્મોનું ફળ આ જન્મમાં એટલે કે પાંચ વરસમાં, દસ વરસમાં, વીસ વરસમાં, પચાસ વરસમાં. અમુક કર્મોનું બીજા જન્મમાં, અમુક કર્મોનું ત્રીજા, પાંચમા કે દશમા જન્મમાં જ્યારે સમય આવશે ત્યારે મળશે, પણ મળશે તો જરૂર.

સારાં કર્મ કરવાવાળી વ્યક્તિને ઈશ્વર તરફથી ઈનામરૂપે સુખ-શાંતિ, નીડરતા, ઉત્સાહ, સહયોગ, પ્રેરણા વગેરે મળે છે. પરંતુ ઘણી વાર બીજાઓ દ્વારા સુખ-શાંતિ, પ્રેમ, સહયોગ, સાંત્વના મળવાને સ્થાને ભય, તિરસ્કાર, ઘૃણા, નિંદા, વિરોધ, ઉપેક્ષા અને નુકસાન પણ મળે છે. ઘણી વખત સારાં કામ કરવાવાળા દુઃખી-બાધિત હોય છે, કારણ કે અજ્ઞાની, સ્વાર્થી વ્યક્તિઓ દ્વારા એની સાથે એવો વ્યવહાર કરવામાં આવે છે. આમાં કારણ એ છે કે એના સ્વાર્થ અને હિતોની પૂર્તિમાં સારાં કામ કરવાવાળા વ્યક્તિઓને કારણે નડતર ઊભું થાય છે. ઘણી વખત સારી વ્યક્તિઓની ઓછી સંખ્યા અને એમનું સંગઠન ન હોવાને કારણે યોજનાપૂર્વક ખરાબ વ્યક્તિઓ અને ખરાબ કાર્યોનો વિરોધ ન કરી શકવાના કારણે એ મુશ્કેલીરૂપ બનાવી દેવામાં આવે છે.

અહીં એ પણ ધ્યાન રાખવું જરૂરી છે કે સારાં કર્મોનો ખરાબ પ્રભાવ સત્ય, ન્યાયને ન સમજવાવાળા અજ્ઞાની સ્વાર્થી લોકો ખરાબ લોકો દ્વારા ઊભો કરવામાં આવે છે. સંસારમાં એવું વાતાવરણ બનાવી દેવામાં આવે છે કે લોકો એવું સમજે છે કે સારું કર્મ કરવાથી સારુ ફળ નથી મળતું. **બુદ્ધિમાન ધાર્મિક વ્યક્તિતો એ વાતને સમજે છે કે સારા કર્મનું ફળ સારું જ મળે છે. સારા કર્મોનો પ્રભાવ અને પરિણામ તો સારાં જ હોય છે. આથી એ સારો કર્મો કરવાવાળાને પોતાનો સહયોગ સમર્થન આપે છે. એ ખરાબ કર્મ કરવાવાળા ખરાબ જ સમજે છે. એના પ્રત્યે કોઈ શ્રદ્ધા, પ્રેમ, સન્માન એના મનમાં નથી હોતું.** આમ જ ખરાબ કર્મ કરવાવાળી વ્યક્તિઓને ઈશ્વર તરફથી હંમેશાં જ દુઃખ, ભય, ગ્લાનિ, નિરાશા વગેરે જ પ્રાપ્ત થાય છે, પરંતુ ઘણી વખત બીજા પક્ષપાતી, રાગી વ્યક્તિઓથી એને સહયોગ, પ્રોત્સાહન વગેરે પણ પ્રાપ્ત થાય છે.

**પ્રશ્નઃ જાણવા છતાં ખોટા કામમાં મદદ-સહયોગ કરવો. જેમ કે વકીલ પોતાના અસીલને જે ગુનેગાર છે, એને બચાવે છે, તો શું એને પણ કોઈ સજા થશે?**

જવાબ આપતાં પહેલાં હું એક સ્પષ્ટીકરણ આપવા માગું છું. સત્ય બતાવવું મારો ઉદ્દેશ છે. તમને સાચું બતાવીશ. તમે ખુશ થાવ, નારાજ થાવ, એની જવાબદારી મારા પર નથી. આપણા શાસ્ત્રોમાં લખ્યું છે કે જે સંન્યાસી જૂઠું બોલે છે, એ નરકમાં જશે. હું કર્મફળની વાત કરી રહ્યો છું અને હું જાણું છું કે કયા કર્મથી કેવું ફળ મળે છે.

એ પહેલાં બતાવવામાં આવ્યું છે કે એક પ્રકારનું કર્મ છે, કૃતકર્મ. **પોતાના હાથે ખુદ કર્મ કરવું એને કૃતકર્મ કહે છે. બીજું છેઃ કારિત કર્મ. બીજાને આદેશ આપી કાર્ય કરાવવું. ત્રીજું છેઃ અનુમોદિત કર્મ. બીજાના કાર્યોનું અનુમોદન-સમર્થન કરવું.** આ રીતે આ ત્રણ પ્રકારના કર્મ હોય છે, ખુદ કરવું, બીજા દ્વારા કરાવવું અને સમર્થન કરવુ.

વકીલ સાહેબ જો એ જાણે છે કે આ વ્યક્તિ ગુનેગાર છે અને એ ખુદ આવીને સ્વીકારે છે કે સાહેબ ! હું ગુનો કરીને આવ્યો છું, મને સજામાંથી બચાવો. ગુનેગારનું તો કૃતકર્મ છે, અને વકીલ જે એને બચાવી રહ્યો છે, એ એના પાપકર્મનું સમર્થન કરી રહ્યો છે કે તેને જે કંઈ પણ કર્યું છે, ઠીક કર્યું છે, કાંઈ વાંધો નહીં, હું તને બચાવીશ.

આ જે પ્રશ્ન છે કે જે વકીલ ઇચ્છા ન હોવા છતાં ગુનેગારને બચાવે છે, એને સજાથી બચાવે છે, તો શું વકીલને દંડ મળશે? જવાબ છે જી હા, દંડ મળશે. કારણ કે આપણા શાસ્ત્રોમાં ત્રણ પ્રકારના કર્મ બતાવેલ છે ખુદ કરવું, બીજા દ્વારા કરાવવું અને સમર્થન કરવું. ગુનેગારને બચાવવો, એનું સમર્થન કરવું કહેવાય છે. આથી આનો દંડ મળશે. **વકીલની ફરજ કાયદા પ્રત્યે છે, એને સન્માન અને મહાનતા આપવા પ્રત્યે છે, એને લાગુ કરાવવા પ્રત્યે છે, એનું હનન કરવું અથવા કરાવવું કે અનુમોદન-સમર્થન કરાવવા પ્રત્યે નહીં.**

આથી જેમ ગુનેગારને સજા મળવી જોઈએ, એવી જ રીતે એને બચાવવાવાળા વકીલને પણ સજા મળવી જોઈએ. જ્યારે ગુનેગારને વર્ષ-બે વર્ષની જેલ થાય છે, તો તેના વકીલને પણ જેલ થવી જોઈએ. જો બે વરસ એના વકીલને પણ જેલ થઈ જાય તો ફટાફટ ગુના બંધ થઈ જાય. જ્યારે ગુનેગારને સજા મળશે, એના વકીલને પણ દંડ મળશે તો આ વકીલ લોકો ગુનેગારોને બચાવવાનું છોડી દેશે. નિર્દોષોને જ બચાવશે અને ગુનેગારોને જેલ કરાવશે. અથવા તો એ ધંધો છોડી દેશે.

ભાઈ, આ જૂઠાને જીતાડવાવાળું, અન્યાયનો વિજય કરવાવાળું કામ શા માટે કરો છો? કોઈ કપડાં વેચો, મીઠાઈ વેચો, બીજું કોઈ અન્ય કામ કરો. મહેનતથી સારું નીતિવાળું કામ કરો.

**પ્રશ્નઃ માંસાહાર કરવાવાળામાંથી કોને દંડ મળશે ? જે બનાવે તેને અથવા તૈયાર કરે એને કે ખાવાવાળાને?**

પ્રાણીને મારવાવાળા, એને રાંધવાવાળા અને ખાવાવાળા કોને દંડ મળશે. આ આપનો પ્રશ્ન છે. આનો જવાબ આપના શાસ્ત્રોમાં લખ્યો છે કે માંસાહારના

ક્ષેત્રમાં આઠ પ્રકારના વ્યક્તિ છે, **એ બધાને દંડ મળશે.** પહેલા તો કતલખાના માટે જે લાયસન્સ આપે છે, મારવાની મંજૂરી આપવાવાળા એ પણ ગુનેગાર છે. આ અનુમોદિત કર્મ છે, એને દંડ મળશે. તમારી ફરજ (કર્તવ્ય) છે પ્રાણીઓની રક્ષા કરવી, નહીં કે મારવાની છૂટ આપવી. તમે પ્રાણીઓને મારવાની છૂટ શા માટે આપી? જે આવી મંજૂરી આપે છે એ ગુનેગાર છે, એને દંડ મળશે.

પછી જે પોતાના હાથે બકરાને, ગાયને, પ્રાણીને મારે છે એને દંડ મળશે. પછી માંસ વેચવાવાળાને દંડ મળશે એ પછી ખરીદવાવાળાને દંડ મળશે. પછી ખરીદીને ઘર સુધી પહોંચાડનારા ટ્રાન્સપોર્ટરને દંડ મળશે. પછી ઘરમાં રસોડામાં જે રાંધશે એને દંડ મળશે. જે રસોડામાંથી ઉપાડી ટેબલ પર પીરસશે એને દંડ મળશે અને જે ખાશે એને દંડ મળશે. આવી આઠ વ્યક્તિ બતાવી, આ બધાને ઈશ્વર તરફથી દંડ મળશે. ખોટું કામ કરવું અને એમાં મદદ કરવી, ઈશ્વરની દૃષ્ટિએ આ બધા ગુના છે.

**પ્રશ્નઃ ઘરનો માલિક ઘરની બાકીની વ્યક્તિઓને જ્યારે ખવડાવે છે તો એ પછી એકલો દોષનો ભાગીદાર કેમ થાય?**

કારણ કે ઘરની બાકીની વ્યક્તિ ફક્ત ભોક્તા છે, આશ્રિત છે, ખુદ કર્તા નથી, ફળ કેવળ કર્તાને જ મળે છે. આવું કહેવામાં આવ્યું છે. આથી એમને ભોગ કરવા છતાં ફળ નહીં મળે.

આમ હોવા છતાં એક બીજી વાત આ વિષયમાં ધ્યાન આપવા જેવી છે કે પરિવારના સભ્યો બુદ્ધિમાન તથા ધાર્મિક હોય અને એમને એ વાતનું જ્ઞાન પણ હોય કે આપણો માલિક (ઘરનું ભરણ-પોષણ કરવાવાળો) અનૈતિક કાર્યો ચોરી, જૂઠાણું, લાંચ વગેરે દ્વારા આપનું ભરણપોષણ કરી રહ્યો છે, તો એમની ફરજ છે કે એને આવા કાર્યથી રોકે, પોતાનો વિરોધ દર્શાવે, એ કાર્યનું સમર્થન ન કરે. જો તેઓ આવું કરતા હોય, તો જ તેઓ દોષથી બચી શકે છે. નહીં તો મુખ્ય માલિકને ખરાબ કાર્યનું સમર્થન કરવાથી એ પણ થોડા ઘણા અંશે પાપના ભાગીદાર બને છે અને ઈશ્વર દ્વારા દંડ મેળવશે.

**પ્રશ્નઃ આપણાથી નાના જીવ-જંતુ જેમ કે કીડી-મંકોડા અથવા મચ્છર અજાણતામાં મરી જાય છે. એ આપણે કરવા નથી ઈચ્છતા છતાં પણ થઈ જાય છે, તો એના માટે આપણે શું કરવું જોઈએ અને શું આ કર્મની આપણને સજા મળશે.**



પોતાના તરફથી જ્યાં સુધી સંભવ હોય, સાવધાન રહેવાનો પ્રયાસ કરો. જો તમે સડક ઉપર ચાલી રહ્યા છો, લાદી-ફર્શ પર ચાલી રહ્યા છો, તો તમે ઘરે તો જોઈ શકો છો. પણ સાચવીને પગ મૂકો તો કીડી ન મરે. આટલી કાળજી તો આપણે ઘરમાં રાખી શકીએ છીએ અને તમે કારમાં જઈ રહ્યા છો તો કારમાં તો ધ્યાન રાખી શકો નહીં. કોઈ કીડી આવી રહી છે કે દેડકો આવી રહ્યો છે. એ તો કચડાઈ જ જશે. ચાલો, એ મજબૂરીની વાત છે. જ્યાં આપણે નથી બચાવી શકતા, એ અલગ વાત છે, પણ જ્યાં આપણે બચાવી શકીએ છીએ, જ્યાં પ્રાણીઓને માર્યા વિના કામ ચાલી શકે છે, ત્યાં ન મારો, પ્રાણીઓની રક્ષા કરો.

જો એકદમ પગની નીચે અથવા કારની નીચે, બાઈકની નીચે અથવા જ્યાં પણ કોઈ મજબૂરીથી મરી જાય છે. અજાણતામાં થઈ ગયું, ઈચ્છા ન હોવા છતાં થઈ ગયું, અન્યાય થઈ ગયો, પાપ થઈ ગયું, એની આપણને સજા તો મળશે. એટલું અંતર જરૂર છે કે જાણી જોઈને ભૂલ કરીશું તો દંડ-સજા વધારે મળશે. અજાણતામાં કરીશું તો દંડ-સજા ઓછી મળશે. આપણા હાથથી થયું એટલે આપણને દંડ મળશે તો સાવધાની રાખો, જ્યાં સુધી બની શકે ત્યાં સુધી બચો.

એ પણ ધ્યાનમાં રાખો કે રોગી, ગરીબ, અનાથ, દુઃખી વ્યક્તિઓને તન-મન-ધનથી મદદ કરી એના દુઃખને દૂર કરવાનો પ્રયત્ન કરવો એ ઈશ્વરના ન્યાયમાં હસ્તક્ષેપ નથી. કારણ કે આવી વ્યક્તિઓને મદદ કરી એના દુઃખો દૂર કરવા પરમાત્માએ વેદોમાં દરેક સમર્થ વ્યક્તિનું કર્તવ્ય બતાવ્યું છે. જે આંધળા-લૂલા, લંગડા, નિર્ધન, અજ્ઞાની બનાવ્યા છે, એની સજા એમને આવા બનાવવા સુધી જ સીમિત છે. અપંગ વ્યક્તિની સારવાર કરી એને સારો-ઠીક કરવો પરમાત્માની ફળ વ્યવસ્થામાં હસ્તક્ષેપ નહીં પણ પુણ્યની કમાણી છે.

વૃક્ષ વગેરે કાપવાથી હત્યાનું પાપ નથી લાગતું. જો સારા હર્યાભર્યા વૃક્ષ તમે નાહક કાપો છો તો પાપ લાગશે. જો તમારે લાકડું જોઈએ સળગાવવા માટે, ફર્નિચર માટે, તો જૂનાં જર્જરિત ઝાડ છે. વૃદ્ધ-કમજોર ઝાડ મરવાની તૈયારીમાં છે, એનું લાકડું કાપી લો. દસ ઝાડ કાપો, સામે પચાસ નવા ઉગાડો, જેથી પર્યાવરણને નુકસાન ન થાય. પર્યાવરણ સંતુલન બરાબર જળવાઈ રહે અને આપણું કામ પણ ચાલતું રહે.

## જાણીજોઇને ભૂલ કરવાવાળાને વધુ સજા

કર્મફળનો એક નિયમ એ છે કે **જો અજાણતામાં ભૂલ કરી હશે તો સજા**

**ઓછી મળશે અને જાણીબૂઝીને ભૂલ કરાશે તો દંડ વધુ મળશે.** તમે ઓછું જાણો છો, હું તમારાથી વધુ જાણું છું. તમે ખોટું બોલશો તો તમને ઓછી સજા થશે. હું ખોટું બોલીશ તો મને તમારા કરતાં અનેકગણો વધારે દંડ મળશે. આથી હું તો સાચી વાત જણાવીશ, વેદની વાત જણાવીશ. વેદમાં લખ્યું છે કે જે ભૂલ કરશે એને દંડ મળશે.

જેણે આપણને અન્યાય કર્યો, ભલે માતાની ભૂલથી થયો, ભલે પિતાની ભૂલથી થયો, ભલે ગુરુ, શિક્ષક, પાડોશી, કોઈ પણ ચોર-ડાકુ વગેરેએ જેટલું દુઃખ આપણને આપ્યું, એટલો એનો ગુનો છે. એ ગુનાની એને સજા થશે.

અન્યાયનો દંડ સમાજ આપે, રાજા આપે, સરકાર આપે, ઈશ્વર આપે, જે પણ આપે, કોઈ ને કોઈ એને દંડ આપશે. ગુનાની સજા સમાજે ન કરી, રાજાએ ન આપી તો અંતે ઈશ્વર જરૂર આપશે. એ નહીં છોડે. આપણે કોઈ ઉપર અન્યાય કરીશું તો ઈશ્વર આપણને દંડ આપશે. કોઈ આપણને અન્યાય કરશે તો ઈશ્વર એને દંડ આપશે. અન્યાયકર્તાને દંડ મળશે.

## મનુષ્ય બીજા પ્રાણીઓની તુલનામાં વધુ સુખી છે

મનુષ્ય કેમ વધુ સુખી છે? એની પાસે ભગવાને આપેલ વિશેષ ચાર વસ્તુઓ છે. આ ચાર સગવડો છે, જે બીજા પ્રાણીઓને લગભગ નથી આપવામાં આવી.

**સૌથી પહેલી સગવડ છે: બુદ્ધિ.** જેવી બુદ્ધિ માણસ પાસે છે, એવી કોઈ બીજા પ્રાણી પાસે નથી. તમે એમ.એસસી. કરો છો, એમ.ટેક્. કરો છો, સી. એ. કરો છો, એમ.બી.એ. કરો છો, પીએચ.ડી. કરો છો, સારા સારા સ્કૉલર બની જાઓ છો. ઊંચી-ઊંચી ડિગ્રીઓ મેળવો છો. આઈપીએસ, આઈએએસ બની જાઓ છો. સારી નોકરીમાં લાગી જાઓ છો. ખૂબ સારું ખાઓ-પીઓ છો. સારા વાતાનુકૂળમાં કેટલું સુખ ભોગવો છો.

કોઈ ઘોડાએ આજ દિન સુધી પીએચ.ડી. કરી છે? કોઈ કૂતરાએ આજ સુધી ટેલિફોન બનાવ્યો છે? કોઈ બીજા પ્રાણીએ આજ સુધી બુદ્ધિનો કોઈ વિકાસ નથી કર્યો. એ કરોડો વર્ષથી આમ ને આમ જ જીવે છે. માણસ પાસે એટલી સારી બુદ્ધિ છે કે એનાથી એ બહુ સારી પ્રગતિ અને વિકાસ કરે છે. ઘણું જ ભણીગણીને બુદ્ધિનો વિકાસ કરી શકે છે. સારાં કામ કરી સુખેથી જીવી શકે છે.

**સુખનું કારણ છે:** બુદ્ધિ. જે મનુષ્યની બુદ્ધિ સારી અને વધુ હોય છે, એ સુખી રહે છે. જેની બુદ્ધિ ખરાબ અને ઓછી હોય છે, એ દુઃખી રહે છે. આ રીતે બાકીના પ્રાણીઓમાં તો બુદ્ધિ ઓછી છે, આથી એ એટલાં સુખી નથી. એમને ઘણી બધી સમસ્યાઓ છે.

એવું નથી કે પશુયોનિમાં બુદ્ધિ નથી. **મનુષ્યો પાસે જેવી બુદ્ધિ અને જેટલી છે અને ભણીગણીને મનુષ્યો જેટલો બુદ્ધિનો વિકાસ કરી શકે છે એવી બુદ્ધિ અન્ય પાસે નથી** અને એ એટલો વિકાસ નથી કરી શકતા જેટલો મનુષ્ય કરી શકે છે. એનો અર્થ થયો કે **પશુ-પક્ષીઓ, કીડી-મંકોડા પાસે બુદ્ધિ છે,** પણ ઓછી છે. આટલી ઓછી બુદ્ધિના આધારે એ પોતાનું જીવન ચલાવી લે છે. પશુ-પક્ષીઓના નાનાં-નાનાં બચ્ચાં હોય છે. એ એના પ્રત્યે રાગ રાખે છે. એને ખવડાવે-પીવડાવે છે. એની રક્ષા કરે છે. પોતાની પણ રક્ષા કરે છે. આટલું કામ એ કરી શકે છે, આટલી બુદ્ધિ એનામાં છે.

**બીજી સગવડ છે: બોલવા માટે ભાષા.** જેવી ભાષા આપણી મનુષ્યોની છે, શું એવી ભાષા કોઈ અન્ય પ્રાણીઓ પાસે છે? આપણું માથું દુઃખતું હોય તો આપણે ડૉક્ટરસાહેબને કહીએ છીએ કે ડૉક્ટર સાહેબ, મારા માથામાં દુઃખે છે, કંઈક કરો. એ આપણી ભાષા સાંભળીને જ સમજી લે છે કે આને શું સમસ્યા છે. એક ગોળી આપે છે ને દર્દ બે કલાકમાં મટી જાય છે. કૂતરાને માથાનો દુખાવો થતો હોય તો શું એ બોલી શકે છે? ગાયને પેટમાં દુખાવો થતો હોય તો શું એ બોલી શકે છે! એ બિચારી દુઃખી, પરેશાન થતી રહેશે. મનુષ્ય પોતાનું પણ સુખ વધારી લે છે અને બીજાનું પણ. બીજા પ્રાણીઓ પાસે ભાષાની સુવિધા નથી. આ સુવિધા ન હોવાથી એ બધાં કામ નથી કરી શકતાં.

**ત્રીજી સગવડ છે: કર્મ કરવા માટે બે હાથ માણસો પાસે છે,** બે-ચાર પ્રાણીઓની પાસે છે. આવા હાથ વાંદરા, વનમાનવ, માનવ, ચિમ્પાન્ઝી અને ગોરીલા પાસે છે. બાકીનાને તો એવા હાથ નથી. આ હાથની સુવિધાથી આપણે બધા જ કામ સારી રીતે ખુદ કરી લઈએ છીએ. ન્હાવું-ધોવું, કપડાં સૂકવવાં-પહેરવા, સાંકળ મારવી, તાળું લગાવવું, કાર ચલાવવી, હવાઈ જહાજ ચલાવવું. શું શું કરી શકીએ છીએ આપણે. બિચારા બીજા પ્રાણીઓ ઊભા છે. ગૌશાળામાં સાંકળ મારી છે, તો બિચારી ગાય સાંકળ ખોલીને અંદર જઈ નથી શકતી. માણસ પાસે હાથ છે. ફટ દઈને સાંકળ ખોલશે. અંદર જશે. ખુશીથી એસી

ચાલુ કરશે અને સૂઈ જશે. મનુષ્યો પાસે કેટલી હાથની સારી સુવિધા છે અને બીજા પ્રાણીઓ પાસે આવી સુવિધા નથી.

વાંદરા અને વનમાનવ પાસે હાથ તો છે, પણ બુદ્ધિ નથી. લાખો વરસથી ઝાડ પર કૂદે છે. આજ સુધી વાંદરાએ પોતાનું ઘર નથી બનાવ્યું અને મનુષ્યોએ કેટલાં બધાં સો સો માળનાં મકાન બનાવી દીધાં. આ હાથની સુવિધાથી શું શું વસ્તુઓ બનાવી દીધી. **વાંદરા વગેરે પાસે હાથ હોવા છતાં નહીં હોવા જેમ જ છે. તેઓ બુદ્ધિના અભાવે એનો લાભ નથી લઈ શકતા. હવે**

**ચોથી સુવિધા છે: કર્મ કરવાની સ્વતંત્રતા.** કર્મફળની આ ચોથી સગવડતા છે. **જેટલી સ્વતંત્રતા (સો ટકા) માણસો પાસે છે, એટલી કોઈ બીજા પ્રાણીઓ પાસે નથી.** આપણી સ્વતંત્રતા ૨૪ કલાકની છે. આપણે જ્યારે ઈચ્છીએ ત્યારે ખાઈ-પી લઈ, ફરી લઈ, સૂઈ જઈએ, ફરી આવીએ, કંઈ પણ કરી લઈએ. માની લો કે કોઈ કુતરાને જલેબી ખાવાની ઈચ્છા થાય, પણ શું એ જલેબી ખરીદી ખાઈ શકે છે? નથી ખાઈ શકતો. પાણીપતમાં એક જગ્યાએ એક વ્યક્તિ તવામાં જલેબી બનાવી રહ્યો તો. અને એક ગ્રાહક આવ્યો. એણે જલેબી ખાધી. પાસે એક કૂતરો બેઠો હતો તો કૂતરાને પણ ઈચ્છા થઈ કે હું પણ ખાઈ લઉં, ભૂખ તો એને પણ લાગી હતી. પણ એની પાસે પૈસા તો હતા નહીં, એ ખરીદી તો શકતો નો'તો. પણ ઈચ્છા તો એની પણ હતી. મેં મારી આંખે આ જોયું છે. ગ્રાહકને જલેબી ખાતો જોઈ કૂતરાની ઈચ્છા થઈ તો કૂતરાએ પોતાની ગરદન આગળ કરી. ભાઈ, થોડીક મને પણ આપો તો એ ગ્રાહક એનો ભાવ સમજી ગયો. એણે એ કૂતરાને પણ એક-બે જલેબી ખવડાવી દીધી.

આ કર્મ કરવાની જે સ્વતંત્રતા છે, એ ફક્ત મનુષ્યો પાસે જ છે. તમારી ઈચ્છા છે, તમે અમદાવાદ, વડોદરા, મુંબઈ ચાલ્યા જાવ. વિદેશ ચાલ્યા જાવ ક્યાંય પણ, ક્યારેક પણ ફરી આવો. પણ અમદાવાદના એક કૂતરાની ઈચ્છા હોય કે તે વડોદરા ફરી આવે તો વડોદરા તો બહુ દૂરની વાત છે, અમદાવાદની એક સોસાયટીથી બીજી સોસાયટી સુધી પણ નહીં પહોંચી શકે. રસ્તામાં, વચ્ચે બીજાં કૂતરાં ફાડી ખાશે. કૂતરાની, એની સ્વતંત્રતા ક્યાં છે? એ બિચારો પોતાની ઈચ્છા મુજબ કર્મ નથી કરી શકતો. ખાઈ નથી શકતો, ખરીદી નથી કરી શકતો. એની કોઈ સુરક્ષા નથી. એને તો ૨૪ કલાક ભય છે. ક્યારે હુમલો થઈ જાય, ખબર ના પડે.

તો આ ચાર સુવિધા ભગવાને માણસોને ઘણી જ સારી આપી છે. આપણે એનો સદ્‌ઉપયોગ કરવો જોઈએ. સારાં સારાં કામ કરવાં જોઈએ. સકામ કરીશું તો સારાં ફળ મળશે. જો આપણે સારાં કર્મ કરીશું તો જાતિ, આયુષ્ય ભોગના રૂપમાં મળશે. આવો સૌ પ્રથમ "જાતિ"ને સમજીએ.

## આગળના જન્મમાં મળવાવાળું પહેલું ફળ જાતિ છે

જાતિનો અર્થ છે શરીર. **મનુષ્યનું શરીર, ગાયનું શરીર, ઘોડા, કૂતરા, બિલાડી, હાથી, વાંદરા, મચ્છર, માખી, સૂવર, વૃક્ષ વગેરે કોઈ પણનું શરીર, આ છે જાતિ.**

જાતિ એક જન્મથી મળી ગઈ, તો મૃત્યુ સુધી વચ્ચે, બદલાતી નથી. જાતિ તો નિશ્ચિત્ ભગવાને આપણા કર્માનુસાર આપણને જન્મથી જે જાતિ આપી દીધી, એ જીવનભર રહે છે. મનુષ્યનું શરીર મળ્યું તો પૂરા જીવન સુધી મનુષ્ય જ રહેશે. વચ્ચે એને તોડી-મરોડીને કૂતરુ કે બિલાડી ન બનાવી શકાય. આગળના જન્મમાં જાતિ (શરીર) બદલાઈ શકે છે. વચ્ચે જાતિ નહીં જ બદલાય. આયુષ્ય અને ભોગ જરૂર બદલી શકે છે.

## શરીરનાં પાપોના દંડ

શાસ્ત્રોમાં લખ્યું છે કે શરીરથી જે કર્મ કરવામાં આવે છે એનું ફળ શરીરથી મળશે. વાણીથી કરેલાં કર્મોનું ફળ વાણીથી ભોગવવું પડશે અને મનથી કરેલા કર્મનું ફળ મનથી ભોગવવામાં આવશે. **શરીરથી પાપ કરશો તો શરીરથી દંડ ભોગવવો પડશે. વાણીથી પાપ કરશો તો વાણીથી દંડ ભોગવવો પડશે. મનથી પાપ કરશો તો મનથી દંડ ભોગવવો પડશે.** સજા ભોગવવાનો આ સ્થૂળ સિદ્ધાંત છે.

જેમ માની લીધું છે કે શરીરથી કોઈએ ચોરી કરી, હત્યા કરી, અપહરણ કર્યું, લૂટફાટ કરી, બીજાનું ધન છીનવી લીધું, આ રીતે જે શારીરિક અપરાધ કરીશું તો એનું ફળ શરીરથી ભોગવવું પડશે. જેવા જેવા એના કર્મ હશે એ હિસાબે એને વૃક્ષ વગેરે યોનિમાં જવું પડશે એટલે કે આંબાનું ઝાડ, બાવળનું ઝાડ, લીમડાનું ઝાડ અને વડનું ઝાડ બનવું પડશે. આ શરીરથી કરેલ પાપોનું ફળ છે.

ઋષિઓએ લખ્યું છે, જે શરીરથી પાપ કરે છે, શરીરથી ચોરી કરે છે, વ્યભિચાર કરે છે, હત્યાઓ કરે છે, અપહરણ કરે છે, આવાં ખરાબ-ખરાબ કામ કરે છે તો ઈશ્વર એને વૃક્ષની યોનિમાં જન્મ આપે છે. **શરીરથી ગુનો કર્યો હોય તો વૃક્ષની યોનિમાં જાવ.** ઊભા રહો, પચાસ વરસ, સો વરસ, બસ્સો વરસ, જેટલું કર્મ એટલું એટલું ફળ. ઓછો ગુનો કર્યો હોય તો ઓછું ફળ આપશે. આત્માને ઘઉંના રોપામાં નાખી દેશે તો બે ચાર મહિનામાં જાન છૂટી જશે. વધુ ગુનો કર્યો હોય તો આંબાનું ઝાડ બનાવી દેશે. ઊભા રહો પચાસ વરસ સુધી અને વધુ અપરાધ કર્યો તો વડનું ઝાડ બનાવી દેશે. ઊભા રહો બસ્સો વરસ સુધી. કર્મના હિસાબે, એને એવું-એવું ફળ મળે છે.

**આ વૃક્ષ અને વનસ્પતિમાં પણ આત્મા છે.** એ પણ પોતાના કર્મોના ફળ ભોગવી રહ્યા છે. વૃક્ષ શ્વાસ લે છે, વૃક્ષ જીવંત રહે છે, અને માટી, પાણી, ખોરાક પણ લે છે અને તડકો પણ લે છે. અને એના પછી જેમ મનુષ્યથી મનુષ્ય પેદા થાય છે, ગાય-ઘોડાથી ગાય-ઘોડા પેદા થાય છે એ જ રીતે વૃક્ષો, વનસ્પતિમાંથી આગળ વૃક્ષ પણ પેદા થાય છે. એની પેઢી (જનરેશન) પણ આગળ ચાલે છે. સંતતિ-ઉત્પત્તિ પણ થાય છે. જેમ બટાકાથી બટાકા પેદા થાય છે, ઘઉંમાંથી ઘઉં થાય છે. આ બધાં લક્ષણ જીવનને સાબિત કરે છે. જેમ મનુષ્ય જીવિત રહે છે. શ્વાસ લે છે, એમ જ વનસ્પતિ પણ શ્વાસ લે છે. આથી એનામાં પણ જીવન હોય છે. એનામાં આત્મા હોય છે, આમ જ માનવું જોઈએ.

ખરેખર એ પણ પૂર્વમાં કરેલ કર્મોનું ફળ ભોગવી રહ્યા છે. કર્મફળ તો સુખ-દુઃખનો અનુભવ કરવો એ છે. વૃક્ષ, છોડ, વનસ્પતિ વ. ભોગ યોનિ છે એની અંદર ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન વગેરે બધા ગુણ હોય છે પરંતુ એ થોડા બેભાન અવસ્થામાં છે. નશામાં છે, પણ એનામાં આત્મા છે, જો તેનામાં થોડું પણ કષ્ટ ન માનવામાં શૂન્ય કષ્ટ માની લઈએ, પછી તો એ વ્યવસ્થા ફેઈલ થઈ જશે, કારણ કે એ કર્મફળ ન થયું. **વૃક્ષ વગેરે સુખ-દુઃખમય છે.** એ આંતરિક સુખ-દુઃખ ભોગવે છે, પરંતુ બહારના સ્થૂળ સુખ-દુઃખ નથી ભોગવતાં. જેમ કૂતરાને ડંડો મારો તો, એ રોવે છે અને ભાગીને પોતાનો જીવ બચાવવા કોશિશ કરે છે. વૃક્ષને ડંડો મારો તો એ રાડો નહીં પાડે, ભાગશે નહીં, જીવ બચાવવા પ્રયત્ન કરશે નહીં. આ રીતે પશુઓ અને વૃક્ષોની બહારની ક્રિયાઓમાં તફાવત તો છે, પરંતુ અંદરથી બિચારા (વૃક્ષો)ને ત્યાં ઊભા રાખી દેવામાં આવ્યાં છે. વૃક્ષ મનુષ્ય વગેરે પ્રાણીઓની જેમ ભાગી નથી શકતાં, ચાલી નથી શકતાં, કોઈ કર્મ કરી નથી શકતાં, આંખ ખોલી નથી શકતાં, સાંભળી નથી શકતાં, જોઈ



નથી શકતાં. આ બધાં દુઃખ તો એણે આંતરિક રૂપથી ભોગવવાં જ પડશે. એ ઈશ્વરની દંડ વ્યવસ્થા છે. એટલા માટે એ જ જાણે.

## વાણીનાં પાપોનો દંડ

શરીરથી પાપ કરશો તો વૃક્ષ યોનિમાં જશો. **વાણીનાં પાપ ખોટું છળ, કપટ, ચોરી, બેઈમાની કરશો તો પછી પશુ-પક્ષી, હરણ, ઘોડા, ગધેડા, બકરી, નાગ, વીંછી, બળદ આ પ્રકારની યોનિમાં જશો.** ખોટું બોલવું, છળ-કપટ કરવું, દગો દેવો, ચાલાકી કરવી, હેરા-ફેરી કરવી, વ્યંગ કરવો, કટાક્ષ કરવો, હાંસી ઉડાવવી, આ બધાં વાણીનાં ખરાબ કર્મ છે. આવું કરશે તો એને ગાય, ઘોડા, કૂતરા, બિલાડી સૂવર, પશુ-પક્ષી યોનિમાં જવું પડશે. આ વાણીના પાપની સજા છે.

## મનનાં પાપોના દંડ

જે માનસિક પાપ કરશે, જેમ કે વ્યક્તિ મનમાં ખરાબ-ખરાબ વિચારે છે કે હે ભગવાન! મારા પડોશીના પગ ભાંગી જાય તો સારું. એના મકાનમાં આગ લાગી જાય તો સારું. એની દુકાન બળી જાય તો સારું. મારા ગ્રાહક વધી જશે, એના ઓછા થઈ જશે, હું મઝા કરીશ અને એ ભૂખ્યો રહેશે. આવી આવી મનમાં જે ખરાબ ખરાબ વાત કરે છે, ખરાબ ખરાબ યોજનાઓ ઘડે છે તો એનો દંડ એણે મનથી ભોગવવો પડે છે. મનની સજા કેવી હશે?

મનુસ્મૃતિના ક્લાસ-વર્ગમાં આપણે ભણીએ છીએ કે, જો મનમાં આપણે પાપ કરીએ છીએ, ખરાબ-ખરાબ વિચારીએ છીએ, **લોકો માટે ખરાબ ખરાબ ઈચ્છાઓ, કામનાઓ રાખીએ છીએ તો એનો દંડ સજા એ મળે છે કે બિલકુલ કોઈ નીચ પરિવાર, કોઈ ગરીબ, શૂદ્ર, ચંડાળના ઘરમાં જન્મ લેવો પડશે.**

આગલા જન્મમાં એને મનુષ્યનો જન્મ મળી જશે પણ કોઈ શૂદ્ર, ચંડાળ, ભિખારી આવા નિમ્નસ્તરના પરિવારમાં એને જન્મ મળશે. જો શૂદ્ર, ચંડાળના ઘરમાં જન્મ લઈ લીધો તો ત્યાં ગરીબ મજૂર પરિવારમાં શું હશે?

જે બિચારા ગરીબ મજૂર હોય છે, તેઓ વાસણ માંજવાનું, કચરાં-પોતાં વગેરે મજૂરી કરવાનું કામ કરે છે, આવા-આવા કામ માટે કોઈ શેઠને ત્યાં જતા હોય છે એના નાના-નાના બાળકો હોય છે. એ પણ માની સાથે જાય છે. એ જુએ છે કે અહીં મને ઘુસવા નથી દેતા, મને કોઈ પોતાની પાસે બેસાડવા રાજી નથી, મારી સાથે કોઈ વાત કરવા રાજી નથી, તે બિચારા

મનમનમાં બળતા રહે છે, દુઃખી થયા કરે છે કે આ બધા મોજ કરે છે. એ સારા-સારા ભોજન ખાઈ રહ્યા છે. મને નથી મળતું. એ બધા મને બોલાવતા નથી. મને પાર્ટીમાં અંદર ઘૂસવા નથી દેતા, મને ખાવા નથી આપતા. એ બિચારો મન-મનમાં રડતો રહેશે. એ મનમાં ને મનમાં બળતો રહે છે. દુઃખી થતો રહેશે. આ એના કર્મનું ફળ છે. **એને મનથી પાપ કર્યું, હવે મનથી દુઃખી થતો રહેશે.** આ રીતે મનથી એ બિચારો દુઃખી થઈ બળતો શેકાતો રહેશે. આ એના માનસિક પાપોનો દંડ છે. એ શેઠ જે પાર્ટી ઉજવે છે, ખાશે, પીશે, ડાન્સ કરશે અને એ મજૂરનું બાળક એના ઘરના દરવાજા પાસે જ ઊભો રહી એમ જ જોતો રહેશે.

આ સ્થૂળ સિદ્ધાંતો ઋષિઓએ બતાવી રાખ્યા છે. આપણે આવાં કામ ન કરવાં જોઈએ, જેથી આપણે દંડ ભોગવવો પડે.

**પ્રશ્નઃ આજકાલ બાળકો ખૂબ જ સ્માર્ટ (તેજસ્વી) ઉત્પન્ન થાય છે? શું આ પણ પૂર્વજન્મનું ફળ માનવામાં આવે?**

જી હા, આ પણ કર્મોનું ફળ છે. એમનાં માબાપ (પેરન્ટ્સ) પણ સ્માર્ટ છે. એટલા માટે બાળકો પણ સ્માર્ટ છે પણ એક વાતનું ધ્યાન રાખજો કે આજકાલ જે બાળકો સ્માર્ટ પેદા થઈ રહ્યા છે, એને નિયંત્રિત (કંટ્રોલ) કરવાની જવાબદારી માતાપિતાની વધી ગઈ છે. એમણે પોતાની જવાબદારી પૂરી નિભાવવી જોઈએ.

જો તમે તમારા કૂતરાને સડક ઉપર ફેરવવા લઈ જાવ અને તમારા કૂતરાએ કોઈ નાગરિકને બચકું ભર્યું તો કેસ કૂતરા પર ચાલશે કે તમારા ઉપર? જેનો કૂતરો છે એના માલિક પર ચાલશે ને. એ કૂતરાને કંટ્રોલ કરવાની જવાબદારી એના માલિકની છે પોતાની જવાબદારી સમજી લો. જો તમે તમારા બાળકોને બગાડ્યા અને તમારા બગડેલ બાળકોએ બીજાને હેરાન કર્યા તો એમાં એને દંડ મળશે જ, તમને પણ દંડ થશે. આથી સારા બાળકો બનાવો. એના પર સારું નિયંત્રણ રાખો. એને સારી વાતો શીખવો. એનું ચોવીસ કલાકનું સમયપત્રક બનાવો. માતા-પિતા આમ કરશે તો એના બાળકો સારા બનશે અને એ દેશ-દુનિયાને સુખ આપશે. **દંડ કરો, દંડ વિના કોઈ સુધરતું નથી.** તો પોતાના બાળકો ઉપર આ રીતે કાયદા લગાવો. એના પર આ નિયમ જબરદસ્તીથી લાગુ કરો.

## શું કરીએ કે આગલો જન્મ સારો થાય

એક વ્યક્તિએ પૂછ્યું કે મારે શૂદ્રના ઘરે જન્મ નથી જોઈતો. સારા ઊંચા પરિવારમાં જન્મ જોઈએ છે. માતા-પિતા વિદ્વાન ભણેલ-ગણેલ હોય, ધાર્મિક હોય, ઈમાનદાર હોય, ચારિત્રશીલ હોય, દેશભક્ત હોય, ઈશ્વરભક્ત હોય, ધનવાન પણ હોય, આવા ઘરમાં મારે જન્મ જોઈએ છે તો એના માટે શું કરવું જોઈએ?

એના માટે ઋષિઓએ ઉપાય લખ્યા છે. એના માટે અહીં **કર્મફળના ત્રણ નિયમ** સમજવા પડશે.

(૧) જો કોઈ વ્યક્તિ પોતાના જીવનમાં પચાસ ટકા સારા કર્મ કરે અને પચાસ ટકા ખરાબ, સરખા પ્રમાણમાં બરાબર-બરાબર (ઈક્વલ) સારાખરાબ કર્મ કરે તો એને આગલો જન્મ એક સામાન્ય પરિવારમાં એટલે કે શૂદ્ર પરિવારમાં, મજૂર કે નોકર, ભાડે રહેતા હોય એવા ઘરમાં એને જન્મ મળી જશે. **આ પહેલો નિયમ છે.**

(૨) જો આપણે જીવનમાં સારા કર્મ પચાસ ટકાથી વધુ કરીશું, ૫૫, ૬૦, ૭૦, ૮૦ ટકા સારાં કર્મ કરીશું અને ૧૦-૨૦ ટકા ખરાબ કામ કરીશું. ત્યારે ઊંચા ખાનદાનમાં જન્મ મળશે. સારા-સારા વિદ્વાન માતા-પિતા, ભણેલ-ગણેલ, ધાર્મિક, ઈમાનદાર, ચારિત્રશીલ, દેશભક્ત, ધનવાન પરિવારમાં જન્મ મળશે. જેમ-જેમ સારાં કર્મોની ટકાવારી વધતી જશે, એટલા જ ઊંચા-ઊંચા ખાનદાનમાં જન્મ મળશે અને ૧૦૦ ટકા સારા નિષ્કામ કામ કરશું ત્યારે તો મોક્ષ મળી જશે. **આ બીજો નિયમ છે.**

(૩) જો ખરાબ કર્મ ૫૦ ટકાથી વધારે કરી નાખ્યા, માની લો આખાય જીવનમાં ૫૫, ૬૦, ૬૫, ૭૦ ટકા ખરાબ કામ કર્યા અને સારા કર્યા થોડા. આગળનો જન્મ મનુષ્યનો નહીં મળે. હવે નીચે જવું પડશે. મનુષ્યથી નીચે ગાય, ઘોડા, કાગડા, કબૂતર, ઊંદર, બિલાડી, માખી, મચ્છર બનવું પડશે અને બની શકે છે કે કોઈ એવા કર્મફળમાં નંબર આવી જાય, એવી યોનિમાં જે આપણે આસપાસ ક્યાંય જોઈ ન હોય. કેવા અજબગજબના પ્રાણી જેને ક્યારેય આપણા અડોશ-પડોશમાં જોયાં પણ ન હોય. સાંભળ્યાં પણ ન હોય, કોઈ પક્ષીઘરમાં પણ ન મળે, પણ ડિસ્કવરી ચેનલમાં જોવા મળે છે. એ બરફના સફેદ-સફેદ રંગના રીંછ. આ ત્રીજો નિયમ છે. કીટક, પશુ-પક્ષી, વૃક્ષ યોનિમાં રહેવું પડશે.

ક્યાં સુધી રહેવું પડશે? જ્યાં સુધી પહેલો નિયમ લાગુ નહીં થાય. પચાસ-પચાસ, સારા-ખરાબ કર્મ જ્યાં સુધી બરાબર નહીં થઈ જાય ત્યાં સુધી આપણે મનુષ્યથી નીચે પશુ-પક્ષી, કીડા-મંકોડામાં રહેવું પડશે.

ઉદાહરણ માટે માની લો કે કોઈ વ્યક્તિએ આખા જીવનમાં ૬૦ ટકા પાપ કર્યા અને પુણ્ય ૪૦ ટકા કર્યા. હવે ૬૦ અને ૪૦માં ૨૦નો ફરક છે. ૬૦ ટકા પાપ, ૪૦ ટકા પુણ્ય તો ૨૦ ટકા પાપ, પુણ્યની સરખામણીમાં વધુ થયાં. તો ત્રીજો નિયમ કહે છે કે આ ૨૦નો દંડ ભોગવવા કૂતરું, બિલાડી, સૂવર, માખી, મચ્છર, આંબો, વડ બનવું પડશે. બે-ચાર, પાંચ-સાત, દસ-વીસ, યોનિઓ ખબર નથી, કેટલી યોનિઓમાં ઈશ્વર મોકલશે.

ઈશ્વર જાણે છે, એ ઈશ્વરનો હિસાબ એને ખબર છે, આપણે નથી જાણતા, પણ સ્થૂળ નિયમ એ છે કે જ્યાં સુધી પાપ-પુણ્યનું બેલેન્સ બરાબર નહીં થઈ જાય, ત્યાં સુધી ફરીથી મનુષ્ય નહીં બની શકે. મતલબ, ૬૦માંથી ૨૦ ટકા પાપની સજા ભોગવવા સાપ, વીંછી, કૂતરું, ગધેડું બકરી બનો અને જ્યારે એ ૨૦ની સજા પૂરી થઈ જાય તો હવે એકાઉન્ટ બેલેન્સ બરાબર એટલે કે ઈક્વલ થઈ જશે. ૪૦ ટકા પાપ, ૪૦ ટકા પુણ્ય તો જેમ ઈક્વલ થઈ જશે તો પછી પહેલો નિયમ લાગુ પડશે. પાછા ફરીને કોઈ મજૂર, પટાવાળા, શૂદ્ર, ભાડાવાળા ઘરમાં આપણને પાછો જન્મ મળી જશે. પછી અહીંથી બીજી વખત ચાન્સ અર્થાત્ અવસર મળશે. હવે સારા કામ કરો. સારા કર્મોની સંખ્યા વધશે. હજુ વધારો તો જેમજેમ આપણે સારા કર્મોની ટકાવારી વધારતા જઈશું એમ એમ આપણા આગલા જન્મ સુધરતા જશે. સારા-સારા ઉચ્ચ કક્ષાના થતા જશે.

આને વધારતા વધારતા ૧૦૦ ટકા સુધી પહોંચવાનું છે. ૧૦૦ ટકા સારું કામ થવું અને ખરાબ કામ એક પણ નહીં. અને સારાં કામ એટલે ક્યાં? નિષ્કામ કર્મ. જ્યાં સુધી ૧૦૦ ટકા સારા કામ નહીં કરીએ અને નિષ્કામ કર્મ નહીં કરીએ ત્યાં સુધી મોક્ષ નહીં થાય. ત્યાં સુધી શું થશે? જાતિ, આયુષ્ય ભોગનું ચક્કર ચાલ્યા કરશે. વારંવાર આગલો જન્મ, વારંવાર આગલો જન્મ. આ આખી દુનિયા આ જ ચક્કરમાં ફરી રહી છે.

તમે સાપસીડીની રમત રમ્યા છો ને? મણકા (ડાયસ) ફેંકે છે. પાંચ નંબર આવ્યો છ ઉપર ઊભા હતા તો પાંચ ઘર આગળ ચાલ્યા તો, અગિયારમાં પહોંચ્યા. ત્યાં સીડી લાગી ગઈ. સીધા જ બત્રીસ પર પહોંચી ગયા. ફરી આગળ મણકા ફેંક્યા. સાત નંબર આવ્યો, તો ઓગણચાલીસે પહોંચ્યા. ત્યાં બીજી એક નિસરણી (સીડી) લાગી ગઈ, તોત્તેરે પહોંચ્યા. ફરી આગળનો મણકો ફેંક્યો. ત્રણ નંબર આવ્યો અને છોત્તેરે પહોંચ્યા. ત્યાં સાપ કરડ્યો. તો છોત્તેરેથી પાછા તેર પર આવી ગયા. તો ક્યારેક સાપ કરડે છે, તો ક્યારેક નિસરણી લાગી જાય છે. જ્યારે નિસરણી લાગી જાય છે, તો ઉપર પહોંચી જવાય છે અને સાપ કરડે તો નીચે આવી જવાય છે.

આપણું જીવન પણ આવું જ છે. જ્યારે આપણે સારા કામ કરીએ છીએ, સારા કામ વધુ કરીએ છીએ તો આપણને નિસરણી લાગી જાય છે અને ભગવાન ફટાફટ આગલો જન્મ સારો આપી દે છે. ઉચ્ચ પરિવારમાં જન્મ આપી દે છે. જ્યારે ઉચ્ચ પરિવારમાં જાય છે તો ફરી અક્કડ, અભિમાન આવી જાય છે અને અભિમાનના કારણે વ્યક્તિ જૂઠું બોલે છે, ચોરી કરે છે, અન્યાય કરે છે, દગો દે છે અને પાછો સાપ કરડી લે છે, તો પાછા નીચે આવી જાય છે. બસ, આ દુનિયા આવા ચક્કરમાં ચાલતી રહે છે. ક્યારેક ઊંચે, ક્યારેક નીચે, ક્યારેક આગલો જન્મ સારો, ક્યારેક ખરાબ અને આ ચક્કરમાંથી હજારો જન્મો સુધી લોકો બહાર નથી નીકળી શકતા. આમાંથી બહાર નીકળવાનો રસ્તો, આ કર્મફળ સિદ્ધાંત આપણને શીખવે છે. **૧૦૦ ટકા સારાં કામ કરો. નિષ્કામ કર્મ કરો. મોક્ષ મેળવો અને આ જન્મ-મરણના ચક્કરમાંથી બહાર નીકળો.**

આપણે મોક્ષનું લક્ષ્ય બનાવવું જોઈએ. આપણા જીવનનો **અંતિમ ઉદ્દેશ મોક્ષ** છે. આ વારંવાર જન્મ લઈને તો, પાછી એ જ વાત છે, પાછો આગલો જન્મ થશે તો પાછો અન્યાય થશે. ફરી આપણે દુઃખ ભોગવવું પડશે. શું આપણે દુઃખોથી છૂટવા માંગીએ છીએ? હા. શું સંસારમાં રહીને એ સંભવ છે, કે એકપણ દુઃખ ન આવે? સંભવ નથી. જેટલી વખત જન્મ લેશું, એટલી વખત દુઃખ ભોગવવું પડશે.

એક વ્યક્તિએ પૂછ્યું અમારી પાસે બધું જ છે, ખાવાનું છે, પીવાનું છે, મોટર-ગાડી, સોના-ચાંદી, નોકર-ચાકર, બંગલા બધું તો છે, તો અમને શું દુઃખ છે? મેં કહ્યું તમે કેટલું ભણ્યા? એણે કહ્યું. અમે ઘણું ભણ્યા છીએ. પીએચ.ડી. કર્યું છે? મેં પૂછ્યું કયા સબ્જેક્ટમાં? એ બોલ્યા ભૌતિકશાસ્ત્રમાં. મેં પૂછ્યું, તમે કેટલા વરસ જીવશો? એ બોલ્યા - ૮૦ વરસ, ૧૦૦ વરસ. તો મેં પૂછ્યું. ત્યારપછી શું થશે? એ બોલ્યા - પાછો બીજો જન્મ થશે. તો મેં પૂછ્યું. તમે આગલા જન્મમાં પાછા સ્કૂલે જશો કે નહીં? પાછા એલ.કે.જી.માં બેસશો કે નહીં? જવું પડશે. એક માણસ મુશ્કેલીથી ભણી-ભણીને પીએચ.ડી. સુધી પહોંચ્યો અને થોડા

દિવસમાં એને ફરી પાછો એલ.કે.જી.માં બેસાડી દેશે. બતાવો સમસ્યા છે કે નહીં. આ સમસ્યા દરેકને આવવાની છે. અગર આ સમસ્યાથી બચવું હોય તો એક જ રસ્તો છે, જન્મ લેવાનું બંધ કરી દો. નહીંતર ફરીથી એલ.કે.જી.માં બેસીને બીજી વખત એ, બી, સી, ડી, ક, ખ, ગ, ઘ શીખવું પડશે. જ્યાં સુધી જન્મ લેશું આ બધાં દુઃખ ભોગવવા પડશે. આથી વેદોએ, ઋષિઓએ બતાવ્યું કે આપણા જીવનનું અંતિમ ધ્યેય મોક્ષ છે. આથી સારા કર્મોની ટકાવારી વધારો અને જેટલા જલદી બની શકે, એટલા જલદી ૧૦૦ ટકા સુધી પહોંચી જાવ અને આ જન્મ-મરણના ચક્કરમાંથી છૂટી જાવ. ત્યારે જ આપણે દુઃખોથી પાર થશું. બીજો કોઈ રસ્તો નથી અને બીજો કોઈ વિકલ્પ પણ નથી. તો આ છે, કર્મનો સિદ્ધાંત. સારા કર્મ કર્યા પચાસ ટકાથી વધારે તો મનુષ્ય જન્મ.

## કોણે જોયો છે આગલો જન્મ

જ્યારે અમે કહીએ છીએ કે, ભાઈ તમે સારાં કામ કરો તો ભગવાન આગલા જન્મમાં મનુષ્ય બનાવશે અને ખરાબ કામ કરશો તો કૂતરા, બિલાડી, સાપ બનાવશે તો તુરંત જ લોકો સવાલ કરે છે કે - સાહેબ, કોણે જોયો છે આગલો જન્મ? હું કૉલેજ-યુનિવર્સિટીમાં જાઉં છું, તો વિદ્યાર્થીઓ સાથે વાત કરું છું. ૧૦૦ વિદ્યાર્થી બેઠા છે, હું પૂછું છું કે તમારામાંથી કેટલા લોકો, જે એમ માને છે કે મર્યા પછી બીજો જન્મ થશે? તો ૧૦૦માંથી ૫ કે ૧૦ લોકોના હાથ ઊંચા થાય છે. ફરી હું પૂછું છું કે કેટલા લોકો એ નથી માનતા કે મર્યા પછી કોઈ જન્મ નહીં થાય. એ હાથ ઊંચા કરે તો ૪૦-૫૦ હાથ ઊંચા થાય છે. પછી પૂછું છું કે જેને શંકા છે, સમજાયું નથી કે આગળ જન્મ થશે કે નહીં એ હાથ ઊંચા કરે? તો ૩૦-૪૦ હાથ પાછા ઊંચા થાય છે.

આનો સાર નીકળ્યો કે ૫-૧૦ ટકા વિદ્યાર્થીઓને વિશ્વાસ છે કે મર્યા પછી બીજો જન્મ થશે. જે લોકોને એ વિશ્વાસ છે કે મર્યા પછી બીજો જન્મ થશે. બની શકે છે કે એ લોકો કંઈક સારા કામ કરશે, એનાથી કંઈક બરોબર કામ થશે કારણ કે એને સમજાયું કે જો આગલો જન્મ થયો તો આગળ પણ મનુષ્ય બનવું જોઈએ. ક્યાંય બીજે નીચે ચાલ્યા જશું તો ઘણી મુશ્કેલી થશે. પશુ-પક્ષીમાં ચાલ્યા જશું તો મુશ્કેલી થશે. આગલો જન્મ હોય છે તો ઓછામાં ઓછો મનુષ્યનો તો મળવો જોઈએ. આનાથી નીચે ન જવાય.

એક બીજી વાત છે કે ભગવાનની ઘણી સારી વ્યવસ્થા છે કે આપણે પાછલા જન્મની વાતો ભૂલી જઈએ છીએ એટલે જીવી રહ્યા છીએ. એક જ જન્મમાં માણસ એટલો પરેશાન છે કે એ દુઃખી થઈને આત્મહત્યા કરી લે છે અને જો વ્યક્તિને પાછલા ૧૦-૨૦ જન્મોનાં દુઃખ પણ યાદ આવી જાય, તો બતાવો એ કેમ જીવશે? એ તો પાછલા જન્મના દુઃખોને જોઈ-જોઈને એમ જ મરી જશે અથવા બીજાને મારવાનું શરૂ કરી દેશે.

જેને આ વિષયમાં શંકા છે, એ લોકોને હું નાના-નાના થોડાક પ્રશ્નો પૂછું છું. પહેલો પ્રશ્ન અત્યારે જે તમને મનુષ્યનું શરીર મળ્યું છે, એના વિષે તમે શું વિચારો છો? શું એ મફતમાં મળ્યું છે કે કોઈ કર્મોનું ફળ છે?

આગળનો પ્રશ્ન શું તમે ઈશ્વરમાં માનો છો? એ પણ માનો છો કે આ શરીર તમને ઈશ્વરે આપ્યું છે કે બીજા કોઈએ? ઈશ્વરને તમે કેવા માનો છો, ઈશ્વરની બાબતમાં તમારો શું સિદ્ધાંત છે? શું ઈશ્વર ચૂપચાપ ક્યાંક આંખ બંધ કરીને બેસી રહે છે, કંઈ કામ નથી કરતો, દુનિયાને જોતો નથી? આ દુનિયા કોણે બનાવી? શું તમે બનાવી?

આકસ્મિક (એક્સિડેન્ટલ) જે વસ્તુ બને છે, એ વ્યવસ્થિત (સિસ્ટેમેટિક) નથી હોતી. આ દુનિયા સિસ્ટેમેટિક છે કે એક્સિડેન્ટલ? સિસ્ટેમેટિક, તો જે સિસ્ટેમેટિક હોય છે એ એક્સિડેન્ટલ ન હોઈ શકે. એ અચાનક નથી બનતી, અને એ તો બુદ્ધિથી, વિચારી-સમજીને બનાવવામાં આવી છે. તમે સ્વીકાર કરેલ છે કે **દુનિયા સિસ્ટેમેટિક છે, એટલે એક્સિડેન્ટલ નથી. કોઈને કોઈએ જરૂર બનાવેલી છે.**

હવે બનાવવાવાળાના ત્રણ વિકલ્પ એટલે કે ઑપ્શન તમારી પાસે છે - એક ઑપ્શન છે - મટિરિયલ્સ (પદાર્થ) જેને તમે સ્કૂલ-કૉલેજમાં ફિઝિક્સમાં, કેમેસ્ટ્રીમાં ભણો છો. હિલિયમ, ઓક્સિજન, સિલિકોન, એટમ, ઇલેક્ટ્રોન, પ્રોટોન, ન્યૂટ્રોન, એનર્જી આ બધું મટિરિયલ્સ છે. બીજા છે જીવાત્મા, તમે અને હું. અને ત્રીજો છે ઈશ્વર. ત્રણ જ વસ્તુ છે. ચોથી કોઈ વસ્તુ નથી. હવે વિચારવાનું એ છે કે ત્રણમાંથી દુનિયા કોણે બનાવી?

શું એનર્જી, એટમ, ઇલેક્ટ્રોન, પ્રોટોન, આ મટિરિયલ્સમાં શું થોડીક અક્કલ છે? નથી! આમાંથી કોઈનામાં પણ બુદ્ધિ નથી અને દુનિયા બુદ્ધિથી બનાવેલી છે. **આ મટિરિયલ્સમાંથી કોઈનામાં બુદ્ધિ નથી. એક વાત તો સ્પષ્ટ થઈ ગઈ કે મટિરિયલ્સ ખુદ સૃષ્ટિ નથી બનાવી શકતા.**

બીજી વાત જીવાત્માની, આપણામાં બુદ્ધિ તો છે. આપણે કમ્પ્યુટર બનાવી શકીએ છીએ, મકાન બનાવી શકીએ છીએ, મોબાઇલ બનાવી શકીએ છીએ, કાર

બનાવી શકીએ છીએ, હવાઈ જહાજ બનાવી શકીએ છીએ, સેટેલાઈટ બનાવી શકીએ છીએ, પરંતુ શું આપણે સૂર્ય બનાવી શકીએ છીએ? એ આપણા વશની વાત નથી. શું આપણે સૂર્યમંડળ બનાવી શકીએ છીએ? શું આકાશગંગા એટલે કે ગેલેક્સી આપણે બનાવી શકીએ છીએ? એ તો આપણા વશની વાત નથી.

**આપણે અમુક અમુક વસ્તુ બનાવી શકીએ છીએ, પણ બધી જ વસ્તુઓ નથી બનાવી શકતા. આપણે સમુદ્ર, પર્વત, નદીઓ નથી બનાવી શકતા. પશુ-પક્ષીઓ, મનુષ્યોના શરીર નથી બનાવી શકતા.** તો પછી આને કોણે બનાવ્યા? બસ ત્રીજો બાકી રહ્યો ઈશ્વર એણે જ બનાવ્યા છે. આને બનાવવાવાળો ઈશ્વર છે. આનાથી એક વાત તો સામે આવી ગઈ કે **ઈશ્વરે આ દુનિયા બનાવી છે,** અને ઈશ્વરે સિસ્ટમથી બનાવી, અક્કલથી બનાવી, બુદ્ધિમત્તાથી બનાવી.

હવે આગલો પ્રશ્ન જો ઈશ્વરે બનાવી અને બુદ્ધિથી બનાવી તો એણે સંસારમાં કોઈને મનુષ્ય બનાવ્યા? હા. શું મનુષ્ય, પશુ-પક્ષીઓના શરીર આપણે બનાવી શકીએ છીએ. નથી બનાવી શકતા. ઈશ્વર બનાવી શકે છે તો પ્રશ્ન એ થયો કે ઈશ્વરે મનુષ્ય પશુ-પક્ષી, કીડા, મંકોડા અલગ-અલગ પ્રકારના પ્રાણી બનાવ્યા, એ શું કામ બનાવ્યા, આ ન્યાય કર્યો કે અન્યાય કર્યો? ન્યાય કર્યો. ન્યાયનો નિયમ શો છે?

શું કર્મના આધારે ઈશ્વરે ફળ આપ્યું કે વગર કર્મે? જો કર્મના આધારે આપ્યું તો બધી વાતોનો સાર શું નીકળ્યો? સૃષ્ટિ ઈશ્વરે બનાવી, મનુષ્ય, પશુ, પક્ષી, કીડામંકોડા આ ઈશ્વરે બનાવ્યા. ઈશ્વરે વ્યવસ્થાથી બુદ્ધિપૂર્વક બનાવ્યા. ઈશ્વર ન્યાયી છે અને ન્યાયનો મતલબ છે, કર્મના આધારે ફળ આપવું. આ બધી વાતોનો સાર એ નીકળ્યો કે મનુષ્ય, પશુ, પક્ષી જે બધા બનાવ્યા, એ કર્મના ફળથી બનાવ્યા કે મફતમાં બનાવવામાં આવ્યા? કર્મફળથી. બસ અહીં સુધી જ આવવાનું હતું. તમે યોગ્ય જગ્યાએ પહોંચી ગયા. એ પ્રશ્નનો જવાબ મળી ગયો કે મનુષ્ય પશુ-પક્ષીના જે શરીર આપણને મળ્યા છે, એ ફ્રીમાં, મફતમાં નથી મળ્યા, આ કર્મોનું ફળ છે. હવે અમારો સવાલ.

તમને જે અત્યારે મનુષ્ય શરીર મળ્યું છે, જે શરીરમાં તમે-હું બેઠા છીએ, આ કર્મોનું ફળ મળ્યું છે કે મફતમાં મળ્યું છે. તમે કહ્યું - **"મનુષ્યનું શરીર મળવું કર્મોનું ફળ છે."**

કર્મફળનો પહેલો નિયમ આ જ હતો. **"આ શરીર કર્મોનું ફળ છે."**

ન્યાય કોને કહેવાય છે? કર્મ પહેલાં કરવામાં આવે અને ફળ પછી આપવામાં આવે. આ ન્યાય છે અથવા ફળ પહેલાં આપવામાં આવે અને કર્મ પછી કરવામાં આવે. આ ન્યાય છે? ન્યાય તો છે - કર્મ પહેલાં ફળ પછી. આ જ બીજો નિયમ છે કે કર્મ પહેલાં અને ફળ પછી.

જો આ શરીર, કર્મોનું ફળ છે અને કર્મ પહેલાં, ફળ પછી તો પ્રશ્ન એ છે કે જે કર્મોનું ફળ આ શરીર છે, એ કર્મ તમે ક્યારે કર્યાં હતાં?

**જે કર્મોના ફળ સ્વરૂપે તમને આ શરીર મળ્યું છે, એ કર્મ તમે આ જન્મમાં તો નથી કર્યાં. તો પછી ક્યારે કર્યાં? પૂર્વજન્મમાં. અને ફળ ક્યારે મળ્યું આ જન્મમાં.**

તો આનાથી પૂર્વજન્મ સાબિત થઈ ગયો કે નથી થયો? આ વહેવારુ પ્રમાણ છે. હવે, બે જન્મ સમજમાં આવ્યા કે ના આવ્યા? આવી ગયા.

બુદ્ધિથી, તર્કથી જ્યારે આપણે વિચાર કરીએ છીએ, પ્રમાણોથી વિચાર કરીએ છીએ તો એ જાણવા મળે છે કે મનુષ્યનું શરીર આપણને મફતમાં નથી મળ્યું. દેવાવાળો ઈશ્વર છે, એ ન્યાયી છે, ન્યાય ક્યારેય ફ્રીમાં નથી આપતો. કર્મ કરો ત્યારે જ ફળ આપે છે. એટલા માટે આ શરીર કર્મોનું ફળ છે. કોઈને મનુષ્યનું શરીર મળ્યું. કોઈને પશુ-પક્ષીનું, કોઈને કીડા-મંકોડાનું તો કોઈને વૃક્ષ-વનસ્પતિનું.

આ જે મનુષ્યનું શરીર છે, એ કેવા કર્મોનું ફળ છે? સારાં કે ખરાબ? સારાં. અને પશુપક્ષીનું શરીર કેવા કર્મોનું ફળ છે? સારાં કે ખરાબ? ખરાબ.

એક વ્યક્તિએ કહ્યું કે એમાં સારા અને ખરાબની ક્યાં વાત છે, બધા પ્રાણી એક જેવા છે? મેં પૂછ્યું કે બધા એક જેવા કેવી રીતે છે? બોલ્યો બધા બરાબર સુખી છે. બરાબર દુ:ખી છે. એમાં ઓછા વત્તાનો સવાલ જ નથી. બધા વધુ જીવવા માગે છે. મરવાનું તો કોઈ નથી ઈચ્છતું. માણસ પણ જીવવા ઈચ્છે છે. ઘોડા, કૂતરા, વાંદરા પણ જીવવા ચાહે છે, સાપ પણ જીવવા ઈચ્છે છે. બધા જીવવા ઈચ્છે છે. તો બધા બરાબર તો થયા. મેં કહ્યું ના એવું નથી. જીવવા બધા ઈચ્છે છે, એ કહેવું બરાબર છે પરંતુ બધા જીવવા ઈચ્છે છે એટલા માત્રથી બધા જ બરાબર સુખી-દુ:ખી સાબિત નથી થતું. છતાં પણ એના સુખદુ:ખમાં અંતર છે. એ બોલ્યા કેવી રીતે અંતર છે. સમજાવો? મેં કહ્યું એક દૃષ્ટાંત આપું છું. એક વ્યક્તિ એક કંપનીમાં નોકરી કરે છે. એને મહિનાનો ૨૦ હજાર રૂપિયા પગાર મળે છે. એક બીજી કંપનીવાળા એને ઑફર કરે છે. ભાઈ આ ૨૦ હજારવાળી નોકરી છોડો. અમારી કંપનીમાં આવો. અમે તમને

૨૫ હજાર આપીશું. કામ એટલું જ, કલાક પણ એટલા, બધું જ સરખું અને પગાર ૫ હજાર વધારે. ૨૫ હજાર આપીશું. એ લેશે કે નહીં? હા લેશે. એક ત્રીજો વ્યક્તિ આવ્યો. એણે ઓફર કરી. તમે આ ૨૦ હજારવાળી નોકરી છોડો અમારી કંપનીમાં આવો. અમે તમને ૧૫ હજાર આપીશું. કામ એટલું જ, કલાક એટલા જ અને પગાર ૧૫ હજાર. હવે શું બોલશે? ના કેમ બોલ્યો? એનું શું કારણ છે? જે વસ્તુમાં એને ફાયદો લાભ દેખાય છે? ત્યાં શું જવાબ હશે? હા, અને જ્યાં તેને નુકસાન દેખાય છે, ત્યાં શું જવાબ હશે? ના. હા અને ના વાતનું કારણ શું થયું? લાભ અને નુકસાન. હવે આ સિદ્ધાંતના આધારે હું તમને ઑફર કરું છું આગલા જન્મમાં તમને કૂતરું બનાવશું. બોલો હા કે ના. ના બોલી રહ્યા છો, એનો અર્થ શું થયો? કૂતરું બનવામાં નુકસાન છે તો બધા બરાબર સુખી ક્યાં છે? જો બધા બરાબર સુખી છે તો પછી કૂતરું બનો, ગધેડું બનો, ઘેટું—બકરું બનો. કંઈ પણ બનો પણ તમે મનાઈ કરે છો. ના-ના અમારે તો મનુષ્ય બનવું છે. એનો અર્થ, મનુષ્ય બનવામાં લાભ છે.

## આગલા જન્મમાં મળવાવાળું બીજું ફળ છે આયુષ્ય

આયુષ્યનો અર્થ: જીવનનો સમય, જીવવાનો કાળ. જો મનુષ્યનું શરીર મળ્યું તો ૭૦-૮૦ વર્ષ જીવીશું અને ઘોડાનું મળ્યું તો ૮૦ વર્ષ નહીં જીવી શકાય. ઘોડો ૮૦ વર્ષ નથી જીવતો. એ તો ૨૦ વરસ જીવશે, ૨૫ વરસ જીવશે, સારું ખાવાનું મળી જાય તો ૩૦ પણ જીવી લેશે. એવી જ રીતે કૂતરું છે ૧૨-૧૪-૧૫ વર્ષ જીવશે પણ માખી, મચ્છર તો આટલું પણ નથી જીવી શકતા. એ તો એથી પણ ઓછું જીવે છે. **જે પ્રાણીનું જેવું શરીર બનાવ્યું એ શરીરની જેટલી જીવવાની ક્ષમતા છે, જેટલા લાંબા સમય સુધી જીવવાની એની કેપેસિટી છે, એ એનું આયુ કહેવાય છે.** દરેક શરીરનું આયુ અલગ અલગ છે. જેમ કે મનુષ્યનું ૭૦-૮૦ વર્ષ, ૧૦૦ વર્ષ. ગાય ઘોડાનું એથી ઓછું, માખી-મચ્છરનું એનાથી પણ ઓછું. આ આયુ પણ કર્મોનું ફળ છે.

દરેકનું સ્વાભાવિક આયુ અલગ-અલગ છે કારણ કે દરેકના કર્મ અલગ અલગ છે. આથી દરેકના ફળ પણ અલગ અલગ છે. આથી દરેકના શરીરમાં શક્તિ પણ અલગ અલગ છે.

પરમાત્માએ જન્મ સમયે આપણા શરીરમાં જેટલી શક્તિ ભરી દીધી. એ શક્તિ જ્યાં સુધી ચાલશે બસ ત્યાં સુધી આપણી ઉંમર છે. એ શક્તિ કોઈ સીત્તેર વરસમાં ખર્ચ કરશે, કોઈ એંશી વર્ષ સુધી કોઈ સો વર્ષ સુધી ખર્ચ કરશે.

## ઉંમર પહેલેથી જ નક્કી નથી હોતી

હવે જે પાછલા કર્મોથી મળેલ વાત ચાલી રહી છે કે ટ્રકવાળાએ સ્કૂટરવાળાને મારી નાખ્યો તો લોકો કહે છે કે એની ઉંમર આટલી હતી. ઉંમર આટલી નહોતી. જો આ દુર્ઘટના ન થાત તો એ હજુ વધુ જીવત. માની લો કે જે ટ્રક નીચે માર્યો ગયો એ ૩૨ વર્ષનો જુવાન હતો. એના શરીરમાં તાકાત હતી. જો દુર્ઘટના ન થાત તો એ ૭૦-૮૦ વર્ષ જીવી શકત.

કર્માનુસાર ઈશ્વર આયુ આપે છે. પહેલાં લોકો સારા કામ કરતા હતા. ખાવા-પીવાનું ઠીક હતું, વ્યાયામ પણ ઠીક હતો, બ્રહ્મચર્યનું પાલન પણ કરતા હતા, દિનચર્યાનું પાલન પણ કરતા હતા, વગેરે વગેરે. લોકો આયુષ્ય વધારવાવાળા આ કર્મોનું આચરણ કરતા હતાં. ભગવાન સો વર્ષનું આયુષ્ય આપણને આપતા હતા. હવે એ બધું બદલાઈ ગયું. ઘણી વસ્તુઓ બગડી ગઈ. આથી ભગવાન હવે ૧૦૦ વર્ષનું આયુ આપી નથી મોકલતા.

ભગવાન કોઈ-કોઈને સો વર્ષનું આયુ આપે છે. જેના જેવા કર્મ હોય છે, એને એવું આયુ આપે છે. ઓછું આયુ આપીને પણ મોકલે છે. જેવું શરીર હશે, એ મુજબ આયુ મળશે. મનુષ્ય શરીર મળ્યું તો મનુષ્ય શરીરમાં જેટલી ક્ષમતા છે એટલું આયુ મળી જશે.

## આયુષ્ય પણ દરેક વ્યક્તિનું અલગ-અલગ છે

કોઈનું શરીર મજબૂત છે, તો એ એંસી વર્ષ સુધી જીવશે. કોઈનું શરીર નબળું છે, એ સિત્તર વર્ષ જીવશે. કોઈનું વધુ નબળું છે, તો એનો સાઠમાં શાંતિપાઠ થઈ જશે.

એક તો જન્મથી આયુષ્ય મળ્યું. જન્મથી જેવું, જેટલું બળવાન શરીર મળ્યું. આ તો છે, પાછલા જન્મના કર્મોનું ફળ. માની લો, કોઈ વ્યક્તિને જન્મથી એવું શરીર મળ્યું કે જો કોઈ દુર્ઘટના ન બને અને બરાબર સામાન્યરૂપે જીવ્યા કરે, તો એનામાં એટલી તાકાત છે કે એ સિત્તેર વર્ષ સુધી જીવી શકે છે. આ આયુષ્ય તો પાછલા કર્મોથી એને મળ્યું.

## આપણે આપણી ઉંમર વધારી શકીએ છીએ

જે ઉંમર છે, એ આપણે વધારી પણ શકીએ છીએ અને ઘટાડી પણ શકીએ છીએ. માની લો કે પાછલા જન્મોના કર્મોથી આપણને ભગવાને એટલું

સારું મજબૂત શરીર આપ્યું. એટલી શક્તિ ભરી દીધી કે આપણે સામાન્ય જીવન જીવતા રહીએ તો ૭૦ વર્ષ જીવી શકીશું.

જો આ જન્મમાં પાછાં નવા કર્મો કરીએ તો આપણે એ નવા કર્મથી આયુષ્ય વધારી શકીએ છીએ. એના ઉપાયો આ પ્રમાણે છે - રાત્રે જલદી સૂઈ જવું, મતલબ ૧૦ વાગ્યે, ૧૦:૩૦ વાગ્યે, મોડામાં મોડું ૧૧ વાગ્યા સુધીમાં સૂઈ જાવ. સવારે વહેલું ઊઠવું. ૪-૫ વાગ્યા સુધીમાં ઊઠી જાવ. વ્યાયામ કરવો, બ્રહ્મચર્યનું પાલન કરવું, ખાવા-પીવામાં સંયમ રાખવો. શાકાહારી ભોજન કરવું, ઈશ્વરનું ધ્યાન ધરવું. દરરોજ પોતાના ઘરે હવન કરવો. ઈમાનદારીપૂર્વક જીવનમાં વ્યવહાર કરવો. ચોરી ન કરવી, સાચું બોલવું, જૂઠું ન બોલવું. બીજાની સાથે ન્યાયપૂર્વક વ્યવહાર કરવો. અન્યાય ન કરવો. ખરાબ કામોથી દૂર રહેવું અને બીજાને યથાશક્તિ મદદ કરવી. સહાયતા કરવી. આ બધાં સારાં કામ કરીશું તો આપણું આયુષ્ય વધી જશે. આ ઉપાયોથી આ જ જન્મમાં આપણે નવા પુરુષાર્થથી આયુષ્ય વધારી શકીએ છીએ.

કોઈ સારી રીતે વ્યાયામ કરી શરીરને બળવાન બનાવી લે તો આયુષ્ય વધી પણ શકે છે. હવે જો તે **નવો વ્યાયામ કરી, પુરુષાર્થ કરીને, બ્રહ્મચર્યનું પાલન કરીને, સારું ખાવા-પીવાનું રાખીને, રોગોથી બચતો રહ્યો, દુર્ઘટનાઓથી બચતો રહ્યો તો એની ઉંમર દસ-વીસ વર્ષ વધારે વધી શકે છે.**

આયુષ્ય તો સિત્તેરનું હતું પરંતુ એ નેવું સુધી જીવી ગયો. જે વીસ વર્ષ આયુષ્ય વધી ગયું એ આ જીવનના નવા કર્મોનું ફળ છે.

## આપણે આપણી ઉંમર ઘટાડી શકીએ છીએ

વેદ આધારિત આયુષ્યનું જે શાસ્ત્ર છે, આયુર્વેદ. એમાં ઋષિઓએ બતાવ્યું કે જો આનાથી **ઊલટાં કામ કરશો તો આયુષ્ય ઘટી પણ જાય છે. કેવી રીતે ઘટી જશે.** માની લીધું કે પાછલા જન્મના કર્મોથી આપણે ૭૦ વર્ષની ઉંમર મળી હતી અને હવે આ જન્મમાં શું કર્યું એણે? રાત્રે મોડે સુધી જાગવું, મોડેથી સૂવું અને વ્યાયામ ન કરવો. ખાવા-પીવાનું ઠીક ન રાખવું, ઈંડા, માંસ ખાવું, શરાબ પીવો, ગુટકા મસાલા, પાન-તમાકુ અને ભાંગ વગરે વગેરે નશાની વસ્તુઓનો ઉપયોગ કરવો. બ્રહ્મચર્યનું પાલન ન કરવું. યજ્ઞ ન કરવો, ઊલટ-સૂલટ (વ્યભિચાર) વગેરે કર્મ કરવાં અને બીડી-સિગારેટ પીવી. આ બધા કામ કરશે તો આયુષ્ય ઘટી જશે. દસ-વીસ વરસ ઓછું થઈ જશે.



આની સાથે સંકળાયેલ એક બીજી વાત છે કે - **વધુ જીવવાની શરીરમાં ક્ષમતા હોવા છતાં જરૂર નથી કે વ્યક્તિ એટલું જીવી લે.**

ભગવાન જેટલું આયુષ્ય આપીને મોકલે છે એની પણ ગેરન્ટી નથી કે વ્યક્તિ એટલા દિવસ જીવી જ જશે. વ્યક્તિ ત્યારે જીવી શકે છે, જ્યારે તે દુર્ઘટનાઓથી બચતો રહે. એક્સિડન્ટ થાય છે, મરી જાય છે, પેદા થતાં જ મરે છે, બે વરસના પણ મરે છે એની સુરક્ષા-સારસંભાળ બરોબર ન થઈ શકી. ઈન્ફેક્શન થઈ ગયું. મરી ગયા.

જો દુર્ઘટના થઈ ગઈ, એક્સિડન્ટ થયો, પછી તો તરત મૃત્યુ થઈ શકે છે. એની તો કોઈ પણ ગેરન્ટી નથી. કોઈ ઠેકાણું નથી. ક્યારેય પણ, ક્યાંય પણ, કંઈ પણ થઈ શકે છે. આ રીતે નવાં કર્મોથી આયુષ્યને ઘટાડી પણ શકાય છે. કોઈ દારૂ પીવા લાગ્યો, માંસ-ઈંડા ખાવા લાગ્યો. નશો કરવા લાગ્યો તો ૭૦માંથી ૫૦માં જ પૂરો થઈ જશે અને જો દુર્ઘટના બની ગઈ તો ગમે ત્યારે મરી શકે છે.

એકની ભૂલના કારણે બીજાને નુકસાન થાય છે. આપણે સડક પર બરોબર ચાલીએ છીએ. પાછળથી ટ્રક, કારવાળો આવીને આપણી સાથે ટકરાય છે. આ જ રીતે ડૉક્ટરની ભૂલથી, નર્સની ભૂલથી, માબાપની ભૂલથી બાળકોને નુકસાન થઈ શકે છે. એનું મૃત્યુ થઈ શકે છે,હાથ પગમાં ખોડ આવે છે. કંઈપણ થઈ શકે છે. વિમાન દુર્ઘટનામાં માર્યો ગયો, કૂવામાં કૂદી પડ્યો, એણે વીજળીનો તાર પકડી લીધો, ઝેર પી લીધું, ક્યાંક ટ્રેનની દુર્ઘટનામાં માર્યો ગયો. કંઈ પણ થઈ શકે છે. **દુર્ઘટનાઓના કારણે આયુષ્ય ગમે ત્યારે નષ્ટ થઈ શકે છે અને જો દુર્ઘટનાઓ ન બની, તો આ જન્મના પોતાનાં નવાં કર્મોથી આયુષ્યને ઘટાડી-વધારી શકાય છે.**

આયુર્વેદ આયુષ્ય (જીવન)ની બાબતમાં બતાવે છે. આયુર્વેદમાં એક સો એક પ્રકારનાં મૃત્યુ લખ્યાં છે અને લખ્યું છે કે એમાંથી ફક્ત એક મૃત્યુ સ્વાભાવિક (કાળમૃત્યુ) છે. એ આપણા કર્મના ફળથી થાય છે અને એ અત્યંત વૃદ્ધાવસ્થામાં થાય છે. **જ્યારે શરીરની બધી શક્તિ ખતમ થઈ જાય છે, ત્યારે જીવાત્મા શરીર છોડી દે છે, આ સ્વાભાવિક મૃત્યુ (નેચરલ ડેથ) છે.** બાકીનું સો પ્રકારનું મૃત્યુ અસ્વાભાવિક, આકસ્મિક, અકાળ-મૃત્યુ કે એક્સિડન્ટ ડેથ છે. એ પહેલાંથી લખાયેલ (ડિસાઈડેડ) નથી હોતું. કોઈ પંખા પર લટકી જાય, કોઈ નદીમાં કૂદી જાય, કોઈ પિસ્તોલથી ગોળી મારી લે, કોઈ ટ્રેન નીચે કપાઈ જાય, કોઈ પ્લેન-ક્રેશમાં માર્યો જાય. કોઈ રોડ એક્સિડન્ટમાં માર્યો જાય, કોઈ આતંકવાદી ગોળી મારી દે, કોઈ પહાડ પરથી ખીણમાં પડી જાય, ખબર

નથી કેટલી રીતે માણસ ક્યારેય પણ ક્યાંય પણ મરી શકે છે. આ બધી જ દુર્ઘટનાઓથી થતું અકાલ મૃત્યુ એટલે કે એક્સિડન્ટ ડેથ છે. એ પહેલેથી નિશ્ચિત નથી. એટલા માટે ધ્યાનપૂર્વક ચાલો, દુર્ઘટનાઓથી બચો. આ રીતે આપણા આયુષ્યને ઘટાડવું-વધારવું આપણા હાથમાં છે.

## વેદાનુસાર આયુષ્ય ઘટે-વધે છે

વેદોમાં લખ્યું છે કે આયુષ્ય ઘટે છે અને વધે છે. એટલે કે મનુષ્યનું આયુષ્ય ફ્લેક્સિબલ (લચકદાર) છે કોઈ મરવાનો દિવસ, સમય, સ્થાન, પહેલેથી નક્કી નથી. સંધ્યાનો એક મંત્ર તમે રોજ બોલો છો.

*જીવેમ શરદઃ શતમ્, ભૂયશ્ચ શરદઃ શતાત્।*

**હે પ્રભુ! અમે સો વરસથી પણ વધુ જીવીએ.**

જો કોઈનું મૃત્યુ ભગવાને નક્કી કરી દીધું કે આ પાંત્રીસમા વર્ષે મરશે. અમુક હાઈવે ઉપર મરશે. અમુક ટ્રક નીચે કચડાઈને મરશે. એ માણસ જો કહે કે "હે ભગવાન! હું સો વર્ષ જીવું." એને આ સો વરસ જીવવાની પ્રાર્થના ભગવાને શીખવી. આનો અર્થ એ છે ભગવાન આપણા દ્વારા ખોટું બોલાવડાવે છે. એક બાજુ તો કહે છે કે "તને પાંત્રીસથી આગળ જવા જ નહીં દઉં." બીજી બાજુ કહે છે - "મને કહો કે હું સો વરસ જીવું. સોથી વધારે પણ જીવું. આ વિરોધાભાસ છે.

**પ્રશ્નઃ** માણસે મૃત્યુથી ડરવું જોઈએ કે નહીં?

**ઉત્તરઃ** માણસને મૃત્યુથી ડરવાથી શું લાભ થાય છે? નથી થતો. જે કામથી લાભ નથી થતો, એ કામ ન કરવું જોઈએ. મૃત્યુથી બચવું તો જોઈએ. નાહકનું વગર મોતે શા માટે મરી જવું?

આયુર્વેદમાં એક સો પ્રકારનું મૃત્યુ લખ્યું છે. એમાંથી સ્વાભાવિક મૃત્યુ ફક્ત એક છે. અત્યંત વૃદ્ધાવસ્થામાં જ્યારે ઘરડા થઈ જશું. જે દિવસે ધીરે ધીરે કરીને શક્તિ ખતમ થઈ જશે. એ આપણું સ્વાભાવિક મૃત્યુ છે. શરીરમાં ઈશ્વરે આપણને શક્તિ આપેલી છે. એમ કરતાં ૭૦-૮૦-૯૦ વર્ષમાં એક ને એક દિવસ આ શક્તિ પણ પૂરી રીતે સમાપ્ત થઈ જશે. વૃદ્ધાવસ્થામાં મનુષ્ય પહોંચશે તો મૃત્યુ આવશે. આ ઈશ્વરે આપેલું સ્વાભાવિક મૃત્યુ હશે.



**ભલે આપણે સ્વાભાવિક મૃત્યુથી મરીએ કે દુર્ઘટનાથી મરીએ. એક ને એક દિવસ તો બધાએ મરવાનું છે. એટલા માટે જે ઘટના નિશ્ચિત થવાની છે એનાથી બચવાનો કોઈ ઉપાય નથી. કોઈ રીત નથી. તો એનાથી ડરવું ન જોઈએ.** એની તૈયારી કરવી જોઈએ. એટલા માટે સડક પર લખ્યું હોય છે. **"સાવધાની ઘટી દુર્ઘટના વધી."** એટલા માટે સાવધાની રાખો. દુર્ઘટનાઓથી બચો, પોતાનું આયુષ્ય વધારો, મૃત્યુથી ડરવું ન જોઈએ, સુરક્ષા જરૂર રાખવી જોઈએ. ડરવું એ એક અલગ વસ્તુ છે અને સુરક્ષા રાખવી એ પણ અલગ વસ્તુ છે. આ થઈ ગઈ આયુષ્યની વાત.

## આગલા જન્મમાં મળવાવાળું ત્રીજું ફળ ભોગ છે

ત્રીજું ફળ છે ભોગ. ભોગનો અર્થ છે 'સેવન કરવા યોગ્ય પદાર્થ. સુખ-દુઃખને ભોગવવાના સાધન. જેમ કે ધન-સંપત્તિ, મકાન, મોટર-ગાડી, અન્ન, વસ્ત્ર, સોના-ચાંદી, ટી.વી., રેડિયો વગેરે. આ જેટલાં સુખ-દુઃખ ભોગવવાનાં સાધન છે, એનું નામ છે ભોગ. ભોગનો અર્થ જે તમને જીવવાના સાધન મળે છે. જે જન્મથી મળ્યા છે, માતાપિતાના ઘરમાં જન્મથી જે તમને સંપત્તિ મળી ગઈ. પરિવાર, મોટર, ગાડી, ખાવાનું, પીવાનું જે કંઈ પણ સાધન મળ્યું. આ બધું ભોગ શબ્દની અંતર્ગત છે.

કોઈને શેઠના ઘરમાં જન્મ મળ્યો, કોઈને ગરીબના ઘરમાં, કોઈને વિદ્વાનના ઘરમાં, કોઈને સામાન્ય વ્યક્તિને ત્યાં મળ્યો. એના ઘરમાં જે કંઈપણ જીવવાના સાધન, સંપત્તિ હશે, એ બધા એના ભોગ કહેવાય છે એ તો છે પાછલા કર્મોનાં ફળ. પરંતુ હવે આ ભોગને આપણે ઘટાડી શકીએ છીએ અને વધારી પણ શકીએ છીએ.

## આપણે ભોગને ઘટાડી-વધારી શકીએ છીએ

હવે જાણો કે જન્મથી જે માતા-પિતાના ઘરમાં જન્મ મળ્યો, એની પાસે ઘણી સંપત્તિ હતી. એના ભોગ ઘટે છે કેવી રીતે?

કોઈ બાળકના પાછલા જન્મમાં કર્મ સારા હતા. એને શ્રીમંતના ઘરે જન્મ મળ્યો. આ રીતે એને પૂર્વજન્મના કર્મોથી સારો-એવો ભોગ મળી ગયો. ખૂબ સંપત્તિ મળી ગઈ. જન્મથી જ એને ખાવા-પીવાની ભોગવવાની ઉત્તમ સુવિધા મળી પણ આગળ ચાલીને એ વિદ્યાર્થી બનીને સ્કૂલમાં ભણવા ગયો. ત્યારે એણે મહેનત ન કરી, પુરુષાર્થ ન કર્યો, બુદ્ધિનો વિકાસ ન કર્યો. જે જન્મથી મળેલ

સંપત્તિ હતી એ પણ દારૂ પીવામાં અહીં-તહીં મિત્રો દોસ્તોની સાથે હરવા-ફરવામાં, મોજ-મસ્તીમાં, જુગાર સટ્ટામાં, જ્યાં-ત્યાં બીજા ઊલટા-સીધા કામોમાં સંપત્તિ ખોઈ નાખી. નષ્ટ કરી નાખી. **આગળ આ જન્મમાં રહેવા છતાં પણ નવા કર્મ જેમ કે ભણ્યો નહીં, પોતાની બુદ્ધિ ન વધારી, ધન-સંપત્તિને સંભાળી ન શક્યો. કોઈ બીજા લોકો ઝૂંટવીને લઈ ગયા તો આપણા ભોગ ઘટી ગયા.**

આ રીતે બુદ્ધિનો વિકાસ કર્યો નહીં, તો એ ધીરે ધીરે નીચે આવી જશે. જે સંપત્તિ પાસે હતી એ પણ ખોઈ બેસશે.

ભોગ વધે છે કેવી રીતે? જે પરિવારમાં આપણને જન્મ મળ્યો. જે જન્મથી પૈતૃક સંપત્તિ હતી. એનાથી આપણે ભણ્યા-ગણ્યા અને બુદ્ધિનો વિકાસ કર્યો. ખૂબ સારી રીતે મહેનત કરી અને ખૂબ ધન કમાણા. સારી સારી સુવિધાઓ ઘરમાં એકઠી કરી લીધી. આ રીતે આપણા આ જન્મનાં નવાં કર્મોથી આપણા ભોગ વધી ગયા.

ધારો કે એક વ્યક્તિના પાછલા કર્મ બહુ સારા નહોતા. એટલા માટે એને સામાન્ય ગરીબ પરિવારમાં જન્મ મળ્યો. વધુ સારું ખાવા-પીવાનું, વધુ સારાં વસ્ત્રો, વધુ સવગડતા ન મળી. પાંચ વરસની ઉંમરો એ વ્યક્તિ સ્કૂલમાં ભણવા માટે ગઈ. ભણીગણીને એણે ખૂબ પુરુષાર્થ કર્યો. બુદ્ધિમાન થઈ ગયો. એમ. એ. પીએચ.ડી. થઈ ગયો. આગળ ચાલીને એને નોકરી પણ મળી ગઈ. એને સારો પગાર મળવા લાગ્યો. ધીરે ધીરે એણે પોતાનું મકાન પણ સારું બનાવી લીધું. પછી ધીરે ધીરે સારું કમાઈને મોટરકાર પણ ખરીદી લીધી. આમ એણે ભોગનાં સાધન વધારી લીધાં.

ગરીબ માણસ મહેનત કરી નવા (પુરુષાર્થ)થી ભોગના સાધન વધારી શકે છે. એમાં વધારો અને પરિવર્તન પણ કરી શકે છે.

આથી જાણવા મળ્યું કે **આગળ નવા જીવનમાં આવીને આપણે પાછા સ્વતંત્ર છીએ. આપણે ભણીને, બુદ્ધિનો વિકાસ કરીને, પોતાના સાધનો વધારી લઈએ અથવા બેદરકારી દાખવીને, જુગાર રમીને, દારૂ પીને આમ તેમ બગાડી નાખીએ અને સારી એવી સંપત્તિ પણ ખોઈ નાખીએ તો એ ભોગને ઘટાડી દેશે. એ બન્ને વસ્તુ આપણા હાથમાં છે.** બન્નેમાં આપણે સ્વતંત્ર છીએ. આ રીતે "સુખ-દુઃખના ભોગવવાના સાધન" ઘટાડી શકાય છે અને વધારી શકાય છે. આ સાધનોને કોઈ ઝૂંટવીને લઈ પણ જઈ શકે છે અને ક્યારેક ક્યારેક કોઈ આપી પણ શકે છે.



જો તમે ભોગ વધારનારાં નવા કર્મ કરશો, તો ભોગ વધી જશે. જો નહીં કરો તો ભોગ નહીં વધે. આયુષ્ય વધારવાનાં કર્મ કરશો તો, આયુષ્ય વધશે અને એવાં કર્મ નહીં કરો, તો આયુષ્ય નહીં વધે. એ પરિસ્થિતિ ઉપર આધાર રાખે છે. ભોગ વધી પણ શકે છે, ઘટી પણ શકે છે.

**પ્રશ્ન:** **બે વ્યક્તિ એક સાથે, એક જ સરખાં જ કાર્ય કરે છે. છતાં પણ એમને અલગ-અલગ ફળ કેમ મળે છે?**

**ઉત્તર:** આનો જવાબ છે કે જો બન્ને એક જેવું કાર્ય કરે છે તો પછી બન્નેનું પરિણામ પણ એક જેવું જ આવવું જોઈએ. જો પરિણામમાં અંતર છે તો પછી ક્યાંક ને ક્યાંક કર્મમાં પણ અંતર છે. બે વ્યક્તિ ગણિતમાં (દાખલાનો જવાબ) લાવે છે પાંચને આઠ સાથે ગુણશે તો કેટલા જવાબ આવશે? એકે ગુણાકાર કર્યો તો જવાબ આવ્યો ૪૦. બીજાએ ગુણાકાર કર્યો તો પણ ૪૦. બન્નેએ બરાબર-ગુણાકાર કર્યો એટલે બન્નેનો જવાબ સરખો આવ્યો. જો એકે પાંચને આઠ સાથે ગુણ્યા તો એનો જવાબ આવે છે ૪૦. અને બીજાએ કર્યો તો જવાબ આવે છે-૩૩. તો સવાલ થાય છે કે શું બન્નેએ બરોબર ગુણાકાર કર્યો? ના. એકે ગરબડ કરી જેથી બન્નેના જવાબ એક સરખો ના આવ્યો. બન્ને વ્યક્તિ પુરુષાર્થ કરે છે અને બન્નેને એક સમાન ફળ નથી મળતું તો મતલબ બન્નેમાંથી કોઈ એકે ક્યાંય ભૂલ કરી છે. ક્યાંક ભૂલ થઈ છે. આથી બન્નેએ એકસરખું કાર્ય ન કર્યું.

એક વ્યક્તિ સારી કમાણી કરી લે છે અને સાથેનો બીજો વ્યક્તિ ત્યાં જ રહી જાય છે. આ વાતથી જ એ સાબિત થઈ જાય છે કે બન્નેએ બરાબર એકસરખી મહેનત નથી કરી. ક્યાંક ને ક્યાંક અંતર રહ્યું છે. માની લો કે બે વેપારી વેપાર કરે છે અને તમને એમ લાગે છે કે બન્નેએ એકસરખી મહેનત કરી છે. વાસ્તવમાં બન્નેએ એકસરખી મહેનત નથી કરી. એમના સાધનોમાં પણ તફાવત છે અને રીતમાં પણ અંતર છે.

સફળતાનાં કારણો શું છે, એ જાણી લો. આ કારણ છે સફળતાનાં. એક છે કર્મ કરવાની રીત એટલે કે પ્રોસેસ, બીજું છે કર્મ કરવાનાં જે સાધન છે એટલે કે ઈન્વેસ્ટમેન્ટ છે, કેપિટલ છે, માર્કેટમાં તમારી દુકાન ક્યાં છે, સારી જગ્યા પર છે કે અંદર ઈન્ટિરિયરમાં, માલ કેવી રીતે સજાવો છો? વેરાયટી કેટલી રાખો છો? ગ્રાહક સાથે વાત કેવી રીતે કરો છો? એક વેપારી ગ્રાહક ઉપર ગુસ્સે થાય છે જ્યારે બીજો વેપારી ગ્રાહક સાથે પ્રેમથી મધુરવાણીમાં વાત કરે છે, તો અંતર આવી ગયું કે નહીં? જે વેપારી ગ્રાહક ઉપર ગુસ્સે થાય

છે એનો ધંધો પડી ભાગશે. જે પ્રેમથી વાત કરે છે, ગ્રાહક માલ ખરીદે કે ન ખરીદે, એ ઝઘડો નથી કરતો, ગુસ્સો નથી કરતો, એનો ધંધો ચાલશે. આવાં નાનાં નાનાં ઘણા કારણો હોય છે. જ્યારે તમે ઊંડાણપૂર્વક તપાસ કરશો ત્યારે તમને ખબર પડી જશે કે બન્નેએ એકસરખી મહેનત નથી કરી. બન્નેની કામ કરવાની રીત બરોબર છે કે નહીં? કોઈ સમયસર આવે છે કોઈ મોડો આવે છે. વગેરે વગેરે ઘણાં કારણો હોય છે. એમાં ક્યાંક ને ક્યાંક જવાબ મળી જશે અને ક્યારેક તુક્કો પણ કામ કરી જાય છે. તુક્કો પણ ત્યારે લાગે છે જ્યારે એ કારણોમાં ક્યાંક ને ક્યાંક અંતર હશે. ક્યારેક કોઈ વ્યક્તિ થોડું વધારે કમાઈ લે છે તો બીજો ઓછું કમાઈ શકશે.

## ઈશ્વર પાપ માફ નથી કરતો

લોકો તો કહે છે કે હરિદ્વાર જાવ, ગંગાજળમાં સ્નાન કરો, બધાં પાપ ધોવાઈ જાય છે. કોઈ મંદિરે જાય છે, કોઈ મસ્જિદમાં જાય છો, કોઈ ચર્ચમાં જાય છે. સૌ પોતપોતાના તીર્થસ્થાને જાય છે અને ભગવાન પાસે માફી માગે છે. શું ભગવાન એના પાપની સજા માફ કરી દે છે? નથી કરતો. તો શું કામ જાય છે? શું મંદિરમાં પાપ માફ કરવવા જવું જોઈએ? ન જવું જોઈએ કારણ કે ઈશ્વર માફ નથી કરતો.

ન્યાયનો નિયમ છે કે જો સારું કર્મ કર્યું તો સારું ફળ મળશે અને જો ખરાબ કર્યું તો ખરાબ ફળ મળશે ત્યાં માફીનો કોઈ સવાલ જ નથી. મંદિરે જઈને માફી માંગશો તો માફી નહીં મળે.

**આગળ સાતમો નિયમ એ બતાવ્યો કે જો કર્મ કર્યું તો ફળ ચોક્કસ મળશે.** ધારો કે, તમે કોઈ કંપની ચલાવો છો અને તમારી કંપનીના કર્મચારી લોકો ભૂલો કરે છે, ચોરી કરે છે અને એ આવીને કહે કે સાહેબ મને માફ કરી દો, તો શું તમે માફ કરી દેશો? જો એકને માફ કર્યો તો બીજો પણ તમારી કંપનીમાં ચોરી કરશે પછી એ પણ આવીને કહેશે કે સાહેબ મને પણ માફ કરી દો. જો તમે બીજાને પણ માફ કરી દીધો તો ત્રીજો પણ ચોરી કરશે. જે ચોરી નથી કરતો એ પણ ચોરી કરવાનું શરૂ કરી દેશે. આ રીતે કંપની નહીં ચાલે. આખી કંપની ફડચામાં જશે. આથી ન્યાય કહે છે કે કર્મ કર્યું તો ફળ ચોક્કસ મળશે. એમાં માફીનું કોઈ કામ નથી. માફ કરવાથી વ્યક્તિનો સ્વભાવ સુધરશે કે બગડશે, એટલા માટે ધ્યાન રાખો કે કોઈ મંદિરમાં જઈને માફી માંગવાથી આપણું પાપ માફ નહીં થાય.



જો હરિદ્વારમાં, ગંગાજીમાં સ્નાન કરવાથી પાપ ધોવાઈ જાત તો ત્યાં આટલું મોટું પોલીસ સ્ટેશન બનાવવાની, પોલીસની શા માટે જરૂરત હતી? જે કોઈ પણ પાપ કરે, એને કહો, જુઓ! ગંગાની લહેર વહી રહી છે. એમાં ડૂબકી મારો, પોલીસમાં શું કામ જાવ છો? પાપ તો ધોવાઈ જ જશે, પછી પોલીસની શું જરૂર છે? તમે હરિદ્વારનું પોલીસ સ્ટેશન બંધ ન કરાવી શકો. એનો અર્થ એ થયો કે પાપ નથી ધોવાતાં એટલે જ તો જરૂર પડી પોલીસની. હરિદ્વારમાં પોલીસ સ્ટેશન પણ છે, કોર્ટ પણ છે, વકીલ પણ છે, ન્યાયાધીશ પણ છે, બધાં જ કામ થાય છે, બરોબર આવું ને આવું દિલ્હીમાં ચાલે છે જેમ અમદાવાદમાં ચાલી રહ્યું છે. જેટલા મોટા તીર્થસ્થાન છે, બધી જગ્યાએ મોટા મોટા પોલીસ સ્ટેશન છે, મોટી મોટી કોર્ટ લાગેલ છે. આના પરથી જાણવા મળે છે કે કોઈ પાપ માફ થવાનું નથી. ખોટી ભ્રમણામાં ન રહો. જો તમારા મનમાં આવો ભ્રમ હોય તો મહેરબાની કરીને દૂર કરી દેજો.

એક વૈદિક ધર્મને છોડી બાકી જેટલા પણ સંપ્રદાયવાળા છે, લગભગ એ બધાયે એ પાઠ ભણાવ્યા છે કે તમે પાપ કરો, અમને દાન આપો, અમે તમારા પાપ માફ કરાવીશું. સ્વર્ગમાં સ્થાન અપાવીશું. આ બધો દોષ આ પંડિતોનો છે. આ પંડિતોએ વિપરીત પાઠ ભણાવી ભણાવીને બધી જનતાને ગુનેગાર બનાવી દીધી છે અને આખી દુનિયામાં પાપ ફેલાવી દીધું છે.

જો વેદનો વૈદિક સિદ્ધાંત શીખવતા હોત કે પાપ ન કરો. પાપ કરવાથી ભગવાન સજા કરશે. વેદમાં લખેલ છે. ભગવાન કૂતરો બનાવશે, સાપ બનાવશે, વીંછી બનાવશે, ઘોડો બનાવશે, તો પાપ ઓછાં થઈ જાત. **આ બધા દુનિયાભરના પંડિત પ્રચારકો પોતપોતાના સંપ્રદાયવાળા પોતપોતાના અનુયાયીઓને વિદ્યાર્થીઓને, સહયોગીઓને જો પાઠ ભણાવવાનું શરૂ કરી દે કે ભાઈઓ પાપ ન કરો, ભગવાન સાપ બનાવી દેશે, કૂતરો બનાવી દેશે, વીંછી બનાવી દેશે, તો બતાવો દુનિયામાં પાપ વધશે કે ઘટશે? ઘટશે.** તમે ઇચ્છો છો ને કે પાપ ઘટવાં જોઈએ? બસ, આનો ઉપાય આ છે. ઋષિઓએ આપને એ સમજાવ્યું કે કર્મફળને સારી રીતે સમજો. કોઈ પાપ માફ થવાનું નથી.

**પ્રશ્ન:** **શું સંચિત કર્મ કે પ્રારબ્ધ કર્મને આપણે કોઈ ઉપાય, વિધિ, તંત્ર-મંત્ર, બાધા કે અન્ય ઉપાયોથી દૂર કરી શકીએ? લોકોને ઉપાય કરવાથી ફળ મળે છે, એનું કારણ શું છે?**

આ પ્રશ્નનો જવાબ છે કે સંચિત કર્મ અલગ છે, પ્રારબ્ધ કર્મ અલગ છે.

જે સંચિત કર્મ છે, જમા થયેલું, જેનું ફળ મળવાનું હજી શરૂ નથી થયું, કોઈ વિધિથી, તંત્રથી, મંત્રથી, બાધાથી આપણે એને બદલી ન શકીએ. જેમ હમણાં બતાવ્યું હતુ કે કર્મ કર્યું તો ફળ ચોક્કસ મળશે. એમાં કોઈ પરિવર્તન (ચેન્જ) ન થઈ શકે. જે કર્મ કરી લીધું એ તો કરી લીધું, એનું ફળ તો ભોગવવું જ પડશે. એનું ફળ ભોગવ્યા વિના છુટકારો નહીં થાય. કોઈ દાન કરો, કોઈ મંદિરમાં જાવ, કોઈ નદીમાં સ્નાન કરી થોડી પૂજા-પાઠ કરો, કોઈ વિધિ કરો, એનાથી કોઈ પાપ માફ થવાનું નથી. એનાથી કોઈ પરિવર્તન થવાનું નથી. એ તો ભોગવવું જ પડશે. સારા કર્મનું ફળ સારું, અને ખરાબ કર્મનું ફળ ખરાબ. એ તો સમાપ્ત કે કેન્સલ નથી થતું. ઈશ્વરની ન્યાય વ્યવસ્થામાં કેન્સલેશન નથી. ઈશ્વરની કર્મફળ વ્યવસ્થામાં સારા કર્મોમાંથી ખરાબ કર્મ કે ખરાબમાંથી સારાં કર્મ કેન્સલ થતાં નથી.

ભારત સરકાર પણ કર્મફળ કેન્સલ નથી કરતી. ઘણું સુંદર દૃષ્ટાંત છે. થોડા વરસ પહેલાં બિહારમાં એક નદીમાં પુર આવ્યું લોકો ડૂબવા લાગ્યા. એક સારો તરવૈયો હતો, એણે તરીને ૨૦ લોકોના જીવ બચાવ્યા. સરકારને જાણ થઈ તો એણે જાહેરાત કરી દીધી કે એણે ૨૦ લોકોના જીવ બચાવ્યા, આને ઈનામ આપવું. અઠવાડિયા પછી એ વ્યક્તિને કોઈ સાથે ઝઘડો થઈ ગયો. વાત વધીને મારામારી પર આવી ગઈ અને મારામારી પણ એટલી બધી વધી ગઈ કે જેણે ૨૦ લોકોના જીવ બચાવ્યા હતા એણે એકને મારી નાખ્યો, જ્યારે મારી નાખ્યો તો એ ગયો સરકાર પાસે અને કહેવા લાગ્યો કે પાછલા અઠવાડિયે મેં ૨૦ના જીવ બચાવ્યા હતા, આજે એકનો જીવ લઈ લીધો. તમે એક કામ કરો, ૨૦માંથી એકને કેન્સલ કરો અને ૧૯નું ઈનામ આપી દો. હવે બોલો, સરકાર માનશે? નહીં માને. કોઈ કેન્સલેશન નહીં. તો મેં કહ્યું, જ્યારે સરકાર નથી કરતી તો ભગવાન શા માટે કેન્સલેશન કરશે? એ જરા પણ એક સોયના નાકા બરાબર પણ આમતેમ નહીં કરે. **એટલા માટે કોઈ વિધિ કરો, મંત્ર કરો, તંત્ર કરો, યંત્ર કરો, બાધા કરો, કંઈ પણ કરો, એ બધું નકામું છે. એનાથી કોઈ ફળ બદલાવાનું નથી. જેવું કર્મ કર્યું છે, એવું જ ફળ મળશે. એ થવાનું જ છે.**

પોતાના દ્વારા થયેલ કર્મોનું ફળ વ્યક્તિએ ખુદ જ ભોગવવું પડે છે. એને કોઈ વ્યક્તિ કે બીજા કોઈને નથી આપી શકતો. કેટલાક લોકો યજ્ઞ, જપ વગેરે બીજા દ્વારા એવું માનીને કરાવે છે કે એના આ કાર્યનું ફળ એને (બીજાને) મળી જશે. **કોઈ કોઈનું પાપ ન તો પોતાના માથે લઈ શકે છે અને ન પુણ્ય ખરીદી શકે છે.** એક વ્યક્તિને દસ હજાર રૂપિયા મહિનાનું મહેનતાણું મળ્યું.



એ વ્યક્તિએ પોતાનું બધું જ મહેનતાણું કોઈ ગરીબને આપી દીધું, તો એવું નહીં માનવામાં આવે કે એણે પોતાનું બધું જ ફળ કોઈ બીજાને આપી દીધું. કારણ કે દાન દેવાવાળાનું દાન આપવું એક નવું કર્મ છે, જેનું શુભ ફળ એને ઈશ્વર ભવિષ્યમાં આપશે. બરાબર આ જ રીતે કોઈ પાપી વ્યક્તિ પોતાના પાપકર્મનો દોષ કોઈ નિર્દોષ વ્યક્તિ ઉપર લગાવી એને સજા અપાવી દે છે, તો એ પણ નવું કર્મ બની જશે. એને એનું ફળ પણ મળશે અને સાથે જૂના ખરાબ કર્મનું ફળ પણ મળશે.

અહીં વાત એ છે કે શું મંત્રના જાપથી, યજ્ઞ કરવાથી અથવા દાન દેવાથી કષ્ટ દૂર થઈ શકે છે? જવાબ એ છે કે

(૧) **આપણે યજ્ઞ કરીશું, મંત્રનો જાપ કરીશું તો ભગવાન આપણને સહનશક્તિ આપશે. એનાથી કષ્ટ-દુઃખ આપણા માટે હળવું થઈ જશે.** કષ્ટ ભોગવવું તો પડશે, પરંતુ એ એટલું ભારે નહીં લાગે, હળવું લાગશે. આરામથી નીકળી જશે.

(૨) **મંત્રના જાપથી આગળ માટે બુદ્ધિ સારી થઈ જશે. પછી આપણે ઘણા સારાં સારાં કામ કરીશું.** આગળ હવે ગુનો નહીં કરીએ તો આવનારાં દુઃખ ટળી જશે. કારણ કે આગળ ગુનો નહીં કરીએ તો પાપની સજા શું કામ મળશે? એટલા માટે મંત્રજાપ કરવો જોઈએ, યજ્ઞ કરવો જોઈએ.

(૩) ગાયત્રી મંત્રનો પાઠ કરવો એક સારું કામ છે. ચોરી કરવી એ ખરાબ કામ છે. સારા કામથી ખરાબ કામ કેન્સલ નથી થતું. તમે એક લાખ **ગાયત્રી મંત્રનો જાપ કર્યો એનું ફળ અલગથી મળશે. ચોરી કરી, એની અલગથી સજા મળશે.** એટલા માટે બંને કર્મોનું ફળ અલગ-અલગ છે.

(૪) જો વ્યક્તિ ચોરી કરીને દાન આપે છે તો પણ એ ચોરીની સજામાંથી બચી નથી શકતો. ગરીબોનું શોષણ કરવું, લોહી પીવું આ એક ગુનો છે. એક શેઠે આ ગુનો કર્યો, એટલા માટે એની સજા શેઠને મળશે. કોઈએ શેઠનું ધન લૂંટી લીધું, એ પણ ગુનો છે અને એને લૂંટવાની સજા મળશે. એને એ અધિકાર નથી કે એ શેઠની સંપત્તિ લૂંટી (ચોરી) લે અને બીજાઓને દાનમાં આપી દે. લૂંટીને દાન આપવું એનો અધિકાર નથી. પોતે ધન કમાવો અને ગરીબને આપો તો કોણ રોકે છે? એ રાજા (સરકાર)નું કામ છે. પરમાત્માનું કામ છે. એ એને સજા આપશે. બીજી વ્યક્તિ કાયદો હાથમાં નથી લઈ શકતો. દાન આપવું 'શુભકર્મ'

છે. લૂંટફાટ કરવી ‘અશુભ-કર્મ છે. બંને કર્મ અલગ-અલગ છે. બન્નેનાં અલગ-અલગ ફળ છે.

(૫) એક વ્યક્તિ સમાધિ લગાવે છે, ઈશ્વરની ઉપાસના કરે છે. તો એને ઈશ્વરનો અનુભવ થાય છે. પ્રતીતિ થાય છે, ઈશ્વર દ્વારા આનંદ મળે છે, જ્ઞાન મળે છે, બળ મળે છે, ઉત્સાહ મળે છે. ઘણા-બધા સારા ગુણોની પ્રાપ્તિ થાય છે. સમાધિકાળમાં ઈશ્વરની ઉપાસના જ એક માત્ર કર્મ હોય છે.

**સમાધિ-કાળમાં પણ એણે જે પહેલાં કરેલાં કર્મ છે એ જમા રહે છે. એનાથી કર્મ નાશ નથી થતાં.** ખરું જોતાં કર્મ વગર ફળ ભોગવે નાશ થતું નથી. એ ભલે સમાધિ લગાવે કે ન લગાવે. જો કોઈ પણ વ્યક્તિએ કંઈ પણ કર્મ કર્યું છે, તો એનું ફળ વિના સંશય ભોગવવું જ પડશે.

કર્મ, ફળ આપ્યા વિના નાશ થતું જ નથી, એ હંમેશાં જમા રહે છે. જ્યારે એનું ફળ મળતું જાય છે તો ફળ ભોગવવાથી એ કર્મ દૂર થઈ જાય છે. ધારો કે કોઈ વ્યક્તિના બે હજાર કર્મ હતાં. ત્રણસો કર્મોનું ફળ મળી ગયું, સત્તર સો બાકી રહી ગયાં. હવે સમાધિ લગાવો કે ન લગાવો, કોઈ ફરક નહીં પડે. એ બાકી રહેલાં સત્તર સો કર્મ, ફળ ભોગવીને જ નષ્ટ થશે, નહીંતર નહીં.

---

**પ્રશ્નઃ ખોટું કામ થઈ ગયું અને ખબર પડી ગઈ કે ભૂલ થઈ ગયેલ છે, તો એનું પ્રાયશ્ચિત્ત શું કરવું જોઈએ?**

**થઈ ગયેલ ખરાબ કર્મો પ્રત્યે મનમાં ગ્લાનિ અને દુઃખનો અનુભવ કરવો અને એવાં કામો ન કરવાની દૃઢ પ્રતિજ્ઞા, મનના નિર્ણયને પ્રાયશ્ચિત્ત કહેવાય છે.**

પોતાની ભૂલનું પ્રાયશ્ચિત્ત કરવાથી ન તો આપણે એના ફળથી બચી શકીએ છીએ કે અને ન તો એના ફળને ઓછું કરી શકીએ છીએ. એટલા માટે પ્રાયશ્ચિત્તમાં કર્મફળને નાશ કરવાનું સામર્થ્ય નથી.

પ્રાયશ્ચિત્તથી જે લાભ થાય છે તે એ છે કે એનાથી આપણા એ કર્મ કરવાના ખરાબ સંસ્કાર (વાસના) નબળા અને ક્ષીણ થઈ જાય છે. અને જ્યારે એ સંસ્કાર નથી રહેતા અથવા ઓછા થાય છે, તેથી તમને એ ખરાબ કર્મો કરવાની મનમાં ઈચ્છા નથી થતી અથવા અગાઉની અપેક્ષાઓ ઓછી થાય છે. જેથી એ કર્મો બીજી વખત કરવામાંથી આપણે બચી જઈએ છીએ. આ પ્રાયશ્ચિત્તનો મોટો લાભ છે. મનુમહારાજ કહે છે–

*प्रायो नाम त्तपः प्रोक्तं चितं निश्चय उच्यते।*
*तपो निश्चयसंयुक्तं प्रायश्चित्तमिति स्मृतम्*

(મનુસ્મૃતિ ૧૧/૪)

*कृत्वा पापं हि सन्तष्य तस्मात्पापात्प्रमुच्यते।*
*नैवं कुर्यात् पुनरिति निवृत्त्यापूयते तु सः॥*

(મનુસ્મૃતિ ૧૧/૨૩)

મનુજીએ કહ્યું છે કે *“प्रायः”* આ *प्रायश्चित* શબ્દનો પહેલો ભાગ-ટુકડો છે. એનો અર્થ છે તપ કરવું. **તપ કરવું** એટલે થોડુંક દુઃખ ભોગવવું. બીજો ટુકડો છે *“चित्तम्”* આનો અર્થ છે *निर्णय.* જ્યારે આ બંને એક થઈ જાય છે તો વ્યક્તિ દુઃખ પણ ભોગવે છે અને આગળ ભૂલ ન કરવાનો નિર્ણય પણ કરે છે. આ પ્રાયશ્ચિત્ત કહેવાય છે.

જે પાપકર્મ થઈ ગયું, એના માટે પ્રાયશ્ચિત્ત કરો, એટલે કે નિશ્ચિતપણે એ દૃઢ કરો અને પ્રતિજ્ઞા કરો કે ફરીથી આવું પાપ નહીં કરું. આનાથી એ વ્યક્તિ પવિત્ર આચરણવાળી બની જાય છે.

પાપ કર્યા પછી થોડું દુઃખ ભોગવી વ્યક્તિ પાપના સંસ્કારનો નાશ કરી એ સંસ્કારથી છૂટી જાય છે. કષ્ટ ભોગવવાથી સંસ્કાર નાશ થઈ જાય તો આગળ એ પાપ નહીં કરે. પછી સંકલ્પ કરે તો એ સંકલ્પથી વ્યક્તિ પવિત્ર થઈ જાય છે.

*सावित्रीं च जपेन्नित्यं पवित्राणि च शक्तितः।*
*सर्वेष्वेव्रतेष्वेवं प्रायश्चित्तार्थमादृताः॥*

(મનુસ્મૃતિ ૧૧/૧૮)

અર્થાત્ પ્રાયશ્ચિતકર્તા પ્રાયશ્ચિત સમયે પોતાની શક્તિ મુજબ વધુમાં વધુ ગાયત્રી મંત્ર અને મનને પવિત્ર કરવાવાળા મંત્રોનો જાપ કરે. આમ કરવું દરેક વ્રતમાં પ્રાયશ્ચિત્ત માટે ઉત્તમ માનવામાં આવેલ છે. **ખરાબ કર્મોના સંસ્કાર ન બને, આપણું જીવન પવિત્ર બની રહે અને ઉન્નતિ કરતું રહે, એટલા માટે પ્રાયશ્ચિત્ત ખૂબ જ મહત્ત્વનું સાધન છે.** તેથી શાસ્ત્રકારોએ એનું વિધાન કર્યું છે.

એમનું વિધાન એ છે કે **શારીરિક અપરાધ કર્યો તો શારીરિક પ્રાયશ્ચિત્ત**

**કરો, શરીરની કોઈ સજા લો. વાણીથી ગુનો કર્યો તો વાણીનો દંડ લો.** માનસિક અપરાધ કર્યો તો માનસિક દંડ લો. દંડ લેવાનો અર્થ થોડુંક કષ્ટ ઉઠાવવું, થોડોક અફસોસ કરવો અને સંકલ્પ કરવો કે હવે તો ભૂલ થઈ ગઈ. પણ બીજી વખત નહીં કરું.

ઉદાહરણ માટે, ટેબલ ઉપર કાચનો ગ્લાસ રાખ્યો હતો અને ભૂલથી હાથ અડી ગયો તે નીચે પડી તૂટી ગયો. આથી વીસ રૂપિયાનું નુકસાન થઈ ગયું. આ શારીરિક અપરાધ થયો. આ શરીરથી ભૂલ થઈ. એ એનો શારીરિક દંડ લેશે. એક તો શારીરિક દુઃખ ઉઠાવશે જેમ કે ૨૦ રૂપિયાનું નુકસાન થયું તો નિર્ણય કર્યો કે ચાલો આજે બપોરના ભોજનમાં ૫૦ ટકા ઓછું ખાઈશું. આ પ્રાયશ્ચિત્તના રૂપે થોડુંક કષ્ટ ઉઠાવશે અને સારી રીતે મનમાં જોરદાર મજબૂત સંકલ્પ કરશે કે આજે તો બેદરકારીથી ગ્લાસ તૂટી ગયો, પરંતુ આવી ભૂલ બીજી વખત નહીં કરું. આ રીતે શારીરિક ભૂલ થઈ તો શારીરિક દંડ ભોગવીને પ્રાયશ્ચિત્ત થાય છે.

જો વાણીથી ભૂલ થઈ, જેમ કે કોઈને જૂઠું બોલ્યાં, કઠોર ભાષા બોલ્યાં, એની મશ્કરી કરી, તો વાણીનો દંડ લો, વાણીનો દુરુપયોગ કર્યો તો ૨ કલાક મૌન રાખો. આજે બે કલાક વાત નહીં કરીએ. વાણીનું બે કલાક મૌન રાખીશું અને મનમાં સંકલ્પ કરીશું, અફસોસ કરીશું કે મારાથી કેમ આવી ભૂલ થઈ? ઘણી ભૂલ થઈ, હવે નહીં કરું અને એમાં થોડો સમય ભગવાનની પ્રાર્થના કરો, સંકલ્પ કરો, ભગવાન પાસે શક્તિ માંગો કે આજે ભૂલ થઈ ગઈ, હવે આગળ નહીં કરું.

મનમાં કોઈના વિષે ખરાબ વિચાર કરી લીધો, એનો આ રીતે નિર્ણય કરી લીધો કે હે ભગવાન! મારા પડોસીનો પગ ભાંગી જાય, એની દુકાનમાં આગ લાગી જાય તો એનું માનસિક પ્રાયશ્ચિત્ત કરો. એમાં પણ એકાંતમાં જઈ ઈશ્વરનું ધ્યાન કરો, મનથી ઈશ્વરનું ચિંતન કરો, ભગવાન પાસે પ્રાર્થના કરો કે હે ભગવાન! મેં ખોટું વિચાર્યું, હું આનું પ્રાયશ્ચિત્ત કરું છું અને ઘણો અફસોસ અનુભવું છું. મારાથી વાસ્તવમાં મોટી ભૂલ થઈ ગઈ છે, હું હવે આગળ એવું નહીં કરું, તમે મને વિદ્યા આપો. બળ બુદ્ધિ શક્તિ-સામર્થ્ય આપો, મને ઉત્સાહ-હિંમત આપો જેથી હું આવી ભૂલો ન કરું. જો હું આ ભૂલો કરતો રહીશ તો તમે મને દંડ આપશો. હું દંડ ભોગવવા નથી ઈચ્છતો. એટલા માટે હું ખૂબ દઢતાપૂર્વક સંકલ્પ કરું છું કે હવે આવી ભૂલો નહીં કરું. આ રીતે એનું પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ.



**અડધી જિંદગી વીતી ગઈ. આજે કર્મફળના વિષયમાં સમજણ મળી, અજ્ઞાનતાથી જે પાપકર્મ થઈ ગયાં એની સજા કે દંડથી બચવાનો કોઈ ઉપાય ખરો?**

હવે જે થઈ ગયું તે થઈ ગયું. આગળ એમ માનીને ચાલવાનું છે કે જાગ્યા ત્યાંથી સવાર, આમ તો ચાર વાગ્યે, પાંચ વાગ્યે ઊઠી જવું જોઈએ અને એક વ્યક્તિ સૂતી રહી અને સૂતાં સૂતાં હવે દશ વાગે આંખ ખૂલી તો શું એ દશ વાગે ઊઠીને પોતાની દૈનિક દિનચર્યા નહીં કરે? કરશે ને! ચાર વાગે, પાંચ વાગે ઊઠી જતો તોપણ એ જ કરતો. હવે દશ વાગ્યે ઊઠ્યો તો પણ એ જ કરશે. આજે જાગી ગયો તો બસ, આજથી સવાર શરૂ થઈ ગઈ.

આજથી સારાં કામ શરૂ કરશે. જે ખરાબ કામ કરી રહ્યા છે એ બંધ કરો. અત્યાર સુધી જે ગોટાળા કરી લીધા, એ કરી લીધા, હવે આગળ એ કરવાનું છે કે ગોટાળા બંધ કરો. સારાં કામ શરૂ કરો અને મરતા પહેલાં પોતાના સારાં કાર્યોનું બેલેન્સ વધારી દો, ૫૦ ટકાથી વધારે કરી લો. આગળનો જન્મ મનુષ્યનો મળી જશે. **પાપોની કોઈ માફી નથી, ઈશ્વર છોડશે નહીં.** હવે જેટલો સમય જીવનનો બાકી છે એ તમારા હાથમાં છે. એટલા માટે જલદીમાં જલદી સારાં સારાં કામ કરો. વધુમાં વધુ સારાં કામ કરો.

અધ્યાય- ૪

# કર્મ અને ફળ, પુરુષાર્થ અને ભાગ્ય

## કર્મફળ સિદ્ધાંત સમજવો ઘણો અઘરો

આ **"કર્મફળ"** વિષય ઘણો અઘરો છે. દુનિયામાં આ વિષયમાં ઘણી ભ્રમણાઓ ફેલાયેલી છે. એટલા માટે આ વિષયને સમજવા માટે તમારે થોડો પરિશ્રમ કરવો પડશે.

જો તમારે ગણિતશાસ્ત્ર ભણાવવાનું હોય તો ઘણું સરળ છે. એવું એટલા માટે, કારણ કે ગણિત ભણાવવામાં ક્યાંય કોઈ મુશ્કેલી નથી. ભારતથી અમેરિકા સુધી બધા દેશોમાં એક સમાન ગણિત ભણાવાય છે. જો તમે પાંચને આઠથી ગુણશો તો બધી જગ્યાએ એક જ જવાબ આવશે, ચાલીસ. એટલા માટે ગણિત ભણાવવામાં કોઈ સમસ્યા, કોઈ ઝઘડો, કોઈ મતભેદ નથી, પરંતુ **જે વિષયમાં પહેલેથી જ હજારો પ્રકારના મતભેદ પ્રવર્તે છે, એ વિષય ભણાવવો તો ઘણો અઘરો છે.**

જ્યારે શિક્ષક ગણિતશાસ્ત્ર ભણાવતા હોય અને ક્યાંક બે વ્યક્તિઓના એમાં મતભેદ થઈ જાય, વિચાર-ભેદ થઈ જાય તો કેમ ખબર પડે કે બેમાંથી કોણ સાચું છે ? તો એનો જવાબ હોય છે કે ગણિતનું પુસ્તક ઉઘાડી જવાબ જોઈ લો. પુસ્તકમાં જે જવાબ છે તે બરાબર છે. આ વિષયમાં ગણિતનું પુસ્તક પ્રમાણ છે.

કર્મફળના વિષયમાં લોકોમાં ઘણો બધો મતભેદ છે. કર્મફળના વિષયમાં કોઈ કંઈક માને છે, કોઈ બીજું કંઈક માને છે. પહેલેથી ઘણા બધા વિચારભેદ છે. લોકોમાં ઘણોબધો મતભેદ છે. હજારો વર્ષોથી આ ભ્રમણાઓ મન-મગજમાં ભરાઈને બેઠી છે. એ ભ્રમણાઓને, સંશયોને, બેચાર કલાકમાં દૂર કરવા ઘણા અઘરા છે. અહીં ધ્યાન રાખવા જેવું છે કે જે લોકો સ્વાધ્યાય નથી કરતા, સત્યાર્થપ્રકાશ, ઋગ્વેદાદિ ભૂમિકા, દર્શન, ઉપનિષદ વેદ, મનુસ્મૃતિ વગેરે ગ્રંથોનું અધ્યયન નથી કરતા, તો એમને વાત સમજવામાં સમય લાગશે. કારણ કે એમની પાસે પશ્ચાદ્‌ભૂમિ (બૅકગ્રાઉન્ડ) નથી.

## વેદ અને વેદાનુકૂળ ગ્રંથોને આધારે કર્મફળ સિદ્ધાંતને સમજવો જોઈએ

આ પુસ્તકના વાચન દરમિયાન તમારા મનમાં એ રીતનો સંશય પેદા થઈ શકે છે કે અત્યાર સુધીમાં તો અમે આમ જ સાંભળતા આવ્યા છીએ. બચપણથી તો કંઈક જુદું જ માનતા આવ્યા છીએ અને આજે તમે અમને નવી વાત જણાવી રહ્યા છો. આ વિષે તમારી વાત ઠીક માનવી કે અત્યાર સુધી આખી દુનિયા જે માનતી આવી છે એ ઠીક માનવું?

અહીં મારો જવાબ એ જ હશે કે **આ વિષયમાં જે પુસ્તક પ્રમાણ છે, એ છે વેદ, દર્શનશાસ્ત્ર, ઉપનિષદ્‌, મનુસ્મૃતિ, સત્યાર્થપ્રકાશ વગેરે વગેરે.** એને ઉપાડીને ઉઘાડી અથવા એનો અભ્યાસ કરી જોઈ લો. આ જે ઋષિઓના બનાવેલ ગ્રંથો છે, વેદો ઉપર જે વ્યાખ્યાન ઋષિઓએ લખ્યા છે એ પ્રમાણિત પુસ્તકો છે. એ પુસ્તકોના પ્રમાણથી આપણે આ વિષયને પ્રસ્તુત કરવાનો પ્રયત્ન કરીશું. ઋષિઓથી, વેદોથી, બહાર આપણે નહીં જઈએ. આના આધારે જ આપણે જે કંઈ પણ કહીશું, સત્ય જ કહીશું. જેમ ન્યાયાલયમાં લોકો 'ગીતા' ઉપર હાથ રાખીને સોગંદ ખાય છે કે કંઈ પણ કહીશ, સત્ય-સત્ય કહીશ. સત્ય સિવાય બીજું કંઈ નહીં કહું. એ જ રીતે હું પણ તમારી સામે સોગંદ લઉં છું કે જે કંઈ પણ કહીશ, વેદોની, ઋષિઓની વાત કહીશ. આ સિવાય બીજું કંઈ નહીં કહું. આથી તમે પણ એ જ ભાવનાથી, એ જ દૃષ્ટિથી, અભ્યાસ કરો, સાંભળો અને સમજવાનો પ્રયત્ન કરો.

## કર્મફળના દસ નિયમ

શું નિયમ હશે કર્મફળના ? **પહેલો નિયમ છે સારા કર્મનું સારું ફળ. બીજો નિયમ છે ખરાબ કર્મનું ખરાબ ફળ. ત્રીજો નિયમ છે મિશ્ર કર્મનું મિશ્ર ફળ.**

**ચોથો નિયમ:** **પહેલાં કર્મ પછી ફળ.** બરોબર છે ને ? કે ઊલટાવી નાખીએ આને. પહેલા ફળ પછી કર્મ. આ રીતે નહીં ચાલે. એક વ્યક્તિને કહો પહેલા છ મહિના જેલમાં રહો, પછી ચોરી

કરજો. શું એ સ્વીકારી લેશે. ન સ્વીકારે. જ્યાં સુધી મેં કર્મ નથી કર્યું, તમે દંડ કેમ આપી શકો? તો ન્યાયનો ચોથો નિયમ એ જ છે. પ્રથમ કર્મ પછી ફળ. વિદ્યાર્થી પહેલાં પરીક્ષા આપશે એ પછી એને ગુણ મળશે. કોઈ ટીચર એડવાન્સમાં ફળ નહીં આપે. ગુણ નહીં આપે. એ એમ નહીં કહે કે ચાલો, ૮૦ ટકા ગુણ (માર્ક) લઈ જા, અને પછી પરીક્ષા આપતા રહેજો.

**પાંચમો નિયમ:** **જે વ્યક્તિ કર્મ કરે, એને જ ફળ મળે.** પરીક્ષા કોઈ એક આપે અને ગુણ બીજા કોઈને આપી દઈએ, ચાલશે? બીજાને ફળ આપવાનું નહીં ચાલે. આ પાંચમો નિયમ છે.

**છઠ્ઠો નિયમ:** **જેટલું કર્મ – એટલું ફળ.** ઓછું પણ નહીં વધુ પણ નહીં. એક મહિનો નોકરી કરી તો કેટલો પગાર મળવો જોઈએ? એક મહિનાનો. એક વ્યક્તિએ પૂછ્યું કે ખરાબ કર્મ પછી બીજી બધી યોનિઓને ભોગવવી પડશે? મેં કહ્યું કે એક વ્યક્તિએ ૨૦ હજાર રૂપિયાની ચોરી કરી, બીજી વ્યક્તિએ બે અબજ રૂપિયાની ચોરી કરી. વાસ્તવમાં ચોરી બંનેએ કરી. એટલા માટે બંને ગુનેગાર છે. બેશક બંનેને દંડ મળશે, પરંતુ સજા-દંડ ની માત્રા બંનેની સમાન નહીં પણ ઓછી-વધતી હશે. જો બંનેને બરોબર સમાન દંડ આપવામાં આવે તો એ ન્યાય થોડો જ થયો કહેવાય. આ તો અન્યાય થયો. **એકે ગુનો ઓછો કર્યો તો એને ઓછો દંડ. એકે અપેક્ષા મુજબ વધુ ગુનો કર્યો તો એને વધુ દંડ. આ ન્યાય છે.** જેણે ઓછો ગુનો કર્યો એ ઓછી યોનિઓમાં ધક્કા ખાશે. જેણે વધુ ગુના કર્યા એ વધુ યોનિઓમાં જશે.

જ્યારે પાપ ઓછું-વધતું કરીએ છીએ તો ફળ પણ ઓછું-વધતું હોવું જોઈએ. જો એક મર્યો એને ચોરાસી લાખ યોનિમાં નાખી દીધો. બીજો મર્યો એ પણ ચોરાસી લાખ યોનિમાં ગયો તો એ ન્યાય નથી. જેણે જેટલા કર્મ કર્યા છે એને એટલા દંડ મળશે. જેણે વીસ ટકા પાપ વધુ કર્યા એને એટલા કર્મોની સજા ભોગવવા માટે દસ-વીસ, પચીસ-પચાસ યોનિમાં ચક્કર કાપવાં પડશે. એટલા માટે બધાએ ૮૪ લાખ યોનિમાં નથી જવાનું. એ કેટલી યોનિમાં ચક્કર કાપશે, એ ભગવાન જાણે, આપણે નથી જાણતા.

માની લો કો ભારતના સંવિધાનમાં ૫૦૦ કાયદા છે. કોઈએ એક કાયદો તોડ્યો એની સજા થશે. બીજો તોડ્યો તો એની સજા થશે. જેટલા કાયદા છે એટલી સજા થશે. તો ૫૦૦ કાયદા અને ૫૦૦ સજા. શું કોઈ વ્યક્તિ બધાય કાયદા તોડે છે? નથી તોડતો અને એણે બે કાયદા તોડ્યા, ચાર તોડ્યા અને એને ૫૦૦ કાયદા તોડવાની સજા આપવામાં આવશે. શું એ ન્યાય છે? નથી. એણે ૪ કાયદા તોડ્યા તો ચારનો દંડ મળશે. ૬ કાયદા તોડ્યા તો ૬ નો દંડ મળશે અને જો ૧૦ કાયદાનું ઉલ્લંઘન કરવાથી ૫૦૦ નો દંડ આપવામાં આવે તો એ ન્યાય નહીં કહેવાય.

હવે મારો પ્રશ્ન છે કે આ સંસારમાં જેટલા પણ લોકો છે. શું બધા જ લોકો સમાન માત્રામાં પાપ કરે છે કે ઓછા-વધતા? ઓછા-વધતા. અને બધાને તમે ૮૪ લાખ યોનિમાં નાખી દો તો શું એ ન્યાય થશે? નહીં થાય. ઈશ્વર ન્યાયી છે કે અન્યાયી? જ્યારે એ ન્યાયી છે તો બધાને ૮૪ લાખ યોનિમાં શું કામ નાખશે? જે જેટલી ભૂલ કરશે, એટલો દંડ ભોગવશે. કોઈ બે યોનિમાં જશે, કોઈ દસમાં જશે. કોઈ વીસમાં જશે. જેટલા પાપ કર્યા એટલો દંડ ભોગવશે, અને પાછો મનુષ્ય બનશે.

**સાતમો નિયમ:** જો કોઈ વ્યક્તિ કર્મ કરે તો એનું ફળ એને જરૂર આપવું જોઈએ કે માફ કરી દેવું જોઈએ? ફળ આપવું જોઈએ. કર્મ ન કરવામાં આવે તો ફળ પણ ન આપવું.

**કર્મને જાણીને જ બરોબર ફળ આપી શકાય છે. આ આઠમો નિયમ છે.** કોઈ વ્યક્તિ ન્યાયાધીશ છે અને એ ન્યાયાલયમાં બેસીને કર્મોનાં ફળ આપે છે. ન્યાય કરે છે. શું એ દાવો (કેસ) સાંભળ્યા વિના બરાબર ન્યાય કરી શકશે? નહીં કરી શકે. કર્મફળ બરોબર દેવાનું એક કારણ એ પણ હશે કે

એને પહેલાં ખબર તો હોય કે ગુનેગાર કોણ છે? કોણે ગુનો કર્યો, શું ગુનો કર્યો, ક્યાં કર્યો, કેટલો કર્યો, કેવી રીતે કર્યો? એના પુરાવા લાવો, જ્યાં સુધી પુરાવા નહીં મળે, એનો ચુકાદો બરાબર નહીં થઈ શકે.

**નવમો નિયમ:** એ તો જાણી લીધું કે અમુક વ્યક્તિએ આ કર્મ કર્યું. ખરાબ કર્યું, આટલું કર્યું, આમ કર્યું, અહીં કર્યું. આ રીતે એને કરેલ કર્મને જાણી લીધા. પુરાવા પણ મળી ગયા. એનાથી સાબિત થઈ ગયું કે એ વ્યક્તિ ગુનેગાર છે. હવે વાત છે ફળની.

જો ફળ આપવાવાળા ન્યાયાધીશને ભારતીય દંડ સંવિધાન (ઇન્ડિયન પિનલ કોડ)ની ખબર નથી કે કયા ગુનાની અને કેટલા ગુનાની શું સજા આપવી તો શું એ બરોબર ન્યાય આપી શકશે? તો **નવમો નિયમ એ થયો કે કર્મ જાણવાની સાથે સાથે ફળને જાણવું પણ જરૂરી છે.** એ વિના પણ બરાબર ન્યાય નહીં થઈ શકે.

**દસમો નિયમ:** **અધિકૃત વ્યક્તિ જ કર્મ ફળ આપશે.** ગમે તે વ્યક્તિ નહીં. જેમ પહેલાં કહ્યું હતું કે સડક પર ચાલવાવાળા વ્યક્તિને એ અધિકાર નથી કે ચોરને દંડ દેવો ચાલુ કરી દે. કોને અધિકાર છે? ન્યાયાધીશ મહોદયને દંડ આપવાનો અધિકાર છે. દરેક વ્યક્તિ દંડ ન આપી શકે. તો આ દસ નિયમ થયા કર્મફળના.

## કર્મફળનું જ્ઞાન હોવું સુધારનું કારણ છે

આજથી કરોડો વર્ષ પહેલાં સૃષ્ટિના આરંભમાં જ્યારે ઈશ્વરે મનુષ્યને (શરીર)ને આ જગતમાં ઉત્પન્ન કર્યો ત્યારે એમણે ચાર વેદોનું જ્ઞાન આપ્યુ. જેમાં સાંસારિક જીવન કેમ જીવવું અને મોક્ષ કેમ મેળવવો વગેરે આ બધા પ્રકારની વિદ્યાઓ દર્શાવેલી છે. આ જે મોક્ષ મેળવવાની વિદ્યા છે, એનું નામ "અધ્યાત્મ વિદ્યા" છે. આ વિદ્યામાં મુખ્યત્વે આત્મા, પરમાત્મા, કર્મફળ, પુર્નજન્મ, સ્વર્ગ-નરક, બંધન-મોક્ષ વગેરે વગેરે વિષયો ઉપર વિચાર કરવામાં આવે છે. જેવી રીતે આપણે આપણું જીવન સારી રીતે જીવવા માટે ભૌતિક સાધન જેમ કે મકાન, ભોજન, વસ્ત્ર, કમ્પ્યુટર, રેડિયો, ટેલિવિઝન વગેરે જોઈએ એવી જ રીતે આત્માને સ્વસ્થ-આનંદિત રાખવા માટે પણ કોઇક વિદ્યાની જરૂરિયાત હોય છે, જેને આપણે યોગ કે અધ્યાત્મ વિદ્યાના નામે જાણીએ છીએ. આપણે આપણું જીવન કેવી રીતે જીવવું, આપણે વિચારવું કેમ? બોલવું કેવી રીતે, શું કરવું, શું ન કરવું, શું સારું છે અને શું ખરાબ છે આ વાતો જાણવી ઘણી જરૂરી છે. **આજે મોટાભાગના લોકોને એ જ ખબર નથી કે હું કોણ છું, હું ક્યાંથી આવ્યો છું, મારા જીવનનું ધ્યેય શું છે, હું કંઈ પણ કામ કરું છું તો શું કામ કરું છું, એટલા માટે ઘણું કરીને એ દિશાહીન જીવન જીવી રહ્યો છે.**

જો વિદ્યાર્થીઓને કહેવામાં આવે કે એક વર્ષ સુધી ખૂબ અભ્યાસ કરો અને વર્ષના અંતમાં પરીક્ષા થશે અને જે પરીક્ષામાં સારો નંબર લાવશે એને ઈનામ આપવામાં આવશે તો વિદ્યાર્થીઓ ભણશે. જો એમ કહેવામાં આવે કે ભણો ખૂબ સારી રીતે પણ પરીક્ષા નહીં થાય, કોઈ નંબર નહીં મળે, ઈનામ-મેડલ વગેરે નહીં મળે. કંઈ પણ નહીં આપવામાં આવે હવે બતાવો શું વિદ્યાર્થી ભણશે? નહીં ભણે. પરીક્ષા હશે તો ભણવામાં મહેનત કરશે અને પરીક્ષા જ નહીં હોય તો શા માટે મહેનત કરે? આ વાતથી જ આપણા વિચારોમાં, ચિંતનમાં, વ્યવહારમાં અંતર આવી જાય છે. **આ જ રીતે આપણને બતાવવામાં આવે કે મર્યા પછી બીજો જન્મ થશે અને આપણા સારાં-નરસાં કર્મોનું આગળ ફળ મળશે. સારાં કામ કરશું તો ઈનામ મળશે. ખરાબ કામ કરશું તો દંડ મળશે. જો આમ બતાવવામાં આવે તો વ્યક્તિ કેવાં કામ કરશે? સારાં કરશે.** અને જો એ બતાવવામાં આવે કે બસ આ જ પહેલો અને છેલ્લો જન્મ છે, ન આના પહેલાં કોઈ જન્મ હતો અને ન મર્યા બાદ કોઈ જન્મ છે. ખાવો-પીવો-ભોગવો. તો પછી કેવાં કામ કરશે? પછી દંડ તો મળવાનો નથી, તો જેમ મરજી હોય એમ કરો. એટલા માટે એ જાણવું ખૂબ જરૂરી છે કે મર્યા પછી બીજો જન્મ થશે કે નહીં?

જો આપણે આ નિયમો ઉપર વારંવાર ચિંતન કરીશું, મનન કરીશું અને ઊંડાણમાં ઉતરીને પછી સમજવાનો પ્રયત્ન કરીશું તો આપણા ઘણાખરા પ્રશ્ન હલ થઈ જશે. ઘણીબધી સમસ્યાઓ હલ થઈ જશે. ઘણી બધી ભ્રમણાઓ દૂર થઈ જશે અને આપણને એ પણ ખ્યાલ આવી જશે કે કેવી રીતે જીવવું જોઈએ, કેમ વિચારવું જોઈએ, કેમ બોલવું જોઈએ અને કેવી રીતે કામ કરવું જોઈએ?

જેમ કે આ નિયમોમાં સાતમા નિયમમાં બતાવ્યું હતું કે કર્મનું ફળ માફ

નહીં થાય. જો આ નિયમ સમજાય જાય તો લોકો ફટાફટ સુધરી જાશે. તમે એ જે ઇચ્છો છો કે દેશ બગડી રહ્યો છે, એનો સુધાર થવો જોઈએ. એ સુધાર આ નિયમથી જ થશે કે કર્મનું ફળ માફ નહીં થાય. એક સ્થૂળ દૃષ્ટાંત આપું છું. ધારો કે અહીં વીજળીનો તાર છે અને એમાં ૨૨૦ વૉલ્ટનો કરન્ટ છે અને કોઈ વ્યક્તિ આ તારને અડી લે તો શું થશે? દંડ મળશે ને! તમે આ વાતને સમજો છો, વીજળીના તારને અડવાથી તરત દંડ મળશે. જેમ આ વાત તમને સારી રીતે સમજાઈ ગઈ, ૧૦૦ ટકા સમજાઈ ગઈ કે વીજળીના તારને અડતાં જ દંડ મળશે. આપણે ખોટું બોલીશું, ચોરી કરીશું, દગો કરીશું, બેઈમાની કરીશું તો ઈશ્વર આપણને કૂતરું બનાવશે, સાપ બનાવશે, ઘુવડ બનાવશે, ગધેડું બનાવશે, શું આ વાત સમજમાં આવી ગઈ? બધાને નથી સમજાઈ, કોઈ કોઈને વાત સમજાઈ ગઈ. જેને સમજાઈ ગઈ, એ ખોટું નહીં બોલે. જેને સમજાઈ ગયું કે વીજળીનો તાર માફ નહીં કરે, એ વીજળીના તારને અડકશે નહીં. જે દિવસે એ સમજમાં આવી જશે કે આપણે ખોટું બોલીશું તો ભગવાન કૂતરું, સાપ, ઘુવડ, બકરી બનાવશે. વડનું ઝાડ બનાવી નાખશે. ૨૦૦-૫૦૦ વરસ સુધી ઊભા રહેવું પડશે. સજા ભોગવવી પડશે તો લોકો જૂઠ બોલવાનું, ચોરી કરવાનું, છળ-કપટ કરવાનું બંધ કરી દેશે. પોતાના ભાઈનો ભાગ પડાવી લેશે નહિ.

વેપારીઓ આજે તો અહીં એકબીજાને દગો દે છે, ભાઈઓ એકબીજાને દગો દે છે, બાપ-બેટા વચ્ચે ગડબડ ચાલે છે, આવી કેટલીય ઘટનાઓ સમાચારપત્રોમાં છપાય છે. આ બધી ગડબડ એટલા માટે છે કે લોકો કર્મફળનો (સિદ્ધાંત) જાણવા-સમજવા નથી ઇચ્છતા. એને જો આપણે સમજવાનો પ્રયાસ કરીએ તો આપણી ઘણી બધી સમસ્યાઓ હલ થઈ જશે અને આપણે ખૂબ સારાં કામ કરીશું. શુભ કર્મ કરીશું અને પ્રયત્ન કરીશું કે આપણે નિષ્કામ કર્મ કરીએ અને ફટાફટ આ દુનિયાના ચક્કરથી છૂટી જઈએ. મોક્ષ મેળવીએ, એવું પણ આપણા મનમાં ધીરે ધીરે આવશે. ચાલો મોક્ષ તો દૂરની વાત છે, ઓછામાં ઓછો આ જન્મ તો સુધારી લઈએ. પછી આગલો પણ સુધારી લઈશું.

**વિદેશોમાં અમેરિકા ઇંગ્લેન્ડ વગેરે દેશોમાં એવો નિયમ બનાવ્યો છે કે વિદ્યાર્થીને સજા-દંડ ન આપી શકાય. એને માર મારી ન શકાય. આ વિદેશી સભ્યતાનો કાયદો છે. આપણા દેશવાળાઓએ પણ નકલ કરીને અહીં એ લાગુ કરી દીધો. તેઓએ એવો વિચાર ન કર્યો કે પરિણામ શું આવશે? બાળકોને ન મારો તો પછી પ્રશ્ન ઉદ્ભવે છે કે મોટાને શા માટે મારો? એને પણ ગુનો કરે તો છોડી કેમ નથી દેતા. જ્યારે મોટાને નથી છોડતા તો બાળકોને કેમ છોડ્યા? બાળકોને છોડ્યા તો મોટાને પણ છોડો? પછી જોઈશું દેશ કેમ ચાલે છે? મોટા-મોટા ગુનેગારોને છોડી દેશો શું? નહીં છોડો, એટલા માટે હું સંભળાવું છું કે બાળક હોય કે મોટા, દંડ વિના કોઈ સુધરતું નથી. આ ઈશ્વરનો નિયમ છે, વેદોમાં લખેલ છે.**

**દંડના પ્રકાર અલગ અલગ હોઈ શકે છે.** દંડ ભૂલના હિસાબ પ્રમાણે આપવામાં આવે છે. દંડનું પ્રયોજન પોતાનો ગુસ્સો ઉતારવો એ નથી. દંડ આપવાનું પ્રયોજન છે ગુનેગારનો સુધાર કરવો. જેણે ભૂલ કરી, એનો સુધાર કરો જેથી એ આગળ ભૂલ ન કરે. જ્યાં સુધી તમે એને દંડ નહીં કરો એ સુધરશે નહીં.

જ્યારે પોલીસવાળા ઊભા હોય છે, ત્યારે માણસો લાલબત્તી પાસે રોકાઈ જાય છે અને જ્યારે પોલીસવાળા નથી તો ભાગી જાય છે, તો **દંડ વિના કોઈ સુધરતું નથી.** બાળક હોય, જુવાન હોય કે ઘરડા હોય, કોઈ નથી સુધરતું.

ઈશ્વર આપણા પાપની સજા માફ એટલા માટે નથી કરતો કારણ કે એ જાણે છે કે મેં જો આ બધાને માફ કરી દીધા તો આ બધા વધુ ગુના-પાપ કરશે. ઈશ્વર પાપને માફ કરી દે તો જે પાપ નથી કરતા એ પણ શરૂ કરી દેશે. એ એવું વિચારશે કે દંડ તો મળતો નથી તો હું પણ ગરબડ કેમ ના કરું? એ પણ શરૂ થઈ જશે.

બાળકો માટે એવો નિયમ બનાવ્યો કે એને લડો નહીં, અને એને મારો નહીં. એને સજા ન કરો. આ નિયમ ખોટો છે. આનું પરિણામ તમે અમેરિકામાં જોઈ શકો છો. ત્યાંના બાળકો ચારિત્ર્યહીન છે, બગડેલા છે, એમની ઘણી ખરાબ હાલત છે, કોઈનું નિયંત્રણ નથી. કોઈના ઉપદેશ અનુસાર નથી ચાલતા. એટલા માટે વ્યક્તિનું નિર્માણ એનાથી નથી થતું, દંડ હોવો જરૂરી છે.

## ક્યારેક ને ક્યારેક તો ફળ મળશે, ભાગ્ય બદલાશે

માતા-પિતાથી લઈ ન્યાયાધીશ સુધી એ બધા કર્મફળના પ્રદાતા તો છે, પરંતુ એક તો એ બધા કર્મોને પૂરેપૂરા જાણી નથી શકતા અને ઘણીવખત રાગ-દ્વેષ રાખવાના કારણે કર્મોનું ફળ ઓછું વધતું પણ આપી દે છે. એટલા માટે જે કર્મોના ફળ માતા-પિતા, રાજા વગેરે દ્વારા અડધા-અધૂરા આપવામાં આવે છે અથવા બિલકુલ પણ આપવામાં નથી આવતા તો એ બધા બાકી

રહેલા કર્મોનાં ફળ અંતમાં ઈશ્વર દ્વારા આપવામાં આવે છે. એટલા માટે કર્મ ક્યારેય નકામાં નથી જતાં.

## જે કર્મ કરે છે, એ જ એનું ફળ ભોગવે છે

આ જગતમાં કોણ પોતાના કર્મનું ફળ નથી ભોગવતો? જે કાર્ય કરે છે, એ જ એનું ફળ ભોગવે છે. આજ નહીં તો કાલે કર્મ જ ફળ આપે છે. **જે જે માણસે પોતપોતાના પૂર્વજન્મોમાં અને પૂર્વ સમયમાં જેવાં જેવાં કર્મ કર્યાં છે, તે પોતાના જ કરેલ કર્મોનાં ફળ હંમેશાં એકલો જ ભોગવે જ છે.** કર્મ ફળ આપ્યા વિના નાશ નથી થઈ શકતાં. શાસ્ત્ર કહે છે:

*अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम्।*

(महाभारत)

*येन येन यथा यद् यत् पूरा कर्म समीहितम्।*
*तत्त देकरो भुक्ते नित्यं विह्वितमोत्मना।*

(महाभारत अनुशासनपर्व ६-१०)

*नाभुक्तं क्षीयते कर्म कल्पकोटिशतैरपि (आत्रि स्मृति)*
*यथा धनेसहस्त्रेषु वत्सो गच्छति भारतम्।*
*तथा यच्च कृतं कर्म कर्तारमनुगच्छति।*

(चाणक्य नीति १३/१४)

કર્મ શુભ હોય કે અશુભ, ભલે જ્ઞાનથી કર્યુ હોય કે અજ્ઞાનથી, એનું ફળ ચોક્કસ ભોગવવું પડે કર્મફળ ભોગવ્યા સિવાઇ કર્મનો ક્ષય કરોડો જન્મ, કલ્પ, સૃષ્ટિ પુરી થઇ જાય તો પણ નાશ થતો નથી.

આત્મા દ્વારા થયેલાં ખોટા કર્મનાં ફળ નિશ્ચિત-રૂપથી એ જવાબદાર આત્માને ભોગવવા પડે છે. જેમ કે ઉધાર લીધું હોય પરંતુ ચૂકવ્યું ન હોય તો એ ઉધાર દેવાદારના મનને ચિંતિત રાખે છે. એ જ રીતે કરેલ પાપકર્મ પણ આ લોક અથવા પરલોકમાં ફળ ભોગવ્યા વિના પડછાયાની જેમ પીછો નથી છોડતાં. આથી સારું કે ખરાબ, ભવિષ્ય જેવું પણ હોય, એને બનાવવું આપણા હાથમાં છે. પ્રાયશ્ચિત્ત વગેરે સાધનોથી પાપના સંસ્કાર દબાય છે, પરંતુ પાપના ફળથી નથી બચી શકાતું.

આત્મા શરીર છોડતાંની સાથે જ ઘર, તેની જગ્યાએ રહી જાય છે તથા ઘરવાળા સ્મશાનમાં છૂટી જાય છે. ફક્ત પાપ તથા પુણ્ય જ એની સાથે રહી જાય છે. આને કહે છે **પોતાની કરણી-પોતાની સાથે.**

પૂર્વજન્મમાં પ્રાણી જે કર્મ કરે છે, એ જ એને આ જન્મમાં ફળ આપે છે. **આ જન્મમાં જે કર્મ કરે છે, એ કર્મ આ જન્મમાં પણ ફળ આપે છે અને બાકીના આગલા જન્મમાં પણ.** પોતાના નિવારી ન શકાય (અનિવાર્ય) એવા કર્મફળની પાસે કોઈ જોર ન ચાલી શકે. પ્રયત્ન ન કરવા છતાં પણ ભાગ્ય દ્વારા બનેલ પૂર્વજન્મોમાં કરેલ કર્મ શુભ-અશુભ, સુખ-દુ:ખરૂપે ફળ આપે છે. **એ ભાગ્યનો પ્રભાવ આ જન્મમાં સારું શરીર, સારો પરિવાર, સારું સ્થાન મળવા સુધી સીમિત રહે છે.** જન્મ મળ્યા પછી પૂર્વકૃત કર્મથી બનેલ ભાગ્ય સમાપ્ત થતાં એ એનાં પ્રભાવથી સ્વતંત્ર થઈ જાય છે.

જ્યારથી બાળક શાણું થાય છે, જ્યારથી એને સારાખરાબની સમજણ (પાંચ-સાત વરસની અવસ્થામાં) આવવા લાગે છે, જ્યારથી બાળક ખરાબ કર્મ કરતા કરતા ઈશ્વર તરફથી ભય શંકા લજ્જાનો અનુભવ કરવા લાગે છે અને સારું કરવા સમયે ઈશ્વર તરફ આનંદ, ઉત્સાહ અને નિર્ભયતાનો અનુભવ કરવા લાગે છે અથવા જે અવસ્થામાં બાળકને કામ કરવાથી થતા નુકસાનની કે લાભની ખબર પડી જાય છે ત્યારથી એ પૂરેપૂરા સુખ-દુઃખ ફળ બનાવવાવાળા કર્મો કરવાનો પ્રારંભ કરી દે છે. તાત્પર્ય એ છે કે કર્મોનાં ફળ પૂરી માત્રામાં મળે છે. જ્યારે બાળકને પૂર્ણ સમજ નથી હોતી તે એ સમયે કરેલ કર્મોનાં ફળ પણ ઓછી માત્રામાં મળે છે, પૂરાં નહીં.

જન્મથી અપંગ સંતાન, "માતા-પિતા અને સંતાન." એ ત્રણેય લોકોનું કર્મફળ છે. એટલા માટે જન્મથી જ વ્યક્તિ વિકલાંગ અને મંદ બુદ્ધિવાળી પેદા થઈ. ત્રણેય લોકોના કર્મ પરસ્પર મળતા હોય છે. એટલા માટે ઈશ્વરે વિચારી સમજીને આવું સંતાન, આવા માતાપિતાને ત્યાં મોકલે છે. સંતાનના પણ કર્મ ખરાબ છે, એને વિકલાંગ બનાવવાનો છે અને માતા-પિતાના પણ ખરાબ છે એને સંતાન આપવાનું છે. તો ત્રણેય મળીને પોતાનાં કર્મફળ ભોગવશે. આ પરમાત્માનું કર્મફળ વિધાન છે. આનું પ્રમાણ 'ન્યાય-દર્શન'માં લખ્યું છે. ઘણી વખત સંતાનને અશુભ માની એને જ જવાબદાર માની લેવામાં આવે છે. જ્યારે એ સંતાનની ઉત્પત્તિ માટે માતા-પિતાનાં કર્મ પણ જવાબદાર છે.

પૂર્વજન્મના સંસ્કાર કે વિદ્યા એટલા પ્રબળ હોય કે પાંચ વરસના બાળકને પચ્ચીસ-ત્રીસ નહીં, તો બાર-પંદર વર્ષના બાળક જેટલી યોગ્યતા મળી જાય. એ વધુ મહેનત કરે તો આઠ-દશની ઉંમરમાં પચ્ચીસ-ત્રીસ વરસની બરાબર યોગ્યતા મેળવી શકે છે. અપવાદરૂપે ક્યારેક આવું બની શકે છે. આ પૂર્વજન્મના સંસ્કાર કે વિદ્યા ઉપર નિર્ભર છે.

**બાળકને ઈશ્વરે જે માતા-પિતનાને ત્યાં મોકલ્યો, એ દિવસે માતા-પિતાની જે સ્થિતિ છે, ત્યાં સુધી તો એનું કર્મફળ છે. એ પછી એનામાં બગાડ પણ થઈ શકે છે, સુધાર પણ થઈ શકે છે.**

ધારો કે એક સારા ધનવાન શેઠને ત્યાં એક આત્માને ઈશ્વરે મોકલ્યો. જે સમયે આત્માને શેઠના પરિવારમાં મોકલ્યો, એ સમયે શેઠ ખૂબ જ સંપન્ન હતા. જન્મના બે ત્રણ દિવસમાં બિચારા શેઠનું દેવાળું નીકળી ગયું. જેથી એ ગરીબ બની ગયો. જે સમયે ઈશ્વરે આત્માને એ પરિવારમાં મોકલ્યો એ સમયે એ બાળકને કર્મફળ અનુસાર મોકલ્યો. આગળનો ભોગ ઘટી પણ શકે છે, વધી પણ શકે છે. એની કોઈ ગેરન્ટી નથી.

જેમ કે, જન્મ થયા પછી પટાવાળાને એક કરોડની લૉટરી લાગી જાય. તો પહેલી વાત એ છે કે એક કરોડની લૉટરી લાગવી એ કોઈ કર્મ-ફળ નહોતું. બીજી વાત લૉટરી લેવી-ખરીદવી એ તો જુગાર છે. વેદમાં જુગાર રમવાની મનાઈ કરેલી છે. આથી જુગારથી જે પૈસા મળે છે, એ કોઈ સારા કર્મનું ફળ નથી. જ્યારે લોકો એવું સમજે છે કે લૉટરી લાગવાથી મળતું ધન કોઈ પાછલા કર્મનું ફળ છે. આવું સમજવું ખોટું છે.

ભાગ્ય તો એક વખત જન્મથી મળી ગયું તે મળી ગયું. બાકી તો પુરુષાર્થ બળવાન છે. **પુરુષાર્થ સારો છે, તો ભવિષ્ય પણ સારું છે અને પુરુષાર્થ ખરાબ છે, તો ભાગ્ય પણ સૂઈ જશે.** ભવિષ્ય જાણવા કોઈને પૂછવાની જરૂર નથી. જુઓ, અમે કોઈ જ્યોતિષીએ અમારું ભવિષ્ય પૂછતા નથી.

## જેવી કરણી, એવી ભરણી

જે જેવું કર્મ કરે છે, એ એવું જ ફળ ભોગવે છે. જેવું બી એવું ફળ. એવું નથી કે વાવે ઘઉં અને કાપે ડાંગર, વાવે બાવળ અને મેળવે કેરી. ભૂતકાળમાં જે રીતે કરેલ કર્મ ભવિષ્યમાં એ જ રૂપે પ્રગટ થશે. એટલા માટે ભાગ્યના સંબંધમાં એક વાત નિશ્ચિત છે કે એ વર્તમાન કર્મના હિસાબે બદલાશે.



**જેમ ખેતરમાં બી વાવ્યા પછી ખાતર-પાણી નાખવાથી પાક વધે છે, એ જ રીતે પાછલાં કર્મ કર્યા પછી નવા પુરુષાર્થથી કર્મફળ પણ વધે છે.** પોતાના કરેલ શુભ અને અશુભ કર્મોનું ફળ ચોક્કસ જ ભોગવવું પડે છે. પ્રારબ્ધ કર્મ પોતાનું ફળ આપ્યા વિના નષ્ટ નથી થતું. જેમ કે લક્ષ્યને ચોક્કસ નિશાન પર લગાવી છોડેલ બાણ પોતાનું ફળ આપ્યા વિના નથી રહેતું. આ રીતનો વિચાર રાખવાવાળી વ્યક્તિ પુરુષાર્થી બને છે.

## કર્મનું અસલ ફળ શું છે?

**વાસ્તવમાં સુખ અને દુઃખ જ કર્મનું ફળ હોય છે. સંસારમાં પત્ની, પુત્ર, ધન-સંપત્તિ, પદ-પ્રતિષ્ઠા, સેવક વગેરેને ફળરૂપે માનવામાં આવે છે, જ્યારે એ સુખ-દુઃખનાં સાધન માત્ર છે.** જેમ કે સારા કર્મોનું પરિણામ મનુષ્ય જન્મરૂપે અને નિષ્કામ કર્મોનું પરિણામ મોક્ષ માનવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં એ સુખ પ્રાપ્તિના અને દુઃખ નિવૃત્તિના સાધનો છે. આમાં શાસ્ત્રનું પ્રમાણ છે.

***प्रवृत्ति दोषजनितोऽर्थः फलम्।***

(ન્યાયદર્શન ૧/૧/૨૦)

એટલે કે ફળની ઉત્પત્તિ બે વસ્તુ મળવાની થાય છે. પ્રથમ પ્રવૃત્તિ અર્થાત્ ક્રિયા અને બીજું દોષ એટલે કે રાગ-દ્વેષની ભાવના. રાગ-દ્વેષની ભાવનાયુક્ત કર્મથી ઉત્પન્ન અર્થનું નામ કર્મ-ફળ છે. અહીં સકામ કર્મોની વાત થઈ રહી છે. આ જ રીતે, નિષ્કામ ભાવનાથી કરેલાં કર્મથી જે વસ્તુ ઉત્પન્ન થાય છે, એ કર્મફળનું નામ મોક્ષ છે. *तत्सम्बन्धात् फलनिष्पत्तेस्तेषु फलवद्रुपचारः।* (ન્યાયદર્શન ૪/૧/૫૪) સ્ત્રી, પુત્ર, સોનું, ચાંદી, ભૂમિ, ભવન, વાહન, પદ, પ્રતિષ્ઠાનો સુખ દુઃખ સાથે સંબંધ છે. જો એ તમારી પાસે છે તો તમને એનાથી સુખ મળશે. નથી તો નહીં મળે. એટલા માટે ખરું ફળ છે સુખ-દુઃખ. અને સુખ-દુઃખરૂપી ફળની પ્રાપ્તિ થાય છે, આ સ્ત્રી, ધન વગેરે સાધનોથી. એટલા માટે સ્ત્રી વગેરે સુખનાં સાધનોને ફળ કહેવામાં આવે છે. *आत्मेन्द्रियमनोऽर्थसन्निकर्षात् - सुख-दुःख।* (વૈશેષિક દર્શન ૫/૨/૧૫)

જીવાત્માનાં મન, આંખ, કાન વગેરે ઈન્દ્રિયો તથા રૂપ, રસ વગેરે વિષયો સાથે સંબંધ થવાથી સુખ-દુઃખરૂપી ફળ ઉત્પન્ન થાય છે. જેમ કે આપણા આત્માનો મન સાથે, મનનો આંખ સાથે સંબંધ બંધાવાથી આપણને બહારની

ભોજન, વસ્ત્ર, મકાન વગેરે વસ્તુઓ દેખાવા લાગે છે. બહાર દેખાતી વસ્તુઓ, આપણા મનને ક્યારેક સુખી પણ કરે છે તો ક્યારેક દુઃખી પણ કરે છે.

## પુરુષાર્થથી ભાગ્ય બને છે

બધા જીવાત્મા એક જેવા છે. બધાનું સ્વરૂપ મૂળરૂપે સમાન છે. **જે કામ એક જીવાત્મા કરી શકે છે, એ કામને બીજો પણ કરી શકે છે.** એક વ્યક્તિ એમ.એ. કરી શકે છે તો બીજો કેમ ન કરી શકે? બીજો પણ કરી શકે છે, ત્રીજો પણ કરી શકે છે. જે પુરુષાર્થ કરશે, એ એમ.એ. કરી લેશે, પીએચ.ડી. કરી લેશે, એમ.એસસી. કરી લેશે, એમ.ટેક. થઈ જશે, એમ.બી.એ. થઈ જશે, ડૉક્ટર પણ બની શકે છે, મોક્ષમાં પણ જઈ શકે છે. વારાફરતી સૌ મોક્ષમાં જશે.

આપણી બુદ્ધિમાં વધઘટ થાય છે, ધીરે-ધીરે બુદ્ધિનો વિકાસ થાય છે. આજથી દશ વર્ષ પહેલાં શું તમારું જ્ઞાન આટલું જ હતું જેટલું આજે છે? વધી ગયું ને. અને આગળના દશ વર્ષમાં કેટલું વધશે? આમ પુરુષાર્થ કરવાથી. અનુભવ વધવાથી, જ્ઞાનનું સ્તર વધે છે. **જો વ્યક્તિમાં પુરુષાર્થ અને જ્ઞાનવિજ્ઞાનની થોડી કમી છે. એ વ્યક્તિ પુરુષાર્થ કરશે તો આગળ વધી જશે, એનું જ્ઞાન વધશે.** ક્યારેક એવું પણ બને છે કે જ્ઞાન વધ્યા પછી વ્યક્તિ આળસુ-પ્રમાદી થઈ શકે છે. પરંતુ અંતે પુરુષાર્થ તો એણે કરવો પડશે.

એવું પણ બને છે કે વ્યક્તિએ થોડોક પુરુષાર્થ કર્યો, એની ગતિ ઓછી છે. એને થોડું જ્ઞાન મળ્યું, થોડું થોડું સમજાયું પછી આગળ પુરુષાર્થ ન કર્યો. એક વ્યક્તિ પુરુષાર્થ તો ખૂબ કરે છે પણ બુદ્ધિપૂર્વક નથી કરતી, બુદ્ધિ પણ સાથે જોઈએ. ઘણા લોકો ખૂબ મહેનત કરે છે. પણ ધંધામાં બુદ્ધિથી કામ નથી કરતા, એટલા માટે વધુ કમાઈ નથી શકતા. કેટલાક લોકો બુદ્ધિથી કામ કરે છે, મહેનત ઓછી કરે છે, એ ઘણું કમાઈ લે છે. એટલા માટે **બુદ્ધિ અને પુરુષાર્થ બંને જોઈએ. આ રીતે બન્નેને સાથે રાખી ચાલશે તો પછી જલદી વિકાસ થશે.** જો વ્યક્તિ પુરુષાર્થ કરે છે અને એનું ફળ નથી મળતું અથવા ઓછું મળે છે તો બેશક ફળ આપવાવાળો દોષિત છે.

અમુક કર્મોનાં ફળ આ જન્મમાં ન મળ્યાં તો એ આગળના જન્મ (નેક્સ્ટ) માં મળશે. જો આગલા જન્મમાં પણ ન મળ્યાં તો ત્રીજામાં મળશે, ચોથા, દસમા, પચાસમાં. જ્યારે પણ એનો સમય આવશે ત્યારે એનું ફળ મળશે. આ કર્મફળની વ્યવસ્થા છે. કર્મફળનો સિદ્ધાંત છે. કર્મફળના વિષયમાં બતાવવામાં



બતાવ્યું હતું કે અમુક કર્મોનાં ફળ આ જન્મમાં મળી શકે છે અને કોઈ કર્મનું ફળ બે વરસમાં, પાંચ વરસમાં, વીસ વરસમાં, પચીસ વરસમાં મળે છે. આ રીતે કર્મોનાં ફળ જલદી પણ મળે છે અને મોડેથી પણ.

એક વ્યક્તિએ પૂછ્યું કે બધા જ કર્મોનાં ફળ આ જન્મમાં જ કેમ નથી મળી જતાં. મેં એમને પૂછ્યું તમે એક મહિનામાં જેટલા પૈસા કમાવો છો? શું એક મહિનામાં એ બધા ખર્ચી નાખો છો કે થોડા બચાવો છો? બચાવો છો. શું કામ બચાવો છો? એ આગળ કામ આવશે. એ જ રીતે ઈશ્વર પણ થોડાક કર્મ તમારા આ જન્મમાં બચાવીને રાખશે. બધું ખવડાવી દેશે તો આગલા જન્મમાં શું ખાશો એટલા માટે બધા કર્મોનાં ફળ ઈશ્વર એક જન્મમાં નથી આપતો જેથી આપણી વ્યવસ્થા બરોબર બની રહે.

આ કર્મફળની વાત થઈ કે અમુક કર્મોનાં ફળ આ જન્મમાં અમુકના આગલા જન્મમાં, અમુકના બીજા આગલા જન્મમાં અમુક કર્મોનાં ફળ મોક્ષમાં પણ મળે છે અને મોક્ષમાં જતાં પહેલાં પણ અમુક કર્મ બચત તરીકે રહે છે. એ બચેલાં કર્મોનાં ફળ આપણને મળી નથી જતા ત્યાં સુધી એ કર્મ આપણી બચત તરીકે રહે છે, ત્યાં સુધી એ સંચિત રહે છે. કરોડો વરસ સુધી અબજો-ખર્વો વર્ષ સુધી પણ જમા રહે છે.

આ વેદોનો, ઋષિઓનો સિદ્ધાંત છે કે જ્યાં સુધી કોઈ કર્મનું ફળ આપણે ભોગવી નથી લેતા, ત્યાં સુધી એ સમાપ્ત નહીં થાય. નાશ નહીં થાય, જેનું ફળ મળવાનું શરૂ નથી થયું ત્યાં સુધી એ સંચિત રહેશે.

## કર્મ, આપણું ભાગ્યનિર્માતા

જો મનુષ્ય બિલકુલ કર્મહીન નિષ્ક્રિય થઈ જાય તો એને જીવન ચલાવવું પણ કઠિન છે. કહેવાય છે કે *शरीर यात्रापि च ते न प्रसिद्धयेदकर्मण:।* (ગીતા ૩-૮) એટલે કે કર્મ કર્યા વિના તો શરીરને જીવિત રાખવા માટે ખાવા-પીવા, પહેરવા-રહેવા પણ નથી મળતું. કર્મ કરવું જોઈએ પરંતુ કયા ભાવથી? *तस्मादसक्त: सततं कार्यं कर्म समाचर।* (ગીતા ૩-૧૯) એટલે કે અનાસક્ત ભાવથી વ્યક્તિએ કરવા યોગ્ય કર્મનું આચરણ કરવું જોઈએ. વેદ કહે છે કે, ઈચ્છા વિના કર્મ નહિ, કર્મ વિના ફળ નહિ. ઈચ્છા અર્થાત્ કામનાવાળો પુરુષ જ ફળ વગેરેને ગ્રહણ કરે છે. *कोऽदात्कस्माऽअदात्कामोऽदात्कामायादात्। कामो दाता काम: प्रतिग्रहीता कामैतत्ते॥* (યજુર્વેદ ૭-૪૮) અર્થાત્ ઈશ્વરે કામના કરવાવાળા

પુરુષાર્થીઓને માટે જ સારામાં-સારું ફળ આપવાની વ્યવસ્થા કરી છે. આ રીતે, સંસારમાં કર્મ કરવાવાળા જીવ છે અને ફળ આપવાવાળો, ઈશ્વર છે.

જો આપણું ભવિષ્ય પહેલેથી બનેલ હોત તો આપણે નવાં કર્મ કંઈ પણ ન કરવાં જોઈએ, પરંતુ કર્મ તો આપણે રોજ-રોજ નવાં-નવાં કરવાં પડે છે. બીજી વાત આજે જે આપણે કરી રહ્યા છીએ, શું એ નવા કર્મોનું ફળ આપણને નહીં મળે? શું એ નકામાં જતાં રહેશે? ના. એટલા માટે એમ માનીને ચાલવું જોઈએ કે **એકવાર પેદા થઈ ગયા તો હવે પછીનું ભવિષ્ય પહેલેથી બનેલ નથી હોતું. જ્યારે આપણે કર્મોથી એનું નિર્માણ કરીએ છીએ, ત્યારે જઈને એ બને છે.** હવે પ્રશ્ન છે, બને છે કેવી રીતે?

શતપથ બ્રાહ્મણ કહે છે કે - *यन्मनसा ध्यायति तद्वाचा वदति यद्वाचा वदति तद् कर्मणा करोति। यद् कर्मणा करोति तद् अभिसम्पद्यते।* શરીર, મન, ઈન્દ્રિયોના સ્વામી જીવાત્મા જેવું પોતાના મનથી વિચારે છે, એવું જ વાણીથી બોલે છે અને જેવું વાણીથી બોલે છે, એવું આચરણ કર્યા કરે છે અને જેવું આચરણ કરે છે એ જ મુજબ એ સુખ-દુઃખરૂપી ફળ, પરિણામ અને પ્રભાવોને મેળવે છે. અર્થાત્ સુખદુઃખનો મૂળ ઉત્પાદક તો પોતે જ હોય છે. તાત્પર્ય એ છે કે જેવો સંકલ્પ હોય છે, એવું જ વ્યક્તિ બોલે છે જેવું વચન હોય એવું જ એનું ફળ એટલે કે ભાગ્ય હોય છે. આ રીતે **આપણા કહેલા દરેક સારા-ખરાબ શબ્દ, મનનો વિચાર અને કરેલ શારીરિક કર્મ જ આપણા ભાગ્યનું નિર્માણ કરે છે. એટલા માટે પહેલાં કરેલ કર્મ (પુરુષાર્થ) સિવાય ભાગ્ય શું છે?** કંઈ પણ તો નહીં.

**ભવિષ્યને બનાવવાની શક્તિથી સમ્પન્ન આપણે લોકો આપણું ઐશ્વર્ય ખુદ બનાવીએ છીએ. આપણે ખુદ આપણા તકદીરનું નિર્માણ કરીએ છીએ અને ક્યારેક આપણે તેને ભાગ્ય કહીએ છીએ? તો ક્યારેક કહીએ છીએ ભવિષ્યની ઘટના. (હોની)** પૂર્વના જન્મોનાં કરેલ કર્મના આધારે ઈશ્વરે આપણને કોઈ સ્થળ-પરિવાર-પરિસ્થિતિમાં મનુષ્યનો જન્મ આપ્યો અને સાથે કામ કરવાનું સામર્થ્ય અને સાધન વગેરે આપ્યાં. આ રીતે પહેલાં કરેલ કર્મોનાં ફળ જાતિ-આયુ ભોગરૂપમાં મળવું એ ભાગ્ય કહેવાય છે અને જે કર્મ વર્તમાનમાં કરવામાં આવે છે, એ પરૂષાર્થ કહેવાય છે. એ પુરુષાર્થનું અમુક ફળ આ જન્મમાં મળી જશે અને બાકીનું આગલા જન્મમાં.

વેદ કહે છેઃ

*"कृतं मे दक्षिणे हस्ते, जयो मे सव्य आहितः।"*

**"અર્થાત્ કર્મ મારા જમણા હાથમાં છે, તો ફળ ડાબા હાથમાં."**

લોકો આળસુ છે, કર્મ કરવા નથી ઈચ્છતા. એ ફક્ત રેખાઓ (હાથની) જોતા રહે છે. "એ હાથની રેખામાં નસીબ જોવાવાળા જરા વિચારો કે નસીબ તો એનું પણ હોય છે જેને હાથ નથી હોતા." જ્યા હાથ જ નથી, તો રેખાઓ એની ક્યાં છે? પણ એનું પણ નસીબ હોય છે. નસીબ તો આપણા પુરુષાર્થમાં છે. એટલા માટે એ રેખાઓમાં કંઈ નથી રાખ્યું. એમ જ કહેવામાં આવ્યું છે કે -

*आरंभेतैव कर्माणि श्रान्तः पुनः पुनः।*
*कर्माण्यारंभमाणं हि पुरुष श्रीर्निषेवते॥*

(મનુસ્મૃતિ ૯/૩૦૦)

**વારંવાર કાર્યનો નાશ થવા છતાં,** વારંવાર હારી થાકી જવાય છતાં પણ કાર્યોનો આરંભ વારંવાર કરતા રહો કારણ કે સારી રીતે કાર્યોનો આરંભ કરવાવાળા મનુષ્યોને વિજયશ્રી, નિશ્ચિતપણે મળે છે.

*अर्थस्य मूलमुत्थानमनर्थस्य विपर्ययः।*

(ચાણક્ય-અર્થશાસ્ત્ર, ૧/૧૯/૪૦)

ઉદ્યોગ (પ્રયત્ન) જ ધન-સંપત્તિનું મૂળ કારણ છે અને ઉદ્યોગી ન હોવું અનર્થોનું કારણ છે.

*उद्यमेन हि सिद्ध्यन्ति कार्याणि न मनोरथैः।*
*न हि सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगाः॥*

વિષ્ણુ શર્મા (પંચતંત્ર ૨/૧૪૧)

**કાર્ય પ્રયત્નથી સિદ્ધ થાય છે.** મનોરથોથી નહીં. જેમ સૂતેલા સિંહના મુખમાં હરણ ક્યારેય પ્રવેશ નથી કરતું.

**अनुद्योगेन तैलानि तिलेभ्यो नाप्नुमहंति नारायण पंडित**

(હિતોપદેશ, પ્રસ્તાવિકા ૩૦)

**પ્રયત્ન કર્યા વિના કોઈ વ્યક્તિ તલમાંથી પણ તેલ પ્રાપ્ત નથી કરી શકતી.**

જે લોકો હંમેશાં પરિશ્રમ કરતા રહે છે, એ ક્યારેય નિરાશ નથી થતા. સાહસપૂર્વક ઊભા થવાથી એનું ભાગ્ય પણ ઊભું થઈ જાય છે. જ્યારે પૂર્વજન્મના અને આ જન્મના શુભ કે અશુભ કર્મ આગળ-પાછળ આજે નહીં તો કાલે ફળ આપવાના જ છે તો બુદ્ધિમાનને શોક કરવાનો સમય ક્યાં છે ?

વેદ કહે છે કે:

**उत्क्रामात: पुरुष माव पत्था**

(અથર્વવેદ - ૮/૧/૪)

**હે મનુષ્ય! તું ઉપર ઊઠ, નીચે ના જા.**

જે પાપકર્મથી રોકાઈ જાય છે, એ જ ભાગ્યવાન છે, પરંતુ જે પાપકર્મથી નથી રોકાતો, એ ભાગ્યહીન છે.

## પુરુષાર્થ જ ભાગ્ય છે

પાછળની પંક્તિઓથી એ રહસ્ય ખૂલ્યું કે **આપણા ભાગ્યના નિર્માતા આપણે પોતે છીએ.** સાચે જ આપણા ભાગ્યના વિધાતા આપણે જ છીએ. **આજનો પુરુષાર્થ જ કાલનું ભાગ્ય છે.** પુરુષનું પૌરુષ જ ભાગ્યના રૂપમાં પરિવર્તિત થાય છે. કરેલ પુરુષાર્થનું ભાગ્ય અનુસરણ કરે છે. નિઃશંક **કર્મમાં એનું ફળ, પુરુષાર્થમાં એનું ભાગ્ય છુપાયેલું હોય છે.** ફળ આપવાવાળા પુરુષાર્થથી અમીરી-ગરીબી, માન-અપમાન અને સત્તા-દાસતાની પ્રાપ્તિરૂપ મળતી ફળ સિદ્ધિનું નામ જ ભાગ્ય છે.

**એક કર્મના જ બે તફાવત પાડવામાં આવેલ છે — પૂર્વજન્મમાં કે પૂર્વ સમયમાં કરેલ કર્મ "ભાગ્ય" છે અને આ જન્મમાં કરેલ અને આગળ કરવાનાં થતાં કર્મ "પુરુષાર્થ" છે. ભાગ્ય અને પુરુષાર્થ પર જ આ સંપૂર્ણ જગત ટકેલ છે. જેમ-જેમ પુરુષાર્થ વધતો જાય છે તેમ-તેમ એમનો સહારો મેળવી ભાગ્ય પણ વધતું જાય છે.**

બધું જ નાશ થઈ ગયેલું દેખાય તો પણ ચિંતાની કોઈ વાત નથી. ત્યારે પણ એક ચીજ બાકી રહે છે. ભૂતકાળમાં કરેલા કર્મોના જ્ઞાનના આધારે એને જાણી શકાય છે. ગત ભૂતકાળને દફનાવ્યા પછી જે બાકી રહી ગઈ એ ચીજ છે, ભવિષ્ય. હા, આપણું આ ભવિષ્ય હજુ પણ આપણી પાસે છે.

ઠીક છે કે જે બની ગયું છે, એ તો આપણા હાથમાં નથી, પરંતુ એનો અર્થ ક્યારેય એવો નથી કે જે થવાનું છે, એ પણ હાથમાં નથી.

ન્યાયદેવીના ફળ આપવાના મામલામાં નિયમ એ છે કે તે કોઈ પણ વ્યક્તિ-વિશેષને પુરુષાર્થ વિના કંઈ નથી આપી શકતી. એટલા માટે એમ માનીને ચાલો કે ઉદ્યમ કર્યા વિના તમારી મનોકામના પૂરી નથી થવાની. હા, એ અલગ વાત છે કે એક માણસ બીજા માણસને ન્યાયથી વધુ કે ઓછું ફળ અથવા કંઈ પણ કર્યા વિના પણ ફળ આપી શકે છે, પરંતુ દયાળુ ઈશ્વરની અનહદ દયા કોઈ એક ઉપર નહીં, બધા ઉપર સમાનરૂપે વરસે છે.

## ભાગ્યમાં રોકવાની શક્તિ નથી

સાચું તો એ છે કે આપણે જ્યારે ઇચ્છીએ, આપણી યોજના બદલી શકીએ છીએ, જ્યારે ઇચ્છીએ ત્યારે બનાવી શકીએ છીએ. આ આપણી મરજી છે. આપણે કર્મ કરવામાં સ્વતંત્ર છીએ. આપણા ભવિષ્યના નિર્માતા આપણે ખુદ છીએ. **એક-એક મિનિટમાં આપણે આપણું ભવિષ્ય બનાવીએ છીએ. તમે ભાષામાં બગાડ કરી દો, જુઓ, તમારું ભવિષ્ય તરત બગડી જશે.** તમારી ક્રિયા ઠીક-ઠીક ચાલી રહી છે, તમારું ભવિષ્ય સારું છે. તમે ખોટી ક્રિયા શરૂ કરો, જુઓ, તમારું ભવિષ્ય તરત બગડી જશે. આ રીતે **આપણું ભવિષ્ય બનાવવું, બગાડવું આપણા હાથમાં છે. એક-બે મિનિટમાં આપણે આપણું ભવિષ્ય બનાવી શકીએ છીએ કે બગાડી શકીએ છીએ.**

**માણસને કુપથથી દૂર કરી સારા માર્ગે લાવી દે અને સારા માર્ગથી હટાવી ખરાબ માર્ગે લાવી દે, એવી શક્તિ ભાગ્યમાં નથી. ભવિષ્યનો વિચાર કરી કાર્ય કરવાવાળા અને આવેલ મુશ્કેલીના પ્રતિકારમાં સમર્થ બુદ્ધિવાળી વ્યક્તિ સુખને મેળવે છે.** એ જાણે છે કે બ્રહ્મા પાસે કંઈક લખાવીને ભાગ્યમાં એ નથી આવ્યો. જન્મ ઉપરાંત, હવે તે પોતાનું સુખ પોતાના બાહુબળથી અને બુદ્ધિના બળથી જ મેળવી શકશે.

**જેમ ગુરુ પોતાના શિષ્યને એના લક્ષ્ય સુધી પહોંચાડી દે છે, બિલકુલ એ જ રીતે, પહેલાં કરેલો પુરુષાર્થ જ એકઠો થઈ ભાગ્યના રૂપમાં બદલાઈ પોતાના ઈષ્ટ સ્થાને લઈ જાય છે.** એટલા માટે જ મનુષ્યોની વૃદ્ધિ અને નાશનું એકમાત્ર કારણ કર્મરૂપ ભાગ્ય જ છે.

**એ બરાબર છે કે આપણે એ નથી બતાવી શકતા કે આગળ આપણે શું બનીશું. આગળ શું-શું આપણી પાસે હશે. જે વિષયમાં ચોક્કસપણે અમુક વિચારી ન શકાતું હોય એ એ જ ભાગ્યનું વિધાન છે પરંતુ આપણે એ જરૂર અધિકાર સાથે કહી શકીએ છીએ કે જો આપણે સારાં કર્મ કર્યાં તો નિશ્ચિતરૂપે આપણું ભવિષ્ય સુખમય અને ઉજ્જવળ હશે.**

## પુરુષાર્થ, ભાગ્યથી મોટો છે

પુરુષાર્થથી ભાગ્ય કે સંચિત કર્મ બને છે, અને એના સુધારાથી બધું સુધરી જાય છે અને એના બગડવાથી બધું બગડી જાય છે. આ કારણે ભાગ્યની અપેક્ષાઓ પુરુષાર્થ મોટો માનવામાં આવે છે. **ઉત્તમ પદની ઈચ્છાવાળા લોકો તો પુરુષાર્થથી જ ઉત્તમ પદ મેળવે છે.**

## ઈમાનદારી, બુદ્ધિ અને પુરુષાર્થ ભાગ્યનિર્માણનાં સાધન છે

ભૂતકાળ જાણવાથી કોઈ લાભ નથી. જે વીતી ગયું તે વીતી ગયું. અને વર્તમાનમાં શું થઈ રહ્યું છે, એ તો તમે જાણો જ છો. એને જાણવાથી પણ કોઈ લાભ નથી. એક ભવિષ્યકાળની વાત રહી. **જો તમે ઈમાનદાર, બુદ્ધિમાન અને પુરુષાર્થી છો તો તમારું ભવિષ્ય ઉજ્જવળ છે. અને જો તમારામાં બેઈમાની, બુદ્ધિહીનતા અને આળસપણું આવી ગયું, તો તમારું ભવિષ્ય ખરાબ છે.** બસ, આ એક વાતમાં બધી વાત આવી જાય છે. **તાત્પર્ય છે કે વીંટીઓથી કામ નથી ચાલતું, ત્રણ વાતોથી ચાલે છે, એની નોંધ કરો.**

**પહેલી વાત:** **પૂર્ણ ઈમાનદારી.** ઈમાનદારીથી જીવો. છળકપટ દગો ન કરો. તમારું ભવિષ્ય ખૂબ સારું બનશે.

**બીજી વાત:** **બુદ્ધિમત્તા.** તમારો જે કંઈ પણ નિર્ણય (ડિસિશન) છે, એ બુદ્ધિપૂર્વકનો હોવો જોઈએ. મૂર્ખતાભર્યું ડિસિશન ન હોવું જોઈએ, જે કંઈપણ હું કામ કરવા જઈ રહ્યો છું, એનું પરિણામ શું મળશે, ખૂબ સમજી-વિચારીને દીર્ઘદૃષ્ટિથી કામ લેવું જોઈએ. દૂર સુધી વિચારો જો પરિણામ સારું આવે તો કામ કરો. જો એનું પરિણામ સારું ન આવે તો બંધ કરી દેવું જોઈએ, ન કરો. તો આ બીજી વાત થઈ.

**ત્રીજી વાત:** **મહેનત.** પોતાના કામમાં કામચોરી ન કરો. આળસ ન કરો. પ્રમાદ ન કરો. પૂરી મહેનતથી કામ કરો. તમારું ભવિષ્ય ખૂબ સારું હશે અને જે આ ત્રણમાં ગરબડ કરશે, એનું ભવિષ્ય બગડશે.

પુરુષાર્થથી જ બધી વસ્તુઓ સિદ્ધ થઈ જાય છે. પુરુષાર્થ જ આ દુનિયામાં બધી કામના-ઈચ્છાઓ પૂરી કરે છે. પુરુષાર્થ કરો, ભવિષ્ય સારું છે. ત્રણ વાતો શીખી લેવી જોઈએ, પુરુષાર્થ બુદ્ધિમત્તા અને ઈમાનદારી. તમારું ભવિષ્ય ખૂબ સારું છે.

તમારી બુદ્ધિ, તમારો પરિશ્રમ, તમારો પુરુષાર્થ, તમારી ઈમાનદારી અને તમારા સંસ્કારોથી તમારું ભવિષ્ય બને છે. પોતાના સંસ્કાર જુઓ, સારા વિચાર કરો, ખરાબ વિચાર રોકો, સારાં કામ કરો. સારી ભાષા બોલો, સારું ચિંતન કરો, તમારું ભવિષ્ય ખૂબ સારું બનશે.

**આવો, આપણે લોકો ઈમાનદારીરૂપી સર્વોત્તમ નીતિ, બુદ્ધિરૂપી સર્વોત્તમ નેત્ર, અને મહેનતરૂપી સર્વોત્તમ મદદથી જીવન આપણું સુધારી લઈએ.**

અધ્યાય- ૫

# કર્મનું પરિણામ, પ્રભાવ અને ફળ

જ્યારે આપણે કર્મ કરીએ છીએ તો એ કર્મ કર્યા પછી, એની ત્રણ પ્રતિક્રિયાઓ થાય છે, એ પ્રતિક્રિયાઓનાં નામ છે

**(૧) કર્મનું પરિણામ**

**(૨) કર્મનો પ્રભાવ**

**(૩) કર્મનું ફળ**

## કર્મનું પરિણામ

જ્યારે કોઈ વ્યક્તિ મનથી, વાણીથી, શરીરથી, કોઈ વિશેષ પ્રયાસ કરે છે, એને કર્મ કહે છે. જ્યારે એ કર્મ થાય છે તો એની ખૂબ નજીકની એક પ્રતિક્રિયા થાય છે. વિજ્ઞાનનો પણ એક સિદ્ધાંત છે, ક્રિયાની ખૂબ નજીકની પ્રતિક્રિયા (એક્શનનું નિયરેસ્ટ રિએક્શન). **જ્યારે પણ કોઈ એક્શન કરવામાં આવશે એનું તરત એક રિએક્શન થશે. એ જે ખૂબ નજીકની પ્રતિક્રિયા છે, એનું નામ છે, કર્મનું પરિણામ.**

ઉદાહરણ માટે, અમુક બાળકો ગાર્ડનમાં ક્રિકેટની રમત રમી રહ્યાં હતાં. એક બાળક બૅટિંગ કરી રહ્યો હતો. સામેથી બોલ આવ્યો, એણે જોરથી શોટ માર્યો અને બોલ પડોશના એક શેઠના મકાનની બારીના કાચ ઉપર જઈને અથડાયો અને કાચ તૂટી ગયો. કાચ તૂટવાનો અવાજ સાંભળી શેઠ બહાર આવ્યા અને પૂછ્યું કયા દુષ્ટે મારો કાચ તોડ્યો? ખબર પડી કે આ બાળકે તોડ્યો તો એ બાળકને પકડી લીધો. શેઠે કહ્યું તેં મારો ૨૦૦ રૂપિયાનો કાચ તોડી નાખ્યો. શેઠે બે થપ્પડ પણ મારી, ૨૦૦ રૂપિયા ખિસ્સામાંથી કઢાવ્યા. તો જે બાળકે



શોટ માર્યો, બોલ ગયો અને કાચ સાથે અથડાયો. આ છે કર્મ, અને આ કર્મનું પરિણામ શું થયું? જે એક્શન થયું તો એનું કોઈ ને કોઈ રિએક્શન તો આવશે ને. કાચ સાથે બોલ અથડાયો. આ કર્મ છે અને આ કર્મનું પરિણામ શું થયું? જે એક્શન થયું તો એનું કોઈને કોઈ રિએક્શન તો આવશે ને. **કાચ સાથે બોલ અથડાયો, આ કર્મ છે અને અથડાવાથી કાચ તૂટી ગયો. આ એનું પરિણામ છે.** આ છે ક્રિયાની પ્રતિક્રિયા એટલે કે એક્શનનું રિએક્શન. જ્યારે પણ કર્મ થાય છે અર્થાત્ એ ક્રિયાની ખૂબ નજીકની પ્રતિક્રિયા, એક્શનનું નિયરેસ્ટ રિએક્શન થાય છે એને કહેવાશે પરિણામ.

## કર્મનો પ્રભાવ

જ્યારે શેઠને ખબર પડી કે કાચ તૂટી ગયો તો શેઠને સુખ થયું કે દુઃખ થયું? દુઃખ થયું. આ જે દુઃખ થયું, એ બાળકના કર્મનો પ્રભાવ છે. જુઓ, કર્મ કરે છે બાળક અને પ્રભાવ પડે છે શેઠ પર. કર્મ કોઈ કરે છે, પ્રભાવ કોઈ બીજો ભોગવે છે, દરરોજ આવું બને છે? સડક ઉપર લાલબત્તી પાસે ટ્રાફિક જામ થઈ ગયો. કેટલાય લોકો હોર્ન વગાડે છે. ચાલો-ચાલો આગળ નીકળો, જલદી-જલદી કરો, પછી પરસ્પર ક્યાંક-ક્યાંક બોલાચાલી, થોડીક ગરમા-ગરમી પણ થઈ જાય છે. તો કર્મ કોઈ બીજું કરે છે, ભોગવવું કોઈ બીજાને પડે છે.

જ્યારે કોઈ કર્મ થયું, એ કર્મની સૂચના જાણકારી જે જે વ્યક્તિને મળશે, એમના પર પ્રભાવ પડશે. શેઠને ખબર પડી કે મારા મકાનનો કાચ તૂટી ગયો તો શેઠ પર પ્રભાવ પડશે. શેઠનો પુત્ર કૉલેજમાં ભણવા ગયો હતો. એને ખબર નથી કે મારા ઘરનો કાચ તૂટી ગયો તો એના પુત્ર ઉપર કોઈ પ્રભાવ નહીં પડે. **અહીં પ્રભાવની શરત એ છે કે જો એની સૂચના મળશે તો પ્રભાવ પડશે, સૂચના નહીં મળે તો નહીં પડે.**

પ્રભાવ ઉપર વધુ એક દૃષ્ટાંત આપું છું. એક વ્યક્તિ દિલ્હી રહે છે. એનો એક ભાઈ લંડન રહે છે. દિલ્હીવાળા વ્યક્તિનો એક્સિડન્ટ થઈ ગયો. એ હૉસ્પિટલ ગયો. પ્લાસ્ટર ચડાવી દીધું. એના લંડનવાળા ભાઈને જાણ ન કરી કે દિલ્હીવાળા ભાઈનો એક્સિડન્ટ થઈ ગયો હતો. બે મહિના સુધી એના પગ ઉપર પ્લાસ્ટર રહ્યું. બે મહિના પછી પ્લાસ્ટર ખૂલ્યું પછી એની ફિઝિયોથેરાપી કરાવી અને છ મહિનામાં એનો પગ બિલકુલ પહેલાં જેવો થઈ ગયો. હવે છ મહિના પછી લંડનવાળા ભાઈને જાણ કરી કે આજથી

છ મહિના પહેલાં તમારા ભાઈનો પગ ભાંગી ગયો હતો. જે દિવસે જાણ કરશે, શું ત્યારથી એ લંડનવાળાને દુઃખ થવું શરૂ થશે કે નહીં? થશે ને. જ્યાં સુધી સૂચના ન આપી ત્યાં સુધી કોઈ પ્રભાવ ન પડ્યો. આજે જાણકારી દીધી, આજથી પ્રભાવ શરૂ થઈ ગયો. જોકે હવે એને કોઈ તકલીફ નથી છતાં પણ એ લંડનવાળો ભાઈ દુઃખી થઈ રહ્યો છે. તો આ પ્રભાવનું ઉદાહરણ છે. જો સૂચના મળશે તો પ્રભાવ પડશે, સૂચના નહીં મળે તો કોઈ પ્રભાવ નહીં પડે.

## કર્મનું ફળ

હું એ ઉદાહરણ આપી રહ્યો હતો કે કર્મ કર્યું બાળકે અને પરિણામ આવ્યું કાચ ઉપર, પ્રભાવ પડ્યો શેઠ પર અને શેઠે ક્રોધે ભરાઈ બે થપ્પડ મારી અને ૨૦૦ રૂપિયા વસૂલ કર્યા. આ કર્મનું ફળ થયું. આમ પરિણામ, પ્રભાવ અને ફળ જ આખી દુનિયામાં થતાં હોય છે.

જે પહેલા કર્મફળની વાત બતાવી હતી, કે જ્યારે આપણે સકામ કર્મ કરીશું, તો આપણને જાતિ, આયુ અને ભોગ આ ત્રણ ફળ મળશે અને જો નિષ્કામ કર્મ કરીશું તો મોક્ષફળ મળશે. મોક્ષમાં ઈશ્વરનો આનંદ મળશે.

ફળનો નિયમ બતાવ્યો હતો કે જે કર્મ કરશે, એને જ ફળ મળશે, બીજાને નહીં. અહીં કાચ કોણે તોડ્યો હતો? જે બાળક ક્રિકેટ રમી રહ્યો હતો એણે. તો જે બાળકે કાચ તોડ્યો, એને જ દંડ મળવો જોઈએ અને એને જ સજા કરાશે તો એ કહેવાશે ફળ.

ધારો કે તોડ્યો કોઈ એક બાળકે, અને પકડી લીધો કોઈ બીજાને, અને એને માર મારવામાં આવ્યો. હવે શું આને ફળ માનવામાં આવશે? ફળ નહીં માનવામાં આવે. ફળ તો ત્યારે જ મનાશે કે જેણે કર્મ કર્યું હતું, એને જ દંડ મળવો જોઈએ. જે કંઈ પણ સારું કર્યું તો ઇનામ અને ખરાબ કર્યું તો દંડ. જેણે કર્મ કર્યું, એને જ ફળ મળવું જોઈએ. આ ન્યાયની વાત છે.

તો જેમ ઉદાહરણમાં આપણે જોયું કે **શોટ મારવો એક કર્મ છે, કાચનું તૂટવું એનું પરિણામ છે. શેઠનું દુઃખી થવું એનો પ્રભાવ છે અને બાળકને દંડ મળવો, એ એના કર્મનું ફળ છે.** જો આપણે આ ત્રણ વસ્તુઓને સમજી લઈશું તો આપણને ઘણા ખરા પ્રશ્નોના જવાબ મળી જશે.

ટ્રક ડ્રાયવરે બેદરકારીથી ગાડી ચલાવી અને સ્કૂટરવાળાને અથડાવી દીધી. આ જે ઠોકી દીધી એ થયું કર્મ અને આનું પરિણામ શું થયું? સ્કૂટરવાળાનું મૃત્યુ થઈ ગયું. આ છે કર્મનું પરિણામ. આ ડ્રાયવરના કર્મનું પરિણામ છે. આ મરવાવાળાનું ફળ નથી. પ્રશ્ન થશે કે એનું કર્મફળ નથી તો ભોગવવું શા માટે પડ્યું? એટલા માટે ભોગવવું પડ્યું કારણ કે એણે સંસારમાં જન્મ લીધો. જન્મ ન લેત તો સ્કૂટર ઉપર ન આવત. હાઈવે ઉપર ન આવત તો મરત નહીં. હવે જન્મ લઈ લીધો, ટૂ-વ્હીલર ચલાવી રહ્યો છે, હાઈવે ઉપર ચાલી રહ્યો છે તો પછી કોઈ પણ ઠોકી શકે છે. ન પણ ઠોકી શકે. આ તો સંયોગની વાત છે.

સંસારમાં અચાનક ક્યાંય પણ કંઈપણ થઈ શકે છે. ગમે તેની સાથે થઈ શકે છે. ટ્રક ડ્રાયવરે બેદરકારી રાખી, તો સ્કૂટરવાળો માર્યો ગયો. આ ડ્રાયવરના કર્મનું પરિણામ છે, જે એ બિચારા સ્કૂટરવાળાએ ભોગવવું પડ્યું.

હવે મરવાવાળાના પરિવારને જ્યારે જાણ થશે, કે આપણા પરિવારનો એક સભ્ય દુર્ઘટનામાં માર્યો ગયો તો એ બધાને દુઃખ થશે. આ ડ્રાયવરના બેદરદાર કર્મનો પ્રભાવ છે. પરિણામે મરણવાળાના પરિવારવાળા દુઃખી થાય છે.

પછી ડ્રાયવરને પકડવામાં આવશે. એના પર કેસ ચાલશે અને એને દંડ મળશે. આ એનું ફળ થશે. જેણે ભૂલ કરી એને જ ફળ મળશે અને ફળ આ જ દસ નિયમો અનુસાર મળશે. જ્યાં આ દસ નિયમો અનુસાર સુખદુઃખ મળતું હોય તો ત્યાં સમજી લેવું આ કર્મનું ફળ છે.

જ્યાં આ દસ નિયમ વિરુદ્ધ મળી રહ્યું હોય તો આ નિયમ લાગુ નથી થઈ રહ્યા અને સુખદુઃખ મળે તો સમજી લો એ કર્મનું ફળ નથી. આ કાં તો કર્મનું પરિણામ છે કાં તો કોઈ પ્રભાવ છે. આમ માનવું જોઈએ.

કોઈ દુર્ઘટનામાં માર્યો ગયો, શેઠને ત્યાં ચોરી થઈ ગઈ, આવાં આવાં નુકસાન થતાં રહે છે. એ બધાં પાછલા કર્મફળ માનવામાં આવે છે. જ્યારે આ પાછલા કર્મફળ બિલકુલ નથી.

જો એ શેઠનું પાછળનું કર્મ છે એ તો ચોર ગુનેગાર બિલકુલ નથી. એણે તો શેઠને કર્મફળ આપ્યું અને એ ચોરી કરવી કર્મનું ફળ આપવું ઈશ્વરે કહ્યું હતું તો પછી ચોરને પણ ઇનામ આપવું પડશે, તે આપણે દઈશું નહીં. આથી સાબિત થઈ ગયું કે એ કર્મફળ નથી તો પછી આ શું છે?

**ચોરે ચોરી કરી, એ એનું કર્મ છે. શેઠને ચાર લાખનું નુકસાન થયું, એ એના કર્મનું પરિણામ છે અને શેઠના ઘરવાળા બધા દુઃખી થઈ ગયા, એ એનો પ્રભાવ છે. એ ચોરને પકડી જેલમાં પૂર્યો એ એનું ફળ છે.** જે ચોરી કરશે તો

એને ફળ મળશે. દંડ મળશે. આ રીતે કર્મનું પરિણામ, પ્રભાવ અને ફળ, આ ત્રણ વસ્તુઓ આપણે અલગ-અલગ સમજવી જોઈએ. ત્યારે આપણે ઘણી બધી સમસ્યાઓમાંથી બહાર આવી જઈશું.

સિદ્ધાંત એ રીતનો છે કે **સારું કર્મ કરવાનું ફળ તો કર્તાને જ સમય મુજબ ઈશ્વર દ્વારા મળશે પરંતુ એના સારા કર્મનું પરિણામ-પ્રભાવ અન્ય વ્યક્તિઓ ઉપર સુખરૂપે પણ પડી શકે છે અને દુઃખરૂપે પણ.** ક્યારેક-ક્યારેક ખુદે કર્મ કર્યાં ના હોય પણ ફળ ભોગવવા મળી જાય છે. શાસ્ત્ર કહે છે: ***अकर्तुरपि फलापोपभोगोन्नाद्यवत।*** (સાંખ્ય ૧-૧૦૫) વગર કર્મ કર્યે પણ પરિણામ બીજી વ્યક્તિને મળી જાય છે, જેમ કે રસોઈયા દ્વારા બનાવેલ ભોજન શેઠ દ્વારા કરવામાં આવે છે. ***शं नः सुकृतानि सन्तु।*** (ઋગ્વેદ ૭-૩૫-૪) અર્થાત્ - જે સમાજના સારા ધાર્મિક પુરુષ છે એના દ્વારા કરવામાં આવેલ ઉત્તમ કર્મ આપણા માટે સુખદાયક અને લાભકારી હોય. જેમ કે રાજા સારા કાયદા બનાવે છે. નગરપાલિકા સારી સાફસફાઈ રાખી આપણને સુખ આપે છે. એટલા માટે વૈદિક સિદ્ધાંત આ જ બતાવે છે કે બીજાના કર્મોથી બીજાને લાભ કે નુકસાન અથવા સુખ-દુઃખ બન્ને પહોંચે છે. કર્મફળ તો કર્તાને જ મળે છે, પરંતુ કર્મના પરિણામ અને પ્રભાવથી આ સ્થિતિ નિર્માણ થાય છે.



## અધ્યાય- ૯

# ભાગ્યવાદ

**ઘટનાઓ બનવી પહેલેથી નક્કી નથી.** કોઈ વસ્તુ (ઘટના) બનવી પહેલેથી નક્કી થયેલ નથી. જે નક્કી હોય છે એને એક્સિડન્ટ નથી કહેવાતો. એક્સિડન્ટ એને જ કહેવાય છે, જે અચાનક થઈ જાય.

જે પહેલાં નક્કી (પ્રિડિસાઈડેડ) નથી એનું નામ જ એક્સિડન્ટ છે, તમે એને અકસ્માત કહો છો. અકસ્માતનો મતલબ, જે અચાનક થઈ જાય તે.

જે અગાઉથી નક્કી હોય, અર્થાત્ આ માણસને અહીં મારવો છે. આવી રીતે મારવો છે, એ એક્સિડન્ટ થોડો છે, એ તો હત્યા છે. એને જાણીજોઈને માર્યો છે. એ દુર્ઘટના ન હોય. દુર્ઘટના અલગ વસ્તુ છે. હત્યા અલગ વસ્તુ છે.

હવે ખાસ વાત સમજવાની **એ છે કે એ પહેલેથી જ નક્કી (પ્રિડિસાઈડેડ) નથી કે કયો જીવાત્મા, ક્યારે શું વિચારશે?** એટલા માટે ઈશ્વરને એ પહેલેથી જાણ નથી. જીવાત્મા જે કંઈ પણ વિચારે, એ એની સ્વતંત્રતા છે. પરંતુ એ જે પણ વિચારશે તે ઈશ્વરની જાણકારીમાં હશે. એ એનાથી બહાર ન વિચારી શકે. જીવાત્માની પૂરી ક્ષમતા ઈશ્વરને ખબર છે. એટલા માટે એવું ક્યારેય નહીં બને કે જીવાત્મા કોઈ એવું વિચારે કે કાર્ય કરી નાખે, જે ઈશ્વર માટે નવું હોય. જીવાત્મા જે કંઈ પણ વિચારે, એનું 'અથથી ઈતિ' પૂરું લિસ્ટ ભગવાન પાસે છે એની જાણકારીમાં છે, કારણ કે ઈશ્વર સર્વજ્ઞ છે. ગોડ ઈઝ ઑમ્નિશન (સર્વજ્ઞ).

ના સારો દિવસ હોય છે, ના ખરાબ દિવસ હોય છે. જ્યારે કોઈ વિશેષ પ્રાપ્તિ કે લાભ મળે છે તો એ દિવસને સુદિન કે સારો દિવસ કહેવામાં આવે છે કારણ કે ભવિષ્ય પહેલેથી નક્કી નથી, એટલા માટે

## ભવિષ્ય કોઈ ન બતાવી શકે

શું કોઈ આપણું ભવિષ્ફળ બતાવી શકે છે? ગણિતમાં સંભાવનાનો નિયમ છેઃ (લૉ ઑફ પ્રોબેબિલિટી). આ જ્યોતિષ જેટલી પણ ભવિષ્યવાણી કરે છે, એ બધી લૉ ઑફ પ્રોબેબિલિટી પર આધારિત છે. લૉ ઑફ પ્રોબેબિલિટી તમે પણ જાણો છો, અમે પણ જાણીએ છીએ, તો પછી એ જ્યોતિષએ નવું શું બતાવ્યું?

એક વિદ્યાર્થી પરીક્ષામાં બેઠો છે. એ કાં તો પાસ થશે અથવા ફેલ થશે. સો વિદ્યાર્થી પરીક્ષામાં બેઠા છે. શું પરીક્ષામાં બેઠેલા બધાય વિદ્યાર્થી ફેલ થઈ જશે. અમુક તો પાસ થશે. અમુક નાપાસ થવાની સંભાવના છે. આ છે સંભાવનાનો નિયમ. ત્યાં 'સંભાવના'નો નિયમ કામ કરે છે. જો કોઈ વ્યક્તિ વીસ સંભાવનાઓ વ્યક્ત કરે છે તો અમુક તો સાચી પડશે. ત્યાં આ નિયમ લાગુ થતો હોય છે, નહીં કે ભવિષ્યવાણી.

આ સંભાવનાના નિયમ ઉપર આ જ્યોતિષો ભવિષ્યફળ બતાવે છે. કહેલ વચનોમાં કંઈક તો ઠીક (સાચું સિદ્ધ) થવાનું જ છે. જો બધા વિદ્યાર્થી જઈને જ્યોતિષને પૂછે છે કે અમે પાસ થઈશું કે ફેલ થઈશું. સંભાવનાના નિયમ પર, માની લો જ્યોતિષોએ બધાને એમ કહે કે - તમે પાસ થઈ જશો અથવા બધા જ ફેલ થઈ જાશે. તો શું સોમાંથી સો પાસ કે ફેલ થઈ જશે? નહીં થાય ને. અમુક તો પાસ થશે. ચાલીસ, પચાસ, થોડાક તો પાસ થશે જ. જે પાસ થયા, એ સંભાવનાના નિયમથી પાસ થયા.

જે પાસ થયા, એ બધા શું જ્યોતિષના કહેવાથી પાસ થયા? તેઓ પોતાની મહેનતથી પાસ થયા. બધાય એટલા અભ્યાસમાં મંદ નથી હોતા કે ફેલ થઈ જાય?

જ્યોતિષને કંઈ ખબર નથી. એમના ચક્કરમાં ન પડો. લોકોમાં એવી ભ્રમણા ફેલાઈ ગઈ છે કે ફલાણા જ્યોતિષએ બતાવ્યું હતું એટલે પાસ થઈ ગયા. સારું એણે બધા પાસ થવાના કહ્યું હતું, તો બાકી ચાલીસ જે ફેલ થઈ ગયા એનું શું? એનો કોઈ જવાબ નથી. **વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસ, લખાણ કરવાથી કે ન કરવાથી પાસ અથવા નાપાસ થાય છે, એ જ્યોતિષના કહેવાથી નથી થતા.**

સમાચાપત્રોનાં ભવિષ્ય ન વાંચવાં જોઈએ, સાંભળવાં પણ ન જોઈએ. બિલકુલ બેકાર વાતો છે. નકામી વાતો છે. આ બધાં ભવિષ્યફળ સાંભળનાર-વાંચનાર લોકો અને જ્યોતિષઓ ભૂલ કરે છે.

આ જોષ જોનારા ભવિષ્યફળ બતાવે છે. મેષ, વૃષભ, તુલા, વૃશ્ચિક વગેરે બાર રાશિઓ હોય છે. ભારતમાં સો કરોડથી ઉપર જનસંખ્યા છે. કુલ રાશિ છે ૧૨. રાશિમાં લગભગ નવ કરોડ વ્યક્તિઓનાં નામ આવશે.

હવે સમાચારપત્ર લો અને ભવિષ્યફળ જુઓ. સમાચારપત્રમાં લખ્યું છે કે, 'મંગળવારે તુલા રાશિવાળાને લાભ થશે એટલે મંગળવારે ભારતના નવ કરોડ વ્યક્તિઓને લાભ થવો જોઈએ પરંતુ થાય છે લાભ? નથી થતો તો મતલબ એ થયો કે, એ ખોટું બોલે છે.

જ્યારે તમે વધુ શોધ કરશો, તો ખબર પડશે કે મંગળવારે ઘણાય તુલા રાશિવાળાનું દેવાળું ફૂંકાય છે. લાભની તો વાત શું? દેવાળું ફૂંકાઈ ગયું એ જઈને શા માટે જ્યોતિષનું ગળું નથી પકડતા કે "તમે તો લખ્યું'તું સમાચારપત્રમાં કે લાભ થશે તો અહીં અમારું દેવાળું કાં નીકળ્યું?" **મંગળવારે તુલા રાશિવાળા લોકોને પુત્રની પ્રાપ્તિ થાય છે તો અમુક તુલારાશિવાળાનો પુત્ર મરી પણ જાય છે. મંગળવારે જ તુલારાશિવાળા બીમાર પણ પડે છે અને મંગળવારે સ્વસ્થ પણ થાય છે. મંગળવારે જ તુલા રાશિવાળાના લગ્ન પણ થાય છે અને છૂટાછેડા પણ. મંગળવારે તુલા રાશિવાળા કેસ હારી પણ જાય છે, અને જીતી પણ જાય છે. મસાણ, દવાખાનાં, ન્યાયાલય, વિવાહ, રજિસ્ટ્રેશન કાર્યાલય જઈને સત્યતાની ખાતરી આપણે કરી શકીએ છીએ.**

જ્યોતિષ ઉપાયની પણ ગેરન્ટી નથી લેતા કે આ ઉપાય કરો, તમને ચોક્કસ લાભ થશે. જો એ ઉપાયની ગેરન્ટી પણ લે, તો આપણે માની પણ લઈએ. બધા જ જનતાને દગો દે છે. એટલા માટે આવા લોકોથી સાવધાન રહો. એમના ચક્કરમાં ન આવવું.

આ ફક્ત તુક્કા છે. સો વખત વ્યક્તિ અંધવિશ્વાસ કરે છે. બે વખત સાચું નીકળે છે. આ છે - લૉ ઑફ પ્રોબેબિલિટી, ધેર ઈઝ નો ઈન્ટ્યૂઈશન.

વ્યવહારિકરૂપે આવા ભવિષ્યની વાતોની કોઈ ભવિષ્યવાણી નહીં કરી શકે. વ્યક્તિ કર્મ કરવામાં સ્વતંત્ર છે. આ સિદ્ધાંત છે. જો વ્યક્તિ સ્વતંત્ર છે, તો એ કંઈપણ કરી શકે છે. જો વ્યક્તિ સ્વતંત્ર છે, તો એ સુધરી પણ શકે છે, બગડી પણ શકે છે.

**આ ભવિષ્યવાણી સત્ય હોય, તો એનો અર્થ એ થશે કે જે ઘટના બનવાની છે તે નિશ્ચિત છે. તો વ્યક્તિ કર્મ કરવામાં પરતંત્ર થઈ જશે. જો વ્યક્તિ કર્મ કરવામાં પરતંત્ર છે,** તો એને દંડ નહી આપી શકાય કેમકે પરતંત્રને દંડ આપવો અન્યાય છે.

કોઈ વ્યક્તિએ પોતાની બંદૂકથી ચાર વ્યક્તિને મારી નાખી. હવે દંડ, મારવાવાળી વ્યક્તિને મળશે કે બંદૂકને? મારવાવાળી વ્યક્તિને મળશે. ચારેય વ્યક્તિ ગોળીથી મરી અને ગોળી છૂટી બંદૂકમાંથી તો બંદૂકને દંડ મળવો જોઈએ, પરંતુ બંદૂકને દંડ નથી આપવામાં આવતો કારણ કે બંદૂક પરતંત્ર છે. બંદૂક સ્વતંત્ર નથી, બંદૂક ચલાવવાવાળી વ્યક્તિ સ્વતંત્ર છે. એટલા માટે બંદૂક ચલાવવાવાળાને દંડ આપવામાં આવે છે. આ જ ન્યાય છે. આ જ રીતે, **દરેક વ્યક્તિ પોતાની સ્વતંત્રતા વડે કરેલ કર્મોના ફળ (સુખ-દુઃખ) પોતે જ ભોગવે છે.**

ગણિતવાળું જ્યોતિષ બરોબર છે, પણ ભવિષ્યફળ (પ્રિડિક્શન) ખોટું છે. વ્યક્તિ કર્મ કરવામાં સ્વતંત્ર છે, જે પોતાની ઈચ્છાથી કામ કરે, એ સ્વતંત્ર છે. તમારું ભવિષ્ય પહેલેથી કોઈ કેવી રીતે લખી દે? જો પહેલેથી લખ્યું છે અને એ જ થવાનું છે, તો તમે પરતંત્ર થઈ ગયા.

સમાજની સુખ-શાંતિમાં અડચણ પહોંચાડતા લોકો 'લોક-કંટક' કહેવાય છે. 'લોક-કંટક' એટલે કે કાંટાની જેમ ભોંકાઈને દુઃખ પીડા આપવાવાળા. **'મનુસ્મૃતિ'** (નવમા અધ્યાયના શ્લોક ૨૫૮થી ૨૬૧)માં લખ્યું છે કે કે ***'मंगलादेश वृत्ताः'*** એટલે કે તમને પુત્ર અથવા ધનની પ્રાપ્તિ થશે, જે એવું કહેનારા છે, ***'ईक्षणिकेःसह'*** એટલે કે હાથ વગેરે જોઈ ભવિષ્ય બતાવી ધન ઠગવાવાળા છે, 'એને 'લોક-કંટક' એટલે પ્રજાને દુઃખી કરવાવાળા ચોર સમજો પછી 'પ્રોત્સાદ્ય' એટલે કે એને પકડીને ***'वशमानयेत'*** એટલે એને જેલમાં રાખો.

ધારો કે આપણે ત્યાં એક વર્ષમાં ૧૦૦ વ્યક્તિ આવી અને બધાએ પોત-પોતાની કોઈ ને કોઈ મનોકામના બાધા માંગી લીધી કે જો અમારી આ મનોકામના પૂરી થઈ ગઈ તો અમે આગળના વરસે ફરી આવીશું. ઘણું બધું દાન આપીશું. જ્યારે એ બધા પોતાના ઘરે જશે તો પોતપોતાના એ કાર્યની સિદ્ધિ માટે એ કંઈક તો પુરુષાર્થ કરશે કે નહીં? બિલકુલ કરશે. કોઈની પરીક્ષાની તૈયારી છે. કોઈ નોકરી શોધે છે. કોઈ લગ્ન માટે કન્યા શોધે છે, કોઈ કંઈક કરી રહ્યું છે, કોઈનો કેસ ચાલી રહ્યો છે, બધા મહેનત કરશે. જ્યારે બધા લોકો મહેનત કરશે તો શું બધા જ નિષ્ફળ જશે. અમુક તો સફળ થશે.

ધારો કે આપણે ત્યાં આવેલ ૧૦૦માંથી ૫૦ લોકો પોતાના કાર્યમાં સફળ થઈ ગયા. બાકી ૫૦નાં કામ ન થયાં. એમની મહેનત ઓછી રહી. તો ૧૦૦માંથી જે ૫૦ સફળ થઈ ગયા એ શું સમજશે? એમ જ સમજશે કે બાબાજીના આશીર્વાદથી અમારું કાર્ય સિદ્ધ થઈ ગયું. એ ૫૦ ગ્રાહક તો પાકા થઈ ગયા ને આપણા. એ તો આપણે ત્યાં બીજીવાર આવશે કે નહીં આવે? એ



એમની મહેનતથી કાર્ય સિદ્ધ કરી શક્યા. કે અમારા કારણે? આ જ ભોળપણ છે જેનો લોકો લાભ લે છે. એમની પોતાની મહેનતથી કામ થયું અને શ્રેય એમને બાબાને મળ્યું. જ્યારે એમની સફળતામાં અમારું પ્રદાન નથી.

હવે આગળનું ગણિત સાંભળો. જે ૫૦ લોકોનું કાર્ય સિદ્ધ થઈ ગયું. મનોકામના પૂરી થઈ ગઈ, એ શું કરશે? એક એક વ્યક્તિ ૧૦-૧૦માં પ્રચાર કરશે કે અમે સ્વામી વિવેકાનંદજી બાબાને ત્યાં ગયા હતા, અને અમારી મનોકામના પૂરી થઈ ગઈ. એક વખત તમે પણ ચાલો, અને એ ૧૦ નહીં તો બે-ચારને તો પકડીને પોતાની સાથે લાવશે અને શું બોલશે. બસ તમે એકવાર ચાલો તો અમારી સાથે, તમારો ખર્ચ અમે ઉપાડીશું. આ રીતે, ૫૦ લોકોએ ૧૦-૧૦માં પ્રચાર કર્યો તો અમારો પ્રચાર ક્યાં પહોંચી ગયો? ૫૦૦ સુધી. આમ તો પાછલા વર્ષે ૧૦૦ વ્યક્તિ આવી પણ અમારો પ્રચાર ૫૦૦ લોકો સુધી પહોંચી ગયો.

જે પહેલાવાળા ૫૦ લોકો અહીં ફરી પાછા દાન આપવા આવશે. એ બે-બે, ત્રણત્રણને પોતાની સાથે પકડી લાવશે. જો એક વ્યક્તિ ત્રણ વ્યક્તિને પણ પોતાની સાથે પકડીને લાવે તો ૫૦ વ્યક્તિ ૧૫૦ને પકડીને લાવશે. તો ૧૫૦ અને ૫૦ કેટલા થઈ ગયા? ૨૦૦ થઈ ગયા. ગઈ વખતે ૧૦૦ આવ્યા હતા. આ વખતે ૨૦૦ આવશે. આ રીતે આપણે ત્યાં આપવાવાળાની સંખ્યા વધી જશે. અને દાન મળશે. અધિકાંશ પ્રજા ભોળી છે. લોકો એનો લાભ ઉઠાવે છે તો આવી વાત છે. ભલે બાલાજીના મંદિરની વાત હોય, હનુમાનજીનું મંદિર હોય, કે ગણેશજીનું મંદિર હોય. હવે જુઓ કાલે આવે છે ગણેશચતુર્થી. એ ગણપતિ બાપા મોરિયા, કરીને મૂર્તિ ઉપાડી દરિયામાં નાખી દેશે. અરે તમારા ભગવાનને દરિયામાં નાખશો. કંઈક વિચારો મગજમાં. પણ લોકો બુદ્ધિથી કામ નથી લેતા અને આવા અંધ વિશ્વાસોમાં ભટકતા રહે છે. તો આ બધા મંદિરોની વાત છે. આ જ હસ્તરેખાની વાત છે. આ જ ભવિષ્યફળની કથા છે. બધું ખોટું. લોકો કહે છે, ભાઈ હસ્તરેખા જુઓ. આ મરણની રેખા છે, આ સંતાનની રેખા છે, આ ધનની રેખા છે, આ ફલાણાની રેખા છે. એક વ્યક્તિએ જ્યોતિષને પૂછ્યું ભઈ, મારા હાથમાં સંતાનની કેટલી રેખા છે? બોલ્યા-બે. પછી પૂછ્યું અને મારી પત્નીના હાથમાં કેટલી છે? બોલ્યા-ત્રણ. હવે બોલો, ત્રીજું બાળક ક્યાંથી આવશે?

એક વિમાન દુર્ઘટના થઈ, એ વિમાનમાં ૧૫૦ માણસો હતા. થોડાક બાળકો હતા. થોડાક યુવાન હતા, થોડાક ઘરડા હતા. બધા માર્યા ગયા. શું

મરવાવાળાની હસ્તરેખા એકસરખી હતી. શું બધાની હસ્તરેખા એક જ હોય છે? શું બધાની એક રાશિ હતી? એટલા માટે તો અમે કહીએ છીએ કે આ બધું ખોટું છે.

## ભાગ્યવાદ

ભાગ્યવાદી લોકો કહે છે કે એ વાત માનીને ચાલવું જોઈએ કે કર્મ ન કરવાથી તો ક્યાંય કોઈ હેતુ સિદ્ધ નથી થતો, પરંતુ કર્મ કરવા છતાં પણ જેનું કામ સિદ્ધ નથી થતું, એ ચોક્કસ જ ભાગ્યના ફુટેલા લોકો છે. જગતમાં ભાગ્ય જીતે છે પરિશ્રમ નહીં. જ્યારે ભાગ્ય અનુકૂળ રહે છે, ત્યારે થોડો પણ પુરુષાર્થ સફળ થઈ જાય છે.

ભગવાને ભાગ્યમાં જે કંઈ પણ લખ્યું છે, એને ભૂંસીને એનાથી વધુ કાર્ય કોણ કરી શકે છે. ભગવાનની ઈચ્છાને, ભાગ્યના લેખને કોણ ટાળી શકે છે. કોઈ પણ કપાળમાં લખેલ રેખાને મિટાવવા સમર્થ નથી. બીજું તો ઠીક, લલાટમાં લખેલ લેખને ઈશ્વર પણ નથી મિટાવી શકતો.

એ ભાગ્યવાદી એમ પણ કહે છે કે આપણે તો તકદીરના રમકડાં છીએ વિધાતા નહીં, એ આપણને ઈચ્છા મુજબ નચાવી શકે છે. જ્યારે ભાગ્ય અનુકૂળ હોય છે, જેના વિશે કંઈ વિચાર્યું પણ ન હોય, એવી બધી સંપત્તિઓ સ્વયં આપણી પાસે આવી જાય છે. અનુકૂળ ભાગ્ય કે નસીબ અસાધ્ય કાર્યને પણ અનાયાસ જ સિદ્ધ કરી દે છે. જે દિવસે, જે સ્થાને, જે સમયે જે મૃત્યુ, માન-અપમાન કે લાભ-નુકસાન થવાનું છે, એ એજ સમયે ચોક્કસ થશે. ભાગ્યવાદી કહે છે કે ભલે સુમેરુ પર્વત પોતાની જગ્યાએથી હટી જાય, પરંતુ ભાગ્યની રેખા ન હટી શકે. ભલે કોઈ આકાશમાં ઊડે અથવા પાતાળમાં બધી દિશામાં જાય, જે ભાગ્યમાં આપેલ નથી એ નથી મળતું. **નસીબની સામે કોઈનું જોર નથી.**

આવી વિચારધારાવાળા જ્યારે બધી બાજુએથી અસફળ થઈ જાય છે, એમની બુદ્ધિ કામ નથી કરતી. એમનો પરિશ્રમ થાકી જાય છે ત્યારે એ અંતમાં ભાવિની આડમાં પોતાની અયોગ્યતા છુપાવવાનો પ્રયત્ન કરે છે. જ્યારે એના વશમાં કશું નથી હોતું તો પોતાને નસીબ પર છોડી દે છે અને કહી પણ દે છે કે:

**જે કાળમાં જેટલું, જેવું અને જેવી રીતે થવાનું લખ્યું છે, એવું જ થાય છે. થોડું કે વધારે જેટલું ધન વિધાતાએ ભાગ્યમાં લખ્યું છે. એટલું તો ચોક્કસ રણપ્રદેશમાં પણ મળી જશે. આમાં કોઈના કંઈક કરવાપણાથી ફરક નથી પડતો. એટલા માટે એનાથી વધારે આપણને સુમેરુ પર્વત ઉપર પણ ન મળી શકે.**

ત્યારે સમજાવવાવાળા ભાગ્યવીર પણ સમજાવે છે કે "તમે શા માટે માથાઝીક કરી મરો છો? આ રીતે સંતોષ માનો, ધનિકો સામે નકામા દીન બની યાચના ન કરો, કારણ કે જુઓ, ઘડો સમુદ્ર અને કૂવામાંથી સમાન પાણી જ મેળવે છે."

એ અજ્ઞાની લોકો, ઈશ્વર પર દોષ ચડાવતાં કહે છે. **ઉચ્છૃંખલ વિધાતા વગર માગે પણ સુખ આપે છે અને માંગવા છતાં પણ નથી આપતા. સાથે જ્યારે ઈચ્છે ત્યારે મનુષ્યોનું સર્વસ્વ છીનવી લે છે.**

આવું માનવાવાળા બધા જ લોકો મૂર્ખ છે. એમ એટલા માટે કારણ કે જો એમ માનવામાં આવશે કે ઈશ્વરની ઈચ્છા કે આદેશથી જ આપણે સારા-નરસાં કર્મો કરીએ છીએ તો આ સ્થિતિમાં કર્મોનું ફળ ઈશ્વરને મળવું જોઈએ ન કે ઈશ્વરને આધીન જીવાત્માને. કારણ કે ઈશ્વરે તો આદેશ દીધો છે અને જીવાત્માની અંદર એના આદેશનું ઉલ્લંઘન કરવાની ક્ષમતા નથી.

## ભાગ્યવાદનું દુષ્પરિણામ

નક્ષત્ર-ગ્રહો જોતા રહેવાવાળી અજ્ઞાની વ્યક્તિનું કામ નષ્ટ થઈ જાય છે. એમાં કોઈ શંકા નથી કે, ભાગ્યની કલ્પના કરી અને ભાગ્યને આધીન થઈ મૂર્ખ લોકો પોતાનો નાશ કરે છે.

એમાં શું શંકા કે, આપવાવાળો દેવ અને અપાવવાવાળો પુરુષાર્થ, એ બન્ને એકબીજાના આશરે રહે છે. કર્મઠ, ધર્મપ્રિય, પુરુષ હંમેશાં શુભ કર્મ કરે છે અને જે કાયર હોય છે, જેનામાં પરાક્રમનું નામ નથી હોતું, અને જેનામાં પૌરુષ નથી હોતું, એ નપુંસક જ દેવના ભાગ્યના ભરોસે પડ્યો રહે છે, અને કહેતો રહે છે કે જે થવાનું હશે, થઈ જશે અથવા થશે તો એ જ જે થવાનું છે.

**ભાગ્યના ભરોસે બેસી રહેવાથી એનું ભાગ્ય સૂતેલું રહે છે. એ અકર્મણ્યને કંઈ નથી મળતું. જે થવાનું છે એ થશે. આ રીતના વિચાર રાખી ભાગ્ય ઉપર નભતી વ્યક્તિ અસફળ બની નાશ પામે છે.** જે પ્રયત્નને છોડી ભાગ્ય-પરાયણ બની બેસે છે, જે લોકો પરિશ્રમ છોડી ભાગ્યને ભાંડે છે અને દોષ આપે છે, તે પોતાના જ શત્રુ બની પોતાના જ ધર્મ, અર્થ અને કામનો નાશ કરે છે. એ કર્મહીન, દીનહીન લોકોને ખૂબ દુઃખ પડે છે.

## જીવનમાં મળેલ બધાં સુખ-દુઃખ, આપણા કર્મોનાં ફળ નથી હોતાં

એક ક્ષેત્ર એવું છે, જ્યાં આપણે આપણા વર્તમાનના કર્મોથી, આપણી

આજની ભૂલોથી નુકસાન ઉઠાવીએ છીએ. પોતાની મૂર્ખતાથી જે ભૂલો કરી, એનાથી જે દુઃખ મળ્યું એનું નામ છે **'આધ્યાત્મિક દુઃખ.'** જેમ કે સડક ઉપર કેળાની છાલ પડી હતી, આપણે તેના પર ધ્યાન ન આપ્યું, પગ લપસી ગયો, ધડામ દઈને પડી ગયા અને કમરનું હાડકું તૂટી ગયું.

ધરતીકંપ, તોફાન, પૂર, વાવાઝોડું, આંધી, દુકાળ, વરસાદ વગેરે પ્રાકૃતિક દુર્ઘટનાઓથી પણ આપણે નુકસાન ઉઠાવવું પડે છે તો દુઃખ થાય છે. આનું જ નામ છે **'આધિદૈવિક-દુઃખ.'** આ દુઃખનું કારણ છે જન્મ. આપણે જન્મ લીધો છે, એટલા માટે આને તો આપણે સહન કરવું જ પડશે. એમાં હવે કોઈ વિકલ્પ નથી.

એક ક્ષેત્ર એવું છે, જ્યાં આપણી ભૂલ નહોતી છતાં પણ બીજા પ્રાણીઓની ભૂલથી આપણે દુઃખ ભોગવવું પડે છે. જેમ કે, માતાએ કોઈ ખોટી દવા કે ખાવાપીવામાં કોઈ ખરાબ વસ્તુ ખાઈ લીધી તો ગર્ભસ્થ બાળકને નુકસાન થયું. કોઈ પડોશના બાળકે ક્રિકેટમાં બોલિંગ કરી અને એનો બોલ આપણી આંખમાં વાગ્યો એનાથી એ આંખ નકામી થઈ ગઈ. બીજા માણસોના કારણે, સાપથી, વીંછીથી, સિંહ, વગેરે બીજા પ્રાણીઓના કારણે થતા અન્યાયથી પણ આપણે દુઃખ ભોગવવું પડી શકે છે. આને **'આધિદૈવિક-દુઃખ'** કહે છે.

એટલા માટે ઉપરોક્ત આધારે એક સિદ્ધાંત સમજવાનો છે કે, પૂરા જીવનમાં જેટલું પણ સુખ-દુઃખ આપણને મળે છે, એ બધાં જ આપણા કર્મોનાં ફળ નથી હોતાં. ફરીથી સમજો, ખૂબ મહત્ત્વની વાત છે કે આ જેટલાં પણ સુખ-દુઃખ મળે છે, નુકસાન થાય છે, લાભ થાય છે, કોઈ સુખ આપે છે, કોઈ દુઃખ આપે છે, આવી ઘટનાઓ - દુર્ઘટનાઓ રોજ થતી રહે છે. **જીવનપર્યંત જેટલાં પણ સુખ-દુઃખ મળે છે, એ બધાં જ આપણા કર્મફળ નથી હોતાં. એમાંથી અમુક ભાગનાં આપણા કર્મફળ હોય છે અને અમુક વગર કર્મે પણ આપણે સુખ-દુઃખ ભોગવવાં પડે છે. આ રીતે કર્મ વગર ક્યાંક સુખ પણ મળે છે, ક્યાંક દુઃખ પણ મળે છે. બન્ને ઘટના બનતી રહે છે.**

એક ઉદાહરણ વડે આને સાચી રીતે સમજવાનો પ્રયત્ન કરીશું. ધારો કે, કોઈ વ્યક્તિ ટુ-વ્હીલર બે પૈડાંવાળું મોપેડ-સ્કૂટર લઈને હાઈવે ઉપર જઈ રહ્યો છું, ત્યારે પાછળથી કોઈ ટ્રક ડ્રાયવર જે દારૂના નશામાં ચકચૂર બની ટ્રક ચલાવી રહ્યો છે, એ એક્સિડન્ટ કરી દે અને બે પૈડાંવાળાનું ત્યાં જ સ્થળ પર મોત થઈ જાય. જ્યારે આવી દુર્ઘટનાઓમાં કોઈનું આકસ્મિક અકાળ-મૃત્યુ જેવી ઘટના સામે આવે છે તો લોકો હંમેશાં કહે છે કે આનું મોત અહીં જ લખ્યું'તું.



ઘણા બધા લોકો આવું માને છે જ્યારે વૈદિક સિદ્ધાંત એ છે કે એનું મોત ત્યાં નહોતું લખ્યું. એ કોઈ એના કર્મનું ફળ નહોતું. આને આપણે સમજવાનું છે.

પ્રશ્ન થશે કે જો એનું મોત ત્યાં જ લખાયું હતું તો કોણે લખ્યું'તું? તમે જે એમ માનો છો કે એ એનું મોત ત્યાં લખ્યું હતું તો એમ જ બોલશો ને કે ઈશ્વરે લખ્યું હતું બીજું કોણ લખે? બધાનું નસીબ તો ઈશ્વર જ લખે છે! હવે પ્રશ્ન એ થશે કે ઈશ્વર નસીબ સારું લખે છે કે ખરાબ લખે છે? સારું લખે છે. એ તો ખરાબ લખતો નથી. **તો થોડીવાર માટે માની લઈએ કે ઈશ્વરે એનું મોત ત્યાં જ લખ્યું હતું. આ જ દિવસે, આટલા વાગ્યે, આ જગ્યાએ ટ્રક નીચે ચગદાઈ આ વ્યક્તિ મરશે. આવી સ્થિતિમાં ટ્રક ડ્રાયવરે, ઈશ્વરના લખેલ આદેશનું પાલન કર્યું કે નહીં? એ હિસાબે તો એમ જ મનાશે કે એણે ઈશ્વરના આદેશનું પાલન કર્યું. તો જે ઈશ્વરના આદેશનું પાલન કરે, એને સજા આપવી જોઈએ કે ઈનામ આપવું જોઈએ?**

જો હત્યારા ડ્રાયવરને દંડની જગ્યાએ ઈનામ આપવા માંડીએ તો પછી વિચારો કે એ એક કલાકમાં શહેરની સડકો ઉપર શું ઘટના બનશે? જે કોઈ સામે આવશે, ઈનામની લાલચમાં ડ્રાયવર એને રગદોડતો જશે. મરો-મરો તમારું મોત આવ્યું છે. ભગવાને મોત મોકલ્યું છે. અમે કંઈ નથી કર્યું. ચારે તરફ લાશ જ લાશ પડેલી મળશે, અને નહિતર પછી બધા લોકો પોતાના ઘરમાં ઘૂસીને છુપાઈને બેસશે, અને કોઈ બહાર નહીં નીકળે. કારણ કે તેઓ જાણે છે કે બહાર નીકળીશું તો લોકો કચડી નાખશે, મારી નાખશે, એટલા માટે ઘરમાં આપણે છુપાઈને રહેશું.. એક કલાક પણ તમે આ કાયદા ઉપર ચાલીને વ્યવહારિક રૂપે નહીં જીવી શકો.

યાદ રાખો, જે પણ ક્યાંય મરી રહ્યા છે, એ ભગવાનના આદેશથી બિલકુલ નથી મરી રહ્યા એ ટુ-વ્હીલરવાળાની પોતાની બેદરકારી પણ હોઈ શકે છે, ટ્રક ડ્રાયવરની પોતાની બેદરકારી પણ હોઈ શકે છે. મશીનની ખરાબી પણ હોઈ શકે છે. બ્રેક ફેલ હોઈ શકે છે, કંઈ પણ કારણ હોઈ શકે છે પણ એ ઈશ્વરનું લખેલ મોત ક્યારેય નથી. **કર્મનું જે ફળ હોય છે એ જોખી-તોલીને હોય છે. એવું નથી કે જે મરજીમાં આવે તે આપી દો.**

નિયમ છે કે, જેટલું કર્મ એટલું ફળ. આથી કર્મના હિસાબે જોખી-તોલીને જ તો ફળ અપાશે. તમે એક મહિનો નોકરી કરી તો એક મહિનાનું વેતન મળશે. બે વરસ કરી તો બે વરસના વેતન મળશે. જે દુર્ઘટના (એક્સિડન્ટ) થાય છે એમાં નુકસાન થાય છે. ક્યાંક હાથ ભાંગે છે ક્યાંક પગ ભાંગી શકે

છે. ક્યાંક ખરાબ મોત પણ થાય છે જે દુર્ઘટનામાં આ બધું થાય છે તો શું ડ્રાયવર જોખી-તોલીને હાથ-પગ તોડે છે કે આ દુર્ઘટનામાં એક હાથ તોડવો છે, આ દુર્ઘટનામાં બે હાથ તોડવા છે. શું આવું બની શકે છે?

**એ તો અચાનક જ કંઈપણ બની જાય છે. એક હાથ તૂટી શકે છે, બે પણ તૂટી શકે છે, પૂરો પણ મરી શકે છે. ત્યાં માપતોલ નથી હોતું. એક્સિડન્ટ માપતોલથી થતો નથી. જ્યારે કર્મફળ માપી તોલીને આપવામાં આવે છે.** એટલા માટે બન્નેમાં તફાવત છે, અકસ્માત અલગ વાત છે અને જોખી-તોલીને ફળ આપવું અલગ વાત છે, જેટલી પણ અકસ્માત બને છે, એ અકસ્માતમાં જે પણ શરીરને ઘા પડે છે અથવા મૃત્યુ થાય છે તે મરનારનું કોઇ કર્મ ફળ નથી.

કર્મને જાણીને જ ફળ આપવામાં આવે છે, એ હતો ને આઠમો નિયમ. કર્મ જાણ્યા વગર તો ફળ ઠીક રીતે નહીં આપી શકાય. હવે આ નિયમ અનુસાર વિચારો. જે ટુ-વ્હીલરવાળો ટ્રક નીચે દુર્ઘટનામાં હાઈવે ઉપર મરી ગયો. આ વાતનું તો સ્પષ્ટીકરણ થઈ ચૂક્યું છે કે એ ઈશ્વર દ્વારા લખેલ નથી. જો ઈશ્વર દ્વારા લખેલ હોય તો ટ્રકવાળાને ઇનામ આપવું પડશે. જે ઈશ્વરના આદેશનું પાલન કરે, એને ઇનામ આપવામાં આવે છે.

ઈશ્વરના આદેશનું પાલન કરવું ધર્મ છે કે અધર્મ? ધર્મ. ધર્મનું ફળ સુખ હોવું જોઈએ કે દુઃખ હોવું જોઈએ? સુખ. જો માનીએ છીએ કે ઈશ્વરનો આદેશ છે તો સુખ આપવું પડશે પણ એ તો તમે આપતા નથી. તમે તો એના પર કેસ કરો છો. આનાથી સાબિત થયું કે એ ઈશ્વરનો આદેશ તો હતો નહીં. તો પછી કોણે માર્યો? ડ્રાયવરે માર્યો. એ દારૂના નશામાં હતો. સારી રીતે ગાડી ન ચલાવી અને ઠોકી દીધો એને. તો જે દુર્ઘટનામાં માર્યો ગયો, એ ડ્રાઈવરની બેદરકારીથી માર્યો ગયો.

જો આને મરવાવાળાના પાછલા જન્મનું કર્મ માનવામાં આવે, કર્મનું ફળ માનવામાં આવે તો આઠનો નિયમ એક પ્રશ્ન ઊભો કરશે. એ પ્રશ્ન એ હશે કે કર્મને જાણ્યા વિના ફળ નથી આપી શકાતું તો શું ટ્રક ડ્રાયવર ટુ-વ્હીલરવાળાના પાછલા જન્મનું કર્મ જાણે છે? અહીં આઠમો નિયમ ફેલ થઈ ગયો. આઠમા નિયમમાં બતાવ્યું હતું કે જ્યાં સુધી આપણે કર્મને નથી જાણતા, ત્યાં સુધી ઠીક-ઠીક ફળ નહીં આપી શકાય. ડ્રાયવરને ખબર જ નથી કે આ મરવાવાળાએ પાછલા જન્મમાં શું કર્મ કર્યું હતું અને કયું ખરાબ કામ કર્યું હતું જેનું હું ફળ આપું? આ રીતે આઠમો નિયમ ફેલ થઈ ગયો તો નવમો પણ ફેલ થઈ જશે.

નવમો નિયમ હતો કે કર્મને જાણ્યા પછી ફળને જાણવું પણ જરૂરી છે.



કેટલા કર્મનું કેટલું ફળ આપવું, એની પણ જાણકારી હોવી જોઈએ. જ્યારે એ કર્મને જ નથી જાણતો ફળનું નિર્ધારણ કેમ કરશે કે એક બે હાડકાં તોડું, પગ પણ સાથે તોડું કે પૂરો મારી નાખું. તો અહી નવમો નિયમ પણ ફેલ થઈ ગયો.

અને દસમો એક બીજો નિયમ છે. અધિકૃત વ્યક્તિ જ કર્મનું ફળ આપી શકે છે, દરેક વ્યક્તિ નથી આપી શકતી. આ નિયમ મુજબ શું ટ્રક ડ્રાયવરને એ અધિકાર છે કે એ મરવાવાળાના પાછલા જન્મના કર્મનું ફળ આપે? નહીં. એટલા માટે દસમો નિયમ પણ ફેલ થઈ ગયો. હવે બતાવો ક્યાં છે કર્મફળ?

અહીં આઠમો, નવમો અને દસમો એ ત્રણેય નિયમ ફેલ થઈ ગયા. એટલા માટે એ સાબિત થયું કે આ ટુ-વ્હીલરવાળો જે ટ્રક નીચે મર્યો, એ કોઈ પાછલા જન્મનું કર્મફળ નથી. વિના કર્મ જ એને દુઃખ ભોગવ્યું, બિચારાનો જીવ ચાલ્યો ગયો અને એના પરિવારવાળા દુઃખી થઈ રહ્યા છે. ત્યારે પ્રશ્ન થશે કે જ્યારે કર્મફળ નહોતું તો શું હતું? આને કહેવાય છે આધિભૌતિક દુઃખ. બીજા ચેતન આત્માઓના કારણે અન્યાયથી આપણને જે દુઃખ મળે છે, એને આધિભૌતિક દુઃખ કહેવાય છે. આ વગર કર્મે ભોગવવું પડે છે અને એ બધાંએ ભોગવવાં પડે છે. આ અન્યાયથી મળતું દુઃખ છે.

ઘણાંય સુખ-દુઃખ એવાં હોય છે, જે પૂર્વજન્મના કર્મોનાં ફળ નથી અને એ સુખ-દુઃખને લોકો પૂર્વજન્મનું કર્મફળ માની લે છે.

કલ્પના કરો, એક શેઠને ત્યાં ચોરી થઈ, બે લાખ રૂપિયાની સંપત્તિ ચોર લઈ ગયા. આના ઉપર લોકોએ કહ્યું કે આ શેઠે પાછલા જન્મમાં કોઈનો માલ ખાધો હશે. બે લાખ કોઈના ખાઈ ગયા હશે. હવે એને પાછલા જન્મોના કર્મોનું ફળ મળ્યું છે એટલે એને ત્યાં ચોરી થઈ ગઈ.

આવું વિચારવું સાચું નથી. વાસ્તવમાં શેઠને ત્યાં જે ચોરી થઈ એ એના પાછલા કર્મનું ફળ નથી. આને સમજો

**પહેલી વાત :** ન્યાય કરવાની પહેલી શરત એ છે કે જજ સાહેબને પૂરો મામલો, કર્મનો એટલે કે અપરાધની ખબર હોવી જોઈએ. ત્યારે જ તો ઠીક ફળ આપી શકે છે. જ્યાં સુધી કર્મને નહીં જાણે જ્યાં સુધી કેસ નહીં સાંભળે તો બરોબર ન્યાય કેવી રીતે કરશે. નહીં કરી શકે.

**બીજી વાત :** જેટલો ગુનો થયો, એની સજા કેટલી આપવામાં આવે. જો સજાની ખબર નથી કે કેટલી સજા થાય, તો પણ એ ન્યાય નહીં કરી શકે.

**ત્રીજી વાત :** નક્કી કરેલ વ્યક્તિઓને દંડ આપવાનો અધિકાર છે, બધાને નહીં અને એ જ કર્મનું ફળ આપી શકે છે.

**આ ત્રણેય નિયમ લાગુ કરીને જુઓ**

(૧) જ્યારે ચોરને શેઠના કર્મની જ ખબર નથી. ચોરને નથી ખબર કે શેઠે કયો ગુનો કર્યો હતો તો એ ફળ કેમ માનવામાં આવે?

(૨) જ્યારે ચોરને દંડની ખબર નથી કે કેટલો દંડ આપું, તો ન્યાય ન થયો. એટલા માટે એ કર્મ-ફળ ન થયું.

(૩) ચોરને શેઠના પૂર્વ જન્મના કર્મનો દંડ આપવાનો અધિકાર નથી. આ રીતે ન્યાયની કસોટીમાં ત્રણેય વાતો ફેલ થઈ ગઈ.

**ચોથી વાત :** જે કર્મનું ફળ આપવામાં આવે છે, બરોબર ન્યાયથી આપવામાં આવે છે એને ચુપચાપ ભોગવવું પડે છે, એનો વિરોધ નથી કરી શકતા.

ચોરે શેઠને ત્યાંથી બે લાખની ચોરી કરી, એના પર અમુક લોકોએ કહ્યું કે - આ તો શેઠના પાછલા જન્મના કર્મનું ફળ છે. એટલા માટે શેઠે ચુપચાપ દંડ ભોગવવો જોઈએ. ચોરીનો વિરોધ ન કરવો જોઈએ. પોલીસમાં રિપોર્ટ ન કરવો જોઈએ પરંતુ એવું તો કોઈ નથી કરતું.

**પાંચમી વાત :** એક ન્યાયાધીશ મહાશયે એક હત્યારા આતંકવાદીને ફાંસીની સજા કરી, તો જલ્લાદે આતંકવાદીને ફાંસી પર ચડાવી દીધો. ન્યાયાધીશ મહાશયના આદેશનું પાલન કરવાથી જલ્લાદને પગાર મળશે. ઈનામ મળશે. દંડ નહીં મળે. એ જ રીતે ચોરે પણ શેઠને ત્યાં ચોરી કરી, એણે ભગવાનના આદેશનું પાલન કર્યું તો એને ઈનામ અપાવો. જે લોકો કર્મફળમાં માને છે એમણે ચોરને ઈનામ અપાવવું જોઈએ. કોર્ટમાં કેસ ન કરવો જોઈએ. જો આ વાત સ્વીકાર્ય હોય તો તમે માની શકો છો કે આ કર્મફળ છે.

આ કાયદાથી તો તમે એક કલાક પણ ન જીવી શકો. જે પણ ચોર ચોરી કરે, એને ઈનામ અપાવો. પોતપોતાના નગરમાં, અમદાવાદમાં, ઉદયપુરમાં, જબલપુરમાં, મુંબઈમાં, દિલ્હીમાં એક કલાક માટે આ નિયમ લાગુ કરી દો કે જે કોઈ ચોરી કરશે એને ઈનામ મળશે, પછી જુઓ શું થાય છે. તમારું જીવવું મુશ્કેલ થઈ જશે. એટલા માટે આ વાત સત્ય નથી.

**પ્રશ્ન: જે આપણે ભોગવી રહ્યા છીએ, એ કર્મફળ છે તો ભાગ્ય શું છે?**

જે આપણે ભોગવી રહ્યા છીએ, એ જો કર્મફળ છે તો પછી ભાગ્ય શું છે? આનો જવાબ એ છે કે સુખ કે દુઃખ, જે કંઈ પણ આપણે ભોગવી રહ્યા છીએ એમાંથી એક ભાગ તો આપણા કર્મોનું ફળ છે. પણ બીજો ભાગ એવો છે, જે આપણા કર્મોનું ફળ નથી. જીવનમાં ઘણા બધા સુખ-દુઃખ વિના કર્મફળે ભોગવવાં પડે છે. એવા પણ જીવનમાં સુખ-દુઃખ આવે છે.

જેમ હમણાં પાછલા ઉદાહરણમાં બતાવ્યું હતું. ટ્રકવાળાએ સ્કૂટરવાળાને ઠોકી દીધો અને મારી નાખ્યો. એ સ્કૂટરવાળો જે મર્યો, એ એના કર્મનું ફળ નહોતું. વિના કર્મ એને દુઃખ ભોગવવું પડ્યું. આને શું કહીશું? અન્યાય, આ ભાગ્ય નથી. અન્યાયની વ્યાખ્યા શું છે? હું બે વિકલ્પ આપું છું. એમાંથી તમે બતાવો કે અન્યાય કોને કહેવાય છે.

**પહેલો વિકલ્પ:** ખરાબ કર્મને આધારે કોઈને દુઃખ આપવામાં આવે.

**બીજો વિકલ્પ:** કોઈ પણ ખરાબ કર્મ કર્યા વિના કોઈને અમસ્તું દુઃખ આપવામાં આવે.

જે વિના ખરાબ કર્મે દુઃખ આપવામાં આવે, એનું નામ અન્યાય છે. આથી સાબિત થયું કે વિના કર્મે પણ આપણે દુઃખ ભોગવવું પડે છે. આ જે બધા અન્યાય છે, એ કર્મફળ નથી અને જે કર્મનું ફળ છે, એનું નામ છે - ન્યાય, આનું જ નામ ભાગ્ય છે. બન્ને એક જ છે.

**હવે ભાગ્યમાં બે ભાગ છે. એક તો પાછલા જન્મના કર્મોનું ફળ જાતિ-આયુષ્ય-ભોગના રૂપમાં મળી ગયું અને સમાપ્ત થઈ ગયું અને બીજું આ જન્મમાં કરેલા કર્મોના ફળ.** જે આ બન્નેને ભેગા કરી દે છે, એટલા માટે એ મૂંઝાઈ જાય છે. એ સમજમાં નથી આવતું કે આપણે જે સુખ-દુઃખ ભોગવી રહ્યા છીએ આ જન્મનું છે કે પાછલા જન્મનું. ભાગ્યના આ બે ભાગો સિવાય અન્યાયથી પણ આપણને સુખ-દુઃખ મળે છે. આપણે આ ત્રણેય તથ્યોને અલગ-અલગ સમજવાં જોઈએ.

જો તમે કર્મફળના એ દસ નિયમોથી પરીક્ષણ કરશો તો તમને મોટે ભાગે ખબર પડી જશે કે આ કર્મનું ફળ છે અથવા નથી અને જો કર્મફળ છે તો પાછલા જન્મનું છે કે આ જન્મનું.

આપણને જે સુખ-દુઃખ મળે છે, એના બે ભાગ છે.

(એક) વ્યક્તિના પોતાના કર્મોનું ફળ છે અને (બીજું) અન્યોના કારણે પણ આપણને વગર દોષે (કે ભૂલે) એટલે કે અન્યાયપૂર્વક દુઃખ મળે છે. જો પૂરેપૂરા આપણા જ કર્મોનાં ફળ માની લેવામાં આવે તો અપરાધી તો દુનિયામાં કોઈ પણ નથી. તો પછી કોઈ પર કોર્ટ કેસ શા માટે?

જીવનમાં જેટલાં પણ સુખ-દુઃખ મળે છે, તે બધાં જ આપણા કર્મોના ફળ નથી હોતાં. અમુક કર્મોનાં ફળ (ભાગ્ય) છે, અને અમુક અન્યાયથી પણ આપણને મળે છે.

અન્યાય કોને કહેવાય છે? **વગર ગુને, વગર દોષે, કોઈને દુઃખ આપવું અથવા સુખ આપવું પણ અન્યાય છે.**

દુઃખવાળું ઉદાહરણ પકડીને ચાલીએ છીએ, વિના અપરાધે કોઈને દુઃખ આપવું, અન્યાય છે અને ગુનો કરવાથી એના ગુના મુજબ એનો દંડ આપવો, આ ન્યાય છે.

ચોરે શેઠને ત્યાં જે બે લાખની ચોરી કરી, એ હતો અન્યાય. શેઠ નિર્દોષ હતા. એનો કોઈ દોષ નહોતો. છતાં પણ ચોરે શેઠને ત્યાં ચોરી કરી શેઠને દુઃખ આપ્યું. આનું નામ અન્યાય છે. આ પાછલું કર્મ-ફળ નથી.

## અન્યાયથી કોઈ બચી નથી શકતું

ઋષિમુનિઓ કહે છે કે પટાવાળા (નોકર)થી લઈ અને રાષ્ટ્રપતિ (રાજા) સુધી કોઈ પણ હોય, જે કોઈ આ સંસારમાં જન્મ લેશે, બધા સાથે અન્યાય થશે. **એક પણ વ્યક્તિ તમને દુનિયામાં એવો નહીં મળે, નોટ એ સિંગલ પર્સન, જે હાથ ઊંચો કરી એમ કહી દે કે, મારી સાથે આજ સુધી એક વખત પણ અન્યાય નથી થયો.** વેદ અને ઋષિમુનિ શું કહે છે? જે સંસારમાં જન્મ લેશે, એની સાથે અન્યાય થવો નિશ્ચિત (ગેરેન્ટેડ) છે. અહીં અન્યાયની ગેરન્ટી છે, ન્યાયની કોઈ ગેરન્ટી નથી.

લોકો કહે છે, સાહેબ અમારો કોઈ દોષ નહોતો, અમારે શા માટે ભોગવવું પડ્યું? એ તો ભોગવવું જ પડશે. તમે શું ભૂલ કરી? સંસારમાં જન્મ લીધો, એ જ ભૂલ કરી. હવે તમે વિચારશો કે, સંસારમાં જન્મ લેવો એ પણ કોઈ ભૂલ છે શું? તમને ઘણી વિચિત્ર (વિચક્ષણ) વાતો જાણવા મળશે. કદાચ તમે પહેલી વખત જ આ વાતો સાંભળી હશે. આજ સુધી કોઈ વક્તાના મુખે એ નહીં સાંભળ્યું હોય કે, સંસારમાં જન્મ લેવો પણ કોઈ ભૂલ છે. વેદ અને ઋષિમુનિ એ જ કહે છે કે **સંસારમાં જન્મ લેવો જ સૌથી મોટી ભૂલ છે. જો જન્મ લઈ લીધો તો પછી દુઃખ આવશે, એ દુઃખથી બચી નહીં શકો.**

અહીં કોઈની સાથે ઓછા અન્યાય થશે, કોઈની સાથે વધારે થશે, કોઈની સાથે ઘરમાં થશે, કોઈની સાથે બજારમાં થશે, કોઈની સાથે ટ્રેનમાં થશે, કોઈની સાથે બસમાં થશે, કોઈની સાથે જંગલમાં થશે, કોઈની સાથે નગરમાં થશે, ક્યાંક ને ક્યાંક થશે. કંઈક ને કંઈક થશે. અહીં કોઈને પણ સંપૂર્ણ ન્યાય નહીં મળે.

સંસારમાં દુઃખ મળે છે. દુઃખ ભોગવવું બુદ્ધિમત્તા નથી. એટલા માટે કહેવામાં આવે છે કે **"આ સંસાર મૂર્ખ વ્યક્તિઓ માટે છે."** કારણ કે જેણે સંસારમાં જન્મ લીધો, એણે કંઈક ને કંઈક દુઃખ ભોગવવું પડશે. એણે સંસારમાં જન્મ લઈને દુઃખ ભોગવ્યું છે, તો એનો એ મતલબ થયો કે હજુ તેનામાં કંઈક ને કંઈક મૂર્ખતા અર્થાત્ કંઈક અવિદ્યા બાકી છે.

ઘણું ખરું દુઃખ, આપણે અન્યાયથી ભોગવવું પડે છે. એ દુઃખ અને અન્યાયની ક્ષતિપૂર્તિ કેવી રીતે થાય છે? અમુક તો ન્યાયાધીશ, રાજા વગેરે કરી દે છે અને -

## અમુક અન્યાયની ભગવાન ક્ષતિપૂર્તિ કરશે

ભગવાન કેવી રીતે ક્ષતિપૂર્તિ કરશે. ક્યાં કરશે, ક્યારે કરશે, એ આપણે નથી જાણતા. ઈશ્વરની કર્મ-ફળ વ્યવસ્થા, 'ન્યાય-વ્યવસ્થા' ઘણો વિસ્તૃત, જટિલ વિષય છે. સૂક્ષ્મ વિષય છે, મોટા-મોટા ઋષિમુનિઓએ આ વિષય પર ઘણું ચિંતન કર્યું, ઘણું મનન કર્યું, અને અમુક વાતો જે એમની સમજમાં આવી એ એમણે બતાવી. પછી આગળ ચાલીને એમણે પણ હાથ ઊંચા કરી દીધા કે - "ભાઈ, આપણા વશમાં નથી, આ ઘણો અઘરો વિષય છે. આને કોઈ પણ નહીં સમજી શકે."

એટલું તો જરૂર નિશ્ચિત છે કે જે કંઈ ક્ષતિ થઈ, જે પણ નુકસાન થયું, એની પૂર્તિ તો થશે. એમાં કોઈ શંકા નથી. આ વાતને એક ઉદાહરણથી સમજીશું.

એક શેઠને ત્યાં ચોરી થઈ, પોલીસ પાછળ લાગી ગઈ, ચોર પકડાઈ ગયો અને ચોરીમાં સામાન ગયો હતો, એ સામાન પાછો મળી ગયો. હવે ન્યાય

કરવાનો છે, તો બે પાત્ર છે આપણી સામે. એક તો શેઠ અને એક ચોર. શેઠને ત્યાં ચોરી થઈ, ચોરે ચોરી કરી, હવે બન્ને સાથે ન્યાયાધીશ કંઈક ને કંઈક વ્યવહાર કરશે. ચોરને તો ન્યાયાધીશ જેલમાં મોકલી દેશે અને જે ચોરીનો માલ મળ્યો હતો એ માલ શેઠ સાહેબને પાછો મળશે ત્યારે જ એ ન્યાય કહેવાશે. આ જવાબદારી સરકારની અને ન્યાયાધીશની છે. જો ચોરીનો માલ સરકારી ખજાનામાં ચાલ્યો જાય તો શેઠ કહેશે, "સાહેબ, મારી સાથે તો ન્યાય ન થયો. મારી સંપત્તિ તો મફતમાં જતી રહી."

ભગવાન તો પૂર્ણ ન્યાયી છે. તો તમારું જે નુકસાન થયું એ ઈશ્વર પૂરું નહીં કરે શું? ન્યાયનો નિયમ છે જે નુકસાન થયું એની પૂર્તિ તો થવી જ જોઈએ. નહીં તો પછી, અંધેરી નગરી અને ગંડુ રાજા. ન્યાય તો ત્યારે જ થશે કે જે સામાન ચોરાઈ ગયો છે એ પાછો મળે અથવા એટલી કિંમત પાછી મળે. **ઈશ્વર પણ ન્યાયી છે, જેનું જે પણ નુકસાન થયું, ઈશ્વર એની પૂર્તિ કરશે. ક્યારે કરશે, ક્યાં કરશે, કેમ કરશે, એ એજ જાણે. એ આપણે નથી જાણતા.**

સરકાર ન્યાય કરી શકે તો ઠીક છે, નથી કરી શકતી તો એના નુકસાનની પૂર્તિ અંતમાં ઈશ્વર કરશે. આ રીતે કોમ્પેન્સેશનની ગેરન્ટી તો છે, પરંતુ એ પણ પૂરી સુરક્ષા તો નથી ને. એકવાર તો માર ખાવો પડ્યો ને. પૂરી રીતે સુરક્ષા મોક્ષમાં છે. ત્યાં કોઈ વ્યક્તિ આપણા ઉપર આક્રમણ કરી જ ન શકે. જો તમને આવું બરોબર સમજાતું હોય કે કોઈ આપણું નુકસાન કરી જ ન શકે તો પછી 'મોક્ષ'ની તૈયારી કરો.

## અન્યાયથી બચવું હોય તો મોક્ષમાં જાવ

અવિદ્યા (મૂર્ખતા)ને નિવારવા માટે જ આપણને મનુષ્ય જન્મ મળ્યો છે. મનુષ્ય જન્મ મેળવ્યો છે, તો સમાધિ લગાવો, શાસ્ત્ર ભણો, સમાજની સેવા કરો, નિષ્કામ કર્મ કરો અને મોક્ષમાં જાવ. સંસારમાં પડ્યા પડ્યા દુઃખ ન ભોગવો. એ જ તો મનુષ્ય જીવનનો ઉદ્દેશ્ય છે.

લોકો પૂછે છે કે બીજાના અન્યાયથી બચવાનો શું ઉપાય છે, કઈ રીત છે? તો એનો ઉપાય જે વેદોમાં બતાવેલ છે, મોક્ષ.

**તમે જન્મ લઈ લીધો તો ક્યાંય પણ સુરક્ષા નથી. કોઈ ને કોઈ દુઃખ આવશે જ. ધરતી ઉપર ક્યાંય પણ કોઈ પણ વ્યક્તિ પૂર્ણ સુખી નથી. ત્રણ દુઃખોથી છૂટવું. આ મનુષ્યનું સૌથી ઊંચું લક્ષ્ય છે. પૂરી સુરક્ષા ફક્ત મોક્ષમાં છે. એટલા માટે ફટાફટ મોક્ષમાં સરકી જાવ.**



જો છ કલાક સુધી ભૂખના દુઃખથી છૂટકારો મેળવવા માટે તમે ભોજન કરો છો, તો એકત્રીસ નીલ, દસ ખર્વ, ચાલીસ અબજ વર્ષો સુધી દુઃખથી છૂટકારો મેળવવા (મોક્ષ માટે) પ્રયાસ શું કામ ન કરીએ? એટલા માટે મોક્ષ માટે અત્યારે જ પ્રયત્ન કરો. જ્યારે બીજી વખત ભૂખ લાગશે તો બીજીવાર ખાઈ લઈશું અને જ્યારે બીજી વખત મોક્ષમાંથી પાછા આવીશું તો બીજી વખત પાછા મોક્ષમાં જઈશું.

એવું તો નથી કે આપણને મોક્ષ એક જ વાર મળશે. પછી મળશે જ નહીં. ભગવાને રોક્યા થોડા છે. એ કહે છે - બીજી વખત ફરી કર્મ કરો, ફરી આવી જજો મોક્ષમાં. બીજી વખત રસ્તો ખુલ્લો છે. આપણે વારંવાર મોક્ષમાં જઈશું અને ત્યાં આપણું કર્મફળ ભોગવીશું અને ફરી પાછા આવીશું. ફરી બીજી વખત કર્મ કરીશું ફરી ચાલ્યા જઈશું. એટલા માટે વારંવાર મોક્ષપ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો જોઈએ.

ત્યાં ગેરન્ટી છે કે ત્યાં કોઈ તમારા ઉપર અન્યાય નહીં કરી શકે. ત્યાં કોઈ તમને દુઃખ નહીં આપી શકે. મોક્ષમાં ફક્ત સુખ હોય છે, પરંતુ કોઈ દુઃખ નથી હોતું, પણ સંસારમાં તો હોય છે. અહીંયાં તો સુખ પણ મળે છે, દુઃખ પણ મળે છે, ક્યાંક ન્યાય, ક્યાંક અન્યાય.

**પ્રશ્ન: શું મોક્ષમાં ગયા પછી કર્મફળ ભોગવવું બાકી રહે છે?**

મોક્ષમાં ગયા પછી પણ આપણા અમુક કર્મ બચત તરીકે રહે છે. જે સકામ કર્મ છે, જેનું ફળ જાતિ, આયુ અને ભોગ છે. એ કર્મ બચત તરીકે છે. એ કર્મોને કારણે આપણે મોક્ષથી પાછું આવવું પડે છે અને એ જ કર્મોના આધારે પાછા આવીને આપણને આગળ મનુષ્ય જન્મ મળે છે. **કર્મ બચત તરીકે રહેશે ત્યારે જ આપણને મુક્તિથી પાછા આવીને આગળ મનુષ્ય જન્મ મળશે.** મુક્તિથી પાછા આવીને જે સૌથી પહેલો જન્મ થશે તે મનુષ્યનો હશે, કીડી-મંકોડાનો નહીં.

**પ્રશ્ન: સૌથી પહેલી વખત જ્યારે ઈશ્વરે સૃષ્ટિ બનાવી તો કયા કર્મોને આધારે બનાવી?**

આનો જવાબ છે કે, સૌથી પહેલી વખત ઈશ્વરે ક્યારેય સૃષ્ટિ બનાવી જ નથી. આ સમજવું અઘરું છે. લોકો કહે છે કે જેટલું પણ પાછળ ચાલ્યા જાવ, ક્યારેક તો શરૂ થઈ હશે. વેદ આવું નથી સ્વીકાર કરતા. વેદ કહે છે કે ત્રણ

વસ્તુઓ અનાદિ છે, ઈશ્વર, જીવ, પ્રકૃતિ. અનાદિનો મતલબ જે ક્યારેય પેદા ન થાય. જેનો આદિ નથી એટલે કે આરંભ નથી, ઉત્પત્તિ નથી, નો બિગિનિંગ. હંમેશા છે, એટર્નલ (શાશ્વત). જે વસ્તુ પેદા થાય છે, એ નષ્ટ પણ થાય છે. જે પેદા નથી થતી, એ નષ્ટ પણ નથી થતી. **ઈશ્વર, જીવ અને પ્રકૃતિ, ત્રણ વસ્તુઓ અનાદિકાળથી** છે. એટલા માટે એનો આરંભ નથી. જીવાત્મા હંમેશાં કર્મ કરી રહ્યો છે. અને ઈશ્વર એના કર્મોનું ફળ આપી રહ્યો છે અને પ્રકૃતિમાંથી ઉપાડી-ઉપાડીને આપી રહ્યો છે. જેણે સારાં કર્મ કર્યાં, એને મનુષ્યનું શરીર આપી દીધું. જેણે ખરાબ કર્મ કર્યાં, એને કૂતરા, ગધેડાનું શરીર આપી દીધું. પ્રકૃતિમાંથી બનાવી બનાવી આપી રહ્યો છે. આ રીતે પહેલીવાર ઈશ્વરે સૃષ્ટિ ક્યારેય નથી બનાવી. આને કેમ સમજીશું?

ઈશ્વર ન્યાયી છે, અને ન્યાયી કર્મના આધારે ફળ આપે છે. હવે કલ્પના કરો કે જ્યારે સૌથી પહેલીવાર ઈશ્વર સૃષ્ટિ બનાવશે ત્યારે ફક્ત મનુષ્ય બનાવશે કે કૂતરા ગધેડા, ગાય, ઘોડા પણ જોઈએ? એકલો મનુષ્ય તો જીવી નથી શકતો. તેને ગાય પણ જોઈએ, ઘોડો પણ જોઈએ, ગધેડો પણ જોઈએ, બધું જ જોઈએ. કલ્પના કરો કે ઈશ્વરે પહેલી વખત સૃષ્ટિ બનાવી, થોડાક મનુષ્ય બનાવ્યા, થોડીક ગાય, ઘોડા, કૂતરા, બિલાડી, બધા પ્રાણી બનાવી નાખ્યા. હવે જ્યારે પહેલી વખત બનાવશે તો વગર કર્મે બનાવવાં પડશે, પાછળ સ્ટોકમાં તો કર્મ છે જ નહીં, અને જ્યારે કર્મ વગર કોઈને કૂતરા, ગધેડા, આંબો, પીપળો બનાવશે તો શું થશે? એ અન્યાયકારી મનાશે તો પરિણામ શું આવ્યું, જો પહેલી વખત સૃષ્ટિ આરંભ થઈ, એવું માનો છો, તો એ પણ માનવું પડશે કે ઈશ્વર અન્યાયકારી છે. હવે બતાવો, શું તમે ઈશ્વરને અન્યાયકારી માનવા માટે તૈયાર છો? એટલા માટે હું કહી રહ્યો છું કે સંસાર પહેલી વખત ક્યારેય નથી બન્યો. પહેલીવાર માનવાની સાથે જ ઈશ્વર અન્યાયકારી થઈ જાશે અને એ પહેલા દિવસે જ અન્યાય કરે, એનાથી તમે આગળ શું આશા રાખશો ન્યાયની?

એક માણસ તમારી કંપનીમાં પહેલા દિવસે આવ્યો. નોકરી કરવા આવતાં જ પહેલા દિવસે ચોરી કરી. બતાવો એના ઉપર શું ભરોસો કરશો તમે, કે આગળ બરોબર કામ કરશે? તો એટલા માટે ઈશ્વરે ક્યારેય પણ પહેલી વખત સૃષ્ટિનો આરંભ નથી કર્યો એ ન્યાયકારી છે. હંમેશાં કર્મના આધારે જ સૃષ્ટિ બનાવે છે.

ઈશ્વરે સંસાર આપણા લાભ માટે બનાવ્યો. આપણે શું જોઈએ, ખીર જોઈએ, પૂરી જોઈએ, મીઠાઈ જોઈએ, કેળાં જોઈએ, દ્રાક્ષ જોઈએ, સંતરાં જોઈએ, દાડમ જોઈએ. જો ઈશ્વર સૃષ્ટિ ન બનાવે તો તમને આ કેળાં, દ્રાક્ષ, સંતરાં, તરબૂચ ખાવા મળશે શું? નહીં મળે ને! તો તમે ખાવા ઇચ્છો છો કે નહીં? એટલા માટે તમારા, અમારા અને બધાના લાભ માટે બનાવી. ઈશ્વરે કહ્યું કે જુઓ, તમારાં જે પાછળનાં કર્મ છે, એ પાછલાં કર્મોનાં ફળ ભોગવી લો. એટલા માટે સંસાર બનાવું છું અને બીજું પ્રયોજન સારાં-સારાં કામ કરો અને મોક્ષમાં જાવ. આ રીતે બે કારણ છે, સૃષ્ટિ બનાવવાનાં. પહેલું આપણા પાછલાં કર્મોના ફળ આપવા માટે ઈશ્વરે સૃષ્ટિ બનાવી. બીજું આગળ આપણે સારાં સારાં કામ કરીને મોક્ષમાં જતા રહીએ એટલા માટે જ ભગવાને સૃષ્ટિ બનાવી.

ઈશ્વરે પશુ-પક્ષી વગેરેને સૃષ્ટિના નિયંત્રણ માટે પણ બનાવ્યાં છે અને કર્મફળ આપવા માટે પણ બનાવ્યાં છે. સૃષ્ટિ વ્યવસ્થા, નિયંત્રણ, સંતુલન પણ ચાલતું રહે અને જીવાત્માઓને એના કર્મોનું ફળ પણ આપવામાં આવે. આ બન્ને જ કારણ છે.

**પ્રશ્નઃ જ્યારે ભગવાન આપણને ક્યારેય આજ સુધી મળ્યા નથી, તો એના ઉપર વિશ્વાસ કેમ કરવો?**

સારું એ બતાવો કે તમારા દાદાજીના દાદા ક્યારેય મળ્યા હતા તમને? નથી મળ્યા ને? તો તમે એના ઉપર વિશ્વાસ કરો છો કે નહીં? કરો છો ને! જુઓ વગર મળ્યે વિશ્વાસ કરો છો. જાપાનના પ્રધાનમંત્રી તમને ક્યારેય મળ્યા'તા શું? નથી મળ્યા ને. તો તમે એના ઉપર વિશ્વાસ કરો છો, કે જાપાનમાં કોઈ પ્રધાનમંત્રી છે. તો પ્રત્યક્ષ જોવું, મળવું કોઈ જરૂરી નથી, એના વિના પણ ખૂબ વિશ્વાસ થાય છે. આપણા દાદાજીની પાંચમી પેઢી, આઠમી પેઢી, દસમી પેઢી, પચાસમી પેઢી બધી જ તો હતી. આપણે તો કોઈને નથી મળ્યા પણ આપણે એ બધા ઉપર વિશ્વાસ કરીએ છીએ, હા બરોબર કરીએ છીએ. દરેક દેશમાં રાષ્ટ્રપતિ છે, પ્રધાનમંત્રી છે, આપણે કેટલાય દેશોના રાષ્ટ્રપતિને નથી મળ્યા, કદાચ આપણા દેશના પ્રધાનમંત્રીને પણ નથી મળ્યા, સમાચારપત્રમાં ભલે ફોટો જોઈ લઈએ. ટેલિવિઝનમાં ન્યૂઝ જોઈ લઈએ છીએ, પણ પ્રધાનમંત્રીને સાક્ષાત્ તો ક્યારેય નથી મળ્યા. છતાં પણ આપણે માનીએ છીએ.

વિશ્વાસ કરવાનું કારણ છે પ્રમાણ. પ્રત્યક્ષ પ્રમાણ એક સાબિતી છે, જેનાથી આપણે કોઈ વાત પર વિશ્વાસ કરીએ છીએ. પણ બધી વસ્તુઓનું પ્રત્યક્ષ આપણે નથી કરી શકતા. બધા દેશોના પ્રધાનમંત્રીઓને પ્રત્યક્ષ નથી જોયા.

છતાં આપણે વિશ્વાસ કરીએ છીએ, કયા આધારે? અન્ય પ્રમાણોના આધારે. અન્ય પ્રમાણ કયાં છે? પહેલું પ્રત્યક્ષ પ્રમાણ બતાવી ચૂક્યા. બીજું અનુમાન પ્રમાણ, ત્રીજું ઉપમાન પ્રમાણ, ચોથું શબ્દ પ્રમાણ. આ પ્રમાણ છે, જેનાથી આપણે વિશ્વાસ કરીએ છીએ. ઈશ્વરનો વિશ્વાસ પણ આપણે શબ્દ પ્રમાણ અને અનુમાન પ્રમાણથી કરી શકીએ છીએ.

આપણી આ પ્રકૃતિમાં આકર્ષણબળ છે કે નહીં? શું કોઈએ જોયું છે આકર્ષણબળ? 'એક્સ-રે' હોય છે કે નથી હોતી, આલ્ફા, બીટા, ગામા કિરણો હોય છે કે નથી હોતાં? હોય છે. દેખાય છે શું? નથી દેખાતાં. જો તમે આંખે જોઈને જ માનો છો વગર જોયે નથી માનતા તો મારો એક સવાલ છે કે શું તમારી ખોપરીમાં મગજ છે કે નહીં ? ક્યારે જોયું'તુ તમે? તમે તો કહો છો કે વગર જોયે અમે માનતા જ નથી, તો તમે જોયું નથી, મારી ખોપરીમાં મગજ છે, તો તમે હા કેવી રીતે કહો છો? મેં કહ્યું તમે માનો છો કે નથી માનતા? પ્રશ્ન પૂછવાવાળો હવેચૂપ.

સંસારને ઉત્પન્ન કરવાવાળો, બધાની રક્ષા કરવાવાળો, આપણને પ્રાણ આપવાવાળો, બધાં દુઃખોને દૂર કરવાવાળો, બધાં જ પ્રકારનાં સુખ આપવાવાળો, બધું જ આપવાવાળા, સૌથી મહાન દેવ, તમામ કલેશોને ભસ્મ કરવાવાળા, જે ઈશ્વરનું તેજસ-સ્વરૂપ છે, જ્ઞાન-સ્વરૂપ છે, જેને વરણ કરવા યોગ્ય છે, એને આપણે લોકો ધારણ કરીએ છીએ. તે આપણા બધાની બુદ્ધિને સારાં કાર્યોમાં પ્રેરિત કરે, સારા માર્ગે આપણને ચલાવે, આપણાથી સારાં-સારાં કામ કરાવે, આપણને ખરાબ કામથી બચાવે, જેથી આપણે સજાથી બચી શકીએ.

**હે ભગવાન! પ્રિય ભગવાન!**

**અમારા બધાની બુદ્ધિને**

**તમે, સારી બનાવો,**

**સારી બનાવો.**

**હા... સારી બનાવો.**

**જેથી અમે પણ સુખી રહીએ**

**અને બીજા પણ સુખી રહે.**